# સ્વાધ્યાય

દીપોત્સવી
વિ. સં. ૨૦૨૭

પુસ્તક ૯
અંક ૧

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક



સરસ્વતી
(સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. ઉમાકાન્ત શાહનો લેખ—ચિત્ર નં. ૧૩)

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર,
મહારાજા સયાજીરાવ
વિશ્વવિદ્યાલય
વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યુટ વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
લોકમાન્ય ટિળક રોડ,
**વડોદરા.**

**સંપાદક**

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ઑક્ટોબર, ૧૯૭૧.

સ્વાધ્યાય

દીપોત્સવી, વિ. સં. ૨૦૨૭ પુસ્તક ૯

ઑક્ટોબર, ૧૯૭૧ અંક ૧

# સારથિપ્રવર

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

[ ગતાંકથી ચાલુ ]

એક તરફ અર્જુન જયદ્રથની લગોલગ પહોંચીને તુમુલ સંગ્રામ ખેલતા હતા. બીજી બાજુ દ્રોણ અને પાંડવસેના વચ્ચે જીવસટોસટનું યુદ્ધ ચાલતું હતું. યુધિષ્ઠિર મહાકષ્ટે મરતાં મરતાં (અથવા કેદ પકડાતાં પણ) બચ્યા. ('દ્રોણપર્વ' અ-૮૧). એમાં બન્ને પક્ષના મોટા મોટા યોદ્ધાઓ માર્યા ગયા. ('દ્રોણપર્વ' અ–૮૨ થી ૮૪). પછી તો દ્રોણે રૌદ્ર સંગ્રામ ખેલી પાંડવોનો ઘાણ કાઢવા માંડ્યો. પાંડવસેનામાં નાસભાગ મચી. એવામાં યુધિષ્ઠિરે એકાએક પાઞ્ચજન્યનો નિનાદ સાંભળ્યો. શ્રીકૃષ્ણે ફૂંકેલો એ શંખ અત્યંત ગાજી રહ્યો હતો. વિજયી અર્જુનના રથ ઉપર હલ્લો કરતા કૌરવો અને જયદ્રથના સંરક્ષકોની જબરદસ્ત યુદ્ધગર્જનાઓ વારંવાર સંભળાતી હતી. પણ ગાંડીવનો નિર્ઘોષ ક્યાં? એ તો સદંતર બંધ હતો. યુધિષ્ઠિર ગભરાટમાં પડી ગયા. એમને ફિકર થઈ. 'જે રીતે શંખરાટ્ પાઞ્ચજન્યનો ઘોષ થાય છે અને જુસ્સામાં આવી ગયેલા કૌરવો જે રીતે વારંવાર ગર્જનાઓ કરે છે, તે જોતાં અર્જુન સલામત નથી એ નક્કી છે.' (૭–૮૫–૩૩ થી ૩૮). આમ વિચારીને અજાતશત્રુ યુધિષ્ઠિરે જયદ્રથવધનું કાર્ય નિર્વિઘ્ને પાર પડી જાય એમ ઇચ્છતાં, ગદ્‌ગદ કંઠે અને ક્ષણે ક્ષણે મૂંઝાતાં સાત્યકિને કહ્યું: 'શૈનેય (શિનિના પુત્ર)! **પૂર્વે સજ્જનોએ આફતના સમયે સુહૃદોને મદદ કરવાનો જે સનાતન ધર્મ દર્શાવ્યો છે,** તે આચરણમાં મૂકવાનો સમય આવ્યો છે. સર્વે યોદ્ધાઓ તરફ જોતાં મને તારા કરતાં વધુ ઉત્તમ સુહૃદ જણાતો નથી, કારણ કે મારો નિર્ણય છે કે કાયમ પ્રેમપૂર્ણ મનવાળો અને કાયમ અનુસરનારો હોય તેની જ આપત્તિમાં મદદ લેવી. સાત્યકિ! જેવા કેશવ કાયમ પાંડવોનું પરાયણ (પરમ આશ્રયસ્થાન) છે, તેવો કૃષ્ણતુલ્ય પરાક્રમી એવો તું પણ છે જ. એટલે હું તારા ઉપર આ બોજો મૂકું છું. તું તે ઉઠાવી શકે એમ છે. મારા અભિપ્રાયને ઉવેખીશ નહિ. તું તારા ભાઈ, વયસ્ય અને ગુરુજન અર્જુનને મુસીબતમાં સહાય કર...**હું તને બે હાથ જોડીને વીનવું છું.** (૭–૮૦–૫૦. યુધિષ્ઠિર જેવાને ગભરાટ તથા ગરજને લીધે કેટલા નીચે ઊતરવું પડે છે! ક્યાં સમ્રાટપદ અને ક્યાં પગે લાગીને વિનંતી!) ...એક શ્રીકૃષ્ણ જ મિત્રોને નિર્ભય કરનારા છે. અને તેઓ (મિત્ર માટે) સંગ્રામમાં પ્રાણને

ન્યોછાવર કરી રહ્યા છે. અને (એવો જ) બીજો તું છે. વળી પરાક્રમી શૂરવીરને મદદ કરવાનું તારા જેવા શૂરવીર સિવાય બીજા પ્રાકૃત જનનું ગજું'ય નહિ...વળી તારાં વખાણ કરતાં અર્જુન અગાઉ દ્વૈતવનમાં વારંવાર કહેતો કે: '...રાજેન્દ્ર! આપણે માટે કેશવ, બલરામ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, ગદ, સારણ, સાંબ વગેરે યાદવો લડવા તૈયાર થાય એમ છે. તે છતાં હું તો આપણી સહાય માટે સત્યપરાક્રમી સાત્યકિને જ નીમીશ, કારણ કે એના જેવો બીજો કોઈ નથી'...એ શ્યામ, યુવાન, વાંકડિયા વાળવાળો, સુંદર, ઝડપથી અસ્ત્ર ફેંકનારો, અનેક પ્રકારનાં યુદ્ધ લડનારો અર્જુન, આજે સૂર્યોદયથી સાગર જેવી અફાટ કૌરવસેનામાં પેઠો છે. હવે સૂર્ય નમવા આવ્યો છે. અને મને ખબર પડતી નથી કે એ જીવે છે કે નહિ...એટલે યુદ્ધમાં તત્કાળ અર્જુનનું રક્ષણ કરવું જોઈએ. મને શ્રીકૃષ્ણની ચિન્તા નથી, કારણ કે એ પ્રભુ તો જગદ્ગોપ્તા—જગતના રક્ષક—છે. એ તો યુદ્ધમાં ત્રણે લોકોને પણ જીતી લે એવા છે, આ હું તને સત્ય કહું છું! (તેમ છતાં મને અર્જુનના રક્ષણનો ડર છે! ગભરાટમાં દક્ષ પુરુષ પણ કેવું અસંબદ્ધ બોલે તેનું ઉદાહરણ.)...(શ્રીકૃષ્ણ-બલરામ સિવાય) વૃષ્ણિવીરોમાં બે અતિરથી છે—એક પ્રદ્યુમ્ન અને બીજો તું. તું અસ્ત્રો મૂકવામાં નારાયણ કૃષ્ણ જેવો, બળમાં સંકર્ષણ જેવો અને વીરતામાં ધનંજય જેવો છે. વળી ભીષ્મ–દ્રોણને બાદ કરતાં લોકો તને જ સર્વયુદ્ધવિશારદ કહે છે...તાત! ધર્માત્મા અર્જુન તારો ગુરુ છે. શ્રીકૃષ્ણ તારા અને બુદ્ધિમાન અર્જુનના પણ ગુરુ છે. અને હું તો તારા ગુરુનો પણ ગુરુ છું. માટે મારાં વચનને અવગણીશ નહિ. વળી આજે મેં તને (મિત્રધર્મ અંગે) કહ્યું તે વાસુદેવ અને અર્જુનને પણ માન્ય છે. માટે તું મારું માનીને દુર્યોધનની સેનામાં યથાન્યાય દાખલ થા. આક્રમણ કર. અને તને છાજે એવું પરાક્રમ કર.'૪૮ (૭–૮૫–૩૯ થી ૧૦૧).

સાત્યકિએ રાજદ્વારી વિવેકપુરઃસર અર્જુનની કુમકે જવાની ચોખ્ખી ના પાડી દીધી. એણે કહ્યું: 'રાજન્! અર્જુનની મદદે જવાની તમારી સૂચના સાંભળી. તમે મને અર્જુનની જેમ જ આજ્ઞા કરી શકો છો. હું અર્જુનની કુમકે જઈ, જયદ્રથને મારી, વિજય મેળવીને અર્જુનની સાથે પાછો ય આવી શકીશ. પરન્તુ વાસુદેવ અને ધીમાન અર્જુને મને ભલામણ કરી છે તે આપને જણાવવી જોઈએ. સર્વ સૈન્યોની વચ્ચે અને વાસુદેવના સાંભળતાં અર્જુને મને વારંવાર, ખરાવી ખરાવીને ભલામણ કરી છે કે, 'માધવ સાત્યકિ! જયદ્રથને મારીને હું પાછો ન ફરું ત્યાં સુધી આર્યબુદ્ધિ રાખીને સાવધપણે રાજા યુધિષ્ઠિરનું રક્ષણ કરજે. તને કે પ્રદ્યુમ્નને જ આ કાર્ય સોંપીને હું નિશ્ચિંત થઈ શકું, કારણ દ્રોણ ધર્મરાજાને કેદ કરવા તલસી રહ્યા છે. જો દ્રોણ એમને પકડી લે તો જયદ્રથ હણાશે નહિ, અને હું તારા ઉપર નારાજ થઈશ...

૪૮ (૧) સાત્યકિને આટલું બધું વીનવવાનું મુખ્ય કારણ યુધિષ્ઠિર-અર્જુનનો ભ્રાતૃપ્રેમ. અર્જુને ઊંડી લાગણીથી સાત્યકિને યુધિષ્ઠિરનું રક્ષણ કરવાનું – ખાસ કરીને દ્રોણ એમને જીવતા કેદ ન કરી જાય તેનું – ભળાવ્યું હતું. એટલે સામાન્યતઃ સાત્યકિ યુધિષ્ઠિરને છોડીને અર્જુનની કુમકે ન જાય. અને સાત્યકિ ન જાય તો યુધિષ્ઠિરના મતે અર્જુનની સલામતી જોખમાય.

(૨) સર૦ 'સાત્યકિ વાસુદેવ પછી વાસુદેવ જેવો જ યુદ્ધ કરનારો...કેશવમાં જેમ ત્રૈલોક્ય રહેલું છે એમ સાત્યકિમાં સત્ય, ધૃતિ, દમ, શૌર્ય અને અનુત્તમ બ્રહ્મચર્ય (અનુપમ વિદ્યાનિષ્ઠા) રહેલાં છે...'–ધૃતરાષ્ટ્ર. ૭–૯–૩૦ થી ૩૪.

એટલે અર્જુને જેને દ્રોણે ઓળખી ન જાય એવી થાપણ તરીકે મને સોંપ્યા છે...જો કૃષ્ણપુત્ર મકરધ્વજ ( મગરની ધ્વજાવાળો ) પ્રદ્યુમ્ન અહીં હોત તો હું તેને તમારી રક્ષા ભળાવત. જ્યાં સત્યપરાક્રમી મહાધનુર્ધર શ્રીકૃષ્ણ-અર્જુન છે, ત્યાં કાર્ય પાર પાડવામાં કોઈ રીતે અડચણ આવતી જ નથી. અને સમગ્ર કૌરવસેના અર્જુનની સોળમી કળાને ય યોગ્ય નથી. વળી તમારા ભાઈના દૈવીપણાનો ( દેવને યોગ્ય સદ્‌ગુણોનો ) અને અસ્ત્રકુશળતા, યુદ્ધમાં અસહનશીલતા, કૃતજ્ઞતા તથા દયાનાં ગુણોનું અનુચિન્તન તો કરો. માટે ડરશો નહિ...વળી તમારું રક્ષણ બીજા કોઈ શક્તિશાળી યોદ્ધાને સોંપ્યા વિના હું જઈશ નહિ. માટે તમે ઊંડો વિચાર કરીને મને હુકમ કરો.' ( ૭-૮૬-૧ થો ૩૮ ).

પરંતુ યુધિષ્ઠિરે તો દબાણ કર્યું : ' મારું રક્ષણ તો ભીમ, ઘટોત્કચ, ધૃષ્ટદ્યુમ્ન વગેરે કરશે. માટે તું મારી ફિકર કર્યા વિના નિરાંતે અર્જુન પાસે પહોંચી જા. ' ( ૭-૮૬-૩૯ થી ૫૦ ).

એટલે એક બાજુ અર્જુનના ઠપકાનો ડર અને બીજી બાજુ જગતનો અપવાદ, ' કે સાત્યકિ કૌરવી સેનાથી બ્હી ગયો, ' એમ દ્વિવિધ ડરનું તોલન કરીને સાત્યકિએ ધર્મરાજાને કહ્યું : ' રાજાજી ! તમે એમ માનતા હો કે તમારું રક્ષણ થઈ શકશે તો હું આપનો હુકમ માનીને અર્જુનની પાછળ જાઉં છું. ત્રણે લોકમાં મને કોઈ અર્જુનથી વધુ વહાલું નથી...જે રીતે મારા ભાઈ શ્રીકૃષ્ણ-અર્જુન તમારું પ્રિય કરે છે, એ જ રીતે રાજપુંગવ ! હું એ બંનેનું પ્રિય જ કરું છું. એટલે આપનું વચન મસ્તકે ચઢાવીને, હું આ દુર્ભેદ્ય કૌરવી સેનાને ભેદીને, જ્યાં જયદ્રથ યુદ્ધ ખેલે છે ત્યાં જાઉં છું. અશ્વત્થામા, કર્ણ અને કૃપ જેવા શ્રેષ્ઠ મહારથીઓના રક્ષણ નીચે જયદ્રથ અહીંથી ત્રણ યોજન દૂર છે ( ૧ યોજન = સામાન્ય રીતે ચાર ક્રોશ ) છતાં હું અન્તરાત્માને દૃઢ કરીને ( દૃઢ નિશ્ચય કરીને ) જયદ્રથના મૃત્યુ પહેલાં તો ત્યાં પહોંચી જઈશ ! જોકે માર્ગમાં જેમની શ્રીકૃષ્ણ પણ પ્રશંસા કરે છે તે દુઃશાસનના અનુયાયી મહારથી રાજપુત્રો, કિરાતોનું ગજદળ, મ્લેચ્છો, કાંબોજો, શકો વગેરેનાં દળ છે, છતાં એ બધાંને હું પહોંચી વળીશ... ' ( ૭-૮૭-૧ થી ૫૨ ).

સાત્યકિ તૈયાર થયો. એટલે યુધિષ્ઠિરે સાત્યકિ માટે સિંહધ્વજવાળો સુંદર રથ સજ્જ કરાવ્યો. ચારે ઘોડાને મદની વૃદ્ધિ કરનાર સ્વાદિષ્ટ પીણું પાયું, ખવડાવ્યું, આળોટાવ્યા, શણગાર્યા, શરીરમાં વાગેલાં શલ્ય ખેંચી કાઢીને તાજામાજા કર્યા. સારથિ દારુકના નાના ભાઈએ ઘોડા રથમાં જોડ્યા. સાત્યકિ પોતે નાહીધોઈ, તાજો થઈ, કૌતુકમંગલ કરી, સ્નાતકોને દાન દઈ, તેમના આશીર્વાદ ગ્રહણ કરી, કૈલાવત મધુ પીને ચકચૂર થયો;[૪૯] ધર્મરાજને પ્રણામ કર્યા; અને ચઢાઈ કરી. સાથે ભીમસેન જવા લાગ્યો. પણ એને ધર્મરાજના રક્ષણ માટે સાત્યકિએ પાછો વાળ્યો. અને સાત્યકિ કૌરવોની હરોળો ભેદીને અંદર દાખલ થઈ ગયો ! ( ૭-૮૯-૫૩ થી ૭૫ અ. ૮૮; જુઓ ૧-૧-૧૩૮ )

સાત્યકિએ કૌરવદળોની હરોળો ભેદી નાખ્યાના સમાચાર સાંભળીને ધૃતરાષ્ટ્ર સંજય

---

૪૯ ततः स मधुपर्कार्हः पीत्वा कैलावतं मधु ।
लोहिताक्षो बभौ तत्र मदविह्वललोचनः ॥ ७-८७-६१.

આગળ બળાપો કરવા લાગ્યો,... 'સાત્વત સાત્યકિ, શ્રીકૃષ્ણ અને અર્જુન મારી સેનામાં પેસી ગયા તેથી લાગે છે કે તેમનો સામનો કરી શકે એવો કોઈ વીર આ લશ્કરમાં હતો જ નહિ! જોકે આ દળોના બધા યોદ્ધાઓને પરીક્ષા કરીને, કોઇ પ્રકારની લાગવગ વિના, યથાયોગ્ય વેતન આપીને ભરતી કરવામાં આવ્યા હતા. અને એમને મધુર વચનોથી સત્કારપૂર્વક રાખવામાં આવતા હતા, તે છતાં !...સર્વ શસ્ત્રાસ્ત્રોના મારાને ગણકાર્યા સિવાય અક્ષત રહીને મારા લશ્કરમાં પેસી જનારા શ્રીકૃષ્ણ-અર્જુનને જોઈને મારા પુત્રોએ કયી ધૃતિ ધારણ કરી હતી? મને લાગે છે કે અર્જુનને માટે રણમેદાનમાં ઊભેલા દાશાર્હ શ્રીકૃષ્ણ અને સાત્યકિને જોઈને મારા પુત્રો શોક કરતા હશે!...તાત! શ્રીકૃષ્ણ-અર્જુન અને સાત્યકિ મારી સેનામાં દાખલ થયા છે એ સાંભળીને હું તો સંપૂર્ણ મૂઢ થઈ ગયો છું!' ('દ્રોણપર્વ', અ. ૮૯).

સ્પષ્ટવક્તા સંજયે ઉત્તર આપ્યો: 'ભરતશ્રેષ્ઠ! તમારા પોતાના અપરાધથી જ આ આપત્તિ આવી પડી છે. એટલે તમારે પ્રાકૃત માણસની જેમ શોક ન કરવો જોઈએ. न त्वं शोचितुमर्हसि । (૭-૯૦-૧; સર° ગીતા, ૨-૨૭, ૩૦ વગેરે ક્ષેપક ૬૧૮ પણ સાથે જુઓ.) તમારી નિર્ગુણતા (ગુણહીનતા), પુત્રો તરફ પક્ષપાત, ધર્મમાં દ્વૈધી ભાવ દહીં-દૂધીઆ નીતિ), પાંડવો પ્રત્યે મત્સર (કુટિલતા), અને (દુઃખિયારી દ્રૌપદીના?) બહુ આર્તપ્રલાપો સાંભળીને, સર્વ લોકના તત્ત્વજ્ઞ, સર્વ લોકના ગુરુ (જગદ્ગુરુ), સમર્થ વાસુદેવે કૌરવોમાં (ધર્મરક્ષા માટે) આ મહાયુદ્ધ ઊભું કર્યું છે. તમારા પોતાના અપરાધથી જ તમારો વિપુલ નાશ થઈ રહ્યો છે. આના આદિ, મધ્ય કે અન્તમાં ક્યાંય તમારું સુકૃતકર્મ તો દેખાતું જ નથી! (સિંહાવલોકન કરતાં) જણાય છે કે પરાજ્યનું મૂળ તો તમે જ છો! માટે સ્વસ્થ થઈને આ ઘોર વિગ્રહનો હેવાલ સાંભળો...' (૭-૯૦-૧ થી ૫).

અને આ તરફ ઘોર-રૌદ્ર સંગ્રામો કરીને, દ્રોણ તથા કૃતવર્મા જેવા અગ્રણી સેનાધ્યક્ષોને હરાવીને સાત્યકિ આગળ વધતો જ ચાલ્યો. અને હસતા હસતા સારથિને કહેવા લાગ્યો: 'સૂત! કેશવ અને અર્જુને શત્રુઓને બાળી મૂક્યા છે. આપણે તો અત્રે નિમિત્તમાત્ર છીએ. આપણે તો નરશ્રેષ્ઠ અર્જુને મારી નાખેલાને જ મારીએ છીએ.'[૫૦] એમ શ્રીકૃષ્ણ-અર્જુન પ્રત્યે ગુરુભાવથી નમ્રપણે બોલતો બોલતો સાત્યકિ અર્જુન તરફ આગેકૂચ કરતો ચાલ્યો. અને કૃષ્ણ-સારથિ અર્જુનના ગાંડીવનો ટંકાર બરાબર પારખી શકે એટલે નજીક આવી ગયો (૭-૯૫-૯). એણે અર્જુન કરતાં ય વિશેષ જુસ્સાથી કૌરવોને રોળી નાખવા માંડ્યા. (૭-૯૬-૨૮).

---

૫૦ निमित्तमात्रं वयमत्र सूत
दग्धारयः केशवफल्गुनाभ्याम् ।
हतान्निहन्मेह नरर्षमेण
वयं सुरेशात्मसमुद्भवेन ॥ ७-९४-२.

સર° ગીતાવચન

मयैवेते निहताः पूर्वमेव
निमित्तमात्रं भव सव्यसाचिन् ॥ ६-३३-३३ ગવ.

(ગીતા ११-३३ ગઘ)

એના અસાધારણ પરાક્રમથી સેનાને છિન્નભિન્ન થઈ નાસભાગ કરતી જોઈને દ્રોણ મોખરો છોડીને સાત્યકિની સામે લડવા આવી પહોંચ્યા. (૭-૯૭-૪૫ થી). ત્યાં તો એમણે યુવરાજ મહારથી દુઃશાસનને ભાગી આવેલો દીઠો. દ્રોણ ચિડાયા. એને દ્યૂત કરતૂતોનું સ્મરણ કરાવી ઉપાલમ્ભથી ટોચ્યો: 'ક્યાં ગયું તારું અભિમાન, તારો છાક અને ગર્જનાઓ?' વળી આગળ ચાલતાં કહ્યું: 'સાત્યકિનાં બાણ કંઈ અર્જુનનાં સૂર્ય-અગ્નિ જેવાં તીક્ષ્ણ બાણ જેવાં તીક્ષ્ણ નથી કે એનાથી ડરીને આમ ભાગાભાગ કરે છે! એટલે જ્યારે અર્જુન, ભીમ, નકુલ, સહદેવનો એક સાથે ભેટો થશે ત્યારે તું શું કરીશ? તેથી જો નાસવું જ હોય તો શાન્તિથી ધર્મરાજને રાજ્ય સોંપી દો એટલે પત્યું!. .જ્યાં સુધી ધર્મપુત્ર યુધિષ્ઠિર અને સમરશ્લાઘી (યુદ્ધમાં વખણાયેલા) શ્રીકૃષ્ણ તમારા ઉપર (અંતરથી) ક્રોધે ભરાયા નથી ત્યાં સુધીમાં સુલેહ કરી લો...' (૭-૯૮-૧ થી ૨૧). એટલે આ કડક ઉપાલમ્ભો સાંભળ્યા ન સાંભળ્યા કરીને દુઃશાસન સાત્યકિ તરફ લડવા ચાલ્યો ગયો! (૭-૯૮-૨૨ થી). સાત્યકિએ એને હરાવ્યો. એને મારી નાખી શકાય એમ હતું, પણ સાત્યકિને ભીમસેને સોએ કૌરવ ભાઈઓને મારી નાખવાની પ્રતિજ્ઞા કરી છે તેનું સ્મરણ થવાથી એને જવા દીધો. ('દ્રોણપર્વ,' અ. ૯૯). પણ બીજી બાજુ (માથાના તાળવાથી તે) કાન સુધીના સર્વે સફેદ વાળવાળા, કાળા રંગના અને ૮૦ વર્ષ ઉપરના (પંચ્યાશી વર્ષના) વૃદ્ધ દ્રોણાચાર્યે રણભૂમિ ઉપર સોળ વર્ષના તરુણની જેમ ઘૂમીને[૫૧] પાંડવોનાં દળોમાં હાહાકાર વર્તાવી દીધો. ('દ્રોણપર્વ,' અ. ૧૦૦, ૧૦૧). યુધિષ્ઠિરને ક્યાં ય આરો દેખાયો નહિ અને ફડક પેસી ગઈ કે 'હવે શું થશે?' એમણે અર્જુનને જોવા નજર નાખી. પણ ન તો અર્જુન-સાત્યકિની રથધ્વજાનાં દર્શન થયાં કે ન તો ગાંડીવનો નિર્ઘોષ સંભળાયો. એ આકુળવ્યાકુળ થઈ ગયા. તેમાં ય સાત્યકિ ન દેખાયો એટલે તો આ (ન્યાયપરાયણ) રાજાના રોમેરોમમાં ચિન્તા ફરી વળી; કારણ કે **મહાયશસ્વી ધર્મરાજા (વાજબી જણાય એવા) લોકાપવાદથી ડરતા હતા.**[૫૨] એ વિચારવા લાગ્યા: 'મિત્રોને અભયદાતા સાત્યકિને મેં અર્જુનની પાછળ મોકલ્યો, એટલે મારે તો એકને બદલે બે ચિન્તા થઈ! હવે અર્જુન-સાત્યકિની ભાળ કાઢવા કોને મોકલું? જો હું સાત્યકિની શોધ કરાવ્યા વિના જ અર્જુનની ખોળ કરાવીશ તો લોકો મારી નિન્દા કરશે કે 'ધર્મરાજ (કહેવાતા) યુધિષ્ઠિરે ભાઈની ભાળ કઢાવી પણ સાત્યકિનો ત્યાગ કર્યો!' માટે હવે લોકાપવાદના ડરથી (બીજા કોઈને નહિ પણ મારા ભાઈ)

---

૫૧ आकर्णपलितः श्यामो वयसाशीतिकात्परः ।
रणे पर्यचरद्द्रोणो वृद्धः षोडशवर्षवत् ॥ ૭-૧૦૧-૬૬.

ફે. ૭-૧૬૫-૪૯, ૧૦૩; આ બન્ને સ્થળે वयसाशीति पञ्चकः । પાઠ છે. દ્રોણ શ્યામ છે. શ્રીકૃષ્ણ, અર્જુન, દ્રૌપદી, અભિમન્યુની જેમ.

૫૨ लोकोपक्रोशभीरुत्वाद्धर्मराजो महायशाः ।
अचिन्तयन्महाबाहुः शैनेयस्य रथं प्रति ॥ ૭-૧૦૨-૮.

અર્થાત્ વાજબી લોકાપવાદથી ડરવું સારું. જુઓ ગીતાવચન,

संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥ ૬-૨૪-૩૪ ગદ્ય

(ગીતા ૨-૩૪ ગદ્ય)

તે સાથે જ જુઓ ગીતા. ૨-૩૫ અને ૩૬.

ભીમસેનને જ મોકલું...એકે મારે આમ તો અર્જુન કે સાત્યકિ કોઈની ફીકર કરવી જોઈએ નહિ. કારણ કે એ બન્ને જાતે જ અસ્ત્રવિશારદો છે, અને વાસુદેવ એમની રક્ષા કરે છે.' આ રીતે વિચારીને એમણે રથને ભીમસેનની પાસે લીધો. ભીમે એમને હૈયાધારણ આપી હુકમ કરવા વિનંતી કરી એટલે અત્યંત કરમાયેલા મુખવાળા યુધિષ્ઠિરે ભીમને અર્જુન-સાત્યકિની ભાળ કાઢવા જવા કહ્યું, અને બોલ્યા, 'કોપાયમાન યશસ્વી વાસુદેવે ફૂંકેલો પાઞ્ચજન્ય શંખ જે રીતે ગર્જી રહ્યો છે એમ જોતાં એમ લાગે છે કે તારો ભાઈ ધનંજય આજે મૃત્યુ પામીને પોઢી જ ગયો છે. એટલે જ જે સત્ત્વવાનના સામર્થ્યના આધારે પાંડવો જીવી રહ્યા છે તે જનાર્દન લડી રહ્યા છે. ભીમ ! એ કૌરવોની સેનામાં ગયો છે ખરો, પણ એના પાછા ફરવા અંગેના કંઈ સમાચાર નથી. એવું જ સાત્યકિને વિશે છે, એટલે મને ગભરામણ થાય છે. માટે જ્યાં અર્જુન-સાત્યકિ ગયા છે, અને જ્યાં યુદ્ધકોવિદ શ્રીકૃષ્ણ સંગ્રામ કરી રહ્યા છે, ત્યાં જા. વળી અત્યારે તારે સાત્યકિને અર્જુન કરતાં વધુ પ્રિય ગણવો,[૫૩] કારણ કે એ મારું પ્રિય કરવા અર્જુનના પગલે પગલે યુદ્ધની આવડત વગરના (અકૃતાત્મા) માણસને અગમ્ય એવી ભયંકર કૌરવી સેનામાં પ્રવેશ્યો છે.' (૭-૧૦૨-૧ થી ૪૨).

ભીમસેને જવાબ આપ્યો : 'પૂર્વે જે રથમાં બેસીને બ્રહ્મા, ઇશાન, ઇન્દ્ર અને વરુણ યુદ્ધ કરતા હતા તેમાં બેસીને બન્ને કૃષ્ણ ગયા છે. એમને ભય હોય નહિ. તે છતાં હું આપની આજ્ઞાને શિરોધાર્ય કરીને જાઉં છું. શોક ન કરો. હું એ ત્રણેને મળીને તમને કુશળતાનો સંદેશો મોકલીશ.' (૭-૧૦૨-૪૩,૪૪.)

એ પછી ધૃષ્ટદ્યુમ્ન તથા બીજા સુહૃદોને વળીવળીને યુધિષ્ઠિરનું રક્ષણ ભળાવીને, તથા એમના આશીર્વાદ લઈને ભીમ આક્રમણ માટે તૈયાર થયો. ત્યાં તો પુનઃ પાઞ્ચજન્યનો ઘનઘોર રવ સંભળાવા લાગ્યો. ત્રૈલોક્યને ત્રાસ પમાડનાર આ મહાઘોર નિનાદને સાંભળીને ધર્મરાજ ભીમસેનને ફરી કહેવા લાગ્યા : 'જો આ વૃષ્ણિપ્રવીર શ્રીકૃષ્ણે ખૂબ જોરથી ફૂંકેલો પૃથ્વી અને આકાશને ગજાવતો શંખરાજ પાઞ્ચજન્ય ગાજી રહ્યો છે. સવ્યસાચી અર્જુન નક્કી અત્યંત ભારે સંકટમાં આવી પડચો છે, એટલે ચક્રગદાધર શ્રીકૃષ્ણ સૌ કૌરવો સામે લડી રહ્યા છે. આર્યા કુન્તી, દ્રૌપદી અને સુભદ્રાને આજનાં નિમિત્તો બહુ ખરાબ લાગ્યાં છે. માટે તું ત્વરાથી અર્જુન-સાત્યકિ પાસે પહોંચી જા.' (૭-૧૦૨-૪૫ થી ૫૬; ૫૭ થી ૬૨ થી).

---

૫૩ સર૦ વનવાસ દરમિયાન દ્વૈતવનમાં યક્ષ સાથેના પ્રસંગમાં ચારે ભાઈઓ મૃત્યુ પામ્યા, અને તેમાંથી કેવળ એક જ ભાઈને સજીવન કરી શકાય એવું વરદાન મળ્યું. એ વખતે યુધિષ્ઠિરે નકુલને સજીવન કરવાનું માગતાં દર્શાવેલા વિચાર. વિસ્તૃત અર્થોદ્ઘાટન માટે 'ભારત-રત્ન' (ઉ.જ. સાંડેસરા) બીજી આવૃત્તિ, પૃ. ૮૦ થી ૮૪ ઉપર નીચેના શ્લોકનું ઉદ્ઘાટન જુઓ :

आनृशंस्यं परो धर्मः परमार्थाच्च मे मतम् ।
आनृशंस्यं चिकीर्षामि नकुलो यक्ष जीवतु ॥ ३-२९७-९१.

(સત્ય જ્ઞાન મેળવવા માટે આનૃશંસ્ય–પ્રેમપૂર્ણ વર્તન–શ્રેષ્ઠ ધર્મ છે, એમ હું માનું છું.. યક્ષ ! હું આનૃશંસ્ય પાળવા ઇચ્છું છું, માટે નકુલ જીવતો થાઓ.)

ભીમસેને દુંદુભિ વગાડયું. વારંવાર શંખ ફૂંકયો. અને સિંહનાદ કરીને કૌરવો ઉપર ધસારો કર્યો. સામે મોરચે દ્રોણ હતા. એમણે અગાઉ જેમ અર્જુનને પડકારેલ એમ (જુઓ ઉપર અ. ૬૬ના સંદર્ભ) ભીમને પડકાર્યો. પરન્તુ આ અર્જુન નહિ ભીમ હતો. એણે તો 'અરે બ્રહ્મબન્ધો (હલકટ બામણા)! અર્જુન કંઈ તારી અનુમતિથી રણભૂમિમાં પ્રવેશ્યો નથી. એ તો ઇન્દ્રના દળનેય ભેદીને એમાં પેસી જાય એવો છે. એણે તારું પરમ પૂજન કરીને સન્માન કર્યું છે, પણ આ તો દયાળુ અર્જુન નથી તારો દુશ્મન ભીમ છે (સમજ્યો)!.....' વગેરે ચોપડાવીને દ્રોણના રથને ગદાથી તોડી નાખ્યો. અને વેગથી 'જેમ શાર્દૂલ સાંઢના ટોળાને જીતી લે' એમ કૌરવોનો પરાભવ કરતો કરતો આગળ વધ્યો. એણે સાત્યકિને જોયો અને અર્જુન(ના રથ)ને પણ જોયો, એ જોઈને ભીમે સિંહનાદ કર્યો. આ સાંભળીને શ્રીકૃષ્ણ-અર્જુન પણ ગર્જતા ગર્જતા ભીમની નજીક આવવા લાગ્યા. આમ ભીમ-અર્જુનની ગર્જનાઓ સાંભળીને યુધિષ્ઠિર શોક મૂકીને રાજી થયા. તથા અર્જુનના વિજયની આશા રાખવા લાગ્યા. એ દયાળુ રાજા સ્મિત કરીને વિચારવા લાગ્યા : 'ભીમ! તેં શુભ સમાચાર મોકલ્યા છે. વડીલનું વચન પાળ્યું છે. જેનો તું દુશ્મન હોય તે કદી જીતે નહિ. સદ્‌ભાગ્યે હું વાસુદેવ-ધનંજયને ગર્જતા સાંભળું છું.

કિરીટમાલી, બલવાન, શ્વેતાશ્વ, કૃષ્ણસારથિ અને મને સદૈવ પ્રિય એવો અર્જુન જીવે છે એ સદ્‌ભાગ્ય છે...વાસુદેવના રક્ષણ નીચે જયદ્રથવધની પ્રતિજ્ઞા પાર પાડી ચૂકેલા અર્જુનને હું સૂર્યાસ્ત પહેલાં મળી શકીશ કે કેમ? વળી જયદ્રથ માર્યો જતાં તથા પોતાના અનેક ભાઈઓને માર્યા ગયેલા જોઈને દુર્યોધન પશ્ચાત્તાપ કરશે કે કેમ? એ સન્ધિ કરશે ખરો? વૈર શાન્ત થશે ખરું?...(૭-૧૦૨-૬૩ થી ૧૦૫, અ. ૧૦૩)

એવામાં શ્રીકૃષ્ણ-અર્જુનની વધુ નજીક જતા ભીમને કર્ણે રોકયો. ભીમે એને હરાવ્યો.[૫૪] એટલે શ્રીકૃષ્ણે શંખનાદ કર્યો. અર્જુને ગાંડીવના ટંકારથી એમાં પૂર્તિ કરી. પણ ભીમસેનની ગર્જના તો એ બધાંને ઢાંકી દઈને સંભળાવા લાગી. ('દ્રોણપર્વ,' અ. ૧૦૪થી ૧૦૬-૩૮ સુધી).

[અર્જુન, સાત્યકિ અને ભીમસેન એ ત્રણે મહારથીઓ દ્રોણને વેગળા રાખી, કૌરવ હરોળો તોડી નાખીને અંદર પેસી ગયા. તેથી કૌરવદળોને આગળ તેમ જ પાછળ બંને મોરચે ભય ઊભો થયો. તેથી અકળાયેલો દુર્યોધન દ્રોણ પાસે આવ્યો. હવેની વ્યૂહરચનાની સલાહ પૂછી. દ્રોણે 'જે ભાગમાં શ્રીકૃષ્ણ-અર્જુન ઘૂમે છે તે ભાગમાં વધુ ભય છે, માટે તે વિભાગમાં જયદ્રથના સંરક્ષણની વ્યવસ્થા યોજવા સલાહ આપી. અને સાથે જ પૂર્વે જુગાર ખેલીને સભામાં અનીતિ કરી હતી તે માટે ખૂબ સસડાવ્યો. 'દ્રોણપર્વ' અ. ૧૦૫]

હવે કર્ણ રોષે ભરાયો. સુસજ્જ થઈને પુનઃ ભીમસેન ઉપર ચઢી આવ્યો. કર્ણનું આ વખતનું રૂપ જોઈને કૌરવો ભીમને આગમાં હોમાઈ ગયેલો સમજવા લાગ્યા...શ્રીકૃષ્ણ-અર્જુનને પણ લાગ્યું કે ભીમસેન ઉપર અતિશય ભાર આવી પડયો છે. ('દ્રોણપર્વ,' અ. ૧૦૭).

---

૫૪ જોકે કર્ણ (કુન્તીનું વચન સ્મરીને?) મૃદુ યુદ્ધ કરતો હતો. અને ભીમ પૂર્વવૈરનું સ્મરણ કરીને ક્રોધથી લડતો હતો. (૭-૧૦૬-૩૮).

કર્ણ-ભીમના મહાસંગ્રામનો વૃત્તાંત સાંભળીને ધૃતરાષ્ટ્રે સંજયને પૂછ્યું : '...મારો દીકરો દુર્યોધન તો કર્ણના આધારે ગોવિન્દ અને સાત્યકિ સહિત પાંડવોને જીતી લેવાની હામ રાખે છે. પણ અહીં તો ભીમ કર્ણને વારંવાર હંફાવે છે એ સાંભળીને મને તો તમ્મર ચઢે છે! કુબેરના ધન જેવું (સુરક્ષિત) યુધિષ્ઠિરનું ધન હરી લઈને મારો પુત્ર, મધ લેવા જનાર ઊંડી ખીણને ન જોઈ શકે એમ વિનાશને જોઈ શકયો જ નહિ...અરેરે! મેં અવિવેકીએ પણ પુત્રસ્નેહમાં આસક્ત થઈને ધર્મિષ્ઠ પાંડવોના ઘણા અપરાધ કર્યા છે...' (૭-૧૦૮-૧ થી ૧૫). એવામાં ભીમે કર્ણને હરાવ્યો. કર્ણ નાસી ગયો. ('દ્રોણપર્વ,' અ. ૧૦૯). વળી ધૃતરાષ્ટ્ર કઢાપો કરવા લાગ્યો: 'હું તો દૈવને જ સર્વોપરિ માનું છું. નિષ્ફળ પુરુષાર્થને ધિક્કાર છે! કારણ કે ખૂબ પ્રયત્ન કરવા છતાં ય કર્ણ (જેવો કર્ણ) ભીમને તરી શકયો નહિ! હું તો વારંવાર દુર્યોધનને આ પ્રમાણે બોલતાં સાંભળતો કે, 'કર્ણ તો ગોવિન્દ સહિત પાંડવોને રણસંગ્રામમાં જીતવાનો ઉત્સાહ ધરાવે છે. તેમ જ જગતમાં કર્ણની બરાબરીના બીજા કોઈ યોદ્ધાને હું દેખતો નથી!'... કર્ણ અને દુઃશાસનની મદદથી પાંડવોને હરાવવાના કોડ સેવતો દુર્યોધન, હવે ભીમે રથ ભાંગી નાખીને હરાવેલા કર્ણને દેખીને તથા (સન્ધિ કરવા આવેલા શાન્તિદૂત) શ્રીકૃષ્ણનું અપમાન કરેલું તે યાદ કરીને સંજય! ખૂબ જ પશ્ચાતાપ કરતો હશે!...પાંડવો, પાંચાલો, શ્રીકૃષ્ણ અને સાત્યકિ આ યુદ્ધમાં અત્યંત કોપી ઊઠ્યા છે. અને જીવ બચાવવાનું (નાસી જવાનું) તો જાણતા જ નથી! (જ્યારે કર્ણ તો નાસી જાય છે!') (૭-૧૧૦-૧ થી ૨૩).

સંજયે તો ધૃતરાષ્ટ્રને કર્ણ જેવા યોદ્ધાઓની નિન્દા મૂકીને વૈર અને પરિણામે થઈ રહેલા જગતના વિનાશના મૂળ એવા પોતાની જ નિન્દા કરવા સૂચવ્યું. (૭-૧૧૦-૨૪ થી) અને વૃત્તાંતકથન ચાલુ કર્યું: 'વળી કર્ણ પુનઃ સજ્જ થઈને ભીમ ઉપર ચઢી આવ્યો. ભીમે અપ્રતિમ પરાક્રમપૂર્વક સામનો કર્યો. એના પરાક્રમથી પાંડવપક્ષના મહારથીઓ ઉત્તમૌની, યુધામન્યુ, સાત્યકિ, શ્રીકૃષ્ણ અને અર્જુન તો ખુશ થઈ ગયા, પરંતુ કૌરવપક્ષના ભૂરિશ્રવા, કૃપ, અશ્વત્થામા, શલ્ય અને સ્વયં જયદ્રથ પણ એને 'ધન્ય, ધન્ય' કહીને શાબાશી આપવા લાગ્યા. (૭-૧૧૦-૨૭ થી ૩૯, અ. ૧૧૧, ૧૧૨) પછી તો રણભૂમિમાં એવી અવ્યવસ્થા થઈ કે ભીમનાં બાણથી કૌરવ-યોદ્ધાઓ તો મરે જ પણ કર્ણનાં બાણોથી યે મરવા માંડ્યા! ('દ્રોણપર્વ' અ. ૧૧૩) પરન્તુ (વધુ કુમક આવવાથી) બાજી કર્ણના પક્ષમાં પલટાઈ ભીમનો રથ ભાંગી ગયો. ધનુષ્ય તૂટી ગયું. નિઃશસ્ત્ર ભીમે એ છતાં બને તેટલો સામનો કર્યો. છેવટે કર્ણના સપાટામાં આવી ગયો. પરન્તુ કર્ણે કુન્તીને આપેલા વરદાનનું સ્મરણ કરીને એને મારી નાખ્યો નહિ. પણ ધનુષ્યની અણી ઘોંચીને એની ગર્જના કરી: 'તૂબરક [શિંગડા વગરના રેલ્લા (વાછરડા) અર્થાત્ દાઢીમૂછ વિનાના બાયલા!] મૂર્ખ! ખાઉધરા![55] અકૃતાસ્ત્રક (શસ્ત્રાસ્ત્રોની તાલીમ વિનાના)! નાદાન! સંગ્રામ-કાયર! તારે તો જ્યાં ખૂબ ખાવાપીવાનું હોય ત્યાં જવું. દુર્મતિ! તું કોઈ રીતે યુદ્ધ લડવા માટે યોગ્ય નથી. તારે તો ફળમૂળ ખાઈ મુનિ થઈને વનવાસ કરવો. તું કંઈ યુદ્ધવિશારદ નથી. માટે દીકરા! વનમાં જાઓ...' વળી ધનુષ્યની અણી ખૂબ ઘોંચીને મશ્કરી કરી. '...તારે જો

---

૫૫ ૭-૧૧૪-૬૯; આ શ્લોક સાથે સર૰ ભીમ માટે દુર્યોધને ઉલૂક દૂત સાથે કહાવેલ સંદેશામાંનું વાક્ય. ૫-૧૫૭-૧૬ જુઓ 'નેતા શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય', સં. ૨૦૨૬નો વસંતપંચમી અંક, પુ. ૭-૨.

લડવું હોય તો મારા જેવાની સામે ન આવવું. નહિ તો આનાથી વધુ ભૂંડી વલે થશે. અથવા તો પેલા કૃષ્ણ-અર્જુનની પાસે જા. એ તારું રક્ષણ કરશે!...અથવા અલ્યા છોકરા! ઘેર જ જાને! તારે લડીને શું કામ છે?...' એ રીતે કર્ણ શ્રીકૃષ્ણ અને અર્જુનની સમીપમાં ભીમનો તિરસ્કાર કરી રહ્યો હતો. એટલે શ્રીકૃષ્ણની સૂચનાથી અર્જુને કર્ણ ઉપર તીક્ષ્ણ બાણોનો મારો ચલાવીને ભીમસેનથી છૂટો પાડ્યો. ભીમ સાત્યકિના રથમાં ચઢી ગયો. (૭-૧૧૪-૮૦ થી ૯૪ જુઓ ૧-૧-૧૩૯).

શ્રીકૃષ્ણ, ભીમ અને સાત્યકિની સહાયથી અર્જુનના પરાક્રમનાં સમાચાર સાંભળી ધૃતરાષ્ટ્રનો ગભરાટ વધતો ચાલ્યો. (૭-૧૧૫-૧ થી ૮). વળી સ્વયં ચક્રધર શ્રીકૃષ્ણ જેવા પ્રભાવશાળી સાત્યકિએ રાજા અલમ્બુસને મારી નાખ્યો. (૭-૧૧૫-૯ થી ૨૪; ઘટોત્કચે મારેલ અલમ્બુસ રાક્ષસ તે બીજો. ૭-૮૪-૨૯. ત્યાં ઘટોત્કચે અલમ્બુસ રાક્ષસને પાકેલા અલમ્બુસની—કોળું કે દૂધી જેવું ફળ—જેમ છૂંદી નાખ્યો હતો એવું વર્ણન છે.) અને અર્જુનની નજીક જઈ પહોંચ્યો. જળમાં ખૂબ તરીને થાકેલો માણસ કિનારે પહોંચીને થાક ખાય એમ અર્જુનને જોઈને એણે નિરાંતનો શ્વાસ લીધો. એને જોઈને શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું (શ્રીકૃષ્ણ પોતાની બેઠક ઉપરથી સાત્યકિને જોઈ શકતા હતા, અર્જુન નહિ.): 'આ સાત્યકિ તારે પગલે પગલે અહીં આવે છે. તારા એ શિષ્ય અને સખાએ સૌ યોદ્ધાઓને તરણાંની તોલે ગણીને જીતી લીધા છે. તને જીવથી યે વહાલો એ સાત્યકિ કૌરવદળોમાં ઘોર ત્રાસ ફેલાવીને આવી રહ્યો છે. દ્રોણ અને કૃતવર્માને નકામા બનાવીને ફલ્ગુન! આ સાત્યકિ આવે છે. ધર્મરાજાનું પ્રિય કરનારો શૂરવીર અસ્ત્રવેત્તા સાત્યકિ શ્રેષ્ઠ યોદ્ધાઓને મારી નાખીને આવી રહ્યો છે. સૈન્યોની મધ્યમાં સુદુષ્કર કર્મ કરીને એ મહાબલી તને (કુશલ) જોવા માટે આવી રહ્યો છે. કેવળ એક રથથી આચાર્ય દ્રોણ વગેરે અનેકની સાથે લડીને, પાર્થ! આ સાત્યકિ આવી રહ્યો છે. ધર્મપુત્ર યુધિષ્ઠિરે મોકલેલો આ સાત્યકિ સ્વ-બાહુબળથી સેનાને ચીરી નાખીને અહીં આવી રહ્યો છે. કૌરવોમાં જેના સરખો એક પણ લડવૈયો નથી એ આ સત્યપરાક્રમી સાત્યકિ કૌન્તેય! આવી રહ્યો છે. જેમ સિંહ (હુમલાખોર) બળદોના ટોળામાંથી છૂટી આવે એમ અનેક દળોને સંહારી પાર્થ! આ સાત્યકિ આવી રહ્યો છે. પૃથ્વીને હજારો રાજાઓનાં કમળ જેવાં મુખોથી ઢાંકી દઈને સાત્યકિ અહીં ત્વરાથી આવી રહ્યો છે. આ રણમાં દુર્યોધન તથા તેના ભાઈઓને હરાવી (માગધ) જલસંધને હણી રણભૂમિ ઉપર લોહીના કાદવવાળી રુધિરની નદી વહેવડાવીને, કૌરવોને તણખલાં જેવા ગણીને આ સાત્યકિ આવી રહ્યો છે!' (૭-૧૧૬-૧૧ થી ૨૫; જુઓ ૧-૧-૧૩૮)

આ સાંભળી અર્જુન નાખુશ થયા, બોલ્યા: 'મહાબાહો! સાત્યકિ અહીં આવે છે તે મને જરાય ગમ્યું નથી. સાત્યકિની ગેરહાજરીમાં ધર્મરાજનું શું થયું હશે તેની મને કંઇ ખબર નથી. એણે ધર્મરાજનું રક્ષણ કરવું જોઈએ તેને બદલે એ મારી પાછળ પાછળ શા માટે આવ્યો હશે? આ તો યુધિષ્ઠિર દ્રોણની સામે અરક્ષિત છે, હજી જયદ્રથ મુઓ નથી અને ભૂરિશ્રવા (થાકેલા) સાત્યકિ ઉપર હુમલો કરવા આવી રહ્યો છે. તેથી જયદ્રથને મારવાનો ગુરુતર ભાર તો હજુ મારે માથે છે, તેમાં ધર્મરાજના કુશલ સમાચાર જાણવાનો અને સાત્યકિને બચાવવાનો બીજો બોજો આવી પડ્યો! હજી જયદ્રથને મારવાનો છે. સૂર્ય નીચે નમતો જાય છે. મહાબાહુ! સાત્યકિ થાકેલો અને અલ્પ

ચેતનાવાળો લાગે છે. એના ઘોડા અને સારથિ થાકી ગયા છે, જ્યારે કેશવ ! ભૂરિશ્રવા તાજો અને કુમકવાળો છે. સેનારૂપી સમુદ્ર તરી આવેલો સાત્યકિ ગાયના પગલામાં ભરાયેલા ખાબોચિયા જેવા ભૂરિશ્રવા સાથેના સંગ્રામમાં ડૂબી તો નહિ મરેને ? ધર્મરાજે સાત્યકિને મોકલીને ગંભીર ભૂલ કરી છે. મને ધર્મરાજની બહુ ચિન્તા રહે છે.' (૭-૧૧૬-૨૬ થી ૩૬).

સાત્યકિ-ભૂરિશ્રવાનો ભેટો થયો. સાત્યકિની તર્જના કરતાં કરતાં ભૂરિશ્રવા બોલ્યો : 'આજે જ તું મારાં બાણોથી બળીને કૃષ્ણ-અર્જુનને દેખતાં ધરણી પર પળીશ. જેમ રામના નાના ભાઈ લક્ષ્મણે રાવણપુત્ર ઇન્દ્રજિતને યમપુરીએ વળાવ્યો હતો એમ હું તને યમપુરીમાં મોકલીશ. અને એટલે આજે જ નિરુત્સાહી થઈને કૃષ્ણ, અર્જુન તથા ધર્મરાજ યુદ્ધ છોડીને ભાગી જશે એમાં શંકા છે જ નહિ !...' (૭-૧૧૭-૫ થી ૧૩). સાત્યકિએ પણ તેના તિરસ્કારનો એવો જ કડક ઉત્તર આપ્યો. બન્ને વચ્ચે ભીષણ દ્વંદ્વયુદ્ધ જામ્યું. થાકેલા સાત્યકિએ પરાક્રમ કરી ઝાક ઝીલીને ભારે સામનો કર્યો. છેવટે બન્નેના રથ ભાંગી ગયા. ઢાલ તલવારથી લડવા માંડ્યું. ઢાલો ભાંગી જતાં મલ્લયુદ્ધ શરૂ થયું. પરન્તુ હવે સાત્યકિ બહુ થાકી ગયો. એ ભૂરિશ્રવાના પંજામાં આવી ગયો. એ જોતાં શ્રીકૃષ્ણે અર્જુનને સૂચના આપી : 'આમ જો સર્વ ધનુર્ધરોમાં શ્રેષ્ઠ (કેતુ) સાત્યકિ રથ ભાંગ્યા છતાં યુદ્ધ કરી રહ્યો છે. એણે મહાશક્તિશાળી ભરત યોદ્ધાઓની સામે સંગ્રામ કરીને કૌરવી સેનામાં પ્રવેશ કર્યો છે. એ શ્રેષ્ઠ યોદ્ધો અત્યંત થાકી ગયો ત્યાં જ બહુ દક્ષિણા દેનારો ભૂરિશ્રવા લડવા સામે આવ્યો. અર્જુન ! આ કંઈ બરાબર નથી.' (૭-૧૧૭-૪૨ થી૪૪). એટલામાં તો ભૂરિશ્રવાએ સાત્યકિને ઊંચકીને પછાડ્યો. શ્રીકૃષ્ણ-અર્જુન ક્રોધથી આ જોઈ રહ્યા. અને શ્રીકૃષ્ણે અર્જુનને પ્રેર્યા : 'અર્જુન ! જો આ અન્ધ વૃષ્ણિકુળનો વાઘ ભૂરિશ્રવાના સકંજામાં આવી ગયો છે. એ અત્યંત દુષ્કર કર્મ કરીને થાકી ગયો છે. એટલે જ ભોંય પર પટકાયો છે. તારા એ શૂરવીર શિષ્યનું રક્ષણ કર. સમર્થ ! શત્રુજેતા અર્જુન ! તારે કાજે જ અહીં આવેલા સાત્યકિને ભૂરિશ્રવા વશ કરી લે (મારી નાખે) તે પહેલાં તું શીઘ્ર પગલાં ભર.' (૭-૧૧૭-૪૫ થી ૩૯).

શૌર્યના કદરદાન અર્જુન ભૂરિશ્રવાના પરાક્રમથી પ્રસન્ન થયા, શ્રીકૃષ્ણને કહ્યું : 'વનમાં મદમત્ત ગજરાજ સાથે ક્રીડા કરતા યૂથપતિ સિંહની જેમ યાદવપ્રવીર સાત્યકિ સાથે ક્રીડા કરતા કુરુશ્રેષ્ઠ ભૂરિશ્રવાને જુઓ તો ખરા !' (૭-૧૧૭-૫૦). એટલામાં તો ભૂરિશ્રવા સાત્યકિને (પુનઃ) પછાડીને ઘસડવા માંડ્યો. અને પછી છાતીમાં લાત મારી, ચોટલી પકડીને, મ્યાનમાંથી તલવાર કાઢીને માથું કાપવાનો પ્રયત્ન કરવા માંડ્યો. સાત્યકિ ખૂબ જોરથી માથું ધુણાવવા માંડ્યો. (૭-૧૧૭-૫૧ થી ૫૩). એટલે શ્રીકૃષ્ણે અર્જુનને આદેશ આપ્યો : 'મહાબાહો ! જો વૃષ્ણિ-અન્ધકવ્યાઘ્ર, તારો શિષ્ય અને ધનુર્વિદ્યામાં તારાથી ઊતરે નહિ એવો સાત્યકિ ભૂરિશ્રવાને કબજે થઈ ગયો છે, સત્યપરાક્રમી વાર્ષ્ણેય સાત્યકિ કરતાં (આપણા દેખતાં) ભૂરિશ્રવા રણભૂમિ ઉપર અધિકતા દર્શાવે છે, તેથી આપણું પરાક્રમ ખોટું ઠરે છે !' (૭-૧૧૭-૫૪ થી ૫૬).

વાસુદેવની આજ્ઞા થતાં અર્જુને મનોમન ભૂરિશ્રવાની પ્રશંસા કરી, અને શ્રીકૃષ્ણને કહ્યું : 'માધવ મારી દૃષ્ટિ જયદ્રથ ઉપર ચોંટી છે. એટલે હું સાત્યકિને જોઈ શકતો

નથી.[૫૬] તે છતાં સાત્યકિને માટે હું આ દુષ્કર કર્મ કરી બતાવું છું,' એમ બોલી વાસુદેવનો આદેશ માનીને અર્જુને યજ્ઞશીલ ભૂરિશ્રવાના તલવાર સાથેના હાથને બાણથી કાપી નાખ્યો! (૭-૧૧૭-૫૭ થી ૬૨).

ભૂરિશ્રવાએ સાત્યકિને ફરજિયાત છોડી દીધો. અને ક્રોધ ચઢાવીને અર્જુનની નિન્દા કરી. શ્રીકૃષ્ણને તીવ્ર ઉપાલંભ આપતાં ઉમેર્યું: 'અર્જુન! તેં સાત્યકિને બચાવવા આ અતિ શુદ્ર કર્મ કર્યું છે તે ચોક્કસ વાસુદેવની અક્કલ છે. તારામાં તો આ (દુર્બુદ્ધિ) ઘટે જ નહિ—नैतत्त्वय्युपपद्यते।! (૭-૧૧૮-૧૩, સર° ગીતા, ૨-૩ ખ, ઘટોત્કચ હણાતાં શોકાતુર યુધિષ્ઠિરને શ્રીકૃષ્ણે આ જ વાક્ય કહ્યું હતું. ૭-૧૫૮-૨૩ ખ). કૃષ્ણનો સખા ન હોય એવો બીજો કયો માણસ અસાવધ શત્રુ જોડે લડીને એને આવી આપત્તિમાં મૂકી દે? પાર્થ અર્જુન! આપશ્રીએ (વૈદિક સંસ્કાર વિનાના) વ્રાત્ય, સંશ્લિષ્ટકર્મી (સારાંખોટાં બધાં કાર્યો કરનારા), અને સ્વભાવથી જ નિન્દિત, કર્મ કરનારા વૃષ્ણિ-અન્ધકોને શાથી પ્રમાણ માન્યા છે?'[૫૭] (૭-૧૧૮-૧ થી ૧૫). એમ બોલીને યૂપકેતુ (યજ્ઞમાં યૂપની ધ્વજાવાળા) ભૂરિશ્રવાએ બ્રહ્મલોકમાં જવાની ઇચ્છાથી પ્રાયોપવેશન (આમરણ અનશનવ્રત) લીધું. પ્રાણને પ્રાણમાં, ચક્ષુને સૂર્યમાં અને મનને જળમાં હોમ્યું. મહોપનિષદનું ધ્યાન કરતાં કરતાં યોગયુક્ત મુનિ થયો.[૫૮] એ વખતે કૌરવ સેનામાંનાં માણસો શ્રીકૃષ્ણ-અર્જુનની નિન્દા અને ભૂરિશ્રવાની પ્રશંસા કરવા લાગ્યાં. **(પણ ત્રણેની મહાનુભાવિતા એવી હતી કે,) એ પ્રમાણે નિન્દા થતી હતી છતાં શ્રીકૃષ્ણ-અર્જુન કંઈ પણ અપ્રિય બોલ્યા નહિ. અને પ્રશંસા થતી હતી તોપણ યૂપધ્વજ ભૂરિશ્રવા જરાય હર્ષ પામ્યો નહિ.**[૫૯] પણ અર્જુને ક્રોધ રહિત મનથી કૌરવોને પોતાના વ્રતનું સ્મરણ કરાવતા હોય તથા જાણે આક્ષેપ કરતા હોય એમ ભૂરિશ્રવાને કહ્યું: 'સૌ રાજાઓ મારા આ મહાવ્રતને જાણે છે કે, મારા બાણના નિશાનની મર્યાદામાં રહેલા મારા માણસને કોઈ

---

૫૬ અર્જુનની અભ્યાસનિષ્ઠા તથા એકાગ્રતા માટે જુઓ 'આદિપર્વ' અ. ૧૨૩, ૧૨૪. (૧) અભ્યાસનિષ્ઠા: દીવો બુઝાઈ ગયો, છતાં રાત્રિના અન્ધકારમાં, સતત અભ્યાસને કારણે હાથ મોંમાં જ ગયો, બીજે નહિ. તેથી અર્જુને સ્વયંભૂ પ્રેરણાથી રાત્રે ધનુર્વિદ્યાનો અભ્યાસ કરવા માંડ્યો. ૧-૧૨૩-૧ થી ૬. (૨) એકાગ્રતા: નિશાન તાકવાની પરીક્ષામાં જ્યારે બીજા બધા વિદ્યાર્થીઓ ભાસ પક્ષી ઉપરાંત આજુબાજુની ઘણી વસ્તુઓ જોતા હતા, અને તેથી ખરું નિશાન લેવા અયોગ્ય ઠર્યા. ત્યારે અર્જુન તો ભાસ પક્ષીના મસ્તકને જ, તેના ગાત્રને પણ નહિ, જોવા જેટલા એકાગ્ર હતા. ૧-૧૨૩-૪૯ થી ૬૩.

૫૭ व्रात्या संश्लिष्टकर्माणः प्रकृत्यैव विगर्हिताः ।
वृष्ण्यन्धकाः कथं पार्थ प्रमाणं भवता कृताः ॥ ७-११८-१५.

સજ્જન પણ ચુસ્ત કર્મકાંડી ભૂરિશ્રવાને 'ધર્મસંસ્થાપક' જગતનું પાલન કરનાર નૂતન પ્રાણોપાસનાના આચાર્ય 'વ્રાત્ય' લાગે એમાં આશ્ચર્ય નથી.

૫૮ 'મહોપનિષદ્'—પંચરાત્ર શાસ્ત્ર.જુઓ ખંડ ૪, પ્રકરણ ૧, 'યુદ્ધમન્ત્રી', નોંધ ૩૮ (૨)

૫૯ निन्द्यमानौ तथा कृष्णौ नोचतुः किंचिदप्रियम् ।
प्रशस्यमानश्च तथा नाहृष्यद्यूपकेतनः ॥ ७-११८-२०

મારી શકે નહિ. યૂપકેતુ ! આ ખ્યાલમાં રાખીને તારે મારી નિન્દા ન કરવી. વળી **ધર્મ(તત્ત્વ)ને જાણ્યા વિના બીજાને નિન્દવો યોગ્ય નથી.** તું હાથમાં શસ્ત્ર લઈને સાત્યકિને મારી નાખતો હતો, ત્યારે મેં તારો હાથ કાપી નાખ્યો, એ નિન્દિત ધર્મ નથી (પણ સામે) ભાઈ ! શસ્ત્રહીન રથ અને કવચ વિનાના, બાલક અભિમન્યુના વધને કયો ધાર્મિક માણસ અનુમોદશે/વખાણશે ?' (૭-૧૧૮-૧૪ થી ૨૬; સાથે જ જુઓ દ્રોણ, પરિશિષ્ટ ૧-૧૩. અર્જુન શ્રીકૃષ્ણની પ્રેરણાથી ધૃષ્ટદ્યુમ્નને અશ્વત્થામાના પંજામાંથી બચાવ્યો હતો. જુઓ ૮-૪૨-૪૨ થી ૫૧; ખંડ ૪, પ્રકરણ ૪, 'ચિત્તદ્ર'માં ઉપયુક્ત પ્રસંગ).

અર્જુનના શબ્દો સાંભળી ભૂરિશ્રવા નીચું મુખ કરી શાન્ત થઈ ગયો. અર્જુને એને પોતાના તથા શ્રીકૃષ્ણના તરફથી ઔશિનર શિબિની જેમ પુણ્યવંતોના લોકમાં જવાની અનુજ્ઞા આપી. (૭-૧૧૮-૨૭ થી ૩૦; જુઓ ક્ષેપક ૯૬૮).

એવામાં સાત્યકિ ઊભો થયો. એને શ્રીકૃષ્ણ, અર્જુન, ભીમ વગેરે પાંડવ મહારથીઓએ તથા કૌરવોએ ખૂબ વાર્યો છતાં એણે તો મુનિવ્રતવાળા ભૂરિશ્રવાનું ડોકું કાપી નાખ્યું ! એ વખતે સૈનિકો (અર્વાચીન લોકોની જેમ જ) સાત્યકિની તરફેણમાં તેમ જ વિરુદ્ધમાં પક્ષ લઈને જાતજાતના અભિપ્રાયો આપતા હતા ! (૭-૧૧૮-૩૧ થી ૪૧ ).

પરન્તુ સાત્યકિએ તો વિરુદ્ધ બોલનારા કૌરવ સૈનિકોને રોકડું પરખાવ્યું : 'ધર્મનો અંચળો ઓઢનારા અધર્મિષ્ઠો ! ધર્મવાદો ચલાવીને 'ન મારવો જોઈએ, ન મારવો જોઈએ,' એમ મને કહો છો. પણ સુભદ્રાના શસ્ત્રહીન નાના બાળને તમે મારી નાખ્યો, ત્યારે તમારો ધર્મ ક્યાં સંતાઈ ગયો હતો ? મારી તો પ્રતિજ્ઞા જ છે કે જે મને સંગ્રામમાં દબાવી દે કે લાત મારે તેને મારી જ નાખવો, ભલે તે પછી મુનિવ્રતધારી હોય ! બાકી જ્યારે હું ભૂરિશ્રવાનો સામનો કરતો હતો, ત્યારે તમે મને મરી ગયેલો માનતા હતા તે તમારી બુદ્ધિનું દેવાળું જ હતું !...અને અર્જુને પોતાની પ્રતિજ્ઞા પાળવા માટે એના હાથને કાપી નાખીને તો મને ઠગ્યો છે ! હોય ! ભાવિ ભાવ હોય તે બને ! ઋષિ વાલ્મિકીએ પણ પૂર્વે ગાયું છે કે : 'पीडाकरममित्राणां यत्स्यात्कर्तव्यमेव तत् । જે કાર્ય શત્રુઓને પીડાકારી હોય તે કરવું જ જોઈએ !" ૬૦ (૭-૧૧૮-૪૨ થી ૪૮)

---

૬૦ (૧) ૭-૧૧૮-૪૮ ગદ્ય = 'રામાયણ' ૬-૮૧-૨૭ ગદ્ય આ સાથેનું ક્ષેપક ૯૭૫ :

न हन्तव्या स्त्रिय इति यद्ब्रवीषि प्लवंगम । 'રામાયણ' ૬-૮૧-૨૮ કખ

(૨) 'યાદવ સાત્યકિના પિતા શિનિએ સ્વયંવરમાંથી દેવકની પુત્રી દેવકીનું વસુદેવજી માટે હરણ કર્યું હતું. એ હરણ દરમિયાન ભૂરિશ્રવાના પિતા સોમદત્ત સાથે શિનિને લડાઈ થઈ. તેમાં શિનિએ સોમદત્તને ભોંય પર પછાડ્યો. એને લાત મારી. તલવારથી માથું ઉડાવી દેવાની તૈયારી કરી. પણ દયા આવતાં 'જા જીવતો રહે !' એમ કહીને છોડી મૂક્યો. ભરસભામાં આવું અપમાન થવાથી સોમદત્તે મહાદેવનું તપ કરીને શિનિના પુત્રને હજારો રાજાઓની વચ્ચે ભોંય પટકીને લાત મારે એવા પુત્રનું વરદાન મેળવ્યું. તેને લીધે ભૂરિશ્રવા સાત્યકિને હરાવી શક્યો હતો.' (૭-૧૧૯-૧ થી ૨૦). આ પુરાણકથા પછી શ્રીકૃષ્ણે તૈયાર કરેલા સદ્ગુણોના સર્વતોમુખી વિકાસથી પ્રભાવશાળી, પ્રતાપી અને સમર્થ બનેલા યાદવચક્રનું સંક્ષેપમાં વર્ણન છે. (૭-૧૧૯-૨૧ થી ૨૮; જુઓ 'કંસ-ચાણૂરમર્દક ભગવાન શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા) 'સ્વાધ્યાય' ઑગસ્ટ ૧૯૬૫ના અંકમાં ઉપયુક્ત સંદર્ભ.)

સાત્યકિ બચી ગયો. એટલે હવે અર્જુને વાસુદેવને કહ્યું : 'મહાબાહો! જ્યાં રાજા જયદ્રથ છે ત્યાં ઘોડા હાંકો, કારણ કે સૂર્ય આથમતો જાય છે. મેં મોટો ભાર ઉપાડ્યો છે, અને કૌરવ મહારથીઓ એનું બરાબર રક્ષણ કરી રહ્યા છે એટલે સૂર્યાસ્ત થાય તે અગાઉ મારું વચન સાચું પડે એ રીતે કૃષ્ણ! ઘોડો દોડાવો.' (૭-૧૨૦-૨ થી ૫).

હયજ્ઞ (અશ્વશાસ્ત્રવિશારદ) શ્રીકૃષ્ણે ઘોડાઓને જયદ્રથ તરફ દોડાવ્યા. એટલે દુર્યોધન, કર્ણ, વૃષસેન, શલ્ય, અશ્વત્થામા, કૃપ અને સ્વયં જયદ્રથે સામનો કર્યો. અને દુર્યોધને કર્ણને ત્વરાથી હુકમ આપ્યો : 'તું તારું બળ દર્શાવ. દિવસ થોડો રહ્યો છે. માટે તું ઢગલાબંધ બાણો છોડીને દુશ્મનનો પ્રતિકાર કર. ત્યાં સુધીમાં સૂર્યાસ્ત થતાં આપણો વિજય થશે. અર્જુનની પ્રતિજ્ઞા તૂટશે. એટલે અર્જુન અગ્નિપ્રવેશ કરશે. એમ થતાં એના ભાઈઓ એક મુહૂર્ત જેટલું પણ જીવશે નહિ. અને એમ આપણે નિષ્કણ્ટક થયેલી વસુંધરાને ભોગવીશું. દૈવે મારેલો અર્જુન વિપરીત બુદ્ધિથી કાર્ય-અકાર્ય વિચાર્યા વિના જ પ્રતિજ્ઞા કરી બેઠો છે. (૭-૧૨૦-૧૬ થી ૧૮ ઇ. દુર્યોધનની પરંપરા દૈવપરાયણ છે. અર્જુનની પુરુષાર્થપરાયણ. પણ દૈવપરાયણ અભિમાનીના માનસનું આ હૂબહૂ દર્શન છે. એને ध्रुवो नारायणे जयः। ની ખબર નથી.) માટે અમારી મદદે પરમ પ્રયત્નપૂર્વક અર્જુનની સામે યુદ્ધ કર.' (૭-૧૨૦-૬ થી ૨૨).

પરન્તુ ભીમે યુદ્ધમાં જર્જરિત કરેલો કર્ણ મહા પરાણે લડી શકતો હતો! એનાં અંગેઅંગ ઘાની વેદનાથી બળતાં હતાં. એટલે એણે જીવ ઉપર આવીને યથાશક્તિ લડવાનું વચન આપ્યું. એ સાથે જ (દુર્યોધનની પરંપરા અનુસાર) ઉમેર્યું કે, જય તો દૈવાધીન છે— जयो दैवे प्रतिष्ठितः।' (૭-૧૨૦-૨૩ થી ૩૦, અને કેવળ હિંસક યુદ્ધની પરંપરા પણ એ જ છે. જુઓ 'ધર્મસંસ્થાપક શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય', ઑગસ્ટ ૧૯૭૦માં ૬-૪-૧૪ થી ૩૫નો સંદર્ભ).

એવામાં અર્જુને સજ્જડ મારો ચલાવ્યો...આ વખતે મન મૂકીને લડતા અર્જુનનું બાહુબળ, બાણોનું અક્ષયત્વ (અવિનાશીપણું અર્થાત્ અમોઘપણું) અને ગાંડીવનું સામર્થ્ય દેખાઈ આવ્યું..કર્ણ જીવ ઉપર આવીને લડ્યો. પરંતુ અર્જુને એનો રથ તોડી નાખ્યો એટલે એને અશ્વત્થામાના રથમાં બેસવું પડ્યું (૭-૧૨૦-૩૧ થી ૭૭)...શલ્ય, કૃપ, જયદ્રથ અને વૃષસેન બધા અલગ અલગ (પોતાની સેનાઓ સાથે) શ્રીકૃષ્ણ-અર્જુનને વીંધવા લાગ્યા. (૭-૧૨૦-૪૭, ૭૮, ૭૯)...પણ અત્યારે અત્યંત વેગથી લડતા અર્જુને કૌરવ મહારથીઓને આકુલ-વ્યાકુલ કરીને જયદ્રથના વરાહધ્વજને કાપી નાખ્યો. આ જ વખતે સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. એટલે જનાર્દન કૃષ્ણે ત્વરાથી અર્જુનને આદેશ આપ્યો : 'ધનંજય! દુરાત્મા જયદ્રથનું મસ્તક છેદી નાખ. કારણ કે સૂર્ય પર્વત શ્રેષ્ઠ અસ્તાચળ તરફ આ ચાલ્યો!'[૬૧] (૭-૧૨૦-

---

૬૧ एतस्मिन्नेव काले तु द्रुतं गच्छति भास्करे।
अब्रवीत्पाण्डवं तत्र त्वरमाणो जनार्दन ॥ ૭-૧૨૧-૧૫.
धनंजय शिरश्छिन्धि सैन्धवस्य दुरात्मनः।
अस्तं महीधरश्रेष्ठं यियासति दिवाकरः ॥ ૭-૧૨૧-૧૬ કખગઘ

૧ થી ૧૬ ). એમ કહીને ખાસ સૂચના આપી: ' જગપ્રસિદ્ધ વૃદ્ધક્ષત્ર જયદ્રથનો પિતા છે. જયદ્રથ એને ત્યાં પાછલી અવસ્થામાં જન્મ્યો હતો. એના જન્મસમયે અન્તર્હિત વાણીએ તેના શીલગુણ વિશે સારું બોધીને કહ્યું હતું કે, ' સંગ્રામમાં એક ક્રોધાયમાન શત્રુ એનું નિશાન લઈને શિરચ્છેદ કરી ભોંય પાડશે. ' એટલે વૃદ્ધક્ષત્રે લાંબો સમય વિચાર કર્યો, અને પુત્રસ્નેહથી ખેંચાઈને સગાં વહાલાંને કહ્યું: ' સંગ્રામમાં લડતા મારા પુત્રના મસ્તકને જે ધરણી પર પાડશે તેના મસ્તકના પણ સેંકડો ટુકડા થઈ જશે એ નિઃશંક વાત છે. ' એમ કહી જયદ્રથને રાજગાદીએ સ્થાપીને વૃદ્ધક્ષત્ર વનમાં તપ કરવા લાગ્યો. હાલ વૃદ્ધક્ષત્ર અહીં સમન્તપંચકની બહાર ઘોર તપ કરે છે, એટલે રિપુહંતા! પ્રભઞ્જન સુતાનુજ! ( વાયુપુત્ર ભીમસેનના નાના ભાઈ ) તું ઘોર દિવ્યાસ્ત્રથી જયદ્રથના મસ્તકને છેદીને શીઘ્ર વૃદ્ધક્ષત્રના ખોળામાં ફેંકી દેજે. જો તું એના મસ્તકને ભૂતલ ઉપર પાડીશ તો તારા મસ્તકના પણ ભાંગીને સેંકડો ચૂરા થઈ જશે એ નિઃસંશય છે. તેથી વૃદ્ધક્ષત્રને ખબર પડે નહિ એ રીતે દિવ્યાસ્ત્રથી કામ પતાવી દે. ઇન્દ્રપુત્ર![૬૨] સમસ્ત ત્રણે લોકમાં એક પણ કાર્ય એવું નથી કે તું ન કરી શકે કે તારા માટે અસાધ્ય હોય.

न ह्यसाध्यमकार्यं वा विद्यते तव किंचन । समस्तेष्वपि लोकेषु त्रिषु वासवनन्दन ॥
( ૭-૧૨૧-૧૭ થી ૨૯ ).

આ સૂચના સાંભળતાં અર્જુને ગલોફાં ચાટતાં ચાટતાં રૌદ્ર આક્રમણ કર્યું. ( ઇન્દ્રાશનિસમસંસ્પર્શ અર્થાત્ ) મેઘની વીજળી જેવા સ્પર્શવાળું ( પાશુપત ) દિવ્યાસ્ત્ર અભિમન્ત્રિત કરીને જયદ્રથ ઉપર છોડયું. અસ્ત્ર ( જાણે કે ) બાજપક્ષીની જેમ જયદ્રથનું મસ્ત ઉપાડીને ચાલવા માંડયું! એમ ( અવિચ્છિન્ન ) બાણધારાથી જયદ્રથના રક્ષકોને કદંબનાં ફૂલ જેવા નિર્માલ્ય ગણીને અર્જુન એ મસ્તકને સમન્તપંચકની બહાર ( નિષાદોના પ્રદેશમાં ) લઈ ગયા અને સન્ધ્યોપાસના કરતા વૃદ્ધક્ષત્રના ખોળામાં નાખી દીધું. જપ જપીને વૃદ્ધક્ષત્ર ઊભો થતાં મસ્તક એકાએક ભોંય પર પડયું અને એમ થતાં વૃદ્ધક્ષત્રના મસ્તકના પણ સેંકડો કકડા થઈ

---

૬૨ ( ૧ ) એમ લાગે છે કે પાછલી અવસ્થામાં પુત્ર જન્મેલો તેથી નિકટનાં સગાંમાંથી જ વારસાના લોભે કોઈ જયદ્રથને મારી નાખે, એવો ડર લાગ્યો હશે. એટલે એવા લોકોને ઉદ્દેશીને વૃદ્ધક્ષત્રે ભારે રાજદંડનો ભય બતાવ્યો હશે. તેનું આ પુરાણ રચાયું હોવા સંભવ છે.

( ૨ ) સમન્તપંચક એટલે કુરુક્ષેત્રનો એક વિભાગ. જ્યાં ક્રોધથી ક્ષત્રિયોનો એકવીશ વખત સંહાર કરી પરશુરામે તેમના લોહીથી પાંચ ધરા ભર્યા હતા. એટલે પછીથી તે વિભાગ ' સમન્તપંચક ' એ નામે ઓળખાવા માંડયો. ૧-૨-૧ થી ૯; ૩-૧૧૭-૫ થી ૧૦

( ૩ ) સૂર્યાસ્તનો સમય નજીક આવેલો જોઈને શ્રીકૃષ્ણે કપટ કરી યોગથી સૂર્યાસ્તનો દેખાવ સર્જ્યો. જયદ્રથ છેતરાયો અને ઊંચું મુખ કરી સૂર્યાસ્ત નિહાળતો હતો ત્યાં જ શ્રીકૃષ્ણના આદેશથી અર્જુને એનું મસ્તક કાપી નાખ્યું. એ રીતની રોચક લાગે તેવી પણ સદંતર કલ્પિત વાત શ્રીકૃષ્ણના ચરિત્રમાં ઘુસાડેલ છે. તે માટે જુઓ, ' દ્રોણપર્વ ' ક્ષેપક પરિશિષ્ટ ૧-૧૬; તથા ક્ષેપક ૧૦૦૯,૧૦૧૦, ૧૦૧૧, ૧૦૨૫. રસપૂર્ણ નવલકથા જેવી આવી રચનાઓ શ્રીકૃષ્ણના આચારનું પ્રમાણભૂત અંગ ગણાતાં એની ભારતીય સંસ્કૃતિ ઉપર વિઘાતક અસર પડી છે.

ગયા! આમ થતાં સર્વ પ્રાણીઓ ચકિત થઈ ગયાં. અને વાસુદેવ-અર્જુનની પ્રશંસા કરવા લાગ્યાં.[૬૩] (૭-૧૨૧-૩૦ થી ૪૦; ક્ષેપક ૧૦૨૬ પાશુપતાસ્ત્રનો સ્પષ્ટ નિર્દેશ કરે છે.)

કૌરવો રડવા માંડ્યા. ભીમસેને ધર્મરાજને હર્ષના સમાચાર પહોંચાડવા સિંહનાદ કરી રોદસી—આકાશથી પૃથ્વી સુધી—ગજાવી દીધી. સમાચાર મળતાં ધર્મરાજે યોદ્ધાઓને પાણી ચઢાવીને દ્રોણ ઉપર ભારે આક્રમણ કર્યું. અર્જુન પણ કૌરવોનો ઘાણ કાઢવા માંડ્યા. (૭-૧૨૧-૪૧ થી ૪૮).

જયદ્રથ હણાતાં કૃપાચાર્ય અને અશ્વત્થામા અર્જુન ઉપર ધસી ગયા. અર્જુન બહુ જ પીડાયા હતા, અને આચાર્ય કૃપ તથા ગુરુપુત્ર અશ્વત્થામાને મારી શકે એમ હતા છતાં મારવા ઇચ્છયું નહિ. પરંતુ ગુરુવત્ સન્માન કર્યું. ઓછા ઝડપી બાણોથી સામનો કર્યો. જોકે અર્જુનનાં મન્દવેગી બાણોથી પણ કૃપ મૂર્ચ્છા પામ્યા અને અશ્વત્થામા બીજે રવાના થઈ ગયો! (૭-૧૨૨-૧ થી ૧૧ થી).

પણ અર્જુનને અંધ ગુરુભક્તિને લીધે મોહ થયો. એમને ક્રોધ ચઢે ત્યારે જયદ્રથનો વધ કરતાં કર્યું એવું અપ્રતિમ પરાક્રમ કરી શકે. તે છતાં અંધ ગુરુપ્રેમથી અર્જુન ઢીલા પડે જ પડે. એટલે કૃપને મૂર્ચ્છિત જોઈને અર્જુન પામર (कृपणं) થઈને વિલાપ કરવા લાગ્યા. એમણે ક્ષાત્ર આચાર અને (હિંસાભર્યાં) બલપૌરુષને ધિક્કાર્યાં. અભિમન્યુના મરણ કરતાં પણ

---

૬૩ ચમત્કારિક પ્રસંગ વર્ણવતું આ પુરાણ છે. એમ લાગે છે કે જયદ્રથનો વધ કર્યા પછી એના ઉપરના રોષને કારણે, એના મસ્તકને અર્જુને કુરુક્ષેત્રની તપઃપૂત તથા શૌર્યપૂત ભૂમિ ઉપર નહિ પણ, તેની બહાર નિષાદોના પ્રદેશમાં ફેંકાવી દીધું હોવું જોઈએ. અર્જુનના અદ્ભુત પરાક્રમને આમાં પૌરાણિક ઢબે વણી લેવામાં આવ્યું છે, તે નીચેના સન્દર્ભોથી વિશદ થશે.

(क) જયદ્રથનો શિરચ્છેદ થયા પછીનું વર્ણન જુઓ. અર્જુન પોતાના લશ્કરીબળથી તેના મસ્તકને સમન્તપંચક-કુરુક્ષેત્ર-ની બહાર લઈ જાય છે:

शरैः कदम्बकीकृत्य काले तस्मिंश्च पाण्डवः ।
समन्तपञ्चकाद्बाह्यं शिरस्तद्व्यहरत्ततः ॥ ७-१२१-३४.

આ શ્લોકનો બીજો, ઉપરની નોંધના પૌરાણિક ભાવને સ્પષ્ટ કરતો બીજો અર્થ આ પ્રમાણે શકે છે: 'બાણોથી કદમ્બના ફૂલ જેવો ગળિયો બનાવીને અર્જુન એ વખતે જયદ્રથના મસ્તકને સમન્તપંચકની બહાર લઈ ગયા.'

(ख) શસ્ત્રસંન્યાસ લીધેલા દ્રોણાચાર્યનું મસ્તક ધૃષ્ટદ્યુમ્ને કાપી નાખ્યું. એ જાણીને અશ્વત્થામા ચઢી આવ્યો. તે વખતે અર્જુને યુધિષ્ઠિર અને ધૃષ્ટદ્યુમ્નની નિન્દા કરી ત્યારે તેને ઉત્તર આપતાં ધૃષ્ટદ્યુમ્ને કહેલું:

तच्च मे कृन्तते मर्म यन्न तस्य शिरो मया ।
निषादविषये क्षिप्तं जयद्रथशिरो यथा ॥ ७-१६८-३५

'એ બીજો કોઈ નહિ પણ મારા બાંધવોનો મારનાર હતો. એનું માથું કાપ્યા છતાં મારી બળતર હેઠી બેસતી જ નથી. (૭-૧૬૮-૩૪). મારાં મર્મમાં ભોંકાયા જ કરે છે કે, જયદ્રથના મસ્તકની જેમ મેં દ્રોણાચાર્યના મસ્તકને શા માટે નિષાદોના પ્રદેશમાં ફેંકી ન દીધું?'

વધુ ઘેરો શોક અનુભવ્યો.[૬૪] શ્રીકૃષ્ણને ઉદ્દેશીને કહ્યું : 'કૃષ્ણ! રથમાં દીન થઈને પડેલા કૃપને જુઓ. આચાર્યો પાસેથી અધ્યયન કરીને જેઓ તેમની (વિદ્યાવિસ્તરણની અને બીજી) કામનાઓ પૂરે છે તેઓ **દેવત્વ** પામે છે.[૬૫] અને જે પુરુષાર્થમાં અધ્યયન કર્યા પછી (મારી જેમ) એમનો ઘાત કરે છે તે દુરાચારીઓ નરકે જાય છે. આજે મેં એવું નરકગામી કૃત્ય કર્યું છે... યુદ્ધમાં પલાયન નહિ કરનાર સુપૂજ્ય કૃપાચાર્યને મારા પ્રણામ હજો. અને વાર્ષ્ણેય! એમના ઉપર ઘા કરનારા મને ધિક્કાર હજો!' (૭-૧૨૨-૧ થી ૨૬), અર્જુન આવી રીતે વિલાપ કરતા હતા. ત્યાં તો કર્ણે અર્જુન ઉપર ધસારો કર્યો. વચ્ચે સાત્યકિ તથા અર્જુનના ચક્રરક્ષકો ઉત્તમૌજા અને યુધામન્યુએ એને આંતર્યો. એટલે (શોક મૂકીને!) અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું : 'જુઓ આ કર્ણ સાત્યકિના રથ તરફ ધસી રહ્યો છે. પણ જનાર્દન! આપણા રથને ત્યાં હાંકો, એટલે કર્ણ (થાકેલા) સાત્યકિને ભૂરિશ્રવાની ગતિએ ન પહોંચાડે—મારી ન નાખે.' (૭-૧૨૨-૨૭ થી ૩૦).

પરંતુ મહાતેજસ્વી શ્રીકૃષ્ણે સમયોચિત જવાબ આપ્યો: 'આ મહાબાહુ સાત્યકિ એકલો પણ કર્ણને પૂરો પડે એમ છે. તો પછી ઉત્તમૌજા—યુધામન્યુ સાથે હોય ત્યારે તો એમાં શંકા શાની? પાર્થ! જ્યાં સુધી કર્ણ પાસે ઇંદ્રની મોટી ઉલ્કા જેવી પ્રજ્વલિત શક્તિ છે, ત્યાં સુધી તારે એનો મુકાબલો કરવો સારો નથી. તારા માટે જ કર્ણે એને સત્કારપૂર્વક રાખી મૂકી છે. તેથી કર્ણને સાત્યકિ તરફ જ જવા દે. હું એ દુરાત્માનો અન્તકાળ તને જણાવીશ (ત્યારે તું લડવા જજે).'[૬૬] (૭-૧૨૨-૩૧ થી ૩૪).

---

૬૪ શ્રીમદ્ ભગવદ્ગીતાનો ઉપદેશ એક વખત સાંભળવા માત્રથી જ સંપૂર્ણ જ્ઞાન આચારમાં ઊતરે એવું નથી. ક્રમે ક્રમે ઊતરે. સામાન્ય લોકો માટે એ ભારે મોટું આશ્વાસન છે. અર્જુન જેવા જો વારંવાર દીન બનીને વિષાદગ્રસ્ત બનતા હોય તો સામાન્ય માણસે તો કેટલો અપ્રમત્ત પરિશ્રમ કરીને સાધના કરવી જોઈએ?

૬૫ સર° विद्वांसो हि देवा: । શતપથ, ૩-૫-૬-૧૦.

ડૉ. રાધાકૃષ્ણન્ આ સૂત્રનો અર્થ કરે છે : The learned man who imparts knowledge to fellow man is also a deva. ('*Indian Philosophy*', Vol I. p. 72.)

૬૬ 'સાત્યકિ અને ઉત્તમૌજા-યુધામન્યુના રથ તો ભાંગી ગયેલા. ત્યારે રથ ક્યાંથી આવ્યા?' ધૃતરાષ્ટ્રે સંજયને પૂછ્યું. (૭-૧૨૨-૩૫,૩૬)

સંજયે ઉત્તર આપ્યો : 'તમારાં દુરાચરણોના પરિપાકનો વૃત્તાંત સાંભળો. શ્રીકૃષ્ણના મનમાં પહેલેથી જ વસી ગયું હતું કે ભૂરિશ્રવા સાત્યકિને હરાવશે, કારણ એ જનાર્દન અતીત અને અનાગતના જાણકાર છે. તેથી એમણે દારુક સારથિને બોલાવીને, 'મારા રથને પ્રાતઃકાળે સજ્જ કરી રાખજે' એવી આજ્ઞા કરી હતી. રાજન્! દેવ, ગન્ધર્વ, યક્ષ, નાગ, રાક્ષસ કે માનવ કદી પણ શ્રીકૃષ્ણ-અર્જુનને જીતી શકે એમ છે જ નહિ. બ્રહ્મા વગેરે દેવો અને સિદ્ધો એમને જાણે છે. એમના અતુલ પ્રભાવ તથા યુદ્ધવૃત્તાંતને સાંભળો. શ્રીકૃષ્ણે સાત્યકિને રથહીન, અને કર્ણને હુમલો કરતો જોયો. એટલે એમણે મહાવેગથી પોતાના શંખને ઋષભ સ્વરમાં વગાડ્યો. દારુકે શંખના દ્વારા મળેલો સંદેશો સાંભળીને ફરકતા ગરુડધ્વજવાળા રથને લાવ્યો. એટલે સાત્યકિ શ્રીકૃષ્ણની અનુમતિથી એમાં બેઠો. કર્ણ ઉપર આક્રમણ કર્યું. એટલે યુધામન્યુ-ઉત્તમૌજા પણ અર્જુનના રથની રક્ષા મૂકીને સાત્યકિની મદદે કર્ણ સામે લડવા ગયા. (૭-૧૨૨-૩૭ થી ).

સાત્યકિએ કર્ણને તથા દુઃશાસન વગેરે કૌરવ ભાઈઓને બૂરી રીતે હરાવી તેમના હાલહવાલ કર્યા, પણ મારી ન નાખ્યા, કારણ કે ભીમે તમામ કૌરવ ભાઈઓને અને અર્જુને કર્ણને મારવાની પ્રતિજ્ઞા લીધી હતી ! વળી સાત્યકિએ અશ્વત્થામા, કૃપ અને બીજા મહારથીઓને હરાવીને એવું પરાક્રમ દર્શાવ્યું કે સંજય બોલી ઊઠ્યો : 'શત્રુકર્શન સાત્યકિનું પરાક્રમ શ્રીકૃષ્ણ-અર્જુન તુલ્ય છે. જગતમાં શ્રીકૃષ્ણ, અર્જુન અને નરવ્યાઘ્ર સાત્યકિ એ ત્રણ સિવાય ચોથો ધનુર્ધર દેખાતો નથી !' (૭-૧૨૨-૩૫ થી ૭૩).

એ દરમિયાન સાત્યકિને માટે સુસજ્જ નવો રથ આવ્યો. એટલે દારુક ગરુડધ્વજ રથને શ્રીકૃષ્ણ પાસે લઈ ગયો. (શ્રીકૃષ્ણે રથને યોગ્ય સ્થળે મોકલી આપ્યો. આ વૃત્તાન્ત આપતાં આપતાં સંજયે ટીકા કરી : 'તમારી અનીતિમાંથી ઉદ્ભવેલા વિનાશના વૃત્તાન્તને હજુ વધુ સાંભળો...રાજન્ ! તમારા દુષ્ટ વિચારોને લીધે આ સંહાર થયો હતો.' (૭-૧૨૨-૭૪ થી ૮૮).

જયદ્રથ માર્યો ગયો એ પછી ભીમે અર્જુનને ફરિયાદ કરી કે કર્ણે પોતાને હરાવીને ગાળો દીધેલી. (જુઓ ઉપર ૭-૧૧૪-૬૯ વગેરે). તેથી અર્જુને કર્ણને સંભળાવ્યું : 'આત્મશ્લાઘી સૂતપુત્ર ! જય-પરાજય તો ઇન્દ્રનો પણ થાય છે, એટલે કંઈ ગાળો દેવા જેવું અધર્મકૃત્ય થાય નહિ. વળી ભીમસેને તો મારા, શ્રીકૃષ્ણના અને સેનાના દેખતાં તને ઘણીયે વખત રથ વિનાનો કરી નાખ્યો છે, તોપણ એમણે તને કંઈ કઠોર સંભળાવ્યું નથી. માટે તું સપરિવાર વધ્ય બન્યો છે. અને હું તારા પુત્ર વૃષસેનને મારી નાખીશ...' એ જ વખતે સૂર્યાસ્ત થયો. એટલે પ્રતિજ્ઞા પાર પાડીને યુદ્ધમોખરે ઊભેલા અર્જુનને હૃષીકેશ કૃષ્ણ ભેટી પડ્યા, શાબાશી આપવા માંડી : 'જિષ્ણુ ! સદ્ભાગ્યે તારી મહાન પ્રતિજ્ઞા પાર પડી છે અને સદ્ભાગ્યે પાપી વૃદ્ધક્ષત્ર તેના પુત્ર જયદ્રથ સાથે માર્યો ગયો છે. કૌરવસેનાની સામે લડવા આવીને એક વાર દેવોની સેના પણ ઠરી જાય (એવી ભયાનક છે) એ સહેજે સમજાય એવું છે. પુરુષવ્યાઘ્ર ! ઘણો વિચાર કરવા છતાં તારા સિવાય આ સેના સામે લડી શકે એવો વીર નર મને જગતમાં ક્યાંય દેખાતો નથી. આ લશ્કરમાં યુધિષ્ઠિરની મદદમાં મહાપ્રભાવશાળી, તારા જેવા તારાથીયે અધિક (દેખાતા) ઘણા રાજાઓ એકઠા થયા છે. તથા ક્રોધભેર બખ્તર ચઢાવીને લડવા આવ્યા પણ વિજયી થઈ શક્યા નથી. તારું વીર્ય અને બળ તો રુદ્ર, ઇન્દ્ર અને કાળ જેવું છે. તેં એકલાએ આજે જેવું પરાક્રમ કરી શત્રુઓને ત્રાસ પમાડ્યા છે, એવું બીજો કોઈ કરી શકે નહિ. આ જ રીતે જ્યારે દુરાત્મા કર્ણ પરિવાર સહિત માર્યો જશે ત્યારે શત્રુજેતા અને શત્રુહન્તા તને હું પુનઃ વધાવી લઈશ.' (૭-૧૨૩-૨ થી ૨૬).

ચાલુ યુદ્ધના ભયાનક ઉશ્કેરાટ અને તાણ વચ્ચે પણ નમ્ર અર્જુને ઉત્તર આપ્યો : 'માધવ ! દેવોને પણ દુસ્તર એવી પ્રતિજ્ઞા મેં તમારી કૃપાથી પાર પાડી છે. **કેશવ ! જેના તમે નાથ**

---

ઋષભ સ્વરમાં ચોક્કસ રીતે શંખધ્વનિ કરી તેને લશ્કરી સંદેશા તરીકે ઉપયોગમાં લેવાતો, એવો સ્પષ્ટ નિર્દેશ પ્રાચીન ભારતની સંદેશાવ્યવહારની પદ્ધતિ ઉપર વિશિષ્ટ પ્રકાશ પાડતો હોઈ મહત્ત્વનો છે. (જુઓ ઉપર ૭-૫૬-૩૬માં શ્રીકૃષ્ણ દારુકને આવો સંદેશ આપીને સુસજ્જ રથ બોલાવવાની સૂચના આપે છે તે. ત્યાં જરૂર પડતાં શ્રીકૃષ્ણ પોતે જ સંગ્રામમાં ઊતરશે એવું છે. જ્યારે અહીં રથનો ઉપયોગ સાત્યકિ કરે છે, કારણ સાત્યકિને તાત્કાલિક લડવાની અનુકૂળતા માટે શ્રીકૃષ્ણે રથ બોલાવી મંગાવેલો.)

**છો, એમનો જય થાય એમાં કંઈ આશ્ચર્ય નથી.** તમારી જ કૃપાથી યુધિષ્ઠિર સમગ્ર પૃથ્વીનું રાજ્ય મેળવશે. વાર્ષ્ણેય ! આ ભાર તમે જ ઉપાડચો છે અને પ્રભુ ! વિજય પણ તમારો જ છે. મધુસૂદન ! અમે તો ઉત્તેજનને પાત્ર આપના દાસ છીએ ! '[૬૭] (૭-૧૨૩-૨૭ થી ૨૯).

એટલે શ્રીકૃષ્ણે સ્મિત કરતાં કરતાં ઘોડાઓને આસ્તે આસ્તે છાવણી તરફ હાંકચા અને અર્જુનને અતિ ક્રૂર રણક્ષેત્ર બતાવવા માંડયું : ' પાર્થ ! તું જો. યુદ્ધમાં જય અને વિશાળ મહાન યશની આકાંક્ષા રાખતા શૂરવીરો તારાં બાણોથી હણાઈને ભૂમિ પર સૂતા છે. એમનાં શસ્ત્રો અને આભરણો વેરવિખેર થઈ ગયાં છે, હાથી-ઘોડા-રથ નાશ પામ્યાં છે, બખ્તર છિન્નભિન્ન થઈ ગયાં છે. એટલે પરમવૈકલ્યને પામ્યા છે (એમના શરીરના ટુકડા થઈ ગયા છે). જીવતા અને મૂએલા, એ સૌ ખૂબ તેજસ્વી છે. તેથી જે રાજાઓ નિર્જીવ છે તે પણ સજીવ જેવા ભાસે છે ! તેમનાં સુવર્ણની પુંખવાળાં બાણો, વિવિધ ધારદાર શસ્ત્રો, વાહનો અને આયુધોથી ભરપૂર પૃથ્વીને જો. કવચો, ઢાલો, હાર, કુંડળવાળાં મસ્તક, પાઘડીઓ, મુકુટો, માળાઓ, માથાના મણિઓ, અમ્બરો (ભારે વસ્ત્રો), કંઠસૂત્રો, બાજુબંધ ચળકતા નિષ્કો (સોનામહોરોની કંઠીઓ) અને બીજા ચિત્રવિચિત્ર આભરણોથી ભૂમિ શોભી રહી છે. વિવિધ પ્રકારના ચામરો, વીંઝણાઓ, ધ્વજાઓ, અશ્વો, રથો, હાથી–ઘોડાનાં જીન અને બીજાં ઉપકરણો, હાથીની રંગબેરંગી ઝૂલો અને કીંમતી વરૂથો( રથને રક્ષણ આપનાર પટ્ટા )થી છવાયેલી પૃથ્વી જાણે ચિત્રપટોથી આચ્છાદિત કરી હોય એવી લાગે છે તે તું જો. સુસજ્જ હાથીઓ ઉપર વીજળીના કડાકાથી ખીજવાઈને ગિરિશિલા ઉપર ઝિંકાઈને પડેલા સિંહ જેવા હાથીઓની સાથે જ પછડાયેલા હાથીસવારોનો જો. અને એ જ રીતે બીજાઓને ઘોડાઓ સાથે જ ધરણી પર ઢળેલા જો. લોહીમાં તરબોળ થયેલા પાયદળ અને ઘોડેસવાર લશ્કરને પણ જો.' (૭-૧૨૩-૩૧ થી ૪૦, 'દ્રોણપર્વ' પરિશિષ્ટ ૧-૧૭ પણ જુઓ) એ રીતે ચૌદમા દિવસને અન્તે શ્રીકૃષ્ણ કિરીટી અર્જુનને રણભૂમિ બરાબર દેખાડતાં દેખાડતાં( છાવણીમાં પાછા ફર્યા) અને એમણે સ્વજનો સાથે આનન્દભેર પાઞ્ચજન્યનો નિનાદ કર્યો. (૭-૧૨૩-૪૧).

ત્યાં તો યુધિષ્ઠિર પણ આવ્યા. આનન્દાશ્રુની ધારા વહાવતા રથમાંથી કૂદકો મારીને શ્રીકૃષ્ણ-અર્જુનને ભેટી પડચા. પછી પોતાના શ્વેત કમળ જેવા ઉજ્જ્વળ મુખકમળને લૂછીને શ્રીકૃષ્ણ-અર્જુનને કહેવા માંડચા : ' સંગ્રામના બોજાને બરાબર વહન કરી આવેલા તમો બન્ને મહારથીઓને હું જોઉં છું એ સદ્દભાગ્ય છે. પુરુષાધમ જયદ્રથ માર્યો ગયો તે ય સારું થયું. કૃષ્ણ ! સદ્દભાગ્યે તમે મને ખૂબ પ્રસન્ન કર્યો છે. અને સદ્દભાગ્યે શત્રુગણો શોકસાગરમાં ડૂબી

---

૬૭ तमर्जुनः प्रत्युवाच प्रसादात्तव माधव ।
प्रतिज्ञेयं मयोत्तीर्णा विबुधैरपि दुस्तरा ॥ ७-१२३-२७.

अनाश्चर्यो जयस्तेषां येषां नाथोऽसि माधव ।
त्वत्प्रसादान्महीं कृत्स्नां संप्राप्स्यति युधिष्ठिरः ॥ ७-१२३-२८.

तवैव भारो वार्ष्णेय तवैव विजय प्रभो ।
वर्धनीयास्तव वयं प्रेष्याश्च मधुसूदन ॥ ७-१२३-२९.

ગયા છે ! મધુસૂદન ! સર્વ જગતના ગુરુ તમે જેના નાથ છો તેમને માટે ત્રણે લોકમાં કંઈ દુષ્કર નથી. ગોવિંદ ! તમારી કૃપાથી અમે દુશ્મનોને જીતીશું......માધવ ! વાર્ષ્ણેય ! જેના ઉપર તમે પ્રસન્ન થયા હો તેઓ પૃથ્વીવિજય હોય કે ત્રૈલોકયનો વિજય હોય, તોપણ અવશ્ય વિજયી થાય જ. માધવ ! ત્રિદશેશ્વરનાથ (ઇન્દ્રના રક્ષણહાર) એવા તમે જેના ઉપર તુષ્ટ થયા હો તેમને (આંતરિક અને બાહ્ય બન્ને પ્રકારનાં) સંગ્રામમાં પાપ કે પરાજય ન હોય. તમારી જ કૃપાથી હૃષીકેશ ! શ્રીમાન ઇન્દ્ર રણસંગ્રામમાં ત્રૈલોક્યવિજયી થયો હતો. અને દેવાધિદેવ ! તમારી જ કૃપાથી દેવો અમરત્વ પ્રાપ્ત કરીને અક્ષય (સ્વર્ગ-)લોકોને ભોગવે છે. અરિસૂદન ! તમારી કૃપાથી જ મળેલા પરાક્રમથી શક્ર હજારો દૈત્યોને હણીને સુરેશ્વર થયો છે. હૃષીકેશ ! વીર ! તમારી કૃપાથી સ્થાવરજંગમ જગત પોતાના માર્ગમાં સ્થિર રહીને જપ-હોમ કરે છે.[૧૮] નરોત્તમ ! પૂર્વે બધું અંધકારમય એકાર્ણવરૂપ હતું. પણ તમારા પ્રસાદથી જગત પ્રકાશને પામ્યું છે. જે સર્વલોકના સ્રષ્ટા, અચ્યુત, પરમાત્મા હૃષીકેશને શરણે છે, તેઓ કદી (રજસની પ્રચંડ રમણામાં) કદી મૂંઝાતા નથી. (પણ મૂંઝવણમાંથી છૂટી જાય છે). અનાદિનિધન (આદિઅંતરહિત), લોકકર્તા, અવ્યય દેવા એવા તમને હે હૃષીકેશ ! જેઓ ભજે છે તેઓ મોટી મુસીબતો તરી જાય છે. જે પુરાણાથી ય પુરાણુ છે એવા પરમ પુરાતન પુરુષને શરણે જનારા પરમ ઉન્નતિ પામે છે. જેનું ચારે વેદોએ ગાન કર્યું છે, જે વેદોમાં ગવાય છે, તે મહાત્માને શરણે જવાથી અનુત્તમ ઉન્નતિ મળે છે. જે (નર) ધનંજયના સખા છે, જે ધનંજયના હિતકર્તા છે, તે ધનંજયના ગોપ્તાને શરણે જનાર સુખી થાય છે.' (૭-૧૨૪-૧ થી ૧૯. સાથે જુઓ કેટલાંક ૧૦૮૨ થી ૧૦૮૪)

યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ-અર્જુનને આવા પ્રશસ્તિગાનથી સત્કાર્યા ત્યારે તે બંને ધર્મરાજને કહેવા માંડ્યા : 'તમારા કોપાગ્નિથી પાપી જયદ્રથ બળી ગયો છે. અને અમે દુર્યોધનના અત્યંત મોટા લશ્કરને પણ સંગ્રામમાં પહોંચી વળ્યા છીએ. ભારત ! જે કૌરવો માર્યા ગયા છે, મરણ પામે છે અને મરણ પામશે તે શત્રુસૂદન ! તમારા ક્રોધથી જ મરી ગયા છે. કેવળ દૃષ્ટિ ફેંકવાથી

---

૧૮ त्वत्प्रसादाद्धृषीकेश जगत्स्थावरजङ्गमम् ।
स्ववर्त्मनि स्थितं वीर जपहोमेषु वर्तते ॥ ૭-૧૨૪-૧૨.

સર૦

(૧) यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥ ૬-૨૫-૨૩. (ગીતા. ૩-૨૩).

'જો હું કદી પણ આળસ છોડીને કર્મ ન કર્યા કરું તો, પાર્થ ! મનુષ્યો સર્વ પ્રકારે મારા માર્ગને (વર્તનને) અનુસરે.

(૨) ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥ ૬-૨૬-૧૧ (ગીતા. ૪-૧૧).

'જેઓ મને જે પ્રકારે ભજે છે, તેમને હું તે જ પ્રમાણે ભજું છું-તેવો જ બદલો આપું છું. પાર્થ ! મનુષ્યો કોઈ પણ પ્રકારે મારા માર્ગને અનુસરે-મારા કાબૂમાં જ રહે છે.'

સમાન શબ્દો છતાં બન્ને શ્લોકો ભિન્ન અર્થછટા રજૂ કરે છે.

હણી શકે એવા તમારા જેવા વીરને કોપાવીને દુર્બુદ્ધિ સુયોધન મિત્રો અને સંબંધીઓ સહિત રણમાં પ્રાણત્યાગ કરશે. પૂર્વે તમારા કોપથી જ, દેવોને પણ સુદુર્જય એવા પિતામહ ભીષ્મ હણાઈ શરશય્યા પર પોઢ્યા છે. કારણ કે રિપુસૂદન ! જેના ઉપર તમે રોષે ભરાયા છો, તેઓ મૃત્યુના વશમાં પડ્યા છે. એમનો જય થવો દુર્લભ છે, માનદ ! જેમના ઉપર તમે ક્રોધ કર્યો છે તેમનાં રાજ્ય, પ્રાણ, પ્રિય સ્ત્રીઓ, પુત્રો અને વિવિધ સુખો ટૂંક સમયમાં જ નાશ પામશે. યુધિષ્ઠિર ! સદૈવ રાજ્યધર્મપરાયણ એવા તમે ક્રોધે ભરાતાં ( રાજ્યધર્મનો લોપ કરનારા ) કૌરવોનો પુત્ર-પશુ-બાંધવો સહિત વિનાશ થઈ ગયો છે એમ હું માનું છું.' ( મોટા ભાગે શ્રીકૃષ્ણે જ આ વચનો કહ્યાં હશે. અર્જુને વચ્ચે વચ્ચે પોતાનો સૂર પુરાવ્યો હશે. ( ૭-૧૨૪-૧૯ થી ૨૬ ).

એ પછી બાણોથી ઘવાયેલા ભીમ-સાત્યકિએ ધર્મરાજને વન્દન કર્યું. યુધિષ્ઠિરે બન્નેને અભિનંદન આપ્યા. એમના પરાક્રમનું ગૌરવ કર્યું. ભેટ્યા. આનન્દાશ્રુ વરસાવ્યાં અને ત્યાં તો વિજયના ઉલ્લાસમાં પાંડવસેના રાત્રે પણ લડવા તૈયાર થઈ ગઈ ! ( વિજયનો નશો કેવો હોય છે ? ધાર્મિક પક્ષ યુદ્ધનો નિયમ તોડવાની પહેલ કરે છે ! હિંસા હોય ત્યાં અક્ષય ધર્મ ન હોય ! ૭-૧૨૪-૨૭થી ૩૩).

કૌરવરાજ દુર્યોધન આ ઘોર પરાજયથી દીન અને નિરુત્સાહી થઈ રડવા માંડ્યો. એને ખાતરી થઈ કે અર્જુન જોટો ન મળે એવો યોદ્ધો છે. એને ભારે પસ્તાવો થયો. '...જેના સામર્થ્ય પર આધાર રાખીને હું અચ્યુત કૃષ્ણને ઘાસના તણખલાની તોલે ગણતો હતો, તે કર્ણને ય અર્જુને હરાવ્યો છે !...' (૭-૧૨૫-૧ થી ૯). એમ પસ્તાવો કરતો કરતો ( અન્યાયનો પુરસ્કાર કરવાથી ) જગતનો અપરાધી થયેલો કલાન્તમના દુર્યોધન દ્રોણ પાસે આવીને દુશ્મનોના જયની અને કૌરવોની ડૂબી મરવા જેવી ભૂંડી હારની વાત કહેવા લાગ્યો. એણે ખૂબ આત્મનિન્દા કરી. મારી ગયેલી સાત અક્ષૌહિણી સેના અને સુહૃદોનો બદલો લેવાની પ્રતિજ્ઞા કરી. અને એમ વાત કરતાં કરતાં ઉશ્કેરાઈ ગયો. ઉશ્કેરાટમાં શરશય્યા ઉપર સૂતેલા ભીષ્મનું કાપ્યું. અને સ્વયં દ્રોણનું ભયંકર અપમાન કરતાં બોલી ગયો કે, 'આપે જ ધનંજયની ઉપેક્ષા કરી છે...મારું કાર્ય તો તમારા જેવા સુહૃદ હોવાનો દાવો કરતા ( આંતરિક શત્રુ જેવા ) દગાખોરોએ બગાડયું છે !... હું તો જ્યાં મારા સ્નેહીઓ યુદ્ધ કરીને પહોંચી ગયા છે ત્યાં જ જઈશ ! પાંડુપુત્રોના આચાર્યશ્રી ! આપ મને એ રસ્તે જવાની આજ્ઞા આપો ! ' ( ૭-૧૨૫-૧૦ થી ૩૩ ).

ઘોર પરાજય, સરસેનાપતિ દ્રોણનું ઘોરતર અપમાન, સૈનિકોનો કચ્ચરઘાણ વગેરે કારણોને લીધે કૌરવદળોમાં અસંતોષ ફેલાયો. લશ્કર દુર્યોધનના હુકમોને અવગણવા માંડયું. સેનાપતિ દ્રોણ શાણા હતા, બુદ્ધિશાળી હતા. એમણે અર્જુનની અપ્રતિમ તાકાત, દ્યૂતની છેતરપીંડી, વિદુર જેવા સુહૃદોની શિખામણનો અનાદર, દ્રૌપદીને માન્ય વડીલોની સભામાં ઘસડી આણી તે, પાંડવોનો વનવાસ વગેરે દુર્યોધનનાં પાપી કર્મોની સમીક્ષા કરી. આ અને એવાં દુષ્કૃત્યોને લીધે એનો પરાજય નિશ્ચિત છે એ દુર્યોધનને સ્પષ્ટ કહી દીધું. ત્યાં તો દ્રોણે પાંડવદળોને ચઢી આવતાં દીઠાં. એમણે પાંડવસેનાનો સંહાર કર્યા વિના કવચ નહિ ઉતારવાનો સંકલ્પ જાહેર કર્યો. ( 'કરેંગે યા મરેંગે' ). દુર્યોધન મારફતે અશ્વત્થામાને સંદેશારૂપે ભલામણ પાઠવી: '( જીવતરના

લોભી એવા ) તારે પોતાનો જીવ બચાવીને સોમક યોદ્ધાઓને જવા દેવા નહિ. તારા પિતાએ જે કેળવણી આપી છે તે પ્રમાણે વર્તજે ( આ હિંસાભર્યા ક્રૂર યુદ્ધમાં પણ ) આનૃશંસ્ય ( અક્રૂરતા ), દમ, સત્ય અને આર્જવમાં સ્થિર રહેજે. ધર્મ-અર્થને બાધ ન આવે એવી રીતે ધર્મ-અર્થ-કામમાં કુશળ થજે, ધર્મપ્રધાન કાર્યો વારંવાર કરજે...' એમણે દુર્યોધનને પણ જો તેનામાં તાકાત હોય તો લશ્કરનું ધારણ કરવાની–બધી રીતે સુગુપ્ત રાખવાની–આજ્ઞા કરી, એમ સૂચનાઓ આપીને દ્રોણ પાંડવસેના સામે ધસી ગયા. ('દ્રોણપર્વ', અ. ૧૨૬ ).

* * *

સારથિ શ્રીકૃષ્ણ અઢારે દિવસ અર્જુનના સારથિ હતા. પણ આ ચાર દિવસમાં એમના સારથિપ્રવર રૂપની વિશિષ્ટ ઝાંખી થાય છે. પરિશ્રમ અને જ્ઞાનતંતુઓ ઉપરની પ્રચંડ તાણને પરિણામે પરસેવાથી રેબઝેબ થતાં, રજથી એમની આંખની પાંપણો ભરાઈ જતી અને કવચિત્ ખિન્ન થઈ જતા, છતાં રથમાં ( પોતાના છત્ર નીચે બેઠેલા ) અર્જુનના સંરક્ષણ અને વિજય માટેનો એમનો ભવ્ય પુરુષાર્થ યુગો સુધી પ્રેરણાદાયક રહેશે. એમણે અર્જુનની ઢાલ બનીને શત્રુઓનાં શસ્ત્રાસ્ત્ર પોતાની ઉપર ઝીલ્યાં. જવલ્લે જ હોય એવા સમર્થ પરાક્રમી, નવયુવાન લાડકા પુત્ર અભિમન્યુના મૃત્યુને કારણ જન્મેલા ગાઢ ક્રોધ-શોક-મોહભર્યા અર્જુનને સાન્ત્વન આપ્યું. પોતાનો શોક સંયમમાં રાખીને સુભદ્રા વગેરેને પણ મોં મુકાવ્યાં. ક્રોધથી ઉન્મત બનીને અશકયવત્ પ્રતિજ્ઞા લઈ લેનાર અર્જુનને પુષ્ટિ આપી અને એ ઠંડા પડતાં, એમાં રહેલું અવિચારીપણું સમજાવી ઠપકો આપ્યો. ખરેખરા ( નોકર ) સૂતની જેમ હુકમ સ્વીકાર્યા. અર્જુનની પ્રતિજ્ઞાની સફળતા માટે પોતાનો રથ આયુધો સહિત સુસજ્જ કરાવ્યો. જરૂર પડતાં રણમેદાનમાં ઊતરવાની તૈયારી રાખી. અસાધારણ વિવેકપૂર્વક કયારે કોના ઉપર આક્રમણ કરવું કે કોની જોડે લડવું તેની સલાહ આપી. સૂક્ષ્મ ધર્મદર્શનવાળું કર્તવ્ય બતાવી ભૂરિશ્રવાના સપાટામાંથી મિત્ર સાત્યકિને બચાવ્યો. અપ્રતિમ સારથ્યકળાથી દ્રોણની વ્યૂહરચના ભેદી, મધ્ય ભાગમાં સુગુપ્ત રહેલા જયદ્રથ પાસે પહોંચી ગયા. અને અવસર જોઈ અર્જુનને જયદ્રથનું મસ્તક છેદવા આજ્ઞા કરી, અને એમ અર્જુનની પ્રતિજ્ઞા પાર પાડી.

સારથિપ્રવર શ્રીકૃષ્ણ જેના સારથિ થવાનું સ્વીકારે એનો પરાજય કેમ સંભવે ?

* * *

પાંડવોનું આ યુદ્ધ ન્યાય્ય હતું. ન્યાયના સંરક્ષણ માટે હતું. શ્રીકૃષ્ણ જેવા નરોત્તમ એના માર્ગદર્શક નેતા હતા. છતાં હિંસક યુદ્ધનાં દૂષણો, હિંસાને પરિણામે થતા અન્યાયો અને ક્રોધ-શોક-મોહ-હર્ષ-વિષાદ-ગ્લાનિ ન્યાયી પક્ષને પણ ભરપૂર થાય છે. નવયુવાન, પ્રમાણમાં બાળક અને શસ્ત્રહીન થયેલા અભિમન્યુને છ મહારથીઓએ અધર્મથી મારી નાખ્યો, એ સમાચાર સાંભળી, અર્જુન, અર્જુન જેવા અર્જુન ક્રોધ-શોકથી પાગલ બની ગયા. પાંડવો પણ ગ્લાનિથી મૂઢ થઈ ગયા. સાત્યકિને સ્વયં શ્રીકૃષ્ણ-અર્જુને વાર્યો છતાં એણે મુનિવ્રતધારી ભૂરિશ્રવાથી ડોકું ઉડાવી દીધું ! પોતાની નિન્દા કરનારા 'धर्मवादैरधर्मिष्ठा धर्मकञ्चुकमास्थिताः ॥' કૌરવોને નિઃશસ્ત્ર અભિમન્યુને મારી નાખતાં એમનો ધર્મ કયાં સંતાઈ ગયો હતો ? એમ રોકડું પરખાવી દીધું હતું. જેવાની સાથે તેવા થવાનું એ વર્તન ક્ષમ્ય હતું, શુદ્ધ નહિ. ચિરકાળથી સંચિત કરેલા ક્રોધવિષને દુર્યોધન ઉપર ઠાલવવાનો આદેશ આપતા શ્રીકૃષ્ણ યુદ્ધસેનાની તરીકે તો અત્યંત શોભે છે,

એ નિઃશંક હોવા છતાં કામ-ક્રોધરૂપી રિપુઓને હણવાનો આદેશ આપતા અન્તર્યામી શ્રીકૃષ્ણ આગળ તો ઝાંખા જ છે. અને જયદ્રથવધ પછી અભિમન્યુનો શોક જાણે કે ભુલાઈ ગયો. યુધિષ્ઠિર જેવાએ પણ આનન્દાશ્રુ વરસાવ્યાં. પાંડવદળો ઉલ્લાસમાં આવી ગયાં. વિજયના નશામાં યુદ્ધનો નિયમ તોડવાની પહેલ કરીને રાત્રે આક્રમણ કર્યું !

સામાજિક, વૈયક્તિક અથવા બીજી કોઈ રીતે અન્યાય સંખાય જ નહિ. જો એ સાંખી લેવામાં આવે તો એના દૂષણના છાંટા સમર્થ પુરુષોને લાગે જ. વ્યક્તિ, સમાજ, દેશ અને વિશ્વ એને લીધે નબળાં બને જ બને. એ શ્રીકૃષ્ણનો (એમની મારફતે વેદવ્યાસનો) સિદ્ધાંત. આ સિદ્ધાંતના પરિપાલન માટે, અહિંસક ઉપાય નહિ સૂઝવાથી, મહાભારતયુદ્ધ થયું. (જુઓ ૫-૨૯-૧૭). શ્રીકૃષ્ણ યુદ્ધના નેતા અને સારથિ થયા. તટસ્થ રહીને કેવળ ધર્મનિષ્ઠાથી રાગ-દ્વેષથી પર રહીને, જય-પરાજયમાં સમબુદ્ધિ રાખીને યુદ્ધ લડવાનું શિષ્ય અને સખા અર્જુનને જ્ઞાન આપ્યું. હિંસાભર્યા યુદ્ધમાં એ જ્ઞાન સંપૂર્ણપણે આચારમાં ન ઊતરે એ અનુભવ્યું. પરિણામે ન્યાયરક્ષણના કાર્યમાંથી પણ અન્યાયપરંપરા ચાલી !

આ અનર્થપરંપરા ન ચાલવી જોઈએ તેનો બન્ને પક્ષના નેતાઓને ખ્યાલ છે. દુર્યોધનને ઠાર કરવાનું સૂચવતાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે:

> **तमनार्यं सदा क्षुद्रं पुरुषं कामचारिणम् ।**
> **आर्यां युद्धे मतिं कृत्वा जहि पार्थाविचारयन् ॥** ७–७७–१३.

'પાર્થ ! યુદ્ધમાં **આર્યબુદ્ધિ** ધારણ કરીને એ **અનાર્ય**, સ્વચ્છંદી અને ક્ષુદ્ર પુરુષને કંઈ વિચાર્યા વિના ઠાર કર.'

અને દ્રોણે પણ 'કરેંગે યા મરેંગે'નો નિર્ધાર કરીને અશ્વત્થામાને સંદેશો મોકલ્યો તેમાં, 'યુદ્ધમાં પણ આનૃશંસ્ય (અક્રૂરતા કે પરગજુપણું), સંયમ, સત્ય અને આર્જવમાં સ્થિર રહેવાની તથા ધર્મ-અર્થને બાધ ન આવે એ રીતે ધર્મ-અર્થ-કામમાં કુશળ થવા'ની શિખામણ મોકલેલી.

'આર્યબુદ્ધિ' અને 'આનૃશંસ્ય' જાળવીને અન્યાય સામે યુદ્ધ કરવાની શોધ પ્રાગૈતિહાસિક કાળથી ભારત કરતું આવ્યું છે. અહિંસક સત્યાગ્રહ દ્વારા ગાંધીજીએ એ શોધને પૂર્ણ કરવા માટે વિશિષ્ટ પ્રદાન કર્યું છે.

* * *

અન્તર્યુદ્ધના સેનાની સારથિપ્રવર શ્રીકૃષ્ણ સ્વયં જ્યાં લગામ ઝાલીને ઊભા હોય અને અર્જુન જેવો વિનીત આત્મા યોદ્ધા તરીકે હોય ત્યાં નિષ્ફળતા કેવી ?

* * *

> **सारथिः प्रवरः कृष्णः शीघ्रश्चास्य हयोत्तमाः ।**
> **अल्पं च विवरं कृत्वा तूर्णं याति धनंजयः ॥** ७–६९–२०.

(અન્તર્યામી પરમાત્મા) ભગવાન કૃષ્ણ શ્રેષ્ઠ સારથિ છે. એના (ઇન્દ્રિયોરૂપી) ઉત્તમ ઘોડા શીઘ્રવેગી છે. (એ ઘોડા નિર્બળ નથી. અન્તર્યામીની આજ્ઞાને પવન અને મનના વેગે

વ્યવસ્થિત ઊઠાવી શકે એવા સબળ અને કેળવાયેલા છે.) (દૈવી અર્થાત્ સૂક્ષ્મ ધન-સંપત્તિના વિજેતા રથી આત્મા) ધનંજય (સુંદર અપ્સરા સમી ભૌતિક સમૃદ્ધિની લાલચો, વિભીષણ આપત્તિઓ અને મૂંઝવી નાખતી રજસ્-તમસ્‌ની રમણાઓના સૈન્યસાગરની વચ્ચે) થોડું પણ છિદ્ર કરીને ઝડપથી કૂચ કરે છે.[૬૯]

કવિશ્રેષ્ઠ વેદવ્યાસના હૃદયમાંથી નીકળેલાં આ વચન છે. ધનંજય ઉપર જાતજાતનાં આક્રમણ થાય છે. અનર્ગળ 'નુકસાન' થાય છે. એને લીધે અનહદ ક્રોધ-લોભ-મોહ-ગ્લાનિ થાય છે. પરંતુ એમના હૃદયમાં સાત્ત્વિકી શ્રદ્ધા છે. ध्रुवो नारायणे जयः। નારાયણ સારથિ છે તેથી ધનંજય આસુરી સંપત્તિને હંફાવી વિજય તરફ ઝડપી આગેકૂચ કરે છે. અર્થ-કામના રૂપાળા અને ભીષણ અટપટા બહુમુખી ફાંસલાઓમાંથી એ છિદ્ર શોધીને મુક્ત થઈ જાય છે, શ્રીકાન્ત બને છે.

કવિશ્રેષ્ઠે સંપૂર્ણતા માટે મથતી માનવજાતને આપેલી આ અદ્દ્ભુત, વૈજ્ઞાનિક બાંહેધરી છે.

# પરિશિષ્ટ

## સ્વપ્નમાં શિક્ષણપ્રાપ્તિ અંગે થોડીક મીમાંસા

[ સંદર્ભ ઉપર નોંધ ૩૫ ]

સ્વપ્નમાં અર્જુને પાશુપતાસ્ત્રનું શિક્ષણ પુનઃ પ્રાપ્ત કર્યાની કથા ગપાટો નથી. આજે પણ એમ બને છે.

મારા મુરબ્બી મોટાભાઈ ડૉ. ભોગીલાલ જ. સાંડેસરાનો અનુભવ એમના જ શબ્દોમાં :

'મારી ઉંમર આશરે દસ વર્ષની હતી અને હું ગુજરાતી પાંચમી ચોપડીમાં ભણતો હતો...(પાટણ)થી અમદાવાદ આવી......દરિયાપુર ટાવર પાસેની ઍંગ્લો-વર્નાક્યુલર સ્કૂલમાં દાખલ થયો હતો. નવો દાખલ થયો હોવાથી વર્ગમાં નિયમ પ્રમાણે મારું નામ રજિસ્ટરમાં છેલ્લું હતું. પણ સારા અભ્યાસને લીધે બીજે જ મહિને પહેલું આવ્યું હતું. ત્યારબાદ ગણિતમાં સાદા વ્યાજના દાખલા અમને શીખવવાનું શરૂ થયું, પણ કોણ જાણે કેમ, એની રીત મને સમજાતી નહોતી. એક રાત્રે સ્વપ્નમાં શાળાના પાટિયા ઉપર એ રીત લખાયેલી મેં જોઈ અને બરાબર સમજાઈ ગઈ. બીજે દિવસે સવારથી એ રીતના દાખલા કોઈની પણ મદદ વિના હું કરવા માંડ્યો. એ સ્વપ્નમાંનું પાટિયું અને તે ઉપરનું ચોકનું લખાણ હજી પણ મારી સ્મૃતિમાં તાજાં છે. એ લખાણ કોઈ શિક્ષક દ્વારા લખાયું જોયાનું મને સ્મરણ નથી. પૂરો દાખલો જ લખાયેલો જોયો હતો એમ બરાબર યાદ છે.' (તા. ૨૨-૪-૧૯૬૮ના પત્રમાંથી.)

---

૬૯ 'ધનંજય,' राये (ઈશ. ૧૮) અર્થાત્ સમૃદ્ધિભર્યા સન્માર્ગે જનાર છે. એટલે સમૃદ્ધિનો જય કરે છે ઇત્યાદિ માટે જુઓ 'ધર્મસંસ્થાપક શ્રીકૃષ્ણ' (ઉ.જ. સાંડેસરા), 'સ્વાધ્યાય,' પુ. ૭-૪, સં. ૨૦૨૬નો જન્માષ્ટમી અંક.

એ જ રીતે વિખ્યાત સમાજશાસ્ત્રી અને અધ્યાપક કાકાસાહેબ કાલેલકર મહાભારતના પ્રસ્તુત પ્રસંગના સંદર્ભમાં નવી દિલ્હીથી તા. ૭–૭–૧૯૬૮ના પત્રમાં સ્વાનુભવ સહિત સ્વપ્ન-મીમાંસા કરતાં લખે છે :

'તમારો તા. ૫–૭–૬૮નો કાગળ મળ્યો. માણસને સ્વપ્નામાં કોક કોક વાર ઘણી મજાની વસ્તુઓ એકાએક સૂઝે છે. એ અનુભવ એવો વિરલ નથી કે એને વિશે આશ્ચર્ય થવું જોઈએ.

'હું કૉલેજમાં ભણતો ત્યારે ગણિત પ્રત્યે મને વિશેષ આકર્ષણ હતું. ઘણી વાર ૮૦%થી વધારે માર્ક્સ મેળવતો. હવે ગણિતમાં અનેક સવાલનું દિવસમાં ચિંતનવાચન ચાલતું હોય તો એ વિષય સ્વપ્નમાં પ્રવેશ કરે તો એમાં આશ્ચર્ય શું ?

'મારો સામાન્ય અનુભવ એવો છે કે સ્વપ્નની દશામાં માણસના 'વિચાર' કરતાં 'વિકારો' વધારે પ્રબળ હોય છે. (આ બન્ને શબ્દો મેં અહીં અત્યંત વ્યાપક અર્થમાં વાપર્યા છે.) તેથી જ દહાડે જે વિકારો કાબૂમાં હોય છે તે સ્વપ્નાવસ્થામાં શરીર પર અસર કરી જાય છે.

'પણ જે માણસના વિકારો બહુ પ્રબળ નથી હોતા અને વિચારોમાં ઊંડા ઊતરવાની કે રમમાણ થવાની ટેવ હોય છે, તેની એ ઉત્કટતા સ્વપ્નમાં પણ કામ કર્યા વગર રહે નહિ. તેથી કેટલીક વસ્તુઓ સ્વપ્નની દશામાં જ એકાએક સૂઝી આવે તો તેમાં આશ્ચર્ય શું ?

'કૉલેજમાં ગણિતમાં રસ હતો ત્યારે કેટલાયે સવાલોનો ઉકેલ સ્વપ્નમાં મળતો. પછી હું ગણિત છોડીને તત્ત્વજ્ઞાનમાં ઊતર્યો, ત્યારે એ વિષયના મજાના નવા નવા અદ્ભુત વિચારો જેમ દહાડે સૂઝે તેમ સ્વપ્નમાં પણ સૂઝતા હતા. જાગ્રત અવસ્થામાં મનનો વિચારક્રમ સહેજે ધ્યાનમાં આવે છે. સ્વપ્નમાં ક્રમ વગર એકાએક સ્ફુરે છે. એટલો ભેદ નોંધવા જેવો છે ખરો. પણ એમાં આશ્ચર્ય કરવા જેવું શું છે ? માણસનું મન જાગ્રત અવસ્થામાં કેમ કામ કરે છે એની પ્રક્રિયા આપણે વિગતવાર જાણીએ છીએ.

'સ્વપ્નની સૃષ્ટિ ભલે ક્ષણિક હોય પણ આપણી જાગ્રત સૃષ્ટિનો જ તે એક વિચિત્ર અંશ છે. અને તેમાં કામ કરનાર આપણું એને એ જ મન (અથવા અધ્યાત્મ) હોય છે. સ્વપ્ન-સૃષ્ટિમાં મન કામ કેમ કરે છે એને વિશે માણસે કલ્પના ઘણી કરી છે, સંશોધન ઓછું કર્યું છે એટલો ફેર.

'આજ કાલ રોમન કૅથોલિક લોકોની અધ્યાત્મસાધના અને તેમાંયે ગુરુ-શિષ્યસંબંધનું ચિન્તન ચાલે છે. કાલે રાત્રે સ્વપ્નમાં એક ગુરુ બે બહેનોને એમ કેળવતા હતા અને સમજાવતા હતા કે, "મારી સાધનામાં પ્રાયશ્ચિત્ત કે સજાનો અંશ લોકો માને છે તેવો નથી. પણ તમને પોતાની જાતને ઓળખવામાં હું ફક્ત મદદ કરું છું." એ આખો પ્રસંગ એટલો સુંદર, ચિત્રાત્મક અને તૃપ્તિદાયક હતો કે એનો આનંદ જાગ્યા પછી પણ ઠીકઠીક ટકયો. (એ ગુરૂ અને એ શિષ્યાઓ ખ્રિસ્તી નહોતાં. હિન્દુ જ હતાં. પણ વાતો અંગ્રેજીમાં ચાલતી. આજ કાલના જમાના માટે એ તો સ્વાભાવિક છે.)

'અહીં એ પણ નોંધવું જોઈએ કે કોક વાર જે શોધ સ્વપ્નમાં સંતોષકારક જણાય છે અને જે દલીલ તર્કશુદ્ધ હોવાનો અભિપ્રાય બંધાય છે તે જાગ્રત થયા પછી તેવી જણાતી નથી. આવો અનુભવ જવલ્લે જ થયો છે, પણ એને ય ધ્યાનમાં લેવો જોઈએ.

'આ થઈ મારા અનુભવની વાત. પુરાણોમાં જેમ સ્વપ્નસૃષ્ટિની વાતો આવે છે તેમ જ સમાધિસ્થિતિ, ધ્યાનાવસ્થા અને જન્માંતરનો અનુભવ, આનો પણ ઉલ્લેખ આવે છે. અને આ ત્રણે અવસ્થા એકબીજામાં ઘૂસી જાય છે. આમાં કવિકલ્પના કેટલી અને અનુભવ કેટલો એ નક્કી કરવું મુશ્કેલ છે.

'માણ્ડૂક્ય ઉપનિષદે જાગ્રતિ, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીયાવસ્થા એ ચારેને સરખું જ મહત્ત્વ આપ્યું છે. જ્ઞાનોપાસક એમ જ કરી શકે છે. આપણા લોકોએ યોગપદ્ધતિ અને પ્રયોગ-પદ્ધતિ બંનેની ઉપેક્ષા કરી છે, અને કેવળ ગુણગાન કરીને સાચું કે જૂઠું માહાત્મ્ય વધારવાનો ધંધો ચલાવ્યો છે. તેથી આંધળાપણું અને 'પોલી શ્રદ્ધા' વધ્યાં છે. પોલી શ્રદ્ધા અશ્રદ્ધાને માત ન કરી શકે, અને તેથી આત્મવિશ્વાસ ખોઈ બેસે છે. 'પ્રયોગપરાયણ સત્યનિષ્ઠા' વગર ન શક્તિ કેળવાય ન પ્રગતિ થઈ શકે.'

કાકાના સપ્રેમ વંદેમાતરમ્

**તા. ક.** :—'૧૯૪૨ની લડતમાં જ્યારે હું વેલ્લોર જેલમાં હતો ત્યારે છાતીમાં દુખાવો શરૂ થયો. ડૉકટરે કહ્યું એ Pseudo Angina છે. દવાની અસર ન થઈ હું ચિન્તામાં પડ્યો. રાત્રે સ્વપ્નામાં એક સત્પુરુષે કહ્યું: 'રોજ નિયમિત હળવો પરિશ્રમ કરો ઠીક થઈ જશે.' બીજે દિવસથી મારાં કપડાં હું ધોવા લાગ્યો. અને સવારસાંજ સહેજ આંટા મારવા લાગ્યો. જોતજોતામાં દુખાવો મટી ગયો. તે વખતે જેલમાંથી આ અનુભવ મેં ચિ. સરોજને લખી મોકલ્યો હતો. (કુ. સરોજબહેન કાકાસાહેબનાં મન્ત્રી છે. ઉ. જ.) અત્યારે એણે એની યાદ અપાવી. ઉપરના વિષય સાથે આને સીધો સંબંધ નથી પણ સ્વપ્નનો અનુભવ છે.

કા. કા.

# ગુર્જર અને યૌધેય

**જેઠાલાલ ત્રિવેદી**

જેના નામ ઉપરથી આપણા પ્રદેશને ગુર્જરદેશ–ગુર્જરત્રા–ગુજરાત નામ પ્રાપ્ત થયું તે ગુર્જર જાતિની ઉત્પત્તિ વિષે હજી ઘણા મતભેદ જોવામાં આવે છે. ગુર્જર પ્રજાના આદિ સ્થાન વિષે પણ જુદા જુદા અભિપ્રાય પ્રચલિત છે. એટલે એના નિર્ણય માટે હજી સંશોધકોએ ઇતિહાસના અંધકારયુગમાં ડૂબકીઓ મારવાની છે. એવી ડૂબકીમાં મરજીવાને નિરર્થક છીપલાં મળે તોપણ તેથી નિરાશ થવું ન જોઈએ. ઇતિહાસના એ અંધારા સાગરમાંથી જ કોઈક વાર મોતીભરી છીપ મળવાનો સંભવ છે.

## ગુર્જર જાતિ :

માંગોલિયા એ પ્રાગૈતિહાસિક કાળથી અસંખ્ય પ્રજાઓની જન્મભોમકા ગણાય છે. ત્યાં માનવમહેરામણ ઉભરાય છે ત્યારે કીડીઓની હાર જેવો માનવપ્રવાહ ત્યાંથી નવા પ્રદેશમાં વહેવા લાગે છે. આ માંગોલ જાતિનાં ધાડાંએ તેમના ભ્રમણથી સંસ્કૃતિના સ્થિર સરોવરમાં વારંવાર ઉથલપાથલ મચાવી છે.

લડાયક ખમીરવાળી આ માંગોલ પ્રજાનો જે પ્રવાહ ભારતમાં આવ્યો તેને પ્રથમ ઇતિહાસકારોએ સિથિયન નામ આપ્યું. પછી તેની શાખા રૂપે શક, કુશાન અને હૂણ જાતિઓ જન્મી. મહાપરાક્રમી હૂણ જાતિમાંથી ગુર્જરોનો જન્મ થયો એવી પણ માન્યતા છે. હૂણોને બ્રાહ્મણોએ અગ્નિથી પાવન કરી ક્ષત્રિય બનાવી હિંદુ ધર્મમાં સમાવી લીધા. આ હકીકતના રૂપક તરીકે અગ્નિકુંડમાંથી રજપૂતો ઉત્પન્ન થયાની દંતકથા પ્રચલિત બની, એમ કહે છે.

કેટલાક અંગ્રેજ વિદ્વાનો એમ કહે છે કે, પેટાખંડ ઉપર વિજય પ્રાપ્ત કરનાર મધ્ય એશિયાની "ખજ-ખિઝર" પ્રજાને બ્રાહ્મણો 'ગુજ્જર' કહેતા હતા. આ બ્રાહ્મણોએ તેમને ક્ષત્રિયનો દરજ્જો આપ્યો. ભાઈ મુસ્તુફા આનો ખુલાસો કરે છે કે, 'ખિઝર' શબ્દ અરબી ભાષાનો છે. આરબો કાસ્પિયન સમુદ્રને 'બહરે ખિઝર' કહેતાં હતા અને એ સમુદ્રકાંઠે આવેલા ગુર્જિસ્તાનમાં રહેનારાઓને ખિઝર કહેતા.[1]

મૌલાના અબૂઝફર નદવી 'તારિખે ગુજરાત'માં લખે છે કે, ગુર્જરો ઈરાનના ગુર્જિસ્તાનમાંથી આવ્યા હતા, તેથી ગુર્જર કહેવાયા. મિ. સ્મિથ ગુર્જરોને શ્વેત હૂણો (White Huns)) સાથે લોહીનો સંબંધ હતો એમ માને છે.[2] આ રીતે ગુર્જિસ્તાન(જ્યોર્જિયા)થી ભારતમાં આવેલી લડાયક પ્રજા ગુર્જર નામે ઓળખાઈ એમ ઘણા વિદ્વાનો માને છે; પણ આ માન્યતાને સર્વસંમતિ મળી નથી. ગુર્જરો પરદેશી ન હતા એવો પણ મત પ્રદર્શિત થયો છે.

---

૧ 'ગુર્જર જાતિ' (ગુ. સા. પરિષદ ૨૨મું સંમેલન-હેવાલ), પૃ. ૪૯૭.

૨ 'Early History of India,' p. 321.

એટલે ગુર્જરો ભારતીય હતા કે પરદેશી એવો પ્રશ્ન ખડો થાય છે. રાજસ્થાનના પ્રસિદ્ધ ઇતિહાસવેત્તા પંડિત ગૌરીશંકર ઓઝાએ ગુર્જરવંશ અને બીજા કેટલાક રાજવંશો પરદેશી હતા એ માન્યતાનો અનેક સબળ દલીલો વડે વિરોધ કરેલો છે.[3] તેમની કેટલીક દલીલો તાર્કિક રીતે અકલ્પ્ય જેવી છે, એમ શ્રી રસિકલાલ પરીખ કહે છે. છતાં ગુર્જરો પરદેશી હતા એ દલીલના સમર્થનમાં શ્રી રસિકલાલ પરીખ એક નકારાત્મક પુરાવો રજૂ કરે છે. તેમનું કહેવું છે કે, મહાભારતમાંની જાતિઓની યાદીમાં કે હર્ષચરિત્રની પૂર્વેના કોઈ સંસ્કૃત ગ્રંથમાં ગુર્જરોનો ઉલ્લેખ મળતો નથી. માટે તે પરદેશી હોવો જોઇએ.[4]

શ્રી પરીખની આ દલીલ વિષે આપણે આગળ વિચાર કરીશું, પણ તે પહેલાં શ્રી ક. મા. મુનશીનું કથન તથા ગુર્જરો વિષેની બીજી હકીકતો સંક્ષેપમાં જોઈએ. 'The glory that was Gurjar desh'માં શ્રી મુનશી કહે છે કે, તમામ શૂરવીર પ્રજા—પરમાર, પ્રતિહાર, ચાલુક્ય, ચૌહાણ, ગોહિત-ગહલોત, ચાવડા વગેરે મૂળ બ્રાહ્મણ હતા. આ લોકો સિંધ, મેવાડ, મારવાડ, સૌરાષ્ટ્ર અને હાલના ગુજરાતમાં વસેલા હતા. વળી જોધપુર નજીકના ગુર્જરોના કેન્દ્રના મૂળપુરુષ તરીકે હરિશ્ચંદ્ર નામના બ્રાહ્મણને દર્શાવવામાં આવે છે. તેના બ્રાહ્મણ સ્ત્રીથી જન્મેલા પુત્રો બ્રાહ્મણ પ્રતિહારો કહેવાયા અને ક્ષત્રિય સ્ત્રીથી ચાલેલા વંશધરો ગુર્જર પ્રતિહાર ક્ષત્રિયો કહેવાયા, એવી પણ માન્યતા છે.[5]

ગુર્જરોની ટોળીઓ પ્રથમ પંજાબમાં આવી વસી હશે અને ત્યાંથી રાજસ્થાન-ભિન્નમાલ તથા પશ્ચિમ ભારતમાં બીજે પ્રસરી ગઈ. તે લોકો જ્યાં રહ્યા તે તે પ્રદેશને ગુર્જરત્રા કે ગુર્જરદેશ એવાં નામ પ્રાપ્ત થયાં. પંજાબના ગુજરાત-ગુજરાનવાલા, ભિન્નમાલ-રાજસ્થાનનો ગુર્જરત્રા અને અણહિલવાડનો ગુર્જરદેશ આ રીતે ગુર્જરો પરથી નામાભિધાન પામ્યાં, એમ કહે છે.

આ ગુર્જરો ત્રીજી સદીના અંત પહેલાં જ્યોર્જિયા-ગુર્જિસ્તાનથી હિન્દોપાકમાં આવવા શરૂ થયા અને પાંચમી સદીમાં એમણે પોતાનું રાજ્ય સ્થાપિત કર્યું હતું. સર જ્યોર્જ ગ્રિયર્સન ગુર્જર રાજ્યનો પ્રારંભ ઈ. સ. ૫૦૦–૬૦૦ લખે છે. કેટલાક લેખકો વળી ગુર્જરો ચોથા–પાંચમા સૈકામાં ભારતમાં આવ્યા એમ માને છે. તેના સમર્થનમાં આરબ લેખકોએ ગુર્જર જાતિની એક દંતકથા નોંધી છે. એ દંતકથા એવી છે કે એ જાતિનો વખ્તંગ નામે પાંચમા સૈકામાં હિન્દુસ્તાન તરફ લશ્કર સાથે કૂચ કરી ગયો હતો.[6]

હર્ષચરિતનાં ઉલ્લેખ પરથી તે સમયે ગુર્જર પ્રજાનું રાજ્ય હોવાનું જણાય છે. એક મોટી ટોળીનું રાજ્ય રાજપૂતાનામાં ભિન્નમાલ આસપાસ સ્થપાયું હતું અને બીજી ટોળી દક્ષિણ તરફ ગઈ. તેણે મહી અને નર્મદાની વચ્ચેના પ્રદેશમાં નાનકડું ગુર્જર રાજ્ય સ્થાપ્યું હતું. તેની

---

૩ રાજપૂતાનેકા ઇતિહાસ, પ્રથમ ભાગ.

૪ કાવ્યાનુશાસન, Vo II : Introduction, page 86-87.

૫ ભારતના સાંસ્કૃતિક ઇતિહાસની રૂપરેખા ( ડૉ. શુક્લ ), પૃ. ૬૫.

૬ ગુર્જર રાજ્યનો વૃત્તાંત ( ગુજરાતી ઐતિહાસિક સાધનો ), પૃ. ૧૦૩.

રાજધાની હાલના રાજપીપળા પાસેના નાંદોદમાં હતી. રાજપૂતાનાનું ગુર્જર રાજ્ય મોટું હતું. અને તે સમયે ભિન્નમાલની જાહોજલાલી હતી તેથી તે ભાગ ગુર્જરપ્રદેશ તરીકે જાણીતો બન્યો.

## ગુર્જર-વીરતા :

ગુર્જર પ્રજાની વીરતા અપૂર્વ હતી. બાણના હર્ષચરિતમાં શૂરવીર ગુર્જર પ્રજાનો પહેલો ઉલ્લેખ મળે છે. કવિએ હર્ષના પિતા પ્રભાકરવર્ધનની વીરતા પ્રતિપાદિત કરતાં એને 'ગુર્જર પ્રજાગર' કહેલો છે. આ શબ્દનો અર્થ બે રીતે ઘટાવી શકાય: (૧) જેના પ્રતાપથી ગુર્જરો સતત ઉજાગરો કરે છે—જાગતા રહે છે, (૨) જે શૂરવીર ગુર્જરો સામે સતત જાગ્રત રહે છે. બેઉ રીતે પ્રભાકરવર્ધનના શૌર્ય સાથે ગુર્જરોનું શૌર્ય પણ ધ્વનિત થાય છે.

પ્રભાકર વર્ધને ગુર્જરોને હરાવ્યા હતા એવી કલ્પના કેટલાક વિદ્વાનો માત્ર આ એક શબ્દ ઉપરથી કરે છે. પણ તે બરાબર લાગતી નથી. ગુર્જરો નિત્ય જાગ્રત પ્રજા હતી અને તે હર્ષવર્ધનને તાબે થયા ન હતા. જો તાબે થયા હોત તો કવિએ 'ગુર્જર-પ્રજાગર'ને બદલે 'ગુર્જર-વિજેતા' કે તેવો જ બીજો કોઈ શબ્દપ્રયોગ કર્યો હોત.

મેના ગુર્જરીનો ગરબો ગુજરાત તથા રાજસ્થાનમાં પ્રસિદ્ધ છે. ગુર્જર જાતિની સુંદરી મેનાને મોહાંધ બાદશાહે કેદ કરી તે જાણતાં જ ગુર્જર વીરોએ ધોળે દહાડે બાદશાહના નગરમાં પ્રવેશી બાદશાહ સામે ભયંકર યુદ્ધ ખેલીને ગુર્જરીને છોડાવી. આ ગુર્જરી દહીં વેચવાનો ધંધો કરતી હતી એમ જણાય છે. છતાં એ ગોપ જાતિની પ્રજા કેવી શૂરવીર હતી ? એક નારીના શીલ માટે આખી પ્રજા બાદશાહના બળ, રોષની કે તોપમારાની પરવા કર્યા વગર સંગ્રામમાં ફના થઈ જવા તત્પર થાય છે. આ ગુર્જરોના એક ટોળીની શૌર્યગાથા છે.

શ્રી. ગુલામહુસેન મુસ્તુફાએ તેમના 'ગુર્જર જાતિ' વિષેના નિબંધમાં 'ગુરજજર' શબ્દની વ્યુત્પત્તિ આપી છે તે પણ ગુર્જરોના શૌર્યની દ્યોતક બને છે. ગુરન (શત્રુ)+ઉજજળ (ઉજજડ કરનાર)માંથી આ શબ્દ બને છે. તેનો અર્થ શત્રુનો સંહારક એવો થાય છે. અહીં 'ન'નો લોપ થાય છે. અને 'ળ'નો ર થયો છે. અરબીમાં એનો અર્થ ગાજી કરી શકાય. પરંતુ 'ગૂરન' અને 'ઉજજળ' દેશ્ય શબ્દો હોય એવું લાગે છે.

ગુર્જર શબ્દ આ રીતે વિશાળ અર્થમાં શૂરવીર ક્ષત્રિય જાતિનો સૂચક બન્યો હોય એમ લાગે છે. ચૌહાણ, પરમાર, પ્રતિહાર, ચાલુક્ય વગેરે વીર જાતિઓ ગુર્જર ગણાતી હતી અને વલભીના રાજવંશને પણ લોકો ગુર્જર નામે ઓળખતા હતા. આ રીતે ગુર્જર શબ્દ વીર ક્ષત્રિય શાસકોનો 'ખિતાબ' બન્યો હતો, એમ કહી શકાય. આ શૂરવીરોએ જ 'પ્રતિકાર' યુગમાં માતૃભૂમિ અને ધર્મ માટે પ્રાણની આહુતિ આપી હતી.

આવી બીજી એક શૂરવીર જાતિ, ગુર્જરો ઇતિહાસની રંગભૂમિ ઉપર દેખાયા તે પહેલાં ઇતિહાસને અજવાળી ગઈ હતી. એ જાતિનું નામ છે યૌધેય જાતિ. યૌધેય પ્રજાની વીરતા ગુર્જરો સાથે સરખાવવા જેવી છે.

## યૌધેય :

યૌધેય નામની શક્તિશાળી પ્રજા કોણ જાણે કેમ ઇતિહાસમાંથી વિલીન થઈ ગઈ હોય એમ લાગે છે. યમુના-સતલજ તથા ચંબલ–હિમાલયની વચ્ચે વિસ્તરેલું યૌધેય એક બહુ જ શક્તિશાળી ગણરાજ્ય હતું. આપણા ઇતિહાસે આ વિષે મૌન સેવી યૌધેય જાતિને અન્યાય કરેલો છે. આ વિષે પં. રાહુલ સાંકૃત્યાયન લખે છે: "ઇતિહાસલેખકોએ આ વિષયમાં ઘણું જ ભયંકર મૌન સેવેલું છે. જો એમનું ચાલત તો યૌધેય નામ સરખું ય જાણવા ન દેત. પણ જે સિક્કાઓ જાણે-અજાણે ધરતીના પેટાળમાં દટાઈ ગયા હતા તેમને એ લોકો શું કરી શકે! એ સિક્કાઓએ પોકારીને સાક્ષી પૂરવી શરૂ કરી. મૃત દેહોએ પોતે જ કપટનો ઘડો ફોડી નાખ્યો અને વિસ્મૃત યૌધેય આપણી સમક્ષ પ્રગટ થઈ ગયા."[૭]

યાદવવંશના અંત પછી મૌર્ય સમ્રાટોના ઉદયકાળ સુધીમાં ગુજરાતનો ઇતિહાસ અંધારામાં હોવા છતાં ત્યાં યૌધેય અને આભીર જાતિઓ સત્તા માટે હરીફાઈ કરી રહી હતી એમ શ્રી. રસિકભાઈ પરીખ કહે છે.[૮] મુંબઈ ગેઝેટિયરના પહેલા પુસ્તકમાં યૌધેય વિષે થોડી માહિતી આપી છે અને તેમના ચલણી સિક્કાઓનો ઉલ્લેખ પણ કર્યો છે. મથુરાથી સહરાનપુર સુધીના પ્રદેશમાંથી યૌધેયોના સિક્કા મળી આવ્યા છે. કનિષ્કના સિક્કાઓને અનુસરતા આ સિક્કા ઈ.સનના ત્રીજા સૈકાની આસપાસના જણાય છે. તે સિક્કાની એક બાજુ જમણો હાથ પ્રસારી દયાસૂચક ભાવે રક્ષણ સૂચવતી પુરુષાકૃતિ છે અને બીજી બાજુ ઊભેલા કાર્તિકસ્વામીની આકૃતિ પાડેલી છે. તે આકૃતિની ફરતે 'यौधेय गणस्य' એવા અક્ષરો અંકિત થયેલા છે.[૯]

પં. રાહુલ સાંકૃત્યાયનના કહેવા પ્રમાણે ઈ. સ. પૂર્વે બીજી સદીથી માંડીને ચોથી સદી સુધીના યૌધેય પ્રજાના સિક્કા મળે છે. કુશાણો પૂર્વેના એટલે ઈ. સ. પ્રથમ શતાબ્દી પૂર્વેના સિક્કાઓ ઉપર यौधेयानां बहुधान्यकानां કે भगवस्वामी ब्रह्मण्यदेवाय એવું લખેલું છે. બ્રહ્મણ્યદેવ એ કાર્તિકસ્વામીનું નામ સૂચવે છે. યુદ્ધને વરેલા યૌધેય વીરોને દેવના સેનાપતિ કાર્તિકસ્વામી સિવાય બીજા દેવતા શાના ગમે? પાછલા વખતના સિક્કાઓ ઉપર અગાઉ જણાવ્યા પ્રમાણે 'यौधेय गणस्य,' 'यौधेयानां जयमंत्रशालिनां' શબ્દો અંકિત થયેલા છે.[૧૦]

કાર્તિકસ્વામી યુદ્ધના દેવતા છે. તે દેવની પસંદગી યૌધેય ગણની સતત સંગ્રામ ખેલવાની તત્પરતા બતાવે છે. 'જયમંત્રશાલિનાં' શબ્દો પણ તેમની વિજયભૂખના સૂચક છે. પણ આથી એમ સમજવાનું નથી કે, યૌધેય પ્રજા માત્ર હથિયાર જ પકડી જાણતી હતી. તે પ્રજા ખેતી કરતી હતી અને પુષ્કળ અનાજ પકવવામાં પણ રસ લેતી હતી. સિક્કાઓ ઉપર અંકિત 'બહુધાન્યકાનાં' શબ્દ એ હકીકત આપણને સ્પષ્ટ કરી આપે છે.

---

૭ 'જય યૌધેય'ની પ્રસ્તાવના.

૮ કાવ્યાનુશાસન (Introduction), P. 25.

૯ બૉમ્બે ગેઝેટિયર, વૉ. ૧ (સને ૧૮૩૬), પૃ. ૩૬.

૧૦ 'જય યૌધેય'ની પ્રસ્તાવના.

યૌધેય પ્રજા પોતાની 'વીર' ઉપાધિ માટે ગર્વ લેતી હતી. ગુર્જરોની જેમ 'વીર' અને 'શૂર' શબ્દો તેમને માટે ખિતાબ જેવા હતા. રુદ્રદામનના લેખમાં યૌધેય માટે આવો ઉલ્લેખ મળે છે. "सर्वक्षत्राविष्कृतवीरशब्दजातोत्सकानां यौधेयानां।" યૌધેય લોક બહુ મુશ્કેલીથી અધીનતા સ્વીકારે છે અને સર્વ ક્ષત્રિયોમાં પોતાની 'વીર' ઉપાધિ સાર્થક કરવાના કારણથી તેઓ ગર્વ લે છે.[૧૧]

**ગણતંત્ર :**

યૌધેય પ્રજાનું ગણતંત્ર હતું. '**यौधेय गणस्य**' તેમના સિક્કા ઉપરના અક્ષરો પણ આ વાતની સાક્ષી પૂરે છે. તેમના ગણરાજ્યમાં કોઈ રાજા ન હતો. પ્રજાસત્તાકના જેવી વ્યવસ્થા હતી. તે સમયે યૌધેયો ઉપરાંત માલવો, આર્જુનાયનો, માદ્રકો, આભીરો, પ્રાર્જુનો વગેરેનાં પણ પ્રજાતંત્રો અસ્તિત્વમાં હતાં.

ગિરનારના લેખમાં રુદ્રદામનને યૌધેયોનો નાશ કરનાર કહ્યો છે. ત્યાં કોઈ યૌધેય રાજવીનું નામ નથી. તે ઉપરથી પણ યૌધેય પ્રજામાં રાજવીપદ ન હતું, પણ ગણતંત્ર હોવાનું સાબિત થાય છે.[૧૨] પ્રજાની સભા અધિકારી–સેનાપતિ, મંત્રી વગેરેને ચૂંટતી, અને તેમની દ્વારા રાજ-તંત્ર ચાલતું હોય એમ જણાય છે. મુખ્ય શાસકને 'જનાધિપ' કહેતા હતા.

ગણતંત્રી સમાજોની સામાજિક વ્યવસ્થા સમાનતાના સિદ્ધાન્ત ઉપર રચાયેલી હતી. તેમનામાં નાત, જાતનો કોઈ બખેડો ન હતો. બધા લોકોની એક જ જાતિ હતી. આથી વિરુદ્ધ રીતે સનાતની સમાજવ્યવસ્થા અસમાનતા અને જાતિભેદ ઉપર આધારિત હતી. આથી જે રીતે માલવો, યૌધેયો, મદ્રકો, પુષ્યમિત્રો, આભીરો અને લિચ્છવીઓમાં એક એક બાળક દેશભક્ત બનતો તે રીતે સનાતની સમાજમાં દરેક માનવી કદી દેશભક્ત થઈ શકતો નહિ. ઉપર્યુક્ત ગણતંત્રી સમાજવ્યવસ્થા જાણે એવી તાલીમશાળા–અખાડો હતી કે જેમાં લોકો રાજ્ય-સ્થાપના દેશહિત, વ્યક્તિગત ઉચ્ચ આકાંક્ષા, યોગ્યતા અને નેતૃત્વનું સરસ શિક્ષણ મેળવતા.[૧૩]

સમુદ્રગુપ્ત અને તેના વંશજોએ સામ્રાજ્યવાદના મોહને વશ થઈને આ ગણતંત્રોનો નાશ કર્યો. એ રીતે સ્વતંત્રતાને જન્મ આપનાર તથા તેનું જતન કરનાર ગણતંત્ર વ્યવસ્થાનો નાશ કરવાનું કલંક આવા સમ્રાટોને કપાળે લાગ્યું છે. પ્રસિદ્ધ ઇતિહાસકાર ડૉ. જયસવાલ ગણતંત્રને એક અમૂલ્ય બીજકોશ તરીકે ગણાવતાં યથાર્થ રીતે લખે છે કે, ધર્મયુદ્ધ અને કર્તવ્યપાલનના સિદ્ધાન્તના મહાન પ્રવર્તક અને પોષક કૃષ્ણને ઉત્પન્ન કરનાર એ બીજકોશ કાયમને માટે નષ્ટ થઈ ગયો. વિશ્વજનીન ધર્મ અને વિશ્વજનીન સમાનતાના પ્રવર્તક અને પોષક મહાત્મા બુદ્ધને જન્મ આપનાર એ બીજકોશ હવે ન રહ્યો. એ બીજકોશ નાશ પામતાં ભારશિવ અને ગુપ્ત લોકો જ ઉત્પન્ન થઈ શકે.[૧૪]

---

૧૧ કીલહર્નના અનુવાદના આધારે.

૧૨ બૉમ્બે ગેઝેટિયર, વૉ. ૧લું : પૃ. ૩૬.

૧૩ અંધકાર-યુગીન ભારત ( ડૉ. કાશીપ્રસાદ જયસવાલ ), પૃ. ૪૬૩.

૧૪ એજન પૃ. ૪૬૪.

**માલવગણ :**

ભાગવતપુરાણમાં સૌરાષ્ટ્ર અને અવંતીના આભીર અને અરાવલીના શૂર તથા માલવ લોકોના પ્રજાતંત્રનો ઉલ્લેખ મળે છે.[૧૫] ભાગવતમાં કહેલા આ શૂર (જેનો અર્થ 'વીર' થાય છે તે) યૌધેય શબ્દનો જ સમાનાર્થક અનુવાદ છે એમ ડૉ. જયસવાલ સ્પષ્ટ કરે છે. તો એ યૌધેયની સાથે જ ઉલ્લેખ પામતા આભીર અને માલવ લોકો વિષે હવે થોડું જાણવું જોઈએ.

નાગર અથવા કર્કોટ-નાગર નામનું જયપુર પ્રદેશમાં આવેલું સ્થાન ત્યારે માલવોનું કેન્દ્ર હતું. ત્યાં તેમની રાજધાની હતી. સમુદ્રકાંઠેથી જેમ અસંખ્ય છીપલાં મળે તેમ, એ પ્રદેશમાંથી માલવ પ્રજાના અનેક પ્રજાતંત્રી સિક્કા મળી આવ્યા છે. વિષ્ણુપુરાણમાં તેમનું સ્થાન રાજપૂતાના (મારવાડ)માં બતાવેલું છે. એ રીતે માલવો આબુથી જયપુર સુધીના પ્રદેશમાં વસતા હતા. આ પ્રદેશને મારવાડ નામ આ માલવોના નિવાસસ્થાન પરથી મળ્યું હોય એમ ડૉ. જયસ્વાલ માને છે. માલવ+વાટક ઉપરથી માલવવાડ–મારવાડ બન્યું એમ તે કહે છે.[૧૬]

માલવ લોકો પણ ગણતંત્રી હતા. તેમની ઉત્તરમાં યૌધેય લોકો વસતા હતા. તેમનો પ્રદેશ ભરતપુરથી લઈને સતલજ નદીના નિમ્ન ભાગમાં ભૂતપૂર્વ ભાવલપુર રાજ્યની સીમા સુધીમાં હતો. ત્યાં 'જોહિયાવર' ઈલાકો આજે પણ વિદ્યમાન છે અને ત્યાંના મોટા ભાગના લોકોને જોહિયા (યૌધેય) કહેવામાં આવે છે. તેમના સરદારને જોહિયાકો જામ કહેવામાં આવે છે.[૧૭]

**આભીર :**

ભાગવતપુરાણમાં **सौराष्ट्रआवन्त्यआभीराः** એમ કહેલું છે તથા વિષ્ણુપુરાણમાં પણ આભીરોનો સૌરાષ્ટ્ર અને અવંતી ઉપર અધિકાર હતો એમ કહેલું છે.[૧૮] એટલે પ્રાચીન કાળથી આભીર પ્રજા ગુજરાતમાં સત્તા ભોગવતી હોવાનું જણાઈ આવે છે. ડૉ. વિન્સેન્ટ સ્મિથે આભીરોનું સ્થાન બુંદેલખંડમાં બતાવ્યું છે તે ન્યાયસંગત નથી, એમ ડૉ. જયસવાલ સ્પષ્ટ કહે છે.

આભીરોનું પણ ગણતંત્ર હતું. પણ તે પ્રજામાં થયેલા ઈશ્વરસેને (શિવદત્ત આભીરના પુત્રે) રાજની સ્થાપના કરી હતી પણ તે રાજવંશ બહુ આગળ ચાલ્યો જણાતો નથી. ફરી આભીરોનું ગણતંત્ર સમુદ્રગુપ્તના સમયમાં અસ્તિત્વ ધરાવતું હતું.

આ આભીર લોકો કોણ હશે? આહીરમાંથી તેમની ઉત્પત્તિ થઈ હશે? સૌરાષ્ટ્રનો યદુવંશી કહેવાતો ચુડાસમા રાજવંશ મૂળ આભીર વંશનો હતો, એમ ડૉ. ભગવનલાલનું માનવું છે. તેમની દંતકથાઓ આભીર સાથે સંકલિત છે અને દ્વયાશ્રયમાં કરેલું ગ્રાહરિપુનું વર્ણન પણ

૧૫ ભાગવતપુરાણ : ૧૨-૨.

૧૬ અંધકાર-યુગીન ભારત : પૃ. ૩૨૩.

૧૭ 'જય યૌધેય,' પ્રસ્તાવના.

૧૮ વિષ્ણુપુરાણ, ખંડ ૪થો : અધ્યાય : ૨૪.

તે વંશ કોઈ પ્રાચીન નહિ પણ સ્થાનિક જાતિમાંથી ઉત્પન્ન થયો હોય એમ માનવા પ્રેરે છે. લોકવાર્તામાં તેમને 'આહેર રાણા' કહે છે તે પણ આ વાતને પુષ્ટિ આપે છે.[૧૯]

છતા ડૉ. જયસવાલ આભીરોનો યાદવો સાથે કંઈક સંબંધ હોવાનું નોંધે છે, તે ધ્યાન-પાત્ર છે. તેઓ લખે છે: "કૌટિલ્યના સમયમાં કાઠિયાવાડમાં સૌરાષ્ટ્રોનું ગણતંત્ર હતું. એવું જણાય છે કે, આભીર અને સૌરાષ્ટ્ર લોકો યાદવો અને અંધક વૃષ્ણિઓના સંગી–સાથી અને સગા હતા."[૨૦]

આ અનુમાનનું વિદ્વાન ડૉકટરે કોઈ કારણ આપ્યું નથી. છતાં ચુડાસમા વંશીઓના યદુવંશ સાથેના કહેવાતા સંબંધને પુષ્ટિ આપે છે. રાજવિહિન બનેલી શેષ–નબળી યાદવ પ્રજા પાછળથી ગોપજીવન જીવતી હોય અને તેવું જ જીવન જીવતી આભીર-આહીર પ્રજાના સંપર્કમાં આવી હોય અને તેમની વચ્ચે સૌરાષ્ટ્રમાં જ લોહીનો સંબંધ સ્થાપિત થયો હોય તો તેનો ઈન્કાર થઈ શકે નહિ.

આભીરોની ઓળખ આપતાં તેમના ગોપજીવનને ભૂલી શકાય તેમ નથી. આભીરનો સામાન્ય અર્થ રબારી, ભરવાડ અર્થાત્ આહીર એવો થાય. શ્રીકૃષ્ણ સ્વધામ ગયા પછી અર્જુન શ્રીકૃષ્ણની સ્ત્રીઓ તથા બાળકોને સાથે લઈને દ્વારિકાથી નીકળ્યો ત્યારે તેને આભીર-ગોવાળોએ લૂંટયો હતો અને એનું ગાંડીવ ધનુષ્ય ત્યારે નિરર્થક થયું હતું એવી કથા વિષ્ણુપુરાણમાં મળે છે.[૨૧] આ લૂંટ કરનારા ગોવાળો આભીરોના પૂર્વજો હશે એમ અનુમાન થઈ શકે.

અર્જુન પંચનદના પ્રદેશમાં પહોંચ્યા પછી લૂંટાયો હતો, એમ પુરાણ કહે છે, આ પંચનદને પંજાબનો પ્રદેશ માની શકાય નહિ, કારણ અર્જુન દ્વારકાથી મથુરા ગયો હતો અને ત્યાં તેણે યાદવવંશી વજ્રનો રાજ્યાભિષેક કર્યો હતો. પંચનદ એ સૌરાષ્ટ્રનો પંચાલ કે તેવો જ બીજો કોઈક પ્રદેશ સંભવી શકે. મતલબ કે, સૌરાષ્ટ્રમાં જ અર્જુનને આહીરોએ લૂંટયો હતો. આ વાતને નીચેની લોકપ્રિય ઉક્તિ પણ સમર્થન આપે છે:—

"સમય બડો બળવાન હૈ, નહિં પુરુષ બળવાન;
કાબે અર્જુન લૂંટિયો, યહીં ધનુષ યહીં બાણ."

આ દોહરા મુજબ સૌરાષ્ટ્રના કાબાઓએ અર્જુનને લૂંટયાની દંતકથા પ્રચલિત છે. એટલે પંજાબમાં અર્જુન ગયો અને ત્યાં લૂંટાયો એમ માનવા કોઈ તર્કશુદ્ધ કારણ રહેતું નથી. દ્વારકાથી મથુરા જતાં વચ્ચે પંજાબ આવે પણ નહિ. એટલે પુરાણમાં ઉલ્લિખિત સૌરાષ્ટ્રના આભીરોની જ કોઈક ટોળીએ અર્જુનને નમાવ્યો હતો એમ કહી શકાય.

આ રીતે યૌધય, માલવ અને આભીર વગેરે પ્રજાનાં ગણ રાજ્યો હતાં, અને તે જાતિઓ સ્વાતંત્ર્યપ્રિય હતી. અગાઉ એવી માન્યતા પ્રચલિત હતી કે, વિદેશી કુશાન શાસનને ખતમ

---

૧૯ બૉમ્બે ગેઝેટિયર, વૉ. ૧. પૃ. ૧૩૭.

૨૦ અંધકાર-યુગીન ભારત: પૃ. ૩૭૬.

૨૧ વિષ્ણુપુરાણ ખંડ ૫-૩૮.

કરવાનું શ્રેય ગુપ્તવંશ અને ભારશિવ વંશને છે, પણ પં. રાહુલજી તે શ્રેય યૌધેયોને આપે છે. ડૉ. જયસવાલ પણ સ્પષ્ટ નોંધે છે કે, યૌધેયો અને માલવોએ જ સિંધની પશ્ચિમ સીમા ઉપર અને મથુરાની પૂર્વ સીમા ઉપર કુશાન સત્તાને આગળ વધતાં રોકી હતી.[૨૨] આ હકીકત ગણતંત્રી પ્રજાઓએ બતાવેલી વીરતા અને સ્વાતંત્ર્યપ્રિયતાની દ્યોતક બને છે.

## ગણતંત્રોનો નાશ :

સ્વાતંત્ર્ય માટે જ જીવતાં અને સ્વાતંત્ર્ય ભયમાં હોય ત્યારે વીરતાથી પ્રાણાર્પણ કરતાં આ ગણ રાજ્યો સામ્રાજ્યવાદીઓને આંખના કણાની જેમ ખૂંચતાં હતાં. તેમણે પોતાની સમગ્ર શક્તિ વડે આ નાનાં ગણરાજ્યોનો નાશ કર્યો. જયસવાલજી માને છે કે, સમુદ્રગુપ્તે માલવો અને યૌધેયોનો વિનાશ કર્યો. સિકંદરની પેઠે સમુદ્રગુપ્તે પણ પોતાના દેશની સ્વાતંત્ર્યભાવનાનું બીજ નષ્ટ કરી દીધું. સ્વયં ગુપ્ત લોકો માતૃપક્ષથી તથા પિતૃપક્ષથી એ જ ગણતંત્રી સમાજના લોકો દ્વારા ઉત્પન્ન થયા હતા. તેઓ જે બીજરૂપ સમાજના અંકુર હતા તેનો જ તેમણે નાશ કરી નાખ્યો.[૨૩]

ડૉ. જયસવાલ આ રીતે યૌધેયોના નાશ માટે સમુદ્રગુપ્તને જવાબદાર લેખે છે, પણ પં. રાહુલ સાંકૃત્યાયન ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્યને આ કૃત્ય માટે જવાબદાર ગણે છે. આના સમર્થનમાં તે પહેલાં કૌશામ્બીમાં, પણ હવે અલ્લાહાબાદના ઉલ્લામાંના લેખનો ઉલ્લેખ કરે છે. ચોથી સદીમાં અશોકના પાષાણસ્થંભ પરના પોતાના એ અભિલેખમાં સમુદ્રગુપ્તે યૌધેયનાં નામસ્મરણ કરતાં કહ્યું છે કે, તેઓએ કરદાન આજ્ઞા સ્વીકારીને પ્રણામ દ્વારા મને સંતુષ્ટ કર્યો. ("सर्व-करदानाज्ञानणप्रणामागमन।") આ લેખ ઉપરથી જણાય છે કે, સમુદ્રગુપ્તે યૌધેયગણનો ઉચ્છેદ કર્યો નથી. પરંતુ પાંચમી સદીના પ્રારંભ પછી આપણે યૌધેયગણનું નામ સાંભળતા નથી. એટલે યૌધેયોનો નાશ ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્યે કર્યો એ સ્પષ્ટ સમજાય છે.[૨૪]

ગમે તેમ હો, ગુપ્તવંશને હાથે યૌધેય પ્રજાતંત્રનો અને જાતિનો કાયમી ઉચ્છેદ થઈ ગયો. ચન્દ્રગુપ્ત સાથેના યુદ્ધમાં યૌધેયો બહુ મોટા પ્રમાણમાં ખપી ગયા હશે અને શેષ રહેલા વૃદ્ધ તથા બાળકો ઉપર ગુપ્ત સત્તાની આણ ફરી વળી હશે. આ કૃત્યથી સ્વાતંત્ર્યપ્રિય લોકો મનમાં ગુપ્તોને ધિક્કારતા થયા હતા એવા પણ ઉલ્લેખો મળે છે. અલબેરૂની ભારતમાં આવ્યો ત્યારે તેણે લોકોને એમ કહેતાં સાંભળ્યા હતા કે ગુપ્ત લોકો બહુ જ દુષ્ટ છે. ગુપ્તોની યશરૂપ ઢાલની આ બીજી બાજુ છે.[૨૫]

જોહિયા (યૌધેય) લોકો હજી તેમના પૂર્વજોની વીરગાથાઓ ભૂલ્યા નથી. અલવર અને ટુડગાંવના મેવ હજી પણ યૌધેય ભૂમિમાં વસે છે. એમની વીરગાથાઓ સાંભળતાં રોમાંચ ખડાં

---

૨૨ અંધકાર-યુગીન ભારત : પૃ. ૩૨૭.

૨૩ એજન પૃ. ૪૬૩.

૨૪ જય યૌધેય : પ્રસ્તાવના.

૨૫ અંધકાર-યુગીન ભારત : પૃ. ૪૬૫.

થાય છે. તેઓ મુસલમાન છે, પણ યૌધેય રક્તને ભૂલ્યા નથી. હજુ પણ તેમની સ્ત્રીઓ મેવ વીરોના પ્રાણોત્સર્ગના હૃદયદ્રાવક વર્ણનવાળાં ગીતો ગાય છે, એમ પં. રાહુલજી કહે છે.

### યૌધેય ગણતંત્ર પછી :

ડૉ. જયસવાલ કહે છે કે, રાજપૂતાનાનાં ગણતંત્ર નષ્ટ થયા પછી તેમના અવશેષરૂપે એવા રાજપૂત રહી ગયા કે જે પોતાના ગણતંત્રી પૂર્વજોની બધી પરંપરાગત વાતો ભૂલી ગયા. પંજાબનાં પ્રજાતંત્ર નષ્ટ થતાં ત્યાં એવા જાટો થયા જે ભૂતકાલીન ગૌરવને ભૂલી ગયા હતા.[૨૬] યૌધેય જેવી શૂરવીર પ્રજા આ રીતે ઇતિહાસકારોને મન કાયમને માટે ખોવાઈ ગઈ, નષ્ટ થઈ ગઈ.

પણ પં. રાહુલજી આ વિષે વધુ માહિતી આપે છે. જોહિયાવર ઇલાકાના હાલના જોહિયા (યૌધેય) લોકો અને મેવ લોકોની તેમની વાતો વિચારણીય છે. જે લોકો આજે ય યૌધેય રક્તને—વીરતાને ભૂલ્યા નથી તેમણે ભૂતકાળમાં તેમના પૈકીના અનેકને વીરત્વની પ્રેરણા આપી હશે, એમ માનવું પડે છે. કોઈ ખમીરવંતી પ્રજા એક જ સપાટે નષ્ટ થઈ જતી નથી. તેમાંય યૌધેય જેવી વીર પ્રજા ઝટ વીરત્વનો અંચળો ફગાવી દે એ સંભવિત નથી.

અલબત, પૂર્વજોની પરંપરા સાચવનારા થોડા જ હોય છે. સામાન્ય વર્ગ જીવનકલહને કારણે પલટો લે છે. છતાં પેલા થોડા મરજીવા સફળ થાય છે. રાજપૂતાનાનો ક્ષત્રિય વંશનો ઇતિહાસ જોતાં આની ખાત્રી થાય છે. સતલજના નિમ્ન કાંઠે વસેલા યૌધેયોના પરાજિત વંશજો પરાક્રમ માટે નવો પ્રદેશ શોધતા કેટલાક સિંધમાં અને કેટલાક મારવાડમાં પ્રસર્યાનું અનુમાન થઈ શકે છે.

મુંબઈ ગેઝેટિયરની એક નોંધ આ અનુમાનને પુષ્ટિ આપે છે. કચ્છ અને કાઠિયાવાડ ઉપર સિન્ધમાંથી આક્રમણ થયાની વાત ત્યાં નોંધાઈ છે. તે નોંધ મુજબ ચઢી આવનારા જાડેજા કચ્છમાં અને ચુડાસમા સોરઠ (સૌરાષ્ટ્ર)માં આવી વસ્યા અને ત્યાં તેમણે પોતાની સત્તા સ્થાપી, પણ એમાંય જાડેજા વિષેની ગેઝેટિયરની નોંધ વધુ મહત્ત્વની બને છે.

એ નોંધ આ પ્રમાણે છે :—

"It may be suggested that Jādejā is a corruption of Jaudhejā which in turn comes from Yaudheya (the change of y to j being very common) who in Kshatrapa inscriptions appear as close neighbours of the Ahirs. After the fall of the Vallabhis (A.D. 775), the Yaudheyas seem to have established themselves in Kacch and the Ahirs settled and made conquests in Kāthiāwāda."[૨૭]

---

૨૬ એજન પૃ. ૪૬૪, ૪૬૫.

૨૭ બૉમ્બે ગેઝેટિયર વૉ. ૧લું : P. 138.

આ રીતે યૌધેયો સિંધમાં ગયા અને ત્યાંથી જૈધેજા ( જાડેજા ) નામ પામી કચ્છમાં આવી વસ્યા. આ રીતે કચ્છના જાડેજા યૌધેયોના વંશ જ હોવાનું સમજાય છે, સિંધમાં કદાચ આરબ લોકોનો ધસારો થતાં તેમને કચ્છમાં આવવાની ફરજ પડી હશે. આભીર અને યૌધેય ગુપ્તયુગ સુધી પાડોશી હતા. ગુજરાતમાં પણ તે કચ્છ અને સૌરાષ્ટ્રમાં વસતાં પાડોશી બન્યા. એ બેઉ વંશો પ્રાચીન ગણતંત્રોની ખુમારી—વીરતા થોડેઘણે અંશે સાચવી શકયા છે, એમ કહી શકાય.

મારવાડ રાજસ્થાનમાં કેટલાક યૌધેયો જઈ વસ્યા, એવા મારા અનુમાનને પં. રાહુલ સાંકૃત્યાયનનો ટેકો મળે છે. મારવાડ-ભિન્નમાલમાં વસી રાજસત્તા જમાવનાર આ યૌધેયો 'ગુર્જર'—શત્રુનો નાશ કરનારા એવો ખિતાબ જનતા તરફથી પામ્યા હશે અને તેથી 'ગુર્જર' કહેવાયા. તેમણે હવે ગણતંત્રને બદલે યુગને અનુરૂપ વંશપરંપરાની રાજસત્તા જમાવી અને તેમના વીરત્વના કારણે તેમાં સફળ થયા. ગુર્જરોની વીરતાનાં બીજ આ રીતે ગણતંત્રી યૌધેયોમાં શોધી શકાય છે.

ગુર્જરો યૌધેયનાં સંતાન છે તેવા મારા અનુમાનને પં. રાહુલજીનું નીચેનું કથન પુષ્ટિ આપે છે. તેઓ લખે છે: "અગ્રવાલ, અગ્રહરી, રોહતકી, રસ્તોગી, શ્રીમાલ, ઓસવાલ, વર્ણવાલ અને ગહોઈ (?) જેવી વૈશ્ય જાતિઓ અસ્તિત્વ ધરાવે છે. તેઓ યૌધેયોનાં જ સંતાન છે, જેઓએ ગણોચ્છેદ પછી ફરજિયાત તલવાર તજી તાજવાં પકડયાં છે."[૨૮]

આ કથનમાં શ્રીમાલ, ઓસવાલ વગેરેને રાહુલજીએ યૌધેયોનાં સંતાન કહ્યાં છે. તેઓ ભિન્નમાલના ગુર્જરો છે, એ સ્પષ્ટ છે. એટલે યૌધેયોની એક શાખા રાજસ્થાનમાં ભિન્નમાલ પ્રદેશમાં વસી ગુર્જર નામ પામી હતી તે મારા અનુમાનને પુષ્ટિ મળે છે. વળી આ રીતે કેટલાક યૌધેયો 'ગુર્જર' નામથી ઓળખાઈ પંજાબમાં ગુજરાતમાં વસ્યા હોય એ પણ સંભવિત છે.

## ઉપસંહાર

ગુર્જરોનો પાંચમા સૈકા પૂર્વેનો ઇતિહાસ કે ઉલ્લેખ મળતો નથી તેમ યૌધેયોનો તે પછીનો ઇતિહાસ મળતો નથી. તેનું સમાધાન એ કે યૌધેયોમાંથી જાડેજા અને ગુર્જરો થયા અને નવા નામે તેમનો ઇતિહાસ લખાયો. વિદ્વાનો આ સંકલના ચકાસી જુએ એમ ઇચ્છું છું.

શ્રી રસિકભાઈ પરીખે ગુર્જરોને વિદેશી માનવાનું જે કારણ આપ્યું છે, તે પણ આ દૃષ્ટિએ ફરી વિચારવું પડે. યૌધેયો શૂર નામથી પુરાણમાં ઉલ્લેખ પામ્યા છે અને તે ગુર્જરોના પૂર્વજ ઠરે તો પછી ગુજરોને ભારતીય ગણવા પડે. જાડેજા પણ પછી ગુર્જરોના ભાયાત ઠરે. આ રીતે વિસ્મૃત યૌધેયો મહત્ત્વની વિચારણા માગી લે છે.

---

૨૮ જય યૌધેય : પ્રસ્તાવના.

# ભારતની પ્રાચીન લિપિઓ

**પ્રવીણ સી. પરીખ**

ભારતીય સંસ્કૃતિ અતિ પ્રાચીન છે. એમાં ભાષાની જેમ લિપિના પણ ઘણા પ્રાચીન નમૂનાઓ મળે છે.

સિંધુ સંસ્કૃતિના પ્રસાર દ્વારા ભારતમાં લેખનકલાના પ્રાચીનતમ નમૂનાઓ પંજાબ, સિંધ અને ગુજરાતમાંથી પણ ઉપલબ્ધ થયા છે. આમ ભારતમાં લેખનકલા આદ્ય-ઐતિહાસિક-કાલથી પ્રચારમાં હતી, પરંતુ આ લેખન કઈ લિપિ કે લિપિઓમાં થતું હશે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

હડપ્પીય લેખો ઉકેલાયા નથી તેથી તેમાં તે લેખોની લિપિ કે બીજી કોઈ લિપિ અંગેનો ઉલ્લેખ છે કે નહિ તે કહી શકાતું નથી. તેવી જ રીતે વૈદિક સાહિત્યમાં પ્રસંગ ન પડવાથી "લિપિ" શબ્દ કે કોઈ લિપિનું નામ મળતું નથી, પરંતુ અનુવૈદિક સાહિત્ય તેમ જ પુરાવશેષોમાં લિપિ અંગેના કેટલાક મહત્ત્વના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે, જેને આધારે પ્રાચીન ભારતમાં પ્રચલિત લિપિઓ અંગેની માહિતી સાંપડે છે.

"લિપિ" શબ્દ સૌ પ્રથમ પાણિનિની અષ્ટાધ્યાયી( ૩-૨-૨૧ )માં પ્રાપ્ત થાય છે. વળી આ ગ્રંથમાં પ્રાસંગિકપણે "યવનાની" (ગ્રીકલિપિ)નો ઉલ્લેખ (૪-૧-૪૯) થયો છે. કૌટિલ્યના અર્થશાસ્ત્ર( ૧-૧ )માં પણ પ્રાસંગિકપણે "લિપિ" શબ્દ પ્રયોજાયો છે, પરંતુ ત્યાં કોઈ લિપિ-વિશેષનો ઉલ્લેખ નથી.

મૌર્ય સમ્રાટ અશોકના અભિલેખોમાં "લિપિ" અને "દિપિ" શબ્દો લેખન કે અભિલેખનના અર્થમાં વપરાયા છે. અશોકના લેખો ચાર લિપિઓ( બ્રાહ્મી, ખરોષ્ઠી, ગ્રીક અને આરામાઈક )માં કોતરાયેલા છે, પરંતુ અભિલેખોમાં એ લિપિઓનાં નામ જણાવવાનો પ્રસંગ પડયો નથી.

આમ અનુવૈદિક કાલમાં ઈ.પૂ. પાંચમા-ચોથા સૈકાથી લેખનના સંદર્ભમાં "લિપિ" શબ્દ નિશ્ચિતપણે પ્રયોજાતો હોવાનું જણાય છે, પરંતુ "યવનાની" બીજી કોઈ લિપિ કે લિપિ-ઓનાં નામ જાણવા મળતાં નથી.

આ બાબતમાં જૈન અને બૌદ્ધ સાહિત્યમાં આવતી લિપિઓની સૂચિઓ કેટલેક અંશે સહાયભૂત થાય છે.

### જૈન લિપિ-સૂચિઓ :

જૈન સૂત્રોમાં સમવાયંગ અને પણ્ણવણા ઘણાં પ્રાચીન ગણાય છે, જેમનો સમય અનુક્રમે ઈ.પૂ. ચોથો સૈકો અને ઈ.પૂ. બીજો સૈકો મુકાય છે. આ બન્ને ગ્રંથોમાં ૧૮ લિપિઓની સૂચિ આપવામાં આવી છે.

| | સમવાયંગની સૂચિ | | પણ્ણવણાની સૂચિ |
|---|---|---|---|
| ૧ | બંભી | ૧ | બંભી |
| ૨ | જવણીલિયા | ૨ | જવણાણિયા |
| ૩ | દોસાઉરિયા | ૩ | દોસાપુરિયા |
| ૪ | ખરોટ્ટિયા | ૪ | ખરોટ્ટી |
| ૫ | ખરસાવિયા | ૫ | પુકખરસારિયા |
| ૬ | પહારાઈયા | ૬ | ભોગવઈઆ |
| ૭ | ઉચ્ચત્તરિયા | ૭ | પહરાઈયા |
| ૮ | અકખરપુટ્ઠિયા | ૮ | અંતકખરિયા |
| ૯ | ભોગવયતા | ૯ | અકખરપુટ્ઠિયા |
| ૧૦ | વેણુતિયા | ૧૦ | વેણઈયા |
| ૧૧ | ણિણ્હઈયા | ૧૧ | નિણ્ણઈયા |
| ૧૨ | અંકલિવી | ૧૨ | અંકલિવી |
| ૧૩ | ગણિયલિવી | ૧૩ | ગણિયલિવી |
| ૧૪ | ગંધવ્વલિવી | ૧૪ | ગંધવ્વલિવી |
| ૧૫ | આદંસલિવી ( ભૂયલિવી ) | ૧૫ | આયંસલિવી |
| ૧૬ | માહેસરી લિવી | ૧૬ | માહેસરી |
| ૧૭ | દામિલિવી | ૧૭ | દામિલિવી |
| ૧૮ | બોલિન્દીલિવી | ૧૮ | પોલિન્દી |
| | ( સમવાય–૧૮ ) | | ( સૂત્ર–૩૭ ) |

આ ઉપરાંત અનુકાલમાં કેટલાક જૈન ગ્રંથોમાં પણ ૧૮ લિપિઓની સૂચિ મળે છે જેમાં "ચઉપન્ન મહાપુરુષચરિય" અને "વિશેષાવશ્યક ભાષ્ય" પરની ટીકા મુખ્ય છે. એમાંની લિપિઓ કેટલીક ઉપરની સૂચિઓમાં જણાવેલી લિપિઓ સાથે મળતી આવે છે, જ્યારે બીજી કેટલીક એમાં નહિ જણાવેલી ય છે, જે અનુકાલીન લિપિઓની સૂચક છે. ( આ બંને ગ્રન્થોનો સમય અનુક્રમે ઈ. સ.ની નવમી અને અગિયારમી શતાબ્દી મુકાય છે ).

## બૌદ્ધ લિપિ-સૂચિઓ :

બૌદ્ધ સાહિત્યમાં પ્રસિદ્ધ એવા સંસ્કૃત ગ્રન્થ લલિત વિસ્તર ( ઈ. સ.ની ત્રીજી સદી )માં ભગવાન બુદ્ધ ૬૪ લિપિઓ ( વર્ણકો ) શીખ્યાનો ઉલ્લેખ કરીને તે ૬૪ લિપિઓની સૂચિ આપવામાં આવી છે :—

(૧) બ્રાહ્મી, (૨) ખરોષ્ટી, (૩) પુષ્કરસારી; (૪) અંગ લિપિ, (૫) વંગ લિપિ, (૬) મગધ લિપિ, (૭) મંગલ્ય લિપિ, (૮) અંગુલીય લિપિ, (૯) શકારિ લિપિ, (૧૦) બ્રહ્મવલ્લી લિપિ, (૧૧) પારુષ્ય લિપિ ( મનુષ્ય લિપિ ), (૧૨) દ્રાવિડ લિપિ, (૧૩) કિરાત લિપિ, (કનારિ લિપિ), (૧૪) દાક્ષિણ્ય લિપિ (દક્ષિણ લિપિ), (૧૫) ઉગ્ર લિપિ, (૧૬) સંખ્યા લિપિ, (૧૭) અનુલોમ લિપિ, (૧૮) અવમૂર્ધ લિપિ ( અદ્ધધાનુ લિપિ )

(૧૯) દરદ લિપિ, (૨૦) ખાષ્ય લિપિ (ખાસ્ય લિપિ), (૨૧) ચીની લિપિ, (૨૨) લૂન લિપિ, (૨૩) હૂણ લિપિ, (૨૪) મધ્યાક્ષરવિસ્તર લિપિ, (૨૫) પુષ્પ લિપિ, (૨૬) દેવ લિપિ, (૨૭) નાગ લિપિ, (૨૮) યક્ષ લિપિ, (૨૯) ગંધર્વ લિપિ, (૩૦) કિન્નર લિપિ, (૩૧) મહોરગ લિપિ, (૩૨) અસુર લિપિ, (૩૩) ગરુડ લિપિ, (૩૪) મૃગચક્ર લિપિ, (મૃગ લિપિ તથા ચક્ર લિપિ), (૩૫) વાયસરુત લિપિ (મરુ લિપિ), (૩૬) ભૌમદેવ લિપિ, (૩૭) અંતરિક્ષદેવ લિપિ, (૩૮) ઉત્તરકુરુદ્વીપ લિપિ, (૩૯) અપરગોડાની લિપિ, (૪૦) પૂર્વવિદેહ લિપિ, (૪૧) ઉત્ક્ષેપ લિપિ, (૪૨) નિક્ષેપ લિપિ, (૪૩) વિક્ષેપ લિપિ, (૪૪) પ્રક્ષેપ લિપિ, (૪૫) સાગર લિપિ, (૪૬) વજ્ર લિપિ, (૪૭) લેખપ્રતિલેખ લિપિ, (૪૮) અનુદ્રુત લિપિ, (૪૯) શાસ્ત્રાવર્ત લિપિ, (૫૦) ગણનાવર્ત લિપિ, (૫૧) ઉત્ક્ષેપાવર્ત લિપિ, (૫૨) નિક્ષેપાવર્ત લિપિ, (૫૩) પાદલિખિત લિપિ, (૫૪) દ્વિસત્તરપદસંધિ લિપિ, (૫૫) દશોત્તરપદસંધિ લિપિ, (૫૬) અધ્યહારિણી લિપિ, (૫૭) સર્વરુતસંગ્રહણી લિપિ, (૫૮) વિદ્યાનુલોમવિમિશ્રિત લિપિ, (૫૯) ઋષિતપસ્તપ્ત લિપિ, (૬૦) ધરણીપ્રેક્ષિણી લિપિ, (૬૧) ગગનપ્રેક્ષિણી લિપિ, (૬૨) સર્વૌષધિનિષ્યન્દ લિપિ, (૬૩) સર્વસારસંગ્રહણી લિપિ, (૬૪) સર્વભૂતરુતગ્રહણી લિપિ.

લલિતવિસ્તરની આ ૬૪ લિપિઓની યાદી બૌદ્ધ જ્ઞાનકોશ ફાન–યુવન–ચુ–લિન (ઈ. સ. ૬૬૪)માં પણ મળે છે.

## લિપિઓને લગતી અનુશ્રુતિઓની ઐતિહાસિકતા :

ઉપર્યુક્ત જૈન અને બૌદ્ધ ગ્રંથોમાં નિરૂપાયેલી લિપિઓનું પૃથક્કરણ કરતાં એમ જણાય છે કે એમાંની કેટલીક ભારતીય, બીજી કેટલીક વિદેશી અને કેટલીક ખુલાસો આપી ન શકાય તેવી અસ્પષ્ટ લિપિઓ છે. આમાંની બ્રાહ્મી અને ખરોષ્ઠી તરીકે ઉલ્લેખાયેલી લિપિઓની ઓળખ માટે ચીની જ્ઞાનકોશની નોંધ કેટલાંક મહત્ત્વનાં સૂચન કરે છે. એમાં પણ લલિતવિસ્તરમાં આપેલી યાદીની માફક ક્રમમાં બ્રાહ્મીને પ્રથમ અને ખરોષ્ઠીને બીજે નંબરે મૂકવામાં આવી છે. આ ગ્રંથમાં ત્રણ મુખ્ય પ્રચલિત લિપિઓના વર્ણનમાં લખ્યું છે કે લખવાની કળાની શોધ દૈવીશક્તિવાળા ત્રણ આચાર્યોએ કરી. તેમાં અતિપ્રસિદ્ધ એવા ફાન (બ્રહ્મા) નામના આચાર્યે ડાબેથી જમણી તરફ વંચાતી બ્રાહ્મી લિપિ રચી, કિઅ-લુ (ખરોષ્ઠ) નામના આચાર્યે જમણેથી ડાબી તરફ વંચાતી ખરોષ્ઠી લિપિ બનાવી અને ત્સં-કી નામના આચાર્યે ઉપરથી નીચે તરફ વંચાતી ચીની લિપિ બનાવી. બ્રહ્મા અને ખરોષ્ઠ ભારતમાં થયા અને ત્સં-કી ચીનમાં. (ઈન્ડિયન ઍન્ટિક્વરી, પુ. ૩૪, પૃ. ૨૧).

અશોકના અભિલેખોમાં બે ભિન્ન લિપિઓ પ્રયોજાઈ છે. પશ્ચિમોત્તર ભારતની લિપિમાંના લેખોની પંક્તિઓ જમણેથી ડાબી તરફ લખાઈ છે, જ્યારે ભારતના બીજા બધા પ્રદેશોમાંના લેખોની પંક્તિઓ ડાબેથી જમણી તરફ લખાઈ છે. ઉપરના ચીની જ્ઞાનકોશના સંદર્ભમાં અશોકના લેખોની લિપિઓને જોતાં ડાબેથી જમણી તરફ લખાતી તે બંભી કે બ્રાહ્મી અને જમણેથી ડાબી તરફ લખાયેલી ખરોષ્ઠી અથવા ખરોટ્ટી લિપિ હોવાનું સ્પષ્ટ થાય છે.

ઉપર્યુક્ત, સૂચિઓમાં બ્રાહ્મીનું નામ સર્વપ્રથમ મૂકવામાં આવેલું હોઈને તે બધી લિપિઓમાં સૌથી વધુ પ્રચલિત હોવાનું સૂચિત થાય છે; અને અશોકના લેખોમાં તેનો થયેલો વિપુલ પ્રયોગ પુરવાર કરે છે કે દેશના વિશાળ ભાગમાં વ્યાપકપણે એ લિપિ જ પ્રયોજાતી હતી. આ કારણે જૈનો તેમ જ બૌદ્ધોના પ્રાચીન ગ્રંથો પણ તેમાં લખાવા લાગ્યા અને એથી તેમણે લિપિઓની નામાવલિમાં તેને પ્રથમ સ્થાન આપ્યું.

આમ બ્રાહ્મી અને ખરોષ્ઠી ભારતની ઐતિહાસિક લિપિઓ હતી. તદુપરાંત ઉપરની સૂચિઓમાં આવતી બીજી કેટલીક લિપિઓની ઐતિહાસિકતા અંગે અનુમાનો થયાં છે.

દક્ષિણમાં કૃષ્ણા જિલ્લામાંથી મળી આવેલા ભટ્ટિપ્રોળુના અવશેષોમાંથી લખાણ પ્રાપ્ત થયાં છે. આ લખાણોનો સમય અશોકના લેખોની લિપિના સમય (ઈ.પૂ. ત્રીજી શતાબ્દી) કરતાં બહુ પાછળનો નથી. આ લખાણોની લિપિ અશોકના લેખોની બ્રાહ્મી લિપિ સાથે ઘણે અંશે સામ્ય ધરાવે છે, છતાં અમુક અંશે તે ભિન્ન પણ પડે છે. આ પ્રાપ્ત લેખોનું સ્થાન દ્રવિડ દેશના કૃષ્ણા જિલ્લામાં હોવાથી એવું અનુમાન છે કે ઉપરની સૂચિઓમાંની "દ્રાવિડ" અથવા "દ્રવિડી" કે "દામિલિવી" તે આ લિપિ હોવી જોઈએ. (ઓઝા, ભારતીય લિપિમાલા, પૃ. ૪૨).

જૈન સૂચિઓમાં આવતી "જવણાલિયા" અર્થાત્ "યવનો કે ગ્રીકોની લિપિ"ના સંદર્ભમાં સમજી શકાય. ભારતમાં ગ્રીક લિપિ ઈ.પૂ. ૧૯૫૮માં મળેલા અશોકના કંદહાર શૈલ-લેખોમાં જોવા મળે છે. વળી ભારતીય-બાહ્લિક-યવનો અને તેમનું અનુકરણ કરીને ભારતીય-પહ્લવો, ભારતીય-શકો અને કુષાણોના સિક્કાલેખોમાં ગ્રીક લિપિનો પ્રયોગ થયેલો નજરે પડે છે. આથી ભારતના પશ્ચિમોત્તર પ્રદેશમાં ખરોષ્ઠી લિપિની માફક એક સમયે ગ્રીક લિપિ પણ જાણીતી હતી એમ કહી શકાય.

આજે તો ઉપરની જૈન અને બૌદ્ધ ગ્રન્થોમાં મળતી લિપિઓની સૂચિઓમાંથી બ્રાહ્મી, ખરોષ્ઠી, યવન લિપિ (ગ્રીક લિપિ) અને દ્રાવિડી લિપિના અભિલેખો મળ્યા છે; એટલે તેમની ઐતિહાસિકતા સુનિશ્ચિત બની છે, જ્યારે બાકીની લિપિઓની ઐતિહાસિકતા અંગે કેટલીક અટકળો થઈ છે, પરંતુ તેમનાં લિખિત પ્રમાણો ઉપલબ્ધ થતાં નથી, એટલે તેમનાં વિશે કશું નિશ્ચિત કહી શકાતું નથી.

લલિતવિસ્તરની સૂચિમાં જણાવેલી ૬૪ લિપિઓમાં અંગ લિપિ, વંગ લિપિ; મગધ લિપિ, દ્રાવિડી લિપિ કનારિ લિપિ, દક્ષિણ લિપિ, અપરગોડાની લિપિ વગેરેનો જે અલગ ઉલ્લેખ થયો છે તે એમ સૂચવે છે કે પ્રાચીન કાળથી દક્ષિણ અને પૂર્વીય ભારતની લિપિઓમાં પ્રાદેશિક ધોરણે રૂપાંતરો થવા લાગ્યાં હતાં, અને લિપિવિદ્યાનો ઇતિહાસ તપાસતાં આ બાબત સ્પષ્ટ જણાય છે કે લલિતવિસ્તરના સમયે (ઈ. સ.ની બીજી-ત્રીજી શતાબ્દીમાં) અશોકના સમયની બ્રાહ્મી લિપિના સ્વરૂપમાં ઠીક ઠીક રૂપાંતરો થતાં ગયાં હતાં, એટલું જ નહિ ઈ. સ.ની ત્રીજી શતાબ્દીમાં તો એ રૂપાંતરો પ્રાદેશિક ધોરણે અલગ તારવી શકાય એવાં સ્પષ્ટ બન્યાં હતાં.

ઉપરની જૈન–બૌદ્ધ સૂચિઓમાં જણાવેલી લિપિઓ ઉપરાંત અનુકાલમાં લિપિઓ અંગે કેટલીક માહિતી મળે છે, જેમાં મહત્ત્વના દસ્તાવેજ જેવી અલ્બેરુની એ આપેલી માહિતી છે. અલ્બેરુનીએ (ઈ. સ. ૧૦૩૦ના અરસામાં) તત્કાલીન પ્રચલિત લિપિઓનો ઉલ્લેખ કર્યો છે, જેના પરથી અગિયારમી સદીમાં ભારતના જે તે પ્રદેશમાં પ્રચલિત લિપિનાં નામ મળે છે. તે લખે છે (અલ્બેરુનીઝ ઇન્ડિયા, પુ. ૧, પૃ. ૧૭૩) કે કાશ્મીર, બનારસ અને કનોજ પ્રદેશોમાં સિદ્ધમાતૃકા (૧) પ્રયોજાતી હતી; માળવામાં નાગરી (૨)નો પ્રયોગ થતો હતો; અર્ધનાગરી, માલવારી અને સૈંધવી (૩-૫) સિંધમાં પ્રયોજાતી હતી; કર્ણાટ, આન્ધ્રી, દ્રાવિડી અને લારી (૬-૯) અનુક્રમે કન્નડ, આન્ધ્ર, દ્રાવિડ અને લાટ દેશોમાં પ્રયોજાતી હતી; પૂર્વદેશમાં ગૌડી (લિપિ (૧૦) પ્રયોજાતી હતી અને ભૈક્ષુકી (બૌદ્ધ ભિક્ષુઓની લિપિ) (૧૧) પૂર્વદેશના ઉદ્દુનપુર (સંભવતઃ પટના જિલ્લાનું ઉદ્દંડપુર)માં પ્રયોજાતી.

અલબેરુનીની આ અગિયાર લિપિઓની યાદીમાં નાગરી લિપિનું નામ મળે છે, એ નાગરી લિપિના નામનો સૌપ્રથમનો સ્પષ્ટ ઉલ્લેખ છે. એટલે માળવામાં અર્વાચીન નાગરીનું આદ્ય-નાગરી સ્વરૂપ ઘડાવા લાગ્યું હતું, એટલું જ નહિ એ સ્વરૂપ નાગરી લિપિનું નામકરણ પણ પામ્યું હતું એમ આ ઉલ્લેખ પરથી કહી શકાય. અલબેરુનીએ લાટમાં લારી લિપિ પ્રયોજાતી હોવાનું જણાવ્યું છે. એ વખતે "લાટ" શબ્દ દક્ષિણ ગુજરાતના પ્રદેશ પૂરતો પ્રયોજાતો હતો અને ત્યાં પ્રયોજાતી લિપિ લાટ લિપિને નામે જાણીતી હશે. વિશેષાવશ્યક ભાષ્ય પરની આ અરસામાં લખાયેલી ટીકામાં જે ૧૮ લિપિઓની યાદી (ગાથા ૬૪માં) આપેલી છે તેમાં લાટ લિપિનો ઉલ્લેખ છે જે આ બાબતમાં પ્રમાણપુષ્ટિ આપે છે.

લિપિઓ અંગે બીજા છૂટાછવાયા ઉલ્લેખો મળે છે, પરંતુ આવી લિપિઓ અનુકાલીન હોઈને તેમ જ તેમનામાંની કેટલીક તો નાગરીના વર્ણ-પરિવર્તનથી કે અંકચિહ્નોની મદદથી[1] કે કોઈ વિલક્ષણ રીતે[2] લખવાને કારણે ઉદ્ભવી હોય છે, તેથી લિપિવિદ્યામાં વૈચિત્ર્યવર્ધક ઉમેરા સિવાય તેમની ખાસ મહત્તા ગણાતી નથી.

આજે તો જૈન અને બૌદ્ધ ગ્રન્થોમાં મળતી લિપિઓની સૂચિઓમાંથી બ્રાહ્મી, ખરોષ્ઠી, ગ્રીક લિપિ અને દ્રાવિડ લિપિના અભિલેખો મળ્યા છે. ઉપરાંત ઉપરની સૂચિઓમાં જેમનો સમાવેશ થયો નથી એવી બે લિપિઓના અભિલેખો ઉપલબ્ધ થયા છે. એક તો હડપ્પીય સંસ્કૃતિના સ્થાનોમાં પ્રચલિત લિપિ (હડપ્પીય લિપિ) અને બીજી અશોકના કંદહાર લેખમાં પ્રયોજાયેલી આરામાઈક લિપિ. ભારતમાં પ્રયોજાયેલી આ ૬ પ્રાચીન લિપિઓનાં લક્ષણો ટૂંકમાં તપાસી બ્રાહ્મી લિપિનું (એમની વચ્ચે) સ્થાન તથા મહત્ત્વ તારવીએ.

---

૧ સહદેવી, મૂલદેવી, ઔષધપલ્લવી, દાતાસી વગેરે લિપિઓ આવા પ્રકારની લિપિઓ છે, જેમનું સ્વરૂપ મુનિશ્રી પુણ્યવિજયજીએ "જૈન-શ્રમણ સંસ્કૃતિ અને લેખનકલા" નામના બૃહદ્ લેખમાં (પૃ. ૬–૯ પરની પાદટીપો) સમજાવ્યું છે.

૨ પાણી છાંટતાં જ વ્યક્ત થાય એવી "ગુપ્ત લિપિ" "ખોજકી પગદંડિયાં"માં મુનિશ્રી કાંતિસાગરે વર્ણવી છે.

બ્રાહ્મી લિપિનાં (સર્વકાલીન સ્વરૂપોનાં) મહત્ત્વનાં લક્ષણો આ પ્રમાણે છે :—(૧) તે માત્ર ડાબેથી જમણે લખાય છે. (૨) તેનો પ્રત્યેક અક્ષર ધ્વન્યાત્મક સંકેત છે. અર્થાત્ જેવું બોલાય છે તેવું લખાય છે અને જેવું લખાય છે તેવું જ વંચાય છે. (૩) તેમાં સ્વરો અને વ્યંજનોનાં ૬૩ કે ૬૪ ચિહ્નો છે.[3] (૪) સ્વરોમાં હ્રસ્વ, દીર્ઘ, અનુસ્વાર, વિસર્ગ માટે અલગ અલગ ચિહ્નો છે. (૫) સંસ્કૃત ભાષાશાસ્ત્રમાં સ્વરો અને વ્યંજનો ઉચ્ચારણનાં સ્થાનો અનુસાર વૈજ્ઞાનિક ક્રમથી ગોઠવાયા છે અને લિપિના સંજ્ઞાવર્ણો પણ સમય જતાં ભાષાના એ ધ્વનિવર્ણોના ક્રમ અનુસાર ગોઠવાયા છે. (૬) વ્યંજનોની સાથે સ્વરોનો સંયોગ અંતઃસ્થ સ્વરચિહ્નો દ્વારા વ્યક્ત કરવામાં આવે છે. (૭) બધા જ વ્યંજનોમાં अ સમાયેલો છે.

ખરોષ્ઠી લિપિનાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે છે: (૧) આ લિપિના લેખનની દિશા જમણેથી ડાબી તરફની છે. (૨) આ, ઈ, ઊ, ઋ, ઐ અને ઔ એ સ્વરો તેમ જ તેમનાં અંતઃસ્થ સ્વરચિહ્નો (માત્રાઓ)નો સર્વથા અભાવ છે. (૩) સ્વરોમાં તેમ જ તેમનાં અંતઃસ્થ સ્વરચિહ્નોમાં હ્રસ્વ-દીર્ઘનો ભેદ નથી. (૪) આમાં પાંચ પ્રકારના અનુનાસિકો નથી. (૫) સંયુક્ત વ્યંજનોનાં અલગ અલગ રૂપ એવાં વિલક્ષણ મળે છે કે જેથી તેમનું પઠન સંશયયુક્ત રહે છે.

ભટ્ટિપ્રોળુનાં પાષાણપાત્રો પર ઉત્કીર્ણ ૯ લેખોની લિપિમાં દ્રાવિડી લિપિનાં બે મુખ્ય લક્ષણો જણાઈ આવે છે: (૧) આ લિપિના ઘ, દ, ભ, મ, લ, ષ અને ળ આ સાત અક્ષરોના મરોડ બ્રાહ્મી લિપિના તે અક્ષરોના મરોડ કરતાં ભિન્ન છે. (૨) પ્રત્યેક વ્યંજન જ્યારે સ્વરોની માત્રાથી રહિત હોય છે ત્યારે તેની સાથે જમણી તરફ એક આડી રેખા જોડવામાં આવેલી હોય છે. આ રેખા સામાન્ય રીતે વ્યંજનના અગ્રભાગ સાથે જોડાયેલી રહે છે, છતાં ક્વચિત નીચેની તરફ અને મધ્યમાં પણ જોડાતી જોવા મળે છે.[4]

ભારતમાં આદ્ય-ઐતિહાસિક કાલના હડપ્પીય સંસ્કૃતિના અવશેષો ઉપલબ્ધ થયા છે. તેમાંની મુદ્રાઓ, મુદ્રાંકો અને પટ્ટિકાઓ પર કોઈક પ્રકારનું લખાણ છે, જેને ઉકેલવા ઘણા પ્રયાસો થયા છે, પરંતુ હજી એમાં સફળતા મળી નથી. છતાં આ પ્રયાસોને લઈને આ હડપ્પીય લિપિનાં કેટલાંક તરી આવતાં લક્ષણો હાથ લાગ્યાં છે તે આ પ્રમાણે છે: (૧) હડપ્પીય સંસ્કૃતિના લેખો ઉભયાભિમુખ લખાય છે. અર્થાત લખાણની પહેલી લીટી જમણી બાજુથી ડાબી બાજુ લખાતી અને બીજી લીટીનું લખાણ ડાબી બાજુએથી જમણી બાજુ તરફ થતું. વળી ત્રીજી લીટીનું લખાણ જમણી બાજુએથી શરૂ થતું. આમ ક્રમ વારાફરતી જમણીથી ડાબી ને ડાબીથી જમણી બાજુ તરફ ચાલુ રહે એ રીતે લખવામાં આવતું.

---

૩ અત્યારની વર્ણમાલા મુખ્યત્વે ૪૮ વર્ણોની બનેલી છે. વૈદિક કાળમાં ઉચ્ચારણસૂચક ધ્વનિસંકેતો ૬૩ કે ૬૪ પ્રયોજાતા.

૪ જુઓ ઓઝા, ભારતીય લિપિમાળા, લિપિપત્ર ૪થું, અને વિગતો માટે જુઓ એજન, પૃ. ૫૨.

(૨) હડપ્પા સંસ્કૃતિનાં જુદાં જુદાં થરોમાંથી ઉપલબ્ધ થતાં લખાણોમાં અક્ષરોનો મરોડ લગભગ એકસરખો જણાય છે. એ અક્ષર–ચિહ્નોમાં કેટલાક મૂળાક્ષરો, કેટલાક અંતઃસ્થ સ્વરચિહ્નો જોડીને સાધિત થયેલા મૂળાક્ષરો તેમ જ કેટલાક સંયુક્તાક્ષરો હોવાનું જણાય છે. પ્રસિદ્ધ પુરાવિદ હંટરની સંકલના મુજબ સંયુક્તાક્ષરો ન હોય એવા અક્ષરોની કુલ સંખ્યા ૨૩૪ની છે, જેમાં મૂળાક્ષરોની સંખ્યા ૧૦૨ છે.[૫] (૩) અંતઃસ્થ સ્વરચિહ્નો નાનીશી ઊભી કે ત્રાંસી રેખાના આકારે અક્ષરની ટોચની ડાબી બાજુએ ગોઠવવામાં આવે છે. આ યુક્ત ચિહ્નવાળા સાધિત અક્ષરોની પદ્ધતિ બ્રાહ્મીમાં પણ જોવા મળે છે. (૪) સંયુક્તાક્ષરોમાં સ્પષ્ટતઃ બે ભિન્ન મૂળાક્ષરો જોડેલા નજરે પડે છે. (૫) આ લિપિ અક્ષરોની ઘણી મોટી સંખ્યા ધરાવે છે, એથી એ વર્ણલિપિ તો નથી જ. એમાંના કેટલાક અક્ષરોનું મૂળ સ્વરૂપ ચિત્રાત્મક કે ભાવનાત્મક લાગે છે, છતાં એમાં મુખ્ય પ્રમાણ ધ્વનિલિપિ કે શ્રુતલિપિનું રહેલું જણાય છે.

ભારતના પશ્ચિમોત્તર પ્રદેશમાં જે બે વિદેશી લિપિઓ અમુક સમય દરમિયાન પ્રયોજાતી હતી એમાંની ગ્રીક લિપિનાં લક્ષણો નીચે મુજબ છે :—

(૧) ઈ. પૂ. સાતમી શતાબ્દીની આસપાસ ફીનિશિયન લિપિમાંથી ગ્રીક અક્ષરો બન્યા. પ્રારંભમાં તે લિપિ જમણેથી ડાબે લખાતી હતી, પરંતુ પાછળથી તે ડાબેથી જમણી દિશામાં લખાવા લાગી. ફીનિશિયન હે, વાવ્, કાફ્ અને રેશ્-માંથી ગ્રીકલિપિમાં ઉદ્ભવેલા ચાર અક્ષરો એપ્સિલન્, વાઓ, કપ્પા અને હ્રોં-નાં સ્વરૂપ બદલાઈ ગયાં છે તે આ બાબતનાં સૂચક છે. (૨) ગ્રીકોએ ફીનિશિયન લેખનના વ્યંજનાત્મક અક્ષરસંકેતોને સ્વરધ્વનિ તરીકે અપનાવી લીધા. આ રીતે કંઠમૂલીયસ્પર્શ A, સ્વરતંત્રીય સંઘર્ષી O અને યકારદર્શક I આ ત્રણેય સ્વર-યુક્ત વર્ણોને ગ્રીકોએ તેમના વર્તમાન ધ્વનિમૂલ્યવાળા સ્વરો બનાવી દીધા. આવી જ રીતે તેમણે સેમિટિક "વાન્"ના એક રૂપ પરથી U માટેની સંજ્ઞા શોધી તેમ જ સેમિટિક હેથ્ માંથી E અને હ્રસ્વ Oમાં રૂપાંતર કરીને Ω (દીર્ઘ O) બનાવ્યો. (૩) સંસ્કૃતની માફક વ્યંજન સાથે સ્વરોને જોડીને અક્ષર દર્શાવાયો, જેમ કે TA, TO, TI વગેરે; પરંતુ એ સ્વર ચિહ્નને વ્યંજન ચિહ્ન પછી અલગ મૂકવામાં આવતું. અંતઃસ્થ સ્વરચિહ્ન પ્રયોજાતાં નહિ. (૪) ગ્રીક-લિપિમાં C એ K તેમ જ G એ બંને ધ્વનિઓ દર્શાવતો F એ W નો ધ્વનિ દર્શાવતો અને Y, V અને U એ ત્રણેય ગ્રીક U નાં રૂપાંતરો હતાં. (૫) ગ્રીકોએ વર્તમાન અંગ્રેજી લિપિનાં કુલ ૨૬ મૂળાક્ષરો પૈકીના ૨૨ અક્ષર વિકસાવ્યા હતા. માત્ર તેમાં સ્વરોનાં કાલમાન–હ્રસ્વદીર્ઘનો ભેદ આરંભમાં જોવા મળતો નથી. પાછળથી ગ્રીકોએ બે પ્રકારના સ્વરાઘાત માટેનાં ચિહ્નો તેમ જ વિરામચિહ્નો પ્રયોજ્યાં હતાં.

ઈ. પૂ. છઠ્ઠી શતાબ્દીમાં ઈરાની બાદશાહ આઈરસે ભારતનો ગાંધાર પ્રદેશ જીત્યો ત્યારથી ઈરાનની રાજકીય લિપિ એવી આરામાઈક લિપિનો ભારતમાં પ્રવેશ થયો. આ લિપિ ગ્રીક-લિપિની અપેક્ષાએ ઘણી ઓછી પ્રચલિત હતી, છતાં એની અસર નીચે ખરોષ્ઠી જેવી ખાસ કરીને મધ્ય એશિયાની ઘણીખરી લિપિઓ ઉદ્ભવ પામી છે. અશોકના કંદહાર લેખમાં આ

---

૫ હંટર, સ્ક્રિપ્ટ ઑફ હડપ્પા એન્ડ મોહેં-જો-દડો એન્ડ ઈટ્સ કનેક્સન વિથ અધર સ્ક્રિપ્ટ્સ, કોષ્ટક ૧–૧૦૨.

લિપિમાં લખાયેલો લાંબો લેખ પ્રાપ્ત થયો છે. આ લિપિનાં લક્ષણો આ પ્રમાણે છે:— (૧) લિપિ જમણેથી ડાબે લખાય છે. (૨) તેમાં ફક્ત ૨૨ અક્ષરો છે. સ્વરો અપૂર્ણ છે. હ્રસ્વ-દીર્ઘનો એમાં ભેદ નથી. વળી સ્વરોનાં અંતઃસ્થ સ્વરચિહ્નોનો સર્વથા અભાવ છે. (૩) અન્ત્ય અ (અલેફ)નું પ્રાધાન્ય છે. આને લઈને ભારતીય કક્કાના વ્યંજનોમાં અંતર્ગત રહેલો અ એ આરામાઈક અસરનો સૂચક હોવાનું કેટલાક વિદ્વાનોનું[૬] મંતવ્ય છે. (૪) ફીનિશિયન લિપિના ત્વરિત લેખનથી ખૂણાઓ ગોળ મરોડવાળા બન્યા અને અક્ષરોનાં સ્થૂલ મથાળાં બનતાં હતાં તે દૂર થતાં આરામાઈક અક્ષરો બન્યા. અક્ષરોના છેડાઓ આને લઈને થોડાક વાંકા પણ બન્યા.

ભારતની આ પ્રાપ્ત લખાણોવાળી ૬ લિપિઓમાંથી ગ્રીક અને આરામાઈક વિદેશી લિપિઓ હતી. ભારતમાંથી ગ્રીક અને ઈરાની સત્તાઓ ઓછી થતાં આ લિપિઓનો પ્રયોગ લુપ્ત થયો. આરામાઈક અસરતળે ઉછરેલી ખરોષ્ઠી લિપિ એ બન્ને લિપિઓની અપેક્ષાએ ભારતના પશ્ચિમોત્તર પ્રદેશમાં સવિશેષ પ્રચલિત રહી, પરંતુ આ ભારતીય લિપિ પણ બહુ લાંબો સમય સુધી ટકી શકી નહિ. ખરોષ્ઠી લિપિનાં લક્ષણો જોતાં જણાય છે કે એની કેટલીક મર્યાદાઓને લઈને એમાં પ્રાકૃત લખાણો લખાતાં, પરંતુ સંસ્કૃત લખાણ લખી શકાતાં નહિ; કેમ કે સંસ્કૃત વર્ણ-માલાની કેટલીક જરૂરિયાતો તે પૂરી પાડી શકતી નહિ. વળી ઈરાની સામ્રાજ્યના શાસનકાળ દરમિયાન મુખ્યતઃ પશ્ચિમોત્તર ભારતમાં પ્રચલિત થઈ હતી ને એ વિદેશી શાસનનો અંત આવતાં એની વહીવટી મહત્તા રહી નહિ. આથી આ લિપિ પછી ધીમે ધીમે કરીને સમૂળી લુપ્ત થઈ ગઈ.

હડપ્પીય લિપિનું યથાર્થ પઠન હજી શક્ય બન્યું નથી, પરંતુ એને માટે જે પ્રયાસો થયા છે એમાંથી જાણવા મળતાં આ લિપિનાં લક્ષણો બ્રાહ્મી લિપિ સાથે અમુક અંશે મળતાં આવે છે. દા. ત. બ્રાહ્મીની જેમ યુક્ત ચિહ્નવાળા સાધિત અક્ષરોની પદ્ધતિ આ લિપિમાં પણ રહેલી જણાય છે. એ પરથી આ બન્ને લિપિઓ વચ્ચે કંઈક દૂર દૂરનો ય સંબંધ હોવાનું સંભવિત જણાયું છે, પરંતુ આ બે લિપિઓના સમયની વચ્ચે ઘણો મોટો ગાળો રહેલો હોવાથી એમની વચ્ચે કંઈ સંબંધ રહેલો હોય તોપણ આટલા લાંબા ગાળામાં એમાં ઘણું પરિવર્તન થઈ ગયું હોય એ સ્વાભાવિક છે. આથી આ લાંબા ગાળા દરમિયાનમાં કંઈ લખાણો મળે નહિ ત્યાં સુધી આ બાબતમાં નિશ્ચિત કહી શકાય એમ નથી.

ઉત્તર ભારતમાં સ્પષ્ટતઃ આર્યોના નિવાસ સાથે સંકળાયેલાં હસ્તિનાપુર જેવાં પ્રાચીન નગરોનું જે થોડુંઘણું ખોદકામ થયું છે તેમાં હજી સુધી પ્રાગમૌર્યકાલનાં કોઈ લખાણ ભાગ્યે જ મળ્યાં છે. વેદ-સાહિત્યમાં પ્રતિબિંબિત થતી સંસ્કૃતિ પરથી એ પ્રાચીન નગરોમાં વસેલા આર્યો પાસે લેખનકલા હોવી જોઈએ એવું સ્પષ્ટ જણાય છે. તેથી ભવિષ્યનાં સંશોધનમાં હડપ્પાકાલ અને મૌર્યકાલ વચ્ચેના ગાળાનાં લખાણ મળે ત્યારે એનો એક બાજુ હડપ્પીય લિપિ સાથેનો અને બીજી બાજુ મૌર્યકાલીન બ્રાહ્મી લિપિ સાથેનો સંબંધ જાણી શકાશે.

પ્રાચીન ભારતમાં પ્રચલિત લિપિઓમાંથી માત્ર બ્રાહ્મી લિપિ પોતાનાં મૂળ ઊંડાં કરી શકી.

---

૬ જુઓ ડિરિંજર, ધી આલ્ફાબેટ, પૃ. ૩૨૬.

ભારતમાં વપરાયેલી એ બધી પ્રાચીન લિપિઓમાં બ્રાહ્મી જ સૌથી વધુ પ્રચલિત અને વ્યાપક હતી. બીજા શબ્દોમાં કહીએ તો બ્રાહ્મી એ પ્રાચીન ભારતની રાષ્ટ્રલિપિ હતી. આ પદ પ્રાપ્ત કરવાનું માન સંસ્કૃત જેવી વર્ણસમૃદ્ધ ભાષાને વહન કરવામાં રહેલી એની ક્ષમતાને લઈને મળ્યું હતું. આથી ધર્મગ્રંથોમાં આપેલી યાદીઓમાં એનું નામ સૌથી પહેલું આપવામાં આવ્યું છે. જૈન ગ્રંથ ભગવતી સૂત્રના આરંભમાં (સૂત્ર ૨માં) બંભીલિપિને નમન કરવામાં આવ્યું છે તે આ સંદર્ભમાં તદ્દન સ્વાભાવિક છે.

કાળબળે બ્રાહ્મી સિવાયની બધી લિપિઓ ભારતમાંથી અસ્ત થઈ; અને આજે જેમ સંસ્કૃત ગ્રંથોના લેખન તથા મુદ્રણમાં ભારતના કેટલાક ભિન્ન ભિન્ન પ્રદેશોની જુદી જુદી લિપિઓનું સ્થાન મહદંશે નાગરી લિપિએ લઈ લીધું છે, તેમ પ્રાચીન ભારતની અન્ય લિપિઓનું સ્થાન અશોકના સમયની બ્રાહ્મીએ લઈ લીધું જણાય છે. અશોકના સમયે બ્રાહ્મી લિપિ સમગ્ર ભારતમાં લગભગ એક સ્વરૂપે પ્રયોજાતી હતી. સમય જતાં ભારતના જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી રીતે ક્રમિક રૂપાંતરો પામતી બ્રાહ્મી લિપિ નાગરી, ગુજરાતી, બંગાળી, તામિલ વગેરે અર્વાચીન લિપિઓ રૂપે ભારતમાં અદ્યાપિ પ્રચલિત રહી છે. મુસ્લિમ શાસન મારફતે ફારસી-અરબીમાંથી ઘડાએલી ઉર્દૂ લિપિનો એક માત્ર અપવાદ બાદ કરતાં ભારતની બધી વર્તમાન લિપિઓ બ્રાહ્મીમાંથી ઊતરી આવી છે.

# ચરકસંહિતાનાં બે પાત્રો (भृङ्गार, प्रतिग्रह)

**બાપાલાલ ગ. વૈદ્ય**

ચરકસંહિતાના उपकल्पनीय अध्याय (સૂત્રસ્થાન, અ. ૧૫)માં વમન વિરેચન આપવાની હૉસ્પિટલ અને તેમાં રાખવાનાં સાધનો વગેરેની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. એમાં અનેક પ્રકારનાં સાધનો આપેલાં છે. એ વિષે કોઈ વખત લંબાણથી લખવાની ઇચ્છા છે. આજે તો ફક્ત એમાં આવતાં થોડાં દ્રવ્યોના સંસ્કૃત શબ્દો ઉપર જ ઉહાપોહ કરવો છે.

'चोपन्यस्तभृङ्गारप्रतिग्रहाणि'

ટીકાકાર ગંગાધર भृङ्गारની માહિતી આ પ્રમાણે આપે છે:

भृङ्गारो नालमुखजलपात्रविशेषः ।

આજે આપણે '**કળવો**' જેને કહીએ છીએ એ નાળચાવાળો તાંબાનો લોટો. વૈષ્ણવો ઊંચે ડોક પાણી પીવા માટે તેમ જ લોટાને સ્પર્શ કર્યા વિના હાથ ધોવામાં એનો ઉપયોગ કરે છે. વૈષ્ણવ મંદિરોમાં આવા કળવા હોય છે. પ્રત્યેક વૈષ્ણવોના ઘેર પણ આવા કળવા જોવામાં આવે છે. વૈષ્ણવ ઠાકોરજીની પૂજામાં વપરાતાં અનેક નાનાંમોટાં ચાંદીનાં વાસણોમાં આ જાતનું નાળચું લગાવેલું હોય છે જ. આ **ભૃંગાર** શબ્દ "સંસ્કૃત-હિંદી-કોશ" (આપ્ટે)માં નીચે મુજબ અર્થો આપેલા છે:—

૧ સોનાનો કળશ યા ઘડો. भृङ्गનો અર્થ સોનાનો કળશ થાય છે.

૨ વિશેષ પ્રકારનો કલશ*—ઝારી.

शिशिरसुरभिसलिलपूर्णोऽयं भृङ्गारः । (वेणीसंहार ६-३)

૩ રાજ્યાભિષેક વખતે વપરાતો ઘડો.

હવે प्रतिग्रह લઈએ. ગંગાધર કવિરાજ આવો અર્થ કરે છે:—'प्रतिग्रहः निष्ठीविकादिक्षेपणपात्रम् ।' થૂંક નાંખવાનું પાત્ર—ગુજરાતીમાં **પીકદાની** કહીએ છીએ તે. હિંદીમાં पीकदान શબ્દ છે. સંસ્કૃતમાં આ માટે બીજો શબ્દ છે पतद्ग्रह. ચરકટીકાકાર ચક્રપાણિદત્ત કહે છે, प्रतिगृह्णन्तीति प्रतिग्रहाः पतद्ग्रहाः ।'

---

* દક્ષિણ ભારતમાં ત્રિચુરમાંથી મેં એક પંચધાતુનો મોટા નાળચાવાળો લોટો ખરીદ્યો છે જે વજનમાં ખૂબ ભારે છે અને સુંદર છે. અર્થાત્ એ તરફ આવા કળવા વપરાતા હશે. આવા કળવા જેવા લોટાઓ સંબંધી વિશેષ માહિતી મળે તો સંઘરવા જેવી ખરી.

અમરકોશ ( मनुष्यवर्ग श्लोक १३९ )માં प्रतिग्राहः पतद्ग्रहः । છે. ટીકાકાર ભાનુજી દીક્ષિત કહે છે, 'द्वे पीकदानी इति ख्यातायाः ।' અર્થાત્ પીકદાની શબ્દ ઘણા વખતથી પ્રચલિત છે (ભા. દી.નો સમય ઈ. સ. ૧૬૩૦) (અમરકોષ સમય ઈ. સ. ૫૦૦થી ૮૦૦) लिङ्गादिसंग्रह-वर्गમાં પણ पतद्ग्रह છે. ભા. દીક્ષિત કહે છે:—

"पततः ताम्बूलादेः ग्रहः । पीकदान इति ख्यातः ।

પીકદાનીનો જૂનામાં જૂનો ઉલ્લેખ વિનયપિટકના મહાવગ્ગમાંથી મળે છે. એમાં पतिग्गह શબ્દ છે. જીવક કોમારભચ્ચની કથામાં આ શબ્દ આવે છે. જીવકે શેઠાણીના નાકમાં દવાઓથી સિદ્ધ કરેલા ઘીનું નસ્ય આપ્યું. એ ઘી નાકમાં ન જતાં મોંમાં ગયું અને શેઠાણીનાં મોંમાં આવ્યું કે તે પોતાની દાસીને પીકદાની લાવવા—ધરવા કહે છે. ૨,૦૦૦ વર્ષ પહેલાં આ પ્રથમ ઉલ્લેખ મળે છે.

વાત્સ્યાયન કામસૂત્રમાં પણ पतद्ग्रह છે. તામ્બૂલ ખાવાના ચાલ સાથે પીકદાની આવી લાગે છે. તામ્બૂલ ખાઈને થૂંકનારા પીકદાનીમાં થૂંકે છે. જો આ સાધન ન હોત તો પાન ખાનારા જ્યાં ને ત્યાં થૂંકી રસ્તા, ઘર, કપડાં બધું જ બગાડી મૂકત. આથી તો ભટ્ટોજી દીક્ષિતના શિષ્ય વરદરાજે એમની "गीर्वाणपदमंजरी"માં કહ્યું છે કે 'सर्वेषां देशे पथि ताम्बूलभक्षणं दुराचारः ।' તાંબૂલ ખાઈને રસ્તામાં થૂંકવાને "દુરાચાર" કહ્યો છે. પીકદાનીએ આ દુરાચાર દૂર કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

શ્રીહર્ષના 'नैषधचरित'માં નલરાજા જ્યારે પરણીને ગયા ત્યારે દમયન્તીના પિતાએ એમને માણેકની પીકદાની ભેટ આપી હતી. તે વખતે માણેક, પથ્થર, ધાતુઓની પીકદાની થતી હશે એમ લાગે છે. નૈષધ સર્ગ ૧૬, શ્લોક ૨૭-૨૮. 'तमेकमाणिक्यमयं महोन्नतं पतद्ग्रहं ग्राहितवान्नलेन सः ।' માણેકની અને મોટી ઊંચી એવી પીકદાનીનું અહીં વર્ણન છે.

હર્ષચરિતમાં બાણ (ઉચ્છ્વાસ-૭) "कृष्णकठिनस्कन्धगुरुलगुडैः गृहीतसुवर्णपादपीठीपर्यङ्क करङ्क कलश पतद्ग्रहावग्राहैः ।"

સુવર્ણ પાદપીઠ—આજની ટીપોઈ સોનાનું Foot-stool.

કરંક—તામ્બૂલાધાર અથવા પીકદાની.

કલશ—મોટા લોટા, કળવા.

આ બધું પાલખી ઊંચકનારા, કાળા, કઠન (મજબૂત) લાકડાના થડ જેવા ભારે ટેકાઓ વડે ઊંચકીને ચાલતાં આપણને બતાવ્યા છે.

ભર્તૃહરિના 'शृंगारशतक'માં પીકદાની માટે 'निष्ठीवनशराव' શબ્દ ધ્યાન ખેંચે છે.

कश्चुम्बति कुलपुरुषो वेश्याधरपल्लवं मनोज्ञमपि ।
चारभटचोरचेटक निष्ठीवनशरावम् ॥

એમ પીકદાનીનો વપરાશ આપણું ધ્યાન ખેંચે છે.

ચરકના ઉપરના ફકરામાં એ જ સંદર્ભમાં **ललाट-प्रतिग्रह** અને **अनपत्रपणीय** એવા બે શબ્દો આવે છે. પ્રો. ગોડે પી. કે.[૧]એ અહીં એવો અર્થ કર્યો છે કે અહીં 'લલાટ ધોવા માટે કોઈ ખાસ પાત્ર' હતું અને એમાં મુખ ધોવામાં કોઈ જાતની લજ્જા ન હતી—Indescent ગણાતું નહીં. પરન્તુ આ અર્થ ખોટો છે. રોગી જ્યારે જાનુસમ ઊંચા આસને બેસી જાય કે તુરત જ નીચે પીકદાની મૂકી રાખવી અને રોગીનું મસ્તક, બન્ને પડખાં, નાભિ દબાવવી, પીઠ ઉપર નીચેથી ઉપલી તરફ હાથ ફેરવનાર મિત્રોને પાસે રાખવા, જેમને આવું કામ કરવામાં લજ્જા ન આવતી હોય. ઊલટી થતી હોય ત્યારે ઉપર બતાવેલ કર્મો આજે પણ ઘરના માણસો કરે છે જ. તે વખતે આ માટે મિત્રોને હાજર રાખવાનો ઉલ્લેખ છે.

૧ "History of the Spittoon in India, between B. C. 300 and A.D. 1900." Annals of the Bhandarkar Oriental Reseaıch Insttitute, Vol. 36, Parts III-IV, Pages 204-214, (Poona, 1956) by prof. P. K. Gode. આ સંસ્થાના વિદ્વાન ક્યુરેટર. થોડા વખત ઉપર જ તેમનો દેહાન્ત થયો છે.

# ગુજરાતના ચાવડા રાજ્યનું રાજ્યતંત્ર

નવીનચંદ્ર આચાર્ય

ઉપલબ્ધ સાધનો પરથી ચાવડા રાજવીઓના રાજ્યતંત્રનું સ્પષ્ટ ચિત્ર ઉપજાવી શકાતું નથી. છતાં પણ ચાવડાઓના સમકાલીન પડોશી રાજ્યોનાં જેવાં કે પરમારો, રાષ્ટ્રકૂટો અને પ્રતિહારોનાં ઉપલબ્ધ દાનશાસનો પરથી, તેમ જ ચાવડાઓ પછી પાટણની ગાદીએ આવનાર ચૌલુક્ય રાજવી મૂળરાજનાં દાનપત્રો પરથી ચાવડાઓના રાજ્યતંત્રનો કંઈક આછો ખયાલ આવે છે. પ્રબંધો પરથી જાણવા મળે છે કે મૂળરાજે છેલ્લા ચાવડારાજવી સામંતસિંહને મારીને સત્તા મેળવી હતી. મૂળરાજે પોતાની શરૂઆતની કારકિર્દી પરમારો અને રાષ્ટ્રકૂટો સાથે યુદ્ધમાં વિતાવી હતી. આથી સંભવ છે કે તેણે શરૂઆતમાં પોતાના રાજ્યના સામંતસિંહના સમયથી ચાલ્યા આવતા વહીવટીતંત્રમાં બહુ ફેરફાર કર્યા ન હોય !

**રાજા** :—રાજા રાજ્યનો વડો મનાતો. તે રાજપદનો અધિકારી હતો. આ વંશના કેટલાક રાજવીઓના નામને અંતે રાજ[1] શબ્દ અને કેટલાક રાજવીઓના નામને અંતે સિંહ[2] શબ્દ આવે છે. એકાદ રાજવીના નામને અંતે આદિત્ય[3] શબ્દ પણ લગાડેલ માલમ પડે છે. ઉપલબ્ધ પ્રબંધો પરથી જણાય છે કે આ વંશના રાજવીઓનું સ્થાન અન્ય સમકાલીન રાજવીઓના દરબારમાં હલકુ મનાતું હશે.[4] છતાં રાજ્યસત્તા મેળવતી વખતે 'રાજતિલક' થવું આવશ્યક છે તેવું માનતા હોય એમ જણાય છે. વનરાજે પોતાનું રાજતિલક 'શ્રીદેવી' નામની એક વણિક કન્યાના હાથે કરાવ્યું હતું એમ પ્રબંધો પરથી જાણવા મળે છે.[5]

સમકાલીન રાષ્ટ્રકૂટ, પ્રતિહાર કે પરમાર રાજવીઓની જેમ આ ચાવડા વંશના રાજવીઓ પણ નાના રાજાઓ તરીકે 'महाराज'નું બિરુદ ધારણ કરતા હશે. રાજાધિરાજ, પરમમાહેશ્વર, જેવાં બિરુદો આ વંશના રાજવીઓ ધારણ કરતા હશે કે કેમ તે વિશે કંઈ જાણવા મળતું નથી.[6] છતાં રાજા રાજ્યનો સર્વોત્તમ ગણાતો. રાજાની સત્તાનો અનાદર થાય તે રાજા માટે મૃત્યુ સમાન છે તેમ આ રાજવીઓ માનતા.[7]

---

૧ વનરાજ, યોગરાજ, ક્ષેમરાજ.

૨ વૈરિસિંહ, સામંતસિંહ.

૩ રત્નાદિત્ય.

૪ યોગરાજે પોતાના પુત્રોને જણાવ્યું હતું કે, "આપણા કુલ માટે જે 'ચોરટા' શબ્દપ્રયોગ અન્ય રાજવીઓ કરે છે તે કલંકને તમે તાજું કર્યું" પ્ર. ચિ., પૃ. ૨૧.

૫ પ્રબંધ ચિંતામણિ—વનરાજ પ્રબંધ, પુરાતન પ્રબંધસંગ્રહ. પૃ. ૨૨.

૬ સમકાલીન વઢવાણના 'ચાપ' વંશના રાજવીઓ 'પરમ માહેશ્વર', પરમેશ્વર વગેરે બિરુદો ધારણ કરતા એમ શક સંવત ૮૩૬ના ધરણી વરાહના દાનપત્રમાંથી જાણવા મળે છે. ગુ. ઐ. લે., ૨૩૬.

૭. પ્ર. ચિ., પૃ. ૨૨. યોગરાજે પોતાની સત્તાનો અનાદર થતાં અગ્નિસ્નાન કર્યું હતું.

સત્તાની સોંપણીમાં અન્ય રાજ્યોમાં જે વંશપરંપરાગત પ્રણાલિકા ચાલી આવતી તેને જ ચાવડા રાજવીઓ અનુસરતા હોય એમ જણાય છે. રાજ્યનો ઉત્તરાધિકારી સામાન્ય રીતે પાટવી કુંવર બનતો હોવાનો સંભવ છે. છતાં આ વંશના જે રાજવીઓ સત્તા પર આવ્યા છે તેમની વચ્ચે શો સંબંધ હતો તે પ્રબંધો પરથી સ્પષ્ટ થતું નથી. પાટવી કુંવર સિવાયના અન્ય રાજકુમારો પણ રાજ્યમાં મહત્ત્વની સત્તા ધરાવતા હશે એમ જણાય છે. યોગરાજના દીકરાઓએ પિતાની આજ્ઞાને અવગણીને પણ સોમનાથ આગળ આવેલ મુસાફરોનાં વહાણો લૂંટયાં હતાં.[૮]

**રાજધર્મ :**—રાજાની અપેક્ષિત કે આદર્શ દિનચર્યાની સ્મૃતિગ્રંથો પરથી ઝાંખી થાય છે. સામાન્ય રીતે આ રાજવીઓ પણ એ જ પ્રણાલિકા મુજબ કાર્ય કરતા હશે. તેઓ પ્રજાના કલ્યાણમાં રાચતા અને ધાર્મિક પ્રવૃત્તિઓ આચરતા હોવાનું પ્રબંધો પરથી જણાવાય છે.[૯] આ વંશના ઘણાખરા રાજવીઓએ જૈન અને શૈવ ધર્મનાં દેવાલયો બંધાવ્યાં છે.[૧૦] રાજાની આજ્ઞાનો અમલ થાય એ જોવાની રાજાની મહત્ત્વની ફરજ મનાતી હશે. રાજાને મન ગુરુ પૂજનીય હતા. વનરાજે પોતાના ગુરુ શીલગુણસૂરિના ચરણે પોતાનું રાજ્ય ધરી દેવાની તત્પરતા બતાવી હતી.[૧૧] એમ છતાં તે પ્રજાનું રક્ષણ કરવા માટે સદાયે તત્પર રહેતો અને યુદ્ધમાં જતો,[૧૨] વહીવટને કાર્યક્ષમ બનાવવા જુદા જુદા અધિકારીઓ નીમતો, અને પ્રજાને પીડનાર તત્ત્વોનો નાશ કરતો.

**અધિકારીઓ :**—ઉપલબ્ધ પ્રબંધોમાંથી ચાવડા વંશના રાજ્યતંત્રના અધિકારીઓમાં રાજા, અમાત્ય, સ્થાનપુરુષ (સંધિવિગ્રહક), પંચકુલ, પંચોલી (કર ઉઘરાવનાર), દંડનાયક, વગેરેના ઉલ્લેખ મળે છે.[૧૩] આ રાજ્યના પ્રાદેશિક અધિકારીઓનાં નામ મળતાં નથી.

**મહામાત્ય :**—મહામાત્યનું સ્થાન રાજાથી સહેજ ઊતરતું મનાતું. તે રાજ્યનો વરિષ્ઠ અધિકારી મનાતો. રાજકારભારમાં દેખરેખ રાખવા માટે તે અન્ય અમાત્યની નિમણૂક કરતો. રાજા વિશ્વાસુ અને ખાસ હિતચિંતક મનાતો. પ્રબંધો પરથી જાણવા મળે છે કે વનરાજે પોતાના

---

૮. પ્ર. ચિ., વનરાજ પ્રબંધ

૯. પ્ર. ચિ., વનરાજ પ્રબંધ, પુ. પ્ર. સં., પૃ. ૧૨.

૧૦ વનરાજે પંચાસરા પાર્શ્વનાથ નામે જૈન મંદિર બંધાવ્યું હતું, જ્યારે અન્ય રાજવીઓએ કંઠેશ્વરીપ્રાસાદ, ભૂયડેશ્વરપ્રાસાદ વગેરે શૈવ ધર્મનાં મંદિર બંધાવ્યાં હતાં.

૧૧ પ્ર. ચિ., પૃ. ૨૦.

૧૨ સુકૃત સંકીર્તન અને સુ. કી. ક.માં આ વંશના રાજવીઓને શત્રુના સંહારક તરીકે વર્ણવ્યા છે. સુ. સં., શ્લો. ૧ થી ૪૧. સુ. કી. ક., શ્લો. ૧૦ થી ૧૯.

૧૩ પ્ર. ચિ., વનરાજ પ્રબંધ. જૈ. સા. ઈ., પૃ. ૧૭૪.

સમકાલીન વર્ધમાનપુરના 'ચાપ' વંશના ધરણી વરાહના દાનપત્રમાંથી કેટલાક પ્રાદેશિક અધિકારીઓ જેવા કે રાષ્ટ્રપતિ, ગ્રામપતિ, ભોગિક, મહત્તર, કૌટુમ્બિક, પંચકુલિક, દંડમાસિક વગેરે નામ મળે છે. ગુ. ઐ. લે. ૨૩૬.

રાજ્યમાં જૈનોને મંત્રી તરીકે નીમ્યા હતા. તેના રાજ્યમાં જામ્બ મહામાત્ય પદ ભોગવતો હોય એમ લાગે છે. એ પછી પણ જામ્બના વંશજો મહામાત્ય પદે રહ્યા હોવાનો સંભવ છે.[૧૪]

**દંડનાયક :**—દંડનાયકનું સ્થાન મહામાત્યથી ઊતરતી કક્ષાનું હશે. તે સેનાપતિ તરીકેની ફરજ બજાવતો હશે. સમકાલીન અન્ય રાજવીઓના દાનપત્રમાં મહામંડલેશ્વરનો ઉલ્લેખ આવે છે. આવા કોઈ મહામંડલેશ્વરનું નામ આ રાજ્યને લગતાં આધારભૂત સાધનોમાંથી મળતું નથી. ઠક્કર નિન્નયના પુત્ર લહરને વનરાજે સેનાપતિ પદે સ્થાપી કેટલાક શત્રુઓને હરાવ્યા હતા.[૧૫]

**સ્થાનપુરુષ :**—આ અધિકારીનો ઉલ્લેખ પ્ર. ચિ.માંથી મળી આવે છે. તે અન્ય રાજ્યમાં સંધિવિગ્રહક તરીકે કાર્ય કરતો હશે. ચાવડાઓ કયા કયા રાજ્યમાં પોતાના સંધિવિગ્રહકો મોકલતા હશે તે જાણવા મળતું નથી.[૧૬]

**ન્યાય :**—ચાવડાઓના રાજ્યમાં ન્યાયનું પ્રમાણ કેવું હશે તે તો સ્પષ્ટ કહી શકાતું નથી. છતાં તેઓ ન્યાયપ્રિય હોવા જોઈએ તેમ નીચેની અનુશ્રુતિઓ પરથી જણાય છે :—

(૧) વનરાજ શરૂઆતમાં રાજા થયો એ પહેલાં લૂંટફાટ કરતો અને દ્રવ્ય સંપાદન કરતો. એક વખત રાત્રિએ ચોરી કરવા જતાં તે ઘરમાં દહીંના વાસણમાં હાથ પડતાં તેને ભોજન કર્યા બરાબર માની ચોરેલું ત્યાં જ મૂકીને તે પાછો વળી ગયો. એટલું જ નહિ પણ તે વેપારીની બહેન 'શ્રીદેવી'ને પોતાની બહેન માની તેની પાસે રાજતિલક કરાવ્યું.[૧૭]

(૨) યોગરાજ ચાવડાએ પોતાની આજ્ઞા વગર પોતાના પુત્રોએ વહાણ લૂંટયાં તેથી તેણે કહ્યું કે "રાજાઓના હૂકમનો ભંગ થાય, સેવકોની રોજી બંધ થાય અને સ્ત્રીઓની (પતિથી) જુદી પથારી એ શસ્ત્ર વગરનો વધ કહેવાય. માટે આ નીતિશાસ્ત્ર અનુસાર તમે મારો શસ્ત્ર વગર વધ કર્યો છે. આમ કહી તેણે ચિતામાં પ્રવેશી દેહત્યાગ કર્યો.[૧૮]

ધર્મની બાબતમાં પણ તેમણે સર્વ ધર્મ સમાન એવી ભાવના દાખવી હોય એમ સ્પષ્ટ જણાય છે.

**હદ :**—ચાવડાઓના રાજ્યની કોઈ ચોક્કસ હદરેખા આંકી શકાતી નથી પણ પ્રબંધો અને અન્ય સમકાલીન રાજવીઓનાં દાનપત્રો પરથી એક અનુમાન તારવી શકાય છે કે "તેમનું રાજ્ય કચ્છની સરહદે આવેલ પંચાસરથી પાટણ અને આસપાસના પ્રદેશ પૂરતું મર્યાદિત હશે.

---

૧૪ પ્ર. ચિ., પૃ. ૧૯, વનરાજ પ્રબંધ.

૧૫ જૈ. સા. ઈ., પૃ. ૧૭૫.

૧૬ પ્ર. ચિ., પૃ. ૨૧

અહીં ક્ષેમરાજ તેના પુત્રોને જણાવે છે કે આપણા સ્થાનપુરુષોની માહિતી પ્રમાણે અન્ય રાજવીઓ આપણને ચોરટા કહે છે.

૧૭ પ્ર. ચિ., વનરાજ પ્રબંધ, પૃ. ૨૦.

૧૮ એજન, પૃ. ૨૧-૨૨.

સમકાલીન રાજવી ધરણી વરાહના વઢવાણમાંથી મળેલ લેખ પરથી જણાય છે કે તેની સત્તા વઢવાણ અને તેની આસપાસના પ્રદેશમાં હતી.[૧૯] ઈ. સ. ૯૪૯ના પરમાર સિયકના તામ્રપત્રમાં પરમારોની સત્તા દક્ષિણમાં ખેટકમંડલ, પૂર્વમાં હર્ષપુર (હરસોલ) અને ઈશાને મોહડવાસક (હાલનું મોડાસા) સુધીનું હોવાનું સ્પષ્ટ જણાયું છે.[૨૦] પ્રબંધોમાં જણાવ્યું છે કે મૂળરાજે ચાવડાઓ પાસેથી પાટણની ગાદી મેળવી. મૂલરાજનાં શરૂઆતનાં દાનપત્રોમાં તેણે સારસ્વતમંડલ પોતાના બાહુબલથી જીત્યાનો ઉલ્લેખ છે.[૨૧] આ સારસ્વતમંડલ સરસ્વતી નદીને કિનારે આવેલું હતું. આથી એની આસપાસનો પ્રદેશ સારસ્વત દેશ તરીકે ઓળખાતો. આ સારસ્વત દેશ એટલે સરસ્વતીના કાંઠાનો પ્રદેશ.[૨૨] આ પરથી ચાવડાઓનું રાજ્ય પાટણ અને તેની આસપાસના પ્રદેશથી આગળ વધેલું હોવાનો કોઈ સંભવ નથી.

**રાજ્યના વિભાગો :**—મૂલરાજના શરૂઆતના લેખ પરથી એવો સંભવ જણાય છે કે સારસ્વતમંડલ એ ચાવડા રાજ્યનો ભાગ હોય. સરસ્વતીના કાંઠાના પ્રદેશને સારસ્વત પ્રદેશ તરીકે ઓળખવામાં આવતો. લેખ પરથી જણાય છે કે તેણે સારસ્વતમંડલ ચાવડાઓ પાસેથી જીત્યું હતું. આ સારસ્વતમંડલની રાજધાની પાટણ હતી. આ સારસ્વતમંડલ સોલંકી કાળમાં કેટલાક નાના વિભાગોમાં વહેંચાયેલ હતું. આ સિવાય અન્ય કોઈ વિભાગોની આધારભૂત માહિતી ઉપલબ્ધ નથી.[૨૩]

---

૧૯ ગુ. ઐ. લે., ૨૩૬

૨૦ ગુ. ઐ. લે., ૨૩૭ અ

૨૧ ગુ. ઐ. લે., ૧૩૭, ૧૩૮.

૨૨ જુઓ ડૉ. હ. ગં. શાસ્ત્રીનો લેખ, સોલંકી રાજ્યનું સારસ્વતમંડલ, વિદ્યાપીઠ, વર્ષ ૫, અં. ૩, મે-જૂન ૧૯૬૭, પૃ ૧૦૧.

૨૩ આ સારસ્વતમંડલ, અણહિલ પાટક પથક, વાલૌય પથક, ગંભૂતા પથક, વર્દ્ધિ પથક વગેરે નાના વિભાગમાં હાલમાં વહેંચાયેલ જોવા મળે છે. એજન.

# પ્રભાસના કિલ્લા પર મહારાજા શ્રી રાયસિંહ રાઠોડનું આધિપત્ય*

પુષ્પકાંત વિ. ધોળકિયા

સૌરાષ્ટ્રના ઇતિહાસ પર દૃષ્ટિ કરીએ તો ઈ. સ. ૧૫૯૭માં સૌરાષ્ટ્રનો વહીવટ શાહી અધિકારી દ્વારા થતો; છતાં સોરઠ પરગણું બીકાનેર મહારાજા રાયસિંહજીને બાદશાહ અકબરે જાગીરમાં આપેલું, તેમ બીકાનેર રાજ્યના દફતરમાં ઈ. સ. ૧૫૯૭ના ફેબ્રુઆરી માસનું એક શાહી ફરમાન છે તે ઉપરથી જાણવા મળે છે. આ ફરમાન, મૂળ ફરમાનની તસલ્લી આપતું ફરમાન છે એટલે બીકાનેર મહારાજા રાયસિંહને સોરઠ ઈ. સ. ૧૫૯૭ પહેલાં મળ્યું હશે. સોરઠના ઇતિહાસમાં મહારાજા રાયસિંહજીનો કોઈ ઉલ્લેખ નથી પરંતુ તારીખે સોરઠના વિદ્વાન કર્તા દીવાન રણછોડજી અમદાવાદના પાદશાહી સૂબાઓની નામાવલી આપતાં જણાવે છે કે શાહી સત્તાની સ્થાપના થયા પછી પ્રથમ સૂબો નવરંગખાન આવ્યો. તેણે બે વર્ષ અમલ કર્યો. તેના પછી સૈયદ કાસમે ત્રણ વર્ષ, ભાયા મંદારકે માંડણે ત્રણ વર્ષ અમલ કર્યો અને તેના પછી રાજા રાયસિંહ આવ્યા. આ પ્રમાણેની નોંધ શ્રી શંભુપ્રસાદ હ. દેસાઈએ લીધેલ છે.[1] આ હકીકતને સંવત ૧૬૫૬નો લેખ પુષ્ટિ છે આપે અને તે દ્વારા નિશ્ચિત કહી શકાય કે પ્રભાસના કિલ્લા પર મહારાજા શ્રી રાયસિંહ રાઠોડનું આધિપત્ય હતું. આ લેખનો લખનાર પણ બીકાનેરનો રહેવાસી વ્યાસ દામોદરનો પુત્ર હરદાસ છે.

૬૪ × ૪૫ સે.મી.ના માપના પીત્તવર્ણ પાષાણમાં આ ઉત્કીર્ણ લેખ બાળબોધ લિપિમાં અને સંસ્કૃત ભાષામાં લખાયેલ છે. પ્રથમ આ લેખ દેહોત્સર્ગમાં ત્રીજા આરાની દક્ષિણ તરફની એક દહેરીની દીવાલમાં હતો. વર્તમાનમાં તે પ્રભાસપાટણ મ્યૂઝિયમની શિલાલેખ વીથિમાં શોભી રહ્યો છે.

હવે લેખના અક્ષરાંતર તરફ દૃષ્ટિ કરીએ:

१. संवत् १६५६ वर्षे भाद्रप(द)[2] मासे

२. कृष्ण पक्षे ५ पंचम्या तिथो गुरु

३. वासरे अद्य श्रीदेवपतने स्वस्त(स्ति)

४. श्रीमहाराजाधिराज महाराजा

५. श्रीरायसिंह राठोड विजयराजे छत्री

---

* સાહિત્ય પરિષદના ૨૫મા અધિવેશનમાં સંશોધનવિભાગમાં જૂનાગઢ મુકામે વાંચેલ નિબંધ.

૧ શ્રી શંભુપ્રસાદ હ. દેસાઈ: 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ',

૨ લેખ ઉત્કીર્ણ કરનારની ભૂલને કારણે દ રહી જવા પામેલ છે.

६. स राजकुली मध्ये सि³रोम(णि) एतस्य प्र (-)

७. दात् जेतुंग वणवीराजी (सुत) देदाजी (के)

८. न देहोसर्गे धर्मशाला नूतन कारिता (प)

९. रोपकारार्थं आत्म(पुण्यार्थं) (-)

१०. तु बीकानेरनिवासी व्यास दामोद(र सु)

११. त हरदासेन लिखितं शुभमस्तु श्रीरस्तु.

**ભાષાન્તર :**

સંવત્ ૧૬૫૬ના વર્ષમાં ભાદ્રપ(દ) માસમાં કૃષ્ણ પક્ષની ૫ પાંચમને ગુરુવારે અદ્ય શ્રી દેવપત્તનમાં સ્વસ્તિ શ્રી મહારાજાધિરાજ : મહારાજા શ્રી રાયસિંહ રાઠોડના વિજય-રાજ્યમાં છત્રીશ રાજકુલોના મધ્યમાં શિરોમણિ તેના પ્રસાદથી જેતુંગ વણવીરાજીના પુત્ર દેદાજીએ દેહોત્સર્ગમાં પરોપકારાર્થે, આત્મપુણ્યાર્થે નવી ધર્મશાળા કરાવી. બીકાનેરનિવાસી વ્યાસ દામોદરસુત હરદાસ વડે લખાયું. શુભ થાઓ. શ્રીરસ્તુ.

---

૩ વાંચો શિ...

# માંગરોલનો પંદરમી સદીનો એક ફારસી લેખ

ઝિયાઉદ્દીન એ. દેસાઈ.

ગુજરાતના અરબી-ફારસી લેખો સાવ અપ્રકાશિત રહ્યા નથી. પરંતુ આ વિષયમાં જે કામ થયું છે તે મહદ્ અંશે બિનગુજરાતીઓનું છે. સર્વપ્રથમ ગુજરાતનાં મુખ્ય શહેરો અને કસ્બાઓ અમદાવાદ, ખંભાત, ધોળકા, માંગરોળ વગેરેના અમુક લેખો ભારત સરકારના પુરાતત્ત્વ ખાતાના જેમ્સ બર્જેસ અને હેન્રી કઝિન્સના રિપોર્ટો તેમ જ તે પહેલાં ઇન્ડિઅન ઍન્ટિકવેરીના વો. ૪માં પ્રગટ થયા હતા. ચાલુ સૈકા દરમ્યાન મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમના કયુરેટર ચોધરી મુહંમદ ઇસ્માઈલ, રણછોડલાલ જ્ઞાની તેમ જ સી. આર. સિંઘલ, ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના કુરેશી મુહંમદ મુનીર અને ડૉ. મુહંમદ નાઝિમ તેમ જ હૈદરાબાદ નિઝામ રાજ્યના પુરાતત્ત્વ ખાતાના ડૉ. ગુલામ યઝદાની અને ખ્વાજા મુહંમદ અહમદે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના અરબી-ફારસી શિલાલેખોના સામયિક ઍપિગ્રાફિયા ઇન્ડો-મોસ્લેમિકામાં (જેનું નામ હવે ઍપિગ્રાફિયા ઇન્ડિકા અરેબિક ઍન્ડ પર્સિયન સપ્લિમેન્ટ રાખવામાં આવ્યું છે) અવારનવાર પ્રગટ કર્યા હતા. તે ઉપરાંત ડૉ. નાઝિમે લગભગ બધા ઐતિહાસિક લેખો એ જ સામયિકના એક ખાસ અંકમાં પ્રકાશિત કર્યા હતા, જેની પૂર્તિ ડૉ. ગુલામ યઝદાનીએ તે પછીના અંકમાં કરી હતી. તે જ અરસામાં ડેક્કન કૉલેજ, પૂનામાં અધ્યાપક તરીકે કામ કરી રહેલા લાહોરના ડૉ. એમ. અબ્દુલ્લા ચઘતાઈએ અમદાવાદ, ખંભાત, હાલોલ, રાંદેર વગેરેના લેખો એકત્રિત કરેલા, જેમની કાગળ પર લેવામાં આવેલી પ્રતિલિપિઓ તેમણે લાહોરમાં ઈ.સ. ૧૯૩૬માં ઇદારએ મઆરિફે ઇસ્લામી (ઇસ્લામી વિદ્યાઓની સંસ્થા)નાં બીજા સંમેલન નિમિત્તે ભરાયેલા પ્રદર્શનમાં મૂકી હતી. અમદાવાદના લેખો પાછળથી ડૉ. ચઘતાઈએ ડેક્કન કૉલેજના બુલેટિનમાં પ્રગટ કર્યા હતા, જે પુસ્તકાકારે પણ પાછળથી બહાર પડયા હતા. એ સિવાય બેચાર પ્રકીર્ણ લેખો પણ તેમણે ડેક્કન કૉલેજ બુલેટિન તેમ જ બીજાં સામયિકોમાં પ્રગટ કર્યા હતા.

ઉપર્યુક્ત વિદ્વાનો બધા જ બિનગુજરાતી છે. રણછોડલાલ જ્ઞાની મૂળ ગુજરાતી પણ ઉજ્જૈનના હતા. સાવ ગુજરાતીઓમાં માત્ર એક વડોદરાના પ્રો. કે. એચ. કામદારને એક દ્વિભાષી લેખ પ્રગટ કરવાનો યશ જાય છે. આ લેખ પર તેમણે ઇન્ડિયન હિસ્ટરી કૉન્ગ્રેસના ઈ. સ. ૧૯૫૮માં અમદાવાદ ખાતે ભરાયેલા ૨૧મા અધિવેશનમાં નિબંધ વાંચ્યો હતો.

છેલ્લા બે એક દસકાથી આ દિશામાં સારી એવી પ્રગતિ થઈ રહી છે એમ કહી શકાય. પરંતુ ગુજરાતના ઇતિહાસપ્રેમીઓનું ધ્યાન એ તરફ દોરાયું નથી તે ખેદનો વિષય છે. ભારત સરકારના પુરાતત્ત્વ ખાતાની અરબી-ફારસી લેખોની શાખાએ સમગ્ર દેશની સાથે ગુજરાતમાંથી પણ સારી એવી સંખ્યામાં લેખો એકઠા કર્યા છે અને આ લેખો તે ખાતા તરફથી પ્રગટ થતા વાર્ષિક રિપોર્ટમાં ૧૯૫૨-૫૩ના રિપોર્ટ પછી અવારનવાર નોંધાતા રહ્યા છે. એ ઉપરાંત ઉપર્યુક્ત શાખા તરફથી પ્રગટ થતા વાર્ષિક ઍપિગ્રાફિયા ઇન્ડિકા અરેબિક ઍન્ડ પર્સિયન સપ્લિમેન્ટના

વિવિધ અંકોમાં (૧) ગુજરાતના રાજપુત સમયના અરબી લેખો, (૨) ભદ્રેશ્વરના ઈ. સ. ૧૨મા સૈકાના અરબી લેખો, (૩) સૌરાષ્ટ્રમાં આવેલા ગુજરાતના સુલતાનોના લેખો, (૪) ગુજરાત તેમ જ સૌરાષ્ટ્રમાં આવેલા ગુજરાતના સુલતાનોના લેખો, (૫) ગુજરાતના ખલ્જી અને તુઘ્લુકકાલીન રાજકીય લેખો, (૬) જૂનાગઢના સંગ્રહાલયના ફારસી લેખો વગેરે વિસ્તૃત લેખો છપાયા છે. ગુજરાત-સૌરાષ્ટ્રના મુઘલ લેખોનો પહેલો ભાગ એ જ વાર્ષિકના આગામી અંકમાં પ્રગટ થવાનો છે.

ઉપર દર્શાવેલા સંશોધનકાર્યની તારવણી તપાસતાં એ હકીકતનો પ્રતિકાર કરી શકાય તેમ નથી કે સાધારણ રીતે ગુજરાતે આ વિષય તરફ ઉદાસીનતા સેવી છે. લેખોનું સંપાદન કરવું તો અલગ રહ્યું, પણ આ દિશામાં શું અને કેટલું કામ થયું છે તેનો પણ ઘણા ઓછાને ખયાલ હશે. દાખલા તરીકે ગુજરાતના કેટલાક ઇતિહાસપ્રેમીઓને જ્ઞાત છે કે આજથી લગભગ એક સૈકા પહેલાં ભાવનગર રાજ્ય પુરાતત્ત્વ ખાતા તરફથી અરબી-ફારસી લેખોનો સંગ્રહ બહાર પડ્યો હતો? ઈ. સ. ૧૮૮૯માં બહાર પડેલા કોર્પસ ઇન્સ્ક્રીપ્શન ભાવનગરી નામના આ પુસ્તકમાં બહુધા સૌરાષ્ટ્રનાં વિવિધ સ્થાનોના કુલ ૫૧ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો હતો; દરેક લેખનો અરબી પાઠ તેના અંગ્રેજી ભાષાંતર અને ટૂંકી નોંધ સાથે પ્રગટ કરવામાં આવ્યો હતો.[1]

આમ તો ગુજરાત સલ્તનતના પ્રધાન ઇતિહાસકાર પ્રો. એમ. એસ. કોમિસેરિયેતરચિત ગુજરાતના ઇતિહાસના બંને ભાગોમાં કોર્પસમાં આવેલા લેખોનો યથાર્થ ઉપયોગ થયો છે. પરંતુ કોર્પસમાં અપાયેલા પાઠો મોટા અંશે ભૂલભર્યા હોઈ તેમાં નામો તથા તારીખોના છબરડા વળ્યા છે, જેથી કરીને પ્રો. કોમિસેરિયેત તેમ જ બીજા વિદ્વાનો આ અંગે ઘણી ભૂલોના ભોગ બન્યા છે. અહીં આવી અનેક ભૂલોમાંથી એક પ્રત્યે વાંચકોનું ધ્યાન દોરવાની રજા લઉં છું. વેરાવળની હરસિદ્ધ માતાના અર્જુનદેવ વાઘેલાના સમયના વિખ્યાત સંસ્કૃત લેખથી સૌ કોઈ જ્ઞાત છે. તેમાં હોર્મુઝના ફિરોઝ નાવિકે સોમનાથમાં મસ્જિદ બંધાવી તેના નિર્વાહ અર્થે આર્થિક વ્યવસ્થા કરી તેનો ઉલ્લેખ છે. આ જ મસ્જિદનો મૂળ અરબી શિલાલેખ આજે પણ સોમ-નાથમાં કાજીની મસ્જિદમાં મોજૂદ છે. તેનો ઉલ્લેખ તેમ જ પાઠ કોર્પસમાં આપવામાં આવેલ છે પરંતુ તેમાં ઘણી જ અશુદ્ધિઓ ખાસ કરીને વર્ષ વાંચવામાં રહી જવા પામી હોઈ તેમ જ તેમાં હોર્મુઝના રાજા રૂકનુદ્દીન મહમૂદનું નામ હોઈ તેને ગુજરાતના પ્રખ્યાત મહમૂદ બેગડાના સમયનો માની લેવામાં આવ્યો હતો.[1]

---

૧ ગુજરાતના અરબી-ફારસી લેખોની સંદર્ભસૂચિમાં આ બધા ગુજરાતના લેખો ક્યાં ક્યાં પ્રસિદ્ધ થયા છે કે નોંધાયા છે, તેનું વિસ્તૃત વર્ણન છે. આ સૂચિ ગુજરાત ઇતિહાસ પરિષદ્ તરફથી ટૂંક સમયમાં પ્રગટ થવાની વકી છે.

૨ આ પૂરો લેખ એપિગ્રાફિયા ઇન્ડિકા અરેબિક ઍન્ડ પર્સિયન સપ્લિમેન્ટ, ૧૯૬૧માં ફોટા-સહિત છપાયો છે. શ્રી શંભુભાઈએ આ લેખનો ભાવાર્થ જે રીતે આપ્યો છે તે લેખના શુદ્ધ પાઠથી મળતા ભાવાર્થ સાથે સરખાવતાં તો એમ લાગે કે શંભુપ્રસાદભાઈ કોઈ બીજા લેખ વિષે લખે છે. આ લેખનો જે ભાવાર્થ તેમણે આપ્યો છે તે ગેરરસ્તે દોરનારો છે.

એટલું જ નહિ પણ કોર્પસમાં અપાયેલા પાઠો પૂર્ણતઃ શુદ્ધ હોવાનું માની લઈ સોમનાથ, માંગરોળ વગેરેના ઘણા લેખોને પાછળથી ઉપજાવી કાઢ્યા, પાછળથી યાદદાસ્ત પરથી રચાયા કે પાછળથી મુકાયા હોવાના શ્રી. શંભુપ્રસાદ દેસાઈ જેવા (ફારસી ભાષાનું જ્ઞાન ધરાવનારા) વિદ્વાને જે આધાર વિનાનાં વક્તવ્યો કર્યાં છે, જેનું શ્રી. કે. કા. શાસ્ત્રી જેવા અત્યંત ચીવટ તેમ જ વિશાળ જ્ઞાન ધરાવતા વિદ્વાન સંશોધનપ્રેમીએ પોતાના 'માંગરોળ' નામના ગ્રન્થમાં પુનરુચ્ચારણ કર્યું છે. તે ઇતિહાસસંશોધન પ્રણાલિને અનુરૂપ ન ગણાય. શંભુપ્રસાદભાઈ ફારસી ભાષાના વિદ્વાન હોવાને કારણે શાસ્ત્રીજી તેમના કથન પર વિશ્વાસ મૂકે તે સમજી શકાય તેમ છે, પણ શંભુપ્રસાદભાઈએ પોતાનાં વક્તવ્યો રજૂ કરતાં પહેલાં કોર્પસમાં નિર્દેશાયલા લેખો જેમાંના લગભગ બધા જ મોજૂદ છે તે જોઈ લીધા હોત અથવા તેમ ન બની શક્યું તો આજથી છેલ્લાં દસ-પંદર વર્ષોમાં છપાયેલા જેનો ઉપર નિર્દેશ કરવામાં આવ્યો છે તે લેખોમાં અપાયેલા ફોટા સહિત લેખોના શુદ્ધ પાઠો જોઈ લીધા હોત, તો તેમને આ લેખોને ઉપલબ્ધ ન હોવાનું કે પાછળથી ઉપજાવી કાઢ્યા હોવાનું દોષારોપણ કરવાની જરૂર ન પડત. શંભુપ્રસાદભાઈનાં વક્તવ્યો તેમ જ કોર્પસની અશુદ્ધિઓનો બીજો ભોગ મારા મિત્ર ડૉ. કાંતિલાલ સોમપુરા બન્યા છે. તેમના પથિકના સૌરાષ્ટ્ર ખાસ અંકમાં છપાયેલા સૌરાષ્ટ્રમાં ઇસ્લામ અને ઇસ્લામી સ્થાપત્ય એ લેખમાં પણ કોર્પસની અશુદ્ધિઓ ઊતરી આવી છે. આમ પણ આ લેખની પ્રાથમિક ભૂમિકા વધુ પડતી લંબાઈ છે તેથી આ વિષય પર વધુ ચર્ચા ઇષ્ટ નથી.

માંગરોળના જે લેખનો અહીં પરિચય કરવાનો આશય છે તેના કોર્પસમાં અપાયેલ પાઠમાં પ્રમાણમાં ઓછી ક્ષતિઓ હતી. તેમ છતાં તેમાંથી મળતી મહત્ત્વપૂર્ણ માહિતી જોતાં પ્રો. કોમિસેરિયેતના ઇતિહાસમાં તેના ઉલ્લેખનો અભાવ આશ્ચર્ય ઉપજાવે છે. ખાસ કરીને આ લેખમાં તે સમયની રાજ્યવહીવટની જે એક ઝલક મળે છે તે સામાન્ય રીતે ગુજરાતના ઐતિહાસિક ગ્રન્થોમાં અપ્રાપ્ય છે.[૧]

ઉપર્યુક્ત લેખની ભાષા ફારસી છે. ૩૪ સે.મિ. પહોળી અને ૪૮ સે.મિ. લાંબી આરસ-પહાણની તક્તી પર નસ્ખ શૈલીમાં કોતરાયેલ છે. લખાવટની શૈલી તે સમયના શિલાલેખોની શૈલી જેવી છે. પ્રમાણમાં તેને સાધારણ સુંદર કહી શકાય. તકતી માંગરોળના દરબારગઢના એક ઓરડાની દિવાલમાં આવેલી છે. આ ઓરડામાં દફતરખાનાની ઑફિસ છે અને તેમાં બીજા ૧૪ લેખોની તકતીઓ આવેલી છે.[૨] કોર્પસમાં જણાવ્યા મુજબ આ તકતી દરબારગઢના જ ગાદી-દરવાજાની ચોપાટની ડાબી બાજુની ભીંત પર ચણવામાં આવી હતી.

શિલાલેખના લખાણમાં કુલ આઠ પંક્તિઓ છે. તકતીને ઘસારો લાગવાથી અમુક જગ્યાએ અક્ષરો ઘસાઈ કે ખરી ગયેલા છે. પહેલી પંક્તિમાં બિસ્મિલ્લાહ તેમ જ ધાર્મિક સંબોધનો છે. બાકીની સાત પંક્તિઓમાં જે લખાણ છે તેનો ભાવાર્થ આ પ્રમાણે છે:—

---

૧ ડૉ. કાંતિલાલ સોમપુરાના ઉપર્યુક્ત લેખમાં આ લેખનો ભાવાર્થ કૉર્પસ પરથી તારવી આપવામાં આવેલ છે (પથિક, મે-જૂન ૧૯૭૦, પૃ. ૮૦).

૨ આમાં ચાર સંસ્કૃતભાષી લેખો છે. જુઓ એન્યુઅલ રિપોર્ટ ઑન ઇન્ડિયન એપિગ્રાફી, ૧૯૫૪-૫૪, એપેન્ડિક્ષ સી, નં. ૧૪૬-૧૪૯.



માંગરોળમાં ધૈસિપીરમાંનો લેખ

(ફોટો કૉપીરાઇટ : આર્કિયોલૉજિકલ સર્વે ઑફ઼ ઇન્ડિયા)

હિ. સ. ૮૦૫ (ઈ. સ. ૧૪૦૩-૦૪)માં બદ્રનો પુત્ર મલિકુલ્ઉમરા મુઇનુદ્દવલત્ વદ્દીન મલિક મલિકશાહ સોરઠ જિલ્લાનો હાકેમ હતો. તેણે કસ્બા મંગલોર(એટલે માંગરોળ)ની આબાદી તેમ જ લોકકલ્યાણ ખાતર એક ફરમાન બહાર પાડી તદ્દપર્યંત કસ્બાના કોટવાલની કચેરીમાં હિંદુ કોમને લગ્ન પ્રસંગે જે કંઈ રકમ ભરવાની ફરજ પાડવામાં આવતી તેની સમૂળગી માફીની જાહેરાત કરી.[1] કોર્પસમાં આપેલા પાઠમાં હાકેમના નામ અંગે સહેજ ગરબડ હોવા ઉપરાંત હિંદુ કોમ સાથે આહિર કોમ પાસેથી પણ આ રકમ લેવામાં આવતી એ ખરું નથી. આહિર કોમનો ઉલ્લેખ લેખમાં નથી. 'દરદીવાન' (એટલે કે કચેરીમાં) શબ્દોને 'વ આહીરાન' (એટલે કે અને આહિરો) વાંચવામાં આવ્યા તેથી આ ભૂલ થઈ છે.

લેખનું ગુજરાતી પાઠાંતર તેમ જ ભાષાન્તર નીચે પ્રમાણે છે:—

## પાઠાંતર

૧. યા અલ્લાહ! બિસ્મિલ્લાહ હિર્રહ્માનિર્રહીમ યા મુઈનુઝ્ઝુઅફાઅ!

૨. દર સાબે શુહુર સના ખમ્સ વ સમાનમેયા બંદગી મલિકુલ્ઉમરા.

૩. મુઈનુદ્દવલત્ વદ્દીન મલિક મલિકશાહ બદ્ર.

૪. યદીમુલ્લાહો મઆલિયહુ[2] મુક્તિએ શિક્કે સોરત (સોરઠ) બરાયે આબાદાની એ

૫. કસ્બએ મંગલોર વ ફરાગે ખાતિરે ખલ્ક હર વઝીરી કે બ વક્તે

૬. તઝ્વીજે હિંદુવાન દરદીવાને[3] કોતવાલે કસ્બએ મઝકૂર મી

૭. સિતદન્દ દૂર કેર્દ વ ગુમીશ્તે, બાદ અમીં ન સિતાનન્દ વ હમ્[4] હમ્ ચુનીંન

૮. બર ખલ્કે [ મઝ્કૂર મુઆફ ][5] દારન્દ તા નજાતે દીની વ દુન્યાવી બાશદ.

## ભાષાંતર

૧. યા અલ્લાહ! તે અલ્લાહના નામથી (શરૂ કરું છું) જે મહાન દયાળુ અને કૃપાવાન છે. યા નિર્બળોના મુઈન[6] (અર્થાત્ મદદગાર).

૨. હિજરી સન ૮૦૫(ઈ.સ. ૧૪૦૩–૦૪)ના વર્ષ દરમિયાન શ્રીમાન મલિકુલ્ઉમરા (અર્થાત્ અમીરોના રાજા).

---

૧ સરખાવો એજન તથા કોર્પસ, પૃ. ૧૯.

૨ આને કોર્પસ તેમ જ પથિકમાં યતિમુલ્લાહ વાંચવામાં આવ્યું છે.

૩ આને કોર્પસ તેમ જ પથિકમાં 'આહિર' વાંચવામાં આવેલ છે.

૪ અહીં આ શબ્દનું ભૂલથી પુનરુચ્ચારણ થયું લાગે છે.

૫ અહીં આ બે શબ્દોના અક્ષરો ખડી ગયેલા છે.

૬ અહીં શ્લેષ છે. મુઈન અલ્લાહના નવ્વાણું અભિધાનોમાંનું એક છે તેમ જ હાકેમના ઉપાધિ પણ મુઈનુદ્દવલત્ વદ્દીન છે.

૩. મુઈનુદ્દવલત્ વદ્દીન મલિક મલિકશહ (બિન) બદ્ર[૧]

૪-૬. અલ્લાહ તેની કીર્તિ અમર રાખે, (જે) સોરઠ જિલ્લાનો હાકેમ છે (તેણે) કસ્બા મંગલોર(એટલે કે માંગરોળ)ના ઉત્કર્ષ અને કસ્બાવાસીઓના કલ્યાણ અર્થે હર એવી રકમ જે હિંદુ કોમના લગ્ન સમયે મજકૂર કસ્બાના કોટવાલની કચેરીમાં

૭. લેવામાં આવતી હતી તે દૂર કરી છે અને જતી કરી છે. હવે પછીથી ન લેવામાં આવે તેમ જ એ પ્રમાણે .

૮. મજકૂર કસબાવાસીઓને એની માફી અપાય જેથી કરીને (મજકૂર હાકેમનું) આલોક તેમ જ પરલોકમાં કલ્યાણ થાય.

આમ આ લેખમાં ઇ.સ. ૧૫મા સૈકાની શરૂઆતનાં વર્ષોના સોરઠ જિલ્લાના હાકેમનો એક આદેશ કલમબદ્ધ થયેલો છે. સામાન્ય રીતે ગુજરાત(કે સમગ્ર હિંદ)ના ઇતિહાસગ્રંથોમાં આ પ્રકારની માહિતી ઉપલબ્ધ થતી નથી કે ગુજરાત સલ્તનત કે તેના પુરોગામી ખલ્જી તુઘ્લગ ગવર્નરોના સમયની શાસનપદ્ધતિ કે રાજ્યપ્રણાલિઓ તેમ જ પ્રજાની આર્થિક અને સામાજિક સ્થિતિ વિષે પૂરતી માહિતી મળતી નથી. એ દષ્ટિએ લેખમાં મળતી માહિતીનું મહત્ત્વ અંકાવું જોઈએ. આ પ્રમાણે લેખ પરથી એમ જાણવા મળે છે કે તે સમયે લેવામાં આવતા સરકારી કે બિનસરકારી કરોમાં એક લગ્ન પ્રસંગે લેવામાં આવતો કર હતો. વળી એમ પણ પ્રતીત થાય છે કે કસબાના અધિકારીઓને પણ પોતાની મરજી મુજબના કરો નાખવાના હક પ્રાપ્ત હતા. પ્રસ્તુત લેખમાં ઉલ્લેખાયેલો કર માત્ર હિંદુ કોમ પાસેથી લગ્ન પ્રસંગોએ લેવામાં આવતો એ વસ્તુ પણ નોંધપાત્ર છે. વળી આ કર સમગ્ર સોરઠ જિલ્લાને લાગુ પડતો ન હતો, પરંતુ માંગરોળ કસબામાં વસતી હિંદુકોમ પાસેથી લેવાતો તેમ જણાય છે આ મંતવ્ય વિરુદ્ધ એક દલીલ એમ હોઈ શકે કે આ પ્રકારનો કર પૂરા જિલ્લા કે પ્રાંતમાં નહિ તો મુખ્ય કસબાઓમાં લેવાતો હોય અને પ્રાંતના સૂબા તરફથી તેની માફીના આદેશ દરેક એવી જગ્યાઓના કોટવાળ કે બીજા એવા અધિકારીઓને અપાયા હોય. પરંતુ આ બનવાજોગ નથી, કેમ કે એમ હોત તો લેખમાં માંગરોળનું નામ આપવાની જરૂર ન રહેત તેમ જ બધા કસબાઓ માટે એક જ જાતના લેખો મુકાયા હોત.[૨]

વળી એ પણ યાદ રાખવું ઘટે કે તે સમયની રાજ્યપદ્ધતિ પ્રમાણે કસબાઓના કોટવાળ

---

૧ ગુજરાતમાં આજે પણ પુત્ર પછી બાપનું નામ લખાય છે. આ ફારસીની અસર લાગે છે. ફારસીમાં બે નામો વચ્ચે (લખાતી નહીં પરંતુ વંચાતી) ઈઝાફતે ઈબ્ની હોય છે. દાખલા તરીકે લખાણ મલિકશહ બદ્ર હોય પણ તેનો ઉચ્ચાર થાય મલિકશહે બદ્ર એટલે બદ્રનો (પુત્ર) મલિકશહ.

૨ દાખલા તરીકે ઔરંગઝેબના સમયમાં જાહેર કરાયેલા આવી જાતના એક આદેશની નકલોવાળા લેખો જૂનાગઢ, સોમનાથ તેમ જ માંગરોળમાં મુકાયા હતા. જુઓ કોર્પસ, પૃ. ૪૭, ૪૮, તથા એઈ અપસ, ૧૯૫૫ અને ૧૯૫૬, પૃ. ૯૯-૧૦૨. જૂનાગઢવાળો લેખ ઈ. સ. ૧૯૫૪માં હું જૂનાગઢ ગયો હતો ત્યારે શોધાયો હતો.

કે નાના મોટા અધિકારીઓ, હાકેમો વગેરેને પોતાના ઉપરી અધિકારીઓને અધિકાર ભોગવવાના હક બદલ અમુક નિયત રકમ ભરવી પડતી હોઈ તેઓ પોતાની મરજી મુજબ રૈયત પાસેથી કર કે બીજા કોઈ કારણ કે બહાના હેઠળ રકમ વસૂલ કરતા હશે.

ટૂંકમાં, એટલું તો ચોક્કસ છે કે માંગરોળમાં હિંદુ કોમને આ લેખ મુકાયો ત્યાર સુધી આ જાતનો લશ્કર કોટવાળને ચુકવવો પડતો હતો.[1] સાથે સાથે એ પણ પ્રતીત થાય છે કે આ પ્રમાણે એક જ કોમ પાસેથી આ રકમ કે કર લેવામાં આવેલ તેમાં રહેલા અન્યાય પ્રતિ ઉચ્ચ અધિકારીઓ થોડાઘણા સતર્ક રહેતા તેમ જ તેના પ્રતિકાર માટે બનતી કોશિશ પણ કરતા. લેખની છેલ્લી પંક્તિમાં દર્શાવેલા આશયથી પણ એ વાતની પુષ્ટિ થાય છે તેમ જ અધિકારીઓ અન્યાયના પ્રતિકાર અને કસબાના ઉત્કર્ષ તેમ જ જનકલ્યાણને મુક્તિના એક સાધન તરીકે ગણુતા હોવાનું પ્રતીત થાય છે. આપણા માટે એ જાણવું અલબત્ત શક્ય નથી કે આ મુક્તિ-આદેશનું પૂરેપૂરું પાલન થયું હતું કે નહિ.

આ સિવાય પ્રાદેશિક ઇતિહાસ માટે પણ આ લેખ ઠીક ગણાય એવી ઐતિહાસિક સામગ્રી પૂરી પાડે છે. મલિક મલિકશાહ ઇતિહાસગ્રંથોમાં સાવ અપરિચિત તો નથી પણ તેનો ઉલ્લેખ માત્ર એક વાર સુલતાન અહમદ ૧લા વિરુદ્ધ થયેલા બંડના વર્ણનમાં આવે છે. જ્યારે તે સોરઠ જિલ્લાનો હાકેમ હતો તે આ લેખ પરથી પ્રથમ વાર જાણવા મળે છે. અહીં એ વસ્તુ સ્પષ્ટ કરવી જોઈએ કે લેખમાં સોરઠ જિલ્લાનો જે ઉલ્લેખ થયો છે તેનો અર્થ સમગ્ર સૌરાષ્ટ્ર પ્રાંત નહીં પરંતુ ભૂતપૂર્વ જૂનાગઢ રાજ્ય અને હાલના જૂનાગઢ જિલ્લાને આવરી લેતો પ્રદેશ છે. હજુ પાંચ-સાત વર્ષો પહેલાં સુધી સરકારી રૅકોર્ડમાં આ પ્રદેશ સોરઠ નામથી ઓળખાતો તેમ જ લોકોક્તિમાં અત્યારે પણ સોરઠ દેશ તરીકે ઓળખાય છે. પ્રસ્તુત લેખ પરથી એમ પણ પ્રતીત થાય છે કે તે સમયે પૂરો સોરઠ દેશ મુસ્લિમોને આધીન ન હતો. જૂનાગઢ અને તેની આજુબાજુનો અમુક પ્રદેશ સ્વતંત્ર હતો. તેમ જ મુસ્લિમ સત્તાને આધિન પ્રદેશની રાજધાની માંગરોળ હતી. માંગરોળના તુઘ્લુકકાલીન લેખો પરથી પણ તુઘ્લુક સમયમાં (જૂનાગઢ સિવાયના) સોરઠ દેશની રાજધાની માંગરોળમાં હતી એ વાતને પુષ્ટિ મળે છે. આ લેખો પ્રમાણે સોરઠના હાકેમો માંગરોળમાંથી શાસન ચલાવતા.[2]

ઉપર ઉલ્લેખ કર્યા મુજબ મલિકશાહ વિષે ઇતિહાસગ્રંથોમાં જે માહિતી મળે છે તે માત્ર એટલી જ કે મૌદૂદે પોતાના કાકા એટલે ગુજરાતના સુલતાન અહમદ ૧લાના વિરુદ્ધ હિ. સ. ૮૧૩માં જે અસફળ બંડ કર્યું હતું તેમાં બીજા અમીરો સાથે મલિકશાહ પણ હતો.[3] આ બંડ

૧ આજના સમયમાં પોલીસ કચેરીમાં લગ્નપ્રસંગે વાજાંગાજાં કે લાઉડસ્પીકરની પરવાનગી માટે જે લાયસન્સ ફી ભરવામાં આવે છે તે પણ આજ જાતનો કર કહી શકાય. ફેર એટલો કે આ સમગ્ર પ્રજા પાસેથી નાતજાતના ભેદ સિવાય લેવામાં આવે છે.

૨ આ લેખો કૉર્પસમાં છપાયા છે. તેમના ફોટાઓ તથા શુદ્ધ પાઠો માટે જુઓ એઈઅપસ, ૧૯૬૨, પૃ. ૨૩, ૨૫, ૨૮, ૩૧, ૩૫, વગેરે.

૩ જુઓ મિર્આતે સિકન્દરી (વડોદરા, ૧૯૬૧), પૃ. ૩૦.

સુલતાનના રાજ્યારોહણ પછી તરત જ ઉઠાવવામાં આવ્યું હતું તે જોતાં એમ અર્થ ઘટાવી શકાય કે મલિકશહ જેવા ઉચ્ચ અમીરને સુલતાન અહમદને રાજ્ય પ્રાપ્ત થયું તે ગમતું નહોતું.

સોરઠનો વહીવટ મલિકશહને તેના પિતા તરફથી વારસાગત મળ્યો હતો તે માંગરોળના જ બીજા એક લેખમાં મળતી માહિતી મુજબ કહી શકાય. હિજરી સન ૮૦૩ (ઇ.સ. ૧૪૦૧-૦૨)-માં મુકાયેલા આ લેખ પ્રમાણે એટલે કે માત્ર બે વર્ષ પહેલાં સોરઠનો સૂબો મલિક બદ્ર બન્ઝલ હતો.[૧] મલિક બદ્ર બંઝલ એટલે ઉપર કરેલા ઇબ્નફતે ઇબ્નીના સ્પષ્ટીકરણ મુજબ બંઝલ[૨]નો પુત્ર મલિક બદ્ર, તે પ્રાંતનો નાયબ સૂબો એટલે સોરઠનો હાકેમ હતો. બે વર્ષ પછી જ સોરઠના હાકેમ તરીકે બદ્ર સુત મલિક મલિકશાહનું નામ લેખમાં આવે છે તેનો અર્થ એ થયો કે સોરઠના હાકેમ મલિક બદ્ર પછી હિ.સ. ૮૦૩માં કે તે પછી હિ.સ. ૮૦૫ સુધીમાં કોઈ પણ વર્ષમાં થયેલ નવો સૂબો મલિકશહ આ જ બદ્રનો પુત્ર હોવો જોઈએ. અર્થાત્ સોરઠની નાયબ સૂબાગીરી તેને વારસામાં મળી હતી.

અંતમાં, અહીં એક બીજા મહત્ત્વના મુદ્દા તરફ ધ્યાન દોરવું ઇષ્ટ લાગે છે. સામાન્ય રીતે રાજ્ય કે રાજ્યનિયુક્ત અધિકારીઓ તરફથી મુકાતા લેખોમાં દેશના રાજવી ઉપરાંત પ્રાંતના સૂબા તેમ જ જિલ્લાના નાયબ સુબાનાં નામોનો ઉલ્લેખ લગભગ અનિવાર્ય એવો ગણાય છે. મલિક બદ્રના ઉપર્યુક્ત બે જ વર્ષ પહેલાના લેખમાં પણ ગુજરાતના તુઘ્લુક બાદશાહો તરફથી નિયુક્ત સૂબા ઝફરખાનનો ઉલ્લેખ છે. ઝફરખાન તૈમૂરના હૂમલા પછી પ્રવર્તેલી અંધાધૂંધીનો લાભ લઈ માળવા, જોધપુર વગેરેના પ્રાંતોના સૂબાઓ જેમ આપમુખત્યાર થઈ ગયેલ પરંતુ તેણે પોતાનું સાર્વભૌમત્વ જાહેર કર્યું ન હતું. માત્ર બે જ વર્ષ પછી મુકાયેલા મલિકશહના લેખમાં ગુજરાતના સુબા તરીકે નામ મળતું નથી જે આશ્ચર્યજનક લેખાય. વળી હિંદુસ્તાનના ઇસ્લામી લેખોમાં સામાન્ય રીતે નાયબ સૂબાઓ કે જિલ્લા અથવા કસબા અધિકારીઓનાં નામ સાથે મુઈનુદ્દવલત્ વદ્દીન વગેરે જેવા મોટા રાજકીય ખિતાબો લખાતા નથી. ખુદ ઝફરખાનનું પણ લેખોમાં આવી ઉપાધિ સાથે નામકરણ થયું હોવાનું જાણમાં નથી. આનો અર્થ એમ ઘટાવી

---

૧ આ લેખ હાલ ઉપલબ્ધ નથી એમ શાસ્ત્રીજીએ નોંધ્યું છે, પણ એમ નથી. લેખ માંગરોળમાં દફતરખાનાના ઓરડામાં છે તેમ જ મારા ગુજરાતના ખલ્જી અને તઘ્લુકકાલીન લેખોવાળા લેખમાં ફોટા સહિત છપાયો છે (એઈઅપસ, ૧૯૬૨, પૃ. ૩૯). આ લેખ બનાવટી હોવાના શંભુપ્રસાદભાઈના મંતવ્યનો ડૉ. સોમપુરાએ ઉલ્લેખ કર્યો છે (પથિક, મે-જૂન ૧૯૭૦, પૃ. ૭૭, પા. ટિ. ૨૯) પરંતુ તેમનું આ મંતવ્ય પણ સાવ આધારહીન છે. લેખની સાલ વાંચવામાં કોર્પસમાં થયેલી ભૂલ (હિ. સ. ૮૦૩ ના બદલે હિ. સ. ૭૦૦)ને આધાર બનાવી લેખમાં ઉલ્લેખાયેલ ગુજરાતના સુબા ઝફરખાનના સમય સાથે આ સાલ મળતી નથી તે મંતવ્ય રજૂ કરતાં પહેલાં લેખની સાલ વિષે પૂરી ખાતરી કરી લેવી અનિવાર્ય ગણાય. એ જ પ્રમાણે મજકૂર લેખમાં શેખ બિનતાજનો જે ઉલ્લેખ છે તે પણ માંગરોળના શેખોની વંશાવળીમાં શેખ બિનતાજ જેવા પિતાપુત્રોનાં નામો નથી માટે લેખ બનાવટી છે તે મંતવ્ય પણ ઇતિહાસ સંશોધનમાં ઘણું પોકળ ગણાય. લેખમાં પૂરું નામ મલિક શેખ આપ્યું છે. વળી મલિક શેખ માંગરોળના શેખનો પૂર્વજ હતો તેમ લેખમાં ક્યાં જણાવ્યું છે ?

૨ બન્ઝલ નામ અરબી-ફારસી નથી. આ વિષે ભાષાશાસ્ત્રીઓ કદાચ કંઈ પ્રકાશ પાડી શકે.

શકાય કે સોરઠના આ અધિકારીને ગુજરાતના સૂબાનું સાર્વભૌમત્વ ખપતું ન હતું. ઝફરખાનના મૃત્યુ પછી ઈ. સ. ૮૧૩માં સુલતાન અહમદના રાજ્યારોહણ વખતે થયેલા બંડમાં મલિકશહે ભાગ લીધો હતો તે તો આપણે ઉપર જોયું. આ જોતાં પણ એમ કહી શકાય કે મલિકશહને ઝફરખાનની તાબેદારી ગમતી ન હતી, પરંતુ તે સ્વતંત્ર થવાના પોતાના મનોરથો પૂરા પાડવા જેટલો ઝફરખાન જેવા સર્વોપરી સામે અસમર્થ હતો એટલે કંઈ કરી શક્યો નહિ. ઝફરખાને પણ આ બાબત તરફ ખાસ ધ્યાન આપ્યું હોય તેમ લાગતું નથી. મલિકશહ છેવટે મૌદુદના અસફળ બંડમાં ભાગીદાર થવા માટે સજા પામ્યો હશે એમ ધારવામાં કંઈ વાંધો નથી.

# હીરાણંદસૂરિકૃત સ્થૂલિભદ્ર બારમાસા

શિવલાલ જેસલપુરા

[ રચ્યા સં. ૧૪૮૫ આસપાસ ]

ગુજરાતી સાહિત્યના પ્રાગ્-નરસિંહ યુગના કવિ તરીકે હીરાણંદસૂરિનું નામ જાણીતું છે. અનુક્રમે સં. ૧૪૮૪, ૧૪૮૫ અને ૧૪૮૬માં રચાયેલાં એમનાં કાવ્યો 'વસ્તુપાલ રાસ,'[૧] 'વિદ્યાવિલાસપવાડુ'[૨] અને 'કલિકાલ રાસ'[૩] પ્રસિદ્ધ થયેલાં છે, પણ 'શત્રુંજય ભાસ,' 'નલરાજા ગીત', 'કર્મવિચાર ગીત', 'પ્રાસ્તાવિક કવિત્ત', 'અઢાર નાત્રાંની સજ્ઝાય', 'દશાર્ણભદ્ર રાસ' અને 'જંબુસ્વામી વિવાહલુ' (રચ્યા સં. ૧૪૯૫, સાચોરમાં) હજુ સુધી અપ્રસિદ્ધ છે.[૪]

આ કાવ્ય પણ હજુ સુધી અપ્રસિદ્ધ છે. સ્થૂલિભદ્ર એક મહાન જૈન આચાર્ય થઈ ગયા. તેઓ પૂર્વાશ્રમમાં પાટલિપુત્રના નંદ રાજાના મંત્રી શકટાલના પુત્ર હતા. પાટલિપુત્રની કોશા નામની એક સુપ્રસિદ્ધ ગણિકાના પ્રેમમાં પડીને તેઓ એના ઘરમાં બાર વર્ષ સુધી રહ્યા હતા. પિતાના મૃત્યુ પછી રાજખટપટ જોઈને સંસાર ઉપર એમને વૈરાગ્ય થયો અને એમણે તુરત જ સંભૂતિવિજય નામના ગુરુ પાસ જઈને દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી એમના વૈરાગ્યની કસોટી કરવા ગુરુએ એમને પહેલો ચાતુર્માસ કોશાને ઘેર ગાળવાનો આદેશ આપ્યો. એ સાંભળીને કોશા પોતાના પ્રેમીની રાહ જોવા લાગી. સ્થૂલિભદ્ર કોશાને ઘેર ગયા. કોશાએ એમના મનને ચલિત કરવા ઘણા પ્રયત્ન કર્યા, પણ તેમાં તેને નિષ્ફળતા મળી. કોશાના આ વિરહની વ્યથા આ કાવ્યમાં બારમાસા-રૂપે વર્ણવવામાં આવી છે. જૈન શ્રુતિ અનુસાર સ્થૂલિભદ્રે માગસર માસમાં દીક્ષા લીધી હતી, એટલે કાવ્યની શરૂઆત કવિએ માગસર માસના વર્ણનથી કરી છે. દરેક માસના વર્ણનમાં એ માસનાં વ્યવહારજીવન અને પ્રકૃતિનાં લક્ષણો ઉપરાંત એ માસમાં ગવાતા શાસ્ત્રીય રાગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કાવ્યમાં કુલ ૧૫ કડીઓ છે. પ્રથમ ચૌદ કડીમાં દરેકમાં પ્રથમ પાંચ ચરણ, શબ્દો બેવડાવી અને પાદપૂરક ઉમેરીને બનાવેલ, દોહરા છંદની દેશીનાં છે, અને પછીની ચાર લીટી ૧૬ અને ૧૨ માત્રાના ખંડ તેમ જ છેલ્લા ગુરુ અક્ષરવાળા હરિગીતિકા છંદની છે. ઉપરાંત દેશીના છેલ્લા ચરણના શબ્દોને હરિગીતિકા છંદની કડીની શરૂઆતમાં સાંકળી લેવામાં આવ્યા છે. આંતરયમક અને પ્રાસાનુપ્રાસ યોજીને કવિએ કાવ્યને સુગેય બનાવવાનો પણ સારો પ્રયત્ન કર્યો છે.

---

૧ 'સ્વાધ્યાય', પુસ્તક ૧ (સં. ૨૦૧૯) અંક ૧માં, સં. ડૉ. ભોગીલાલ સાંડેસરા. ૨ 'ગૂર્જર રાસાવલિ'માં, સં. સ્વ. બ. ક. ઠાકોર, સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈ, અને વિ. શ્રી. મધુસૂદન મોદી. ૩ સંપાદક શ્રી આત્મારામ બી. જાજોદિયા, પ્રકાશક: રાજસ્થાન રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ, જયપુર. ૪ એની હસ્તપ્રતો અમદાવાદના શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે.

આવી લાક્ષણિકતાઓ ઉપરાંત એની ભાષા પ્રાચીન ગુજરાતીના નમૂનારૂપ હોવાથી આ કાવ્યની સમીક્ષિત વાચના અત્રે રજૂ કરી છે. તે માટે પ્રાપ્ય કુલ ચાર હસ્તપ્રતોનો ઉપયોગ કર્યો છે: (૧) વડોદરાના શ્રી આત્મારામ જૈન જ્ઞાનમંદિરની ક્રમાંક ૪૩૫૪ની પ્રતનો, (૨) અમદાવાદના શ્રી. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાંના શ્રી. પુણ્યવિજયજી મહારાજના સંગ્રહની ક્રમાંક ૮૯૨૫ની પ્રતનો, તેમ જ (૩) અને (૪) એ જ સંસ્થામાંના નગરશેઠ ભંડારની ક્રમાંક ૧૪૫૯ અને ક્રમાંક ૧૫૮૦ની પ્રતનો. અત્રે એને અનુક્રમે क, ख, ग અને घ સંજ્ઞા આપી છે. કોઈ પ્રતમાં લેખનસંવત નથી, પણ સોળમી સદીમાં એ લખાયેલી લાગે છે. તેમાં क પ્રત વધારે શુદ્ધ અને સુવાચ્ય લાગવાથી એને પાઠ મુખ્ય પાઠ તરીકે સ્વીકારી અન્ય પ્રતોનાં પાઠાન્તરો પાદટીપમાં નોંધ્યાં છે; જોકે ક્વચિત્ અન્ય પ્રતનો પાઠ વધારે ઉચિત લાગવાથી એને મુખ્ય પાઠ તરીકે સ્વીકાર્યો છે. હસ્તપ્રત સિવાયનો એક પણ પાઠ વાચનામાં મૂક્યો નથી, પણ તદ્ભવ શબ્દોના 'ષ'નો સર્વત્ર 'ખ' કરી લીધો છે, અને મૂળના દંડને સ્થાને અર્વાચીન વિરામચિહ્નો મૂકયાં છે.

## કાવ્ય

સરસતિ સરસતિ સામિણિ સમરઇએ, પામીઅ પામીઅ સુગુરુ–પસાઉ કે,
ગાઇસુ સીલ–સોહામણુ એ થૂલિભદ્ર થૂલિભદ્ર મુણિવર–રાઉ કે,
સરસતિ સામિણિ સમરઇએ.

સમરીઇ સરસતિ, સુગુરુ–આઇસિ થૂલિભદ્ર વખાણીઇ,
સિગડાલ–લાચ્છલદેવી—નંદન પાડલીપુરિ જાણીઇ;
વરસ બારઇ કોડિ બારઇ વેસ–સિઉં વિલસી કરી,
માસિ માગસિરિ સંયમ લીધુ, કોશ હીઅડઇ ગહિબરી. ૧

માગસિરિ માગસિરિ મારગ રૂઅડા એ, લાભઇં લાભઇં નદીહં પાર કે,
વાણિજ–મારગિ સંચરઇં એ થૂલિભદ્ર થૂલિભદ્ર કરઇ વિહાર કે,
માગસિરિ મારગ રૂઅડા એ.

---

૧-૧ ख પામીઇ પામીઇ, गघ પામીય.

૧-૨ ख ગાયસુ. घ સીલસોહામણઉ. गघ મુનિવર.

૧-૩ ग સમરીએ.

૧-૪ ग સમરિઅ. ख વખાણીઇએ.

૧-૫ ख નંદણ. कग પાડલીપુર. ख જાણીઇએ.

૧-૬ —

૧-૭ ख માસ. खगघ લીધઉ. ग હીયડઇ.

૨-૧ ख માગસિર (૨). ख લાભઇંઇએ લાભઇંઇએ,
  गघ લાભઇએ લાભઇએ. कघ નદીઅહં, ग નદીયનુ.

૨-૨ —

૨-૩ —

રૂઅડા માગસિરિ મારગ, ગયણિ નક્ષત્ર વિહસીઆં;
નેપાલ બોરા દટિત ઉરા, મેલ્હીઇં અંગાસીઆં;
વિવહારા દોસી, લગન જોસી, રાગ રૂઅડઉ ગૂંડગિરી;
થૂલિભદ્ર વિણુ રડઇ કોશા નયણુ આંસુજલ ભરી. ૨

પોસિહિં પોસિહિં નિય તનુ પોસીઇ એ, લીજઇ લીજઇ સુધ્રૂત—આહાર કે;
રંગિત દોટી ઓઢણુઇ એ, માણિક માણિક રંગ અપાર કે;
પોસિહિં નિઅ તનુ પોસીઇ એ.

પોસ માસિઇં પોસીઇ તનુ, સુગંધ તેલ સુલાઈઇ;
સિંદૂર—કુંકુમિ પીઅલિ કીજઇ, રામગિરી રસિ ગાઇઇ;
કુસુંભ પુંભિહિં મહિલ ચરચઇં, વાડીય મરુઉ વાવીઉ;
રયણિ મોટી, કોશા જંપઇ, 'થૂલિભદ્ર ન આવીઉ ?' ૩

માહહ માહહ માસિ મન ગહગહિઉં એ, ગૂંજારિ ગૂંજારિ માહિ ગૂંજારિ કે;
પાટૂઅ—પાલખિ પઉઢણુઇ એ, નિરધૂમ નિરધૂમ સગડી અબારિ કે;
માહ માસિ મન ગહગહિઉં એ.

માહ માસિ ગહગહિઉં મન, સિવરતિઇં હુઇ સીઅ ઘણુ;
સધ્રૂત રોટી, ઓઢણિ દોટી, તીહ નવિ ભય સીઅ—તણુ;
દેવસાખિઇં દેવ રીઝઇં, દાઝઇ હિમભરિ પોઇણી;
થૂલિભદ્ર—વિયોગિ દાઝઇ કોશ અતિ નવ-જુવ્વણી. ૪

---

૨–૪ खग માગસિર. घ રૂઅડા અતિ મારગ માસિ માગસિરિ.
खग ગયણુ.
૨–૫ क દઢિત.
૨–૬ ख વેવહારિ, ग વ્યવહારા, घ વ્યવહાર. ख રાગ ગરુઅઉ.
૨–૭ घ વિણુ. घ નયણિ.
૩–૧ खग નિય. गघ પોસીઅએ.
૩–૨ —
૩–૩ खगघ નિય. ग પોસીયએ.
૩–૪ ख પોસિ માસિં, ग પોસિહિ નિય તનુ પોસીઇ. क સુહાઇઈ.
૩–૫ ख પીલિ કીજઇ.
૩–૬ घ કુસુંભ કુંકુમિહિં. ग વાડી.
૪–૧ ग માહ માસિ માહ માસિ.
૪–૨ ग પાલષ પુઢણઇએ. खघ અબાર કિ, ग સગડી બારિ કે.
૪–૩ —
૪–૪ घ માસિઇં. खग સિવરત્તિં, ख ग घ ઘણઉ.
૪–૫ ग તેહિ. ख घ સીઅ તણઉ, ग સીય તણઉ.
૪–૬ ग દેવસાખઇ. ग રીઝઇં. હિમ જલ ભરિ પોઇણી.
૪–૭ —

ફાગુણિ ફાગુણિ તરૂઅર ફૂંપલ્યા એ, નીપજઇં નીપજઇં સદલ ગોધૂમ કે;
હીમતણુ ભર ઓહટિઉ એ, પરવત પરવત દીસઇં સધૂમ કે;
ફાગુણિ તરૂઅર ફૂંપલ્યા એ.

ફાગુણિ તરૂઅર ફૂંપલ્યા નઇ સવિધ ગ્યા રસિઆ મલી;
પરવ હોલી ફાગુ ખેલઇં, વાસઇં કોઇલિ સામલી;
રાયણુ નીલાં, ચંદણુ ટીલાં, વસંત માસ રુલીઆમણુ;
ભણઇ કોશા, થૂલિભદ્ર વિણુ સહૂઅ મઝ અસુહામણું. ૫

ચૈત્રિહિ ચૈત્રિહિ તરૂઅર ચિત્ત હરઇં એ, મઉરીઇં મઉરીઇં સવિ સહકાર કે;
મધુ માસિ જન—મન મોહીઉં એ, મહમહઇ મહમહઇ ઘણુ ઘનસાર કે,
ચૈત્રિહિં તરૂઅર ચિત્ત હરઇં એ.

ચૈત્રિહિં તરૂઅર ચિત્ત હરઇ, સવિ વેઉલ ચંપક પાડલા;
વાલઉ મરૂઉ કંદ કરણી, કમલ કેલિ સુકોમલા;
કિંસૂઅ રાતા, ભમર માતા, હીંડોલે મન ગહગહિઉં;
કોશ—હીઅડઉં થૂલિભદ્ર વિણુ હીંડોલા જિમ લહળહિઉં. ૬

વૈશાખ વૈશાખ માસિ વિશેષીઇ એ, દિનકર દિનકર તપઇ અપાર કે,
પાણીઅ પંથ સંપૂરિઇ એ, શીતલ શીતલ લીજઇ આહાર કિ,
વૈશાખ માસિ વિશેષીઇ એ.

---

૫–૧ ग ફૂપલાં. ग ગોધૂમિ.
૫–૨ खगघ હીમતણુઉ. ग પરબતિ પરબતિ, घ પરબતે પરબતે. ग સધુમિ, ख અધૂમ.
૫–૩ ग ફૂંપલાં.
૫–૪ ફૂપલાં. घ સવિ ધુરિઅ ગ્યા રસિઆ મલી.
૫–૫ खगघ ફાગ. ग કોઇલ.
૫–૬ ग રાઇણુ. गघ ચંદન. घ પંચમ સર રૂલીઆમણુઉ. खग માસ રૂલીઆમણુઉ.
૫–૭ ख ग घ વિણ. ख અસોહામણુઉં, ग અસૂહામણુઉં.
૬–૧ क ચૈત્રિં ચૈત્રિં. ख મુરીઇં મુરીઇં, ग મઉરાય મઉરાય.
૬–૨ ख મોહીઆ. खगघ ધન.
૬–૩ —
૬–૪ —
૬–૫ ख વાલુ મરૂઉ મુચકંદ.
૬–૬ खघ ગહિગહિઉં.
૬–૭ खग વિણ. ख લહિબહિઉં.
૭–૧ —
૭–૨ क खમાં આ લીટી નથી. घ પાણીઇં.
૭–૩ —

વૈશાખ માંસિ વિશેષીઇ પ્રભુ, અખાત્રીજઇં પારણઉં:
દ્રુમિહિં પરિમલ, વિમલજલભરિ ખડોખલીઇં ઝીલણઉં;
મધુર નાદિં વસંત કીજઇ, શ્વેત કાપડ પહિરીઇ;
થૂલિભદ્ર–વિયોગિ કોશ–હીઅડું કરવત–સિઉં વિહરીઇ. ૭

જેઠિહિં જેઠિહિં જેઠ મનોરથુ એ, રવિકર રવિકર સહિણુ ન જાઇ કિ,
ચિહું દિસિ ચિહું દિસિ કોરણુ ઉડીઆં એ, લહરિહિં લહરિહિં લૂઅડી વાઇ કિ,
જેઠિહિં જેઠ મનોરથુ એ.

મન મનોરથ જેઠિ ગરૂઆ, આછાં કોમલ પહિરણઇ;
બાવનિચંદનિ અંગ ખરડઇ, ગુંડિ ગુંજા ઓઢણઇ;
વેડીઇં અંબા, ઘરિ કરંબા, કીજઇ, રાગ વેલાઉલી;
કોશ હીયડઇ અતિ સંભારઇ થૂલિભદ્ર વલી વલી. ૮

પહુવિહિં પહુવિહિં પાવસ ઊનયુ એ, આવીઉ આવીઉ આસાઢ માસ કે,
મોર કીંગાઇ મન–રુલી એ, લોકહં લોકહં મનિ નવી આસ કે,
પુહુવિહિં પાવસ ઊનયુ એ.

પહુવિહિં પાવસ ઊનયઉ, સવિ વીજ ચિહું દિસિ ઝલહલઇ;
ઉત્તરઇં ઊનયણુ દીસઇં, નીર મારગિ ખલહલઇ;
ગઉડ—ગૂજર—રાગ કીજઇ, મધુર વંશ વજાવીઇ:
ઇંસિઈ અવસરિ કોશ મંદિરિ થૂલિભદ્ર વધાવીઇ. ૯

---

૭–૪ ख પારણું.
૭–૫ कख વિણલ જલ ષડોષલીઇં. ख ઝીલણું.
૭–૬ खगघ નાદિઇં.
૭–૭ ख વિયોગિઇં. कगघ કોશા હીઉં કરવત વિહરીઇ
૮–૧ गघ સહણુ.
૮–૨ घ કોરણ ઊપડયાં એ. ग વાય કિ.
૮–૩ —
૮–૪ गघ મનિ.
૮–૫ कखघ ગઉડિ ગુંજી.
૮–૬ ग કરિંબા.
૮–૭ ख થૂલભદ્ર.
૯–૧ ग પુત્રિહિ પુવિહિ, घ પુહવિહિ પુહવિહિ.
૯–૨ ग મનિ રુલી. घ મન રુલીઇ.
૯–૩ ग પુહવિહિ, घ ઊનઊ.
૯–૪ ग घ પુહવિહિ. ख ग ઊનયુ, घ ઊનઉ.
૯–૫ घ ઊનમણ.
૯–૬ ग મહુર.
૯–૭ ग અસિઇ.

શ્રાવણિ શ્રાવણિ જલહર જલ શ્રવઈં એ, લહકઇ લહકઇ એ સીતલ વાઉ કે,
પંથીય પુલઈં ઊતાવલા એ, મયણુહ મયણુહ ઘણુ ભડિવાઉ કે,
શ્રાવણિ જલહર જલ શ્રવઈં એ.

જલ શ્રવઈં શ્રાવણિ રડઈં દુદ્દર, દિવસિ દિણુયર છાઇઉ;
સવિ તાપ ભાગા, લહરિ ટાઢી, સુરભિ વાઉ સુવાઇઉ;
આલવઈં મેઘમલ્હાર રંગિહિં, પુહવિ સઘલી નીલીઆ;
કોશ પભણુઇ, 'ભલઇ થૂલિભદ્ર માહરઇ મંદિરિ આવીયા'. ૧૦

ભાદ્રવા ભાદ્રવા ભરિ ઘણુ ગાજીઉ એ, વરસઇ વરસઇ અવિરલ ધાર કે,
પ્રીય પ્રીય કરઇ બાપીઅડા એ, નિશિ ભરિ ભરિ ઘોર અંધાર કે,
ભાદ્રવા ભરિ ઘણુ ગાજીઉ એ.

ભાદ્રવા ભરિ ઘણુ ગાજીઉ, ઘણુ કામિની મનિ અતિ રુલી,
નયણુ કાજલ-રેખ સારઇ, રમઇ ત્રીજ સુ-કાજલી;
શ્રીરાગ રંગિહિં ગીત ગાઈં, નદી ખલહલ જલ વહઇ,
ચિત્રશાલી રહિયા થૂલિભદ્ર વિગય ખટરસ નિતુ ગ્રહઇ. ૧૧

આસો આસો આસ સવે ફૂલઇ એ, ગયણિહિં ગયણિહિં નિરમલ મેહ કે,
કમલિહિં કમલિહિં પરિમલ મહમહઇ એ, કમલિણિ કમલિણિ મધુકર નેહ કે,
આસો આસ સવે ફૂલઇ એ.

---

૧૦-૧ —
૧૦-૨ ख માં આ લીટી નથી, ग घ પંથિઅ, ग પલઇ. घ ઘણુઉ ભડવાઉ કિ.
૧૦-૩ —
૧૦-૪ ग માં પૂર્વચરણુ નથી. घ દુદ્દુર. ग દિવસ.
૧૦-૫ ख લહર તાઢી.
૧૦-૬ ख ग રંગિઇ.
૧૦-૭ ख મોરઇ મંદિરિ, ग માહરિ મંદિરિ.
૧૧-૧ ख ભારિ. ग ધન.
૧૧-૨ —
૧૧-૩ —
૧૧-૪ ख ग માં 'કામિની' પહેલાં 'ઘણુ' શબ્દ નથી. ग કામની.
૧૧-૫ ख ग घ નયણિ ग घ કાજલિ રેખ.
૧૧-૬ ख ग રંગિઇં.
૧૧-૭ બધી પ્રતોમાં 'ચિત્રશાલી' અને 'રહિયા' વચ્ચે 'કોશા' શબ્દ છે. છંદનું માપ જળવાતું નહિ હોવાથી એ પડતો મૂક્યો છે. ग વિગઇ.
૧૨-૧ —
૧૨-૨ —
૧૨-૩ —

આસોજિં આંસ સવે ફલઇં, નંઇં કલમ-શાલિ સોહામણી,
બંગાલ-કાન્હડ રાગ ગોપી ગાઇ અતિ રુલીયામણી,
ગોરૂઅ માતા ગેલિ વાલઇં, વેગિ તરુઅર સવિ ફલઇં,
હિવ હાવભાવિહિં કોશ વિલવઇં તોઇ થૂલિભદ્ર નવિ ચલઇ. ૧૨
કાતીય કાતીય કઉતિગ જોઇઇ એ, નીપજઇ નીપજઇ અંન બહૂત કે,
રાગ ધન્યાસી અતિ ભલઉ એ, દીવાલી દીવાલી પરવ પહૂત કે,
કાતીય કઉતિગ જોઇઇ એ.
કાતીય કઉતિગ જોઇઇ, નઇ નવાં અન્ન આરોગીઇં;
પકવાન તલીઇં, ઘોલ ગલીઇં, નીર નિરમલ પીજીઇ;
સીલ—સમકિત-રયણ આપી કોશ મનિ આણંદીઇ;
ચઉમાસી વીતી થૂલિભદ્ર હ સુગુરુ આવી વંદીઇ. ૧૩
'દુક્કર દુક્કર દુક્કર' ગુરુ ભણઇ એ, નિસુણીય નિસુણીય એહ વિચાર કે,
સીહગુફા-મુનિ દૂહવિઉ એ, દુક્કર દુક્કર અમ્હ એક વાર કે,
દુક્કર દુક્કર ગુરુ ભણઇ એ.
ગુરિ ભણીય દુક્કર, સુણિય મુનિવર કોપિ ચડીઉ બુલ્લએ;
ચઉમાસી બીજી કોશ મંદિરિ હરખિ હીયડઇ ચલ્લએ;
ધમ્મલાભિહિં અમ્મ મગ્ગઇ, રયણુ-કંબલ અપ્પિઉં;
ખાલ-કદ્દમિ ઘસીય વેશા સીલિ મુનિવર થપ્પિઉ. ૧૪

---

૧૨-૪ —
૧૨-૫ —
૧૨-૬ —
૧૨-૭ ख હાવિભાવિઇં, ग હાવભાવઇ, घ હાવભાવિઇં.
૧૩-૧ घ કાતીઅં કાતીઅ. क નીપજઇ સદલ ગોધૂમ કે.
૧૩-૨ ख ધનાસી; ભલુ.
૧૩-૩ घ કાતીઅ.
૧૩-૪ घ દ્દાતીઅ. ग કુતિગ.
૧૩-૫ क ख પીજઇ.
૧૩-૬ ख ग घ આનંદીઇ.
૧૩-૭ ख ચુમાસી. घ ચઉમાસિ પહુતી થૂલિભદ્દિહિ, ख વંદીઆ.
૧૪-૧ —
૧૪-૨ ग ઇક વાર કે.
૧૪-૩ —
૧૪-૪ ख घ મુણિવર.
૧૪-૫ ख ચુમાસિ. ख ग બીજઇ. ग હરિષિ.
૧૪-૬ ख ग ધમ્મલાભિઇ. ख મગ્ગએ.
૧૪-૭ ख સીલ, ग શીલ, घ શાલિ, ख ग घ મુનિવર.

થૂલિભદ્ર થૂલિભદ્ર બારઇ માસડા એ, જે ભણઇ ભણઇ આણંદપૂરિ કે,
તીહં ઘરિ અચલ વધામણું એ, બોલઇ બોલઇ હીરાણંદસૂરિ કે,
થૂલિભદ્ર બારઈ માસડા એ. ૧૫

---

૧૫-૧ ख જિ ભણઇ. ख આનંદપૂર, घ આણંદપૂર.
૧૫-૨ ख બોલએ બોલએ.
૧૫-૩ —
આ પછી
क ઇતિ થૂલિભદ્ર-બારમાસા : સમાપ્તાઃ ॥ છ ॥
ख ઇતિ શ્રી થૂલભદ્ર બારમાસા સમાપ્તા ॥ છ ॥ છ ॥
ग ઇતિ શ્રી થૂલિભદ્ર બાર મસવાડા સમાપ્તમિતિ.
घ ઇતિ શ્રી થૂલિભદ્ર ગુરૂ.

# "સરસ્વતીચંદ્ર": પ્રશિષ્ટ કૃતિ તરીકે

ઉપેન્દ્ર પંડ્યા

" A priest to us all of the wonder and bloom of the world."
—Mathew Arnold

પ્રશિષ્ટ એટલે જેને આપણે અંગ્રેજીમાં 'classic' કહીએ છીએ, તે વિશે બે વિદ્વાનોનાં જુદાં જુદાં દૃષ્ટિબિન્દુ જોવા મળે છે.

પહેલાં ટી. એસ. એલિયટનું દૃષ્ટિબિન્દુ લઈએ. " What is a classic ? "-ની ચર્ચા કરતાં, આ પુસ્તિકામાં એલિયટ કહે છે કે classic એટલે (૧) standard—સંમાન્ય, પ્રમાણભૂત લેખક એવો અર્થ ઘણી વાર થાય છે. (૨) લૅટિન અને ગ્રીક ભાષાના મહાન લેખકો, અથવા તે ભાષામાંની સાહિત્યકૃતિઓ, એવો પણ અર્થ થાય છે. (૩) સૌષ્ઠવપ્રિય ને કૌતુકપ્રિય વૃત્તિવાળા સર્જકો વચ્ચે ભેદ પાડવા માટે પણ આ શબ્દ પ્રયોજાય છે.

પણ એલિયટ પોતે આ વિશે જુદી રીતે વિચારે છે. તે એવા નિર્ણય પર આવે છે કે "...we have no classic age, and no classic poet in English". (પૃ. ૧૭) એની દૃષ્ટિએ તો શેક્સપીઅર કે મિલ્ટન classic લેખક ન ગણાય. પોતાની આવી દૃષ્ટિ સ્પષ્ટ કરવા એલિયટ classic કહેવાને પાત્ર સર્જકનાં નીચે પ્રમાણે લક્ષણો ગણાવે છે: (अ) ચિત્તની પરિપક્વતા (maturity of mind), (ब) રીતભાતની—સંસ્કાર જીવનની પરિપક્વતા (maturity of manners), (क) ભાષાની પરિપક્વતા (maturity of Language). આ લક્ષણો કોઈ એક યુગ(Age)માં તેમ જ કોઈ એક સર્જકમાં હોય તો જ તે પ્રશિષ્ટ (classic) ગણાય, નહિ તો નહિ. અલબત્ત આ લક્ષણો જે સર્જકમાં જણાય તે જ મહાન બીજા નહિ, એવું એલિયટનું કહેવું નથી. ઉ.ત. વર્જિલમાં classicનાં બધાં લક્ષણ દેખાય, તો તેથી જ કંઈ તેને ઉત્તમ સર્જક માની લેવાની ભૂલ કરવી જોઈએ નહિ, એમ એ સ્પષ્ટ કરે છે. વળી આ લક્ષણો કંઈ સભાનપણે લાવ્યાં લવાતાં નથી. સર્જકને ખબરે ન હોય ને એ ભવિષ્યની પેઢીઓ માટે classic બની જાય, એવું યે બને.

પણ જે સર્જક classic હોય તેમાં પરિપક્વતા-maturity-તો હોવી જ જોઈએ. એની દૃષ્ટિ વૈશ્વિકતા-Universalityવાળી હોય; એવા સર્જકમાં ભવિષ્યના દર્શન માટે ઇતિહાસનું—ભૂતકાળનું પણ ઊંડું અવગાહન ને આકલન કરવાની દૃષ્ટિ હોય, એની રચનાનો વ્યાપ (Range) અસાધારણ હોય. એલિયટની દૃષ્ટિએ, જે દેશની સંસ્કૃતિ જ અણુવિકસેલી છે, તે દેશની ભાષામાં classic સંભવી શકે નહિ. "A classic can only occur when a civilization is mature: and it must be the work of a mature mind." (પૃ. ૧૦). શેક્સપીઅર કરતાં Congrebeની " Way of the

World, "માં સંસ્કારી શિષ્ટતા વિશેષ છે એમ એ માને છે, આવાં classic લક્ષણો ધરાવતા કર્તાની અતિ પ્રભાવકતાને લીધે, ભાવિ સર્જકોની પ્રતિભા–વેણુછાયામાં પડી જાય, તે બાલપાદપ જેવા બની રહે, વિકસી ન શકે, એ classic લેખકથી થતું મોટું નુકસાન પણ છે, એમ એ જણાવે છે. સૂક્ષ્મ-સંકુલ સંવેદનોનો સુવિશાળ પટ જેની સર્જનસૃષ્ટિમાં લહેરાતો હોય, સમગ્ર પ્રજાની આંતરચેતના—તેની સાંસ્કૃતિક વિશેષતા—જેમાં નિહિત હોય, એ રૂપે અભિવ્યક્ત થતી હોય, તે જ એલિયટની દૃષ્ટિએ સંપૂર્ણ classic ગણી શકાય. હા, minor classic–નાના દરજ્જાના શિષ્ટ લેખકો ને તેમની કૃતિઓ, દેશદેશની ભાષાઓમાં સંભવી શકે; પણ એવાની મહત્તા તેમના ભાષા પૂરતી જ હોય. આ મર્યાદાને વટી જઈ, જગદ્વ્યાપી ધોરણે જે major classic–મોટા ગજાના–મહાન શિષ્ટ લેખક બની રહે, તેવાઓ તો વિરલ જ હોવાના.

એલિયટે એના આ મતમાં કર્તા પર–તેના સમયની સંસ્કારસિદ્ધિ પર–જેટલો ભાર મૂક્યો છે, તેટલો કૃતિ પર મૂક્યો નથી. કોઈ નીવડેલા classicમાંથી આ લક્ષણો તારવવાનો–તેમાં જોવાનો–ખાસ પ્રયત્ન કર્યો નથી. વર્જિલના 'Aeneid'ને બાદ કરતાં. જે કર્તા કે કૃતિ ઉત્તમ કે અમર તે classic એવો એલિયટનો મત નથી. ચિત્તની પ્રૌઢી ને ઊંચી સાંસ્કૃતિક કક્ષા એની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનાં છે; વળી જ્યાં ભાષાનું પૂરતું ખેડાણ થયું ન હોય, ત્યાં classicની સંભાવના નથી, એમ એ માને છે.

હવે પ્રસિદ્ધ ફ્રેન્ચ વિવેચક સેઈન્ટ બવનો મત જોઈએ. એનો મત classic વિશેની રૂઢ માન્યતાને વધુ મળતો છે. યુગની સંસ્કારિતા પર ભાર ન મૂકતાં, એ સર્જકની પ્રતિભાને જ લક્ષ્ય કરે છે. ને શેકસ્પીઅરને classic તરીકે વિશ્વના મહાન કવિઓની કોટિમાં મૂકે છે, તેમ મિલ્ટનને પણ classic ગણે છે. ભાષાની પરિપક્વતા પર તેના ચાલ્યા આવતા ખેડાણ પર તે એલિયટની જેમ ભાર મૂકતો નથી. એની દૃષ્ટિએ classic એટલે માનવજીવનના સ્થાયી કે શાશ્વત ભાવોનું ગાન ગાનાર, માનવચિત્તને સમૃદ્ધ કરનાર.

ઋતંભરા જ્યોતિર્મય વાણીમાં લોકોત્તર સર્જન કરી, માનવજીવનને બેપાંચ કદમ ઊંચે ચઢાવનાર, જે કાંઈ સુંદર છે, વિશાળ છે, ઊર્જિત કે વિભૂતિમત્ છે, તેનો સર્જન દ્વારા મહિમા કરનાર કલાકાર. એની દૃષ્ટિએ તો, કૌતુકપ્રિય (Romantic) કવિ કે કલાકાર પણ જો તે પ્રતિભાની વ્યાપનશીલતા ને અમરતા ધરાવતો હોય તો–classic બની શકે. પણ જો એનામાં પ્રતિભાની ઊણપ હોય તો, એલિયટકથિત લક્ષણો એનામાં હોય તો યે એ મહાન classic ન બની શકે. અલબત્ત એ સ્વીકારે છે કે જગતના શ્રેષ્ઠ સર્જકો વચ્ચે પણ ચઢઊતર કક્ષા સંભવે છે. તેથી પર્વતનાં ઊંચાંનીચાં શૃંગ કે ઢોળાવ પર, પર્વતીય પ્રદેશની જુદી જુદી કક્ષાએ, આવા classic સર્જકો ઊભા હોય, એમ કલ્પી શકાય. આવા classic સર્જકોની કૃતિ એકરૂપતા સામંજસ્ય, બુદ્ધિમત્તા, વિવેકશીલતા, ઉન્નતતા, પ્રાજ્ઞતાનાં લક્ષણ સહેજે ધરાવે છે. એની ઉદાત્ત ભાવનાસૃષ્ટિમાં, કલાની કંઈક અ-પૂર્વતા હોય છે. એવી રચના કદી જૂની થતી નથી. યુગે યુગે નવું રૂપ ધારે છે ને તેથી દરેક યુગની સમકાલીન રચના બની રહે છે. સહૃદયોએ નવી ફુટકળ રચનાઓ પાછળ ફાંફાં મારવાને બદલે આવી યુગોથી નીવડેલી કૃતિઓનું વધારે વધારે સેવન કરવું જોઈએ એમ એ કહે છે. જેનું ચિત્ત પકવતાવાળું છે તે સહૃદયને આવી જ કૃતિ શુદ્ધ

આનંદ આપી શકે, એમ કહી એ સહૃદયના ચિત્તની પકવતા પર પણ ભાર મૂકે છે. "There is no enjoyment more delightful than to study and thoroughly examine the things we know, to take pleasure in what we feel, and in seeing and seeing again the people we love; the pure joys of our maturity".

આમ જે કૃતિ સંકુચિત દિક્કાલથી પર હોય, જેને ફરી ફરી માણ્યાં કરવાનું મન થાય, જેનો રસ અનેક વાર માણુંવા છતાંયે ઊણો તો ન થાય પણ હરેક નવા વાચને, યુગે યુગે કંઈક નવું ને નવું, સાત્ત્વિક, સુંદર ને પ્રેરક જેમાંથી મળ્યાં કરે, એક કે બીજી દૃષ્ટિએ જેનો મહિમા ફરી ફરી થતો રહે, જેનું રસાત્મક વિશ્વ સનાતન-ચિરંજીવી આકર્ષણ ધરાવતું હોય, તેને classic કહેવામાં વાંધો ન હોઈ શકે. "સ્વપ્નવાસવદત્તસ્ય દાહકોઽભૂત્ ન પાવકઃ"—એ ઉક્તિ આવાં classic-માટેય સાર્થક બને, કેમ કે કાલાગ્નિની કશી આંચ એને ન લાગે.

સદ્‌ભાગ્યે ગો. મા. ત્રિ.નો "સરસ્વતીચન્દ્ર" એવી કૃતિ છે કે જે સેઈન્ટ બવની દૃષ્ટિએ તો classic ઠરે જ પણ એલિયટની દૃષ્ટિએ ય એમાં ખાસ મુશ્કેલી નડવાનો સંભવ જણાતો નથી. શેકસ્પીઅરનો યુગ મહાન હોવા છતાં, પરિપકવતાવાળો નથી ને શેકસ્પીઅરમાં પણ પરિપકવતાની દૃષ્ટિએ કંઈક ખૂટે છે, એમ એલિયટને લાગે છે. મિલ્ટનની શૈલી એને classic લાગતી નથી. મિલ્ટનની શક્તિનું ગૌરવ કરવા જતાં, વિશેષ ગૌરવ તો સ્પેન્સરની શક્તિનું કરવું ઘટે એમ કહે છે. "...the style of Milton is not a classic style; it is a style of language still in formation, the style of a writer whose masters were not English, but Latin and to a less degree Greek. (પૃ. ૧૫)". પરંતુ ગો. મા. ત્રિ.એ તો "સરસ્વતીચંદ્ર" દ્વારા, સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યની સૌરભથી તેમ જ તળપદી ગુજરાતી ભાષાની સમૃદ્ધિથી, ગુજરાતી ગદ્યને નવી જ ગરિમા ને નવી જ સુષમા અર્પી છે. ગો. મા. ત્રિ.નું માનસ જો પરિપકવ ન ગણાય તો બીજા કયા ભારતીય સર્જકનું માનસ પરિપકવ ગણી શકાય, એ જ પ્રશ્ન છે; ને 'સરસ્વતીચંદ્ર'માં માત્ર જૂની ભારતીય સંસ્કૃતિ જ નહિ, પણ પ્રાચીન પૂર્વ, અર્વાચીન પૂર્વ ને અર્વાચીન પશ્ચિમ એ ત્રણે સંસ્કૃતિઓનું મનભર સંગમતીર્થ આપણને જોવા મળે છે.

એટલે જ, ગુજરાતનો ગૌરવગ્રંથ, ગ્રંથમણિ, સંસારચિત્ર, યુગકથા નિમિત્તે સંસ્કૃતિકથા જગતકાદંબરી, પુરાણ, આકરગ્રંથ, પંડિતયુગનું મહાકાવ્ય, ગુજરાતી સાહિત્યનો નગાધિરાજ, મહાનવલ, સકલકથા જેવા શબ્દપ્રયોગથી જુદી જુદી રીતે અનેક વિદ્વાનો ને અભ્યાસીઓએ "સરસ્વતીચંદ્ર"નું ગૌરવ અવારનવાર કર્યું છે ને એના સર્જકને 'મહામનીષી' ઋષિ જ નહિ મહર્ષિ, તપસ્વી કહ્યા છે. આચાર્ય આનંદશંકરે તો 'સરસ્વતીચંદ્ર'કારને કળિકાળના વ્યાસજી સાથે સરખાવ્યા છે. "સરસ્વતીચંદ્ર"ની કથા એણે કરેલા ગૃહત્યાગ પછી, આમ તો માત્ર ત્રણ મહિનાની કથા છે. પણ ઘૂઘવતા, રસળતા, મંદ્રમંથર મહાનદની પેઠે આ નવલ સ્થળ અને કાળનાં ગંજાવર કહેવાય તેવાં ફલકો પર ઘૂમી વળે છે. ઈ.સ. ૧૮૫૭ના ભારતના સ્વાતંત્ર્ય યુદ્ધ તરફ આ કથા આપણને લઈ જાય છે એટલું નહિ, જ છેક મહાભારતના ને અશોક સમુદ્રગુપ્તના કાળમાં ને

ત્યાંથી વળી ભારત પર રશિયાની સંભવિત ચઢાઈ સુધીના ગાળાને–સમગ્ર ઓગણીસમી સદીને–આ કથા બાહ્યાભ્યન્તર સ્પર્શી રહે છે. ભૂત, વર્તમાન ને ભાવિના ગર્ભમાં ઘણે ઊંડે સુધી જઈ શકનારી પરિણત પ્રજ્ઞાથી, સર્જનની ને પાંડિત્યની અપૂર્વ દીપ્તિ ને વૈભવથી, સમગ્ર કૃતિ પર ફરફરતી ધાર્મિકતાની પરમ મંગળ પુણ્યપતાકાથી, "સરસ્વતીચંદ્ર" મહાનવલ કરતાંયે કંઈક વિશેષ બની રહે છે. ગુજરાતી નવલકથાના ઉદયકાળમાં જ ગો. મા. ત્રિ. વિરલ વિશિષ્ટ શક્તિઓ લઈને આવે છે, ને તેથી પર્યેષણશીલ પંડિતસર્જકની આ દર્શનપ્રધાન મહાનવલ ગુજરાતી સાહિત્યનું જ નહિ, ભારતીય સાહિત્યનું પણ ગરવું ગિરિશૃંગ બનવાની પાત્રતા ધારી રહે છે. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી એને પર્વતમાળા સાથે, કબીરવડ સાથે સરખાવે છે. પણ એ ઉપમાનથી સંતોષ ન થતાં લખે છે : "......આ કથા અનેક અગાસીઓવાળા, છેવટે જીવન તરફ કરુણા અને મૈત્રીની દૃષ્ટિ નાખતા સ્તૂપ પર લઈ જતી, બોરોબુદુરના મંદિર જેવી થઈ છે."[૧] તો શ્રી ઉમાશંકર જોષી આવી મહાકાવ્ય સમી મહાકાય કૃતિને "એક સંદેશ( પયગામ )વાહકની કૃતિ" ગણે છે; ને કોઈ એક વ્યક્તિએ લેખન-સર્જન દ્વારા ગુજરાતના સંસ્કારપોષણમાં ગાંધીજી પૂર્વે અપૂર્વ ભાગ ભજવ્યો હોય તો તે "સરસ્વતીચંદ્ર" કારે, એમ જણાવે છે. એમની દૃષ્ટિએ આ મહાન કૃતિ યુગ કથાથી પણ વિશેષ છે. "યુગના આલેખમાં યુગની પારની દ્યુતિ ઝીલવા એ મથે છે."[૨]

જેમાં ત્રણ પેઢીની, ત્રણ કાળની, ત્રણ ગુણની ભૂલોક, ભુવર્લોક ને સ્વર્લોક એમ ત્રણ ભાવાલોકની, માત્ર પૂર્વજોની જ નહિ પણ પૌરાણિક પાત્રોની—કુન્તી, અર્જુન કે ધર્મરાજ જ નહિ, પણ હનુમાન ને પરશુરામ, અરે પોપટ ને ચકોર જેવાં પક્ષીઓ પણ જ્યાં અંગ્રેજીમાં બોલે છે!—વર્તમાન ભૂમિકા પર પણ સ્તરેસ્તરનાં ને બધાં મળીને ખાસ્સાં બસો, અઢીસો જેટલાં પાત્રોની ગંજાવર સેના ખડી કરેલી છે, બે હજાર પૃષ્ઠ સુધી જે કથા વિસ્તરેલી છે, જેમાં ગૃહ, રાજ્ય, સમાજ ને ધર્મની માનવજીવનના ચતુર્વિધ પુરુષાર્થોની, ચાર વર્ણની, ચાર આશ્રમની, ત્રણ સંસ્કૃતિઓની ને દેશી રાજ્યોના ઉદયાસ્તની અનેક જંગમ ચિત્રાવલીઓ આલેખેલી છે, જેમાં ભાષ્યરૂપે—વિવરણવાર્તિકરૂપે, રૂપકશૈલીમાં, પત્રશૈલીમાં કે સંવાદશૈલીમાં યા લાંબી સ્વગતોક્તિરૂપે, કુટુમ્બજીવનની, રાજ્યનીતિની, લક્ષ્યાલક્ષ્યની, ( આખું ય પ્રકરણ સંસ્કૃતમાં છે! ) સ્ત્રી-પુરુષની પ્રીતિની, સ્વપ્નલોકની યાત્રાની કે પંચમહાયજ્ઞની વીગતો અવાન્તર તત્ત્વચર્ચારૂપે અવારનવાર આવે છે, જ્યાં રસઝરતી કથાને માથે "પ્રાચીન સાહિત્ય"માં રવીન્દ્રનાથ કહે છે તેમ, મોટી શિલા અવારનવાર મૂકી દેવાય છે, પંડિતની કઠિનતા, ચિંતનશિલતા, સંકુલતા ને દીર્ઘસૂત્રતાથી– અતિ ગંભીરતાથી–જે કથા ખીચોખીચ ભરેલી છે તે ગમે તેટલી, વખણાય-વિવેચાય, એને સૌ વંદે-અભિનંદે તો યે તેનું સેવન-સંવનન, પ્રમાણમાં ઓછું થાય, તેની કદીક ભવ્ય ઉપેક્ષા યે થાય, એ અસ્વાભાવિક નથી. એટલે જ સોમરસેટ મોમ કહે છે તેમ, કરુણ સ્થિતિ તો એ છે કે જેનો આપણે આટલો મહિમા કરીએ છીએ તેવાં "classics are discussed, not read." શાકુન્તલ, ઉત્તરારામચરિત, એન્ટીગોની, જેવી પ્રમાણમાં નાની શિષ્ટ કૃતિઓ વંચાતી હોય છે; પણ મહાભારત, રામાયણ, રઘુ-કુમાર, આદિ પંચમહાકાવ્યો, ઇલિયડ,

---

૧ 'સરસ્વતીચંદ્ર'–નડિયાદની સાક્ષરત્રિપુટીની સ્મૃતિમાં", પૃ. ૨.

૨ "સરસ્વતીચંદ્ર"ના બૃહત્સંક્ષેપનો પ્રવેશક, પૃ. ૨૨ (પ્રથમ આવૃત્તિ, ૧૯૬૦)

ઓડિસી, એઈનેઈડ, ફાઉસ્ટ, વૉર એન્ડ પીસ, પેરેડાઈઝ લૉસ્ટ, પેરેડાઈઝ રિગેઈન્ડ વગેરેના વાંચનાર કેટલા?

પણ તેથી જ આવા શિષ્ટ ગ્રંથો વિશે ઘણીયે વાર સાચાખોટા ભ્રામક કે ભૂલભરેલા ખ્યાલો, સમજફેરથી—પૂર્વગ્રહથી—દૃષ્ટિભેદથી, ઘર કરી બેસે છે; તે દૂર થાય ને સમયે સમયે આવા પ્રશિષ્ટ ગ્રંથોનું વિવેચન થતું રહે, નવા બદલાતા સંદર્ભમાં, નવી પેઢીઓને તેની યથાર્થ મહત્તા કે ઉપયોગિતા સમજાતી રહે, એનું ઉત્તમ સત્ત્વ પ્રજાના અધિકારી વર્ગ આગળ રજૂ થતું રહે, શક્ય તેટલા લોકભોગ્યરૂપે આવા ગ્રંથોની અનશુદ્ધ રજૂઆત થતી રહે, એ પ્રજાના સંસ્કાર-વારસાની દૃષ્ટિએ ખૂબ જરૂરી છે.

"સરસ્વતીચંદ્ર" પર્યેષણપ્રધાન પંડિતની કૃતિ છે, માટે પહેલા ભાગ પછી એમાં કલાતત્ત્વનો ક્રમિક લોપ થતો ગયો છે. ને ગો. મા. ત્રિ.એ પણ ઉત્તરોત્તર એની આયોજનકલાને ગૌણ જ ગણી છે, આવું કેટલાક માને છે, જે ભાગ્યે જ બરાબર હોય. "સરસ્વતીચંદ્ર"ના મૂલ્યાંકનમાં સર્વેસર્વા મહત્તા શું એમાંની જીવનમીમાંસાની જ છે? એની આકૃતિ, એની રચના-પદ્ધતિ–શું ખાસ ગણનામાં લેવા જેવી નથી? કલાકૃતિમાં શું રચનારીતિ–બાહ્ય આકારરૂપ–"વસ્ત્રાલંકારાદિની ફેશનો" જેવી જ છે? શ્રી વિશ્વનાથ ભટ્ટ કંઈક આવી સમજણથી લખે છે: "કોઈ પણ સાહિત્યકૃતિની અંતિમ મૂલવણીમાં એની આયોજનકલા, રચનાપદ્ધતિ કે નિરૂપણ-શૈલીને આપણે ગૌણ જ ગણવી જોઈએ અને મુખ્ય વિચાર તો એ બધી પ્રણાલિકાવાટે જે તાત્ત્વિક પ્રતિભા અને સાચું સર્જનસામર્થ્ય વ્યક્ત થઈ રહેલ હોય તેનો જ કરવો જોઈએ.[3] પણ કલાકૃતિના મૂલ્યાંકનમાં આમ છેક બીજે છેડે જઈને Dichotomy—દ્વિભાગીકરણ-કરવું ખરેખર જરૂરી છે? જો કલા કોઈ પણ સર્જનાત્મક કૃતિનું બાહ્યાંગ ન હોય–ન જ હોઈ શકે–તો "સાચું સર્જનસામર્થ્ય" કે "તાત્ત્વિક પ્રતિભા" તે કૃતિમાં હોવાનું, એ જો કલાનિર્મિતિ ન બને તો કલાના અંશો વિના શી રીતે નક્કી કરી શકાય? અખો જેમ કહે છે કે "અંદર બહાર ચશ્માને નથી." તેમ કલાકૃતિને પણ અંતરંગ બહિરંગની પૃથક્ દૃષ્ટિએ કે કલાતત્ત્વને ગૌણ કરીને જોવાની રીત, ભાગ્યે જ યથાર્થ હોય. પુષ્પના પ્રાકટ્ય વિના જેમ પુષ્પનું પુષ્પત્વ સંભવતું નથી, ગુલાબ-મોગરાના છોડ પર કે ચંપકાદિ વૃક્ષ પર બેસતાં ફૂલ જેમ એનું બહિરંગ નથી, તેવું જ કલાકૃતિમાં રચનાશક્તિનું છે.

એટલે જ "આયોજનકલા પાછળ કામ કરી રહેલી એકંદર સર્જનશક્તિને જ પ્રાધાન્ય" આપવાની વાત કંઈક વિચિત્ર લાગે છે. આયોજનકલા જો બહારથી લાવી કે લાદી શકાય એવી ન હોય ને સાચી સર્જનશક્તિ આયોજનકલા દ્વારા જ પ્રગટ થતી હોય, તો તેને પાછળ રાખીને નહિ, પણ આગળ કરીને જ, સર્જનશક્તિ તેનું સામર્થ્ય સિદ્ધ કરી શકે. એટલે શ્રી વિશ્વનાથ ભટ્ટ જ્યારે એમ કહે છે કે "'સરસ્વતીચંદ્ર'ના વાચકો વરસો સુધી એવા ને એવા મુગ્ધ રહ્યા તે વાર્તાના રસિક આકારમાં ગૂંથેલી એની આ સર્વતોમુખી જીવનમીમાંસાને જ લીધે,"[4] ત્યારે એમાં રહેલો તથ્યાંશ સ્વીકારવા છતાં

---

૩ "પંડિત યુગનું મહાકાવ્ય," જુઓ "વાર્ષિક વ્યાખ્યાનો," ભા. ૩, પૃ. ૨૨.

૪ એજન, પૃ. ૩૨.

એમ લાગે છે કે એમણે "સરસ્વતીચંદ્ર"ની જીવનમીમાંસા પર જેટલો ભાર મૂકયો છે, તેટલો એની કલામયતા પર મૂકયો નથી. વળી સામાન્ય વાચકો મુગ્ધ થાય તે તો એની કલામયતાથી, નહિ કે જીવનમીમાંસાથી. કેમ જાણે કલામયતા બહુ મહત્ત્વની ન હોય ને માટે તેનો "સરસ્વતીચંદ્ર"માં ગૌણભાવ હોય તો ખાસ વાંધા જેવું નથી, એને "વાર્તાનો રસિક આકાર" હોય એટલે બસ, એવું કંઈક એ માનતા લાગે છે. હકીકતે "સરસ્વતીચંદ્ર"માં વેરાન કે શુષ્ક કહીએ તેવા પ્રદેશો ઘણા આવે છે; તેમ છતાં એની સુંદરતા ઘણે સ્થળે તો અનુત્તમ કે અનુપમ કહેવાય એવી છે. અરે, એ વેરાન પ્રદેશો પણ કયાંક તો એની સુંદરતા ને ભવ્યતાનો અણસાર આપે છે; વિશાળ વનરાજિથી આચ્છાદિત, વહી જતી સરિતાના સ્વરથી નિનાદિત, આસપાસની ગિરિમાળાથી મંડિત, કોઈ, ઉત્તુંગ પર્વતીય પ્રદેશ પર શ્વેત મંદિર સોહતું હોય એવી 'સરસ્વતીચંદ્ર'ની સૃષ્ટિ છે. જે માત્ર પર્વત કે તેનાં શિખરો જુએ છે ને એટલાથી ડઘાઈ જાય છે, તે આસપાસનું નીરવ નિરવધિ સૌંદર્ય કે ભવ્યતા જોવી ચૂકી જાય, મંદિરની પવિત્ર સુંદરતા તો એનાથી વણપ્રીછી જ રહી જાય, તેમાં દોષ કોનો ? કેટલીક વાર સુંદરતા ને વિસારે પાડીને, એનાથી યે ઊર્ધ્વ જતી ભવ્યતા સરજાતી હોય છે. સ્થળે સ્થળે 'સરસ્વતીચંદ્ર'માં સુંદરતા ઓછી થતી જાય છે, પણ ભવ્યતા કયાંક કયાંક વધતી જાય છે, એમ નથી લાગતું ? ગો. મા. ત્રિ.ની આયોજનકલા વિશે કંઈક આ રીતે પણ વિચારવા જેવું છે. જ્યાં જ્યાં સુંદરતા અળપાઈ છે, ત્યાં ત્યાં ભવ્યતા સરજાઈ છે એમ કહેવાનો આશય નથી જ, પણ ઘણી યે વાર એનો પ્રલંબ પથરાટ કોઈ અજબ રીતે ઊર્જિતતાનો અંશ બની રહે છે. એવી ઊર્જિતતા કે ભવ્યતા તે ને તે સ્થળેથી નહિ પણ Aesthetic Distance કેળવીને, દૂરથી જોવાથી, સમગ્રદર્શી દૃષ્ટિ કેળવવાથી, કદાચ અનુભવી શકાય. 'સરસ્વતીચન્દ્ર'માં આ નથી, તે નથી, કહેવું સહેલું છે, પણ એમાં જે છે તે કેટલું તો ઉર્જિત ને વિભૂતિમત્ છે, એ જોવાનું આપણે કેમ ચૂકી જઈએ છીએ ? શ્રી. રામનારાયણ પાઠકે યોગ્ય જ કહ્યું છે: "અર્વાચીન યુગમાં આખા જીવનકલા પર વિસ્તરતી, આખા જીવનને લપેટી લેતી, આખા જીવનને વેધીને પાર જતી એવી દૃષ્ટિની, પૂર્વપશ્ચિમ બંનેમાં આ પહેલી જ નવલકથા છે".

'સરસ્વતીચન્દ્ર'ના પહેલા ભાગ પછી લેખકે પોતે પ્રસ્તાવનામાં દર્શાવ્યું છે તેમ, જાણીને—નહિ કે નરી નિર્બળતાથી—કલાતત્ત્વનો કેટલોક સંકોચ એના સર્જકે કર્યો છે. પણ તેથી "કલાની સુન્દરતા એમને મન માયા હતી,"[૫] "એમણે વાર્તાની બાહ્ય સુન્દરતારૂપી માયા કમી કરવા માંડી, એમ કહેવું ભાગ્યે જ સાચું હોય. જો ગો. માં. ત્રિ.એ સુંદરતાને બાહ્ય ગણી હોત, તો 'સરસ્વતીચન્દ્ર' આવી મહિમાવન્ત કૃતિ ભાગ્યે જ બની હોત. પણ ગો. મા. ત્રિ. જીવનદ્રષ્ટા છે, તો એક સાચા કલાકાર પણ છે; ને તેથી કલામાં સૌન્દર્યનો મહિમા ને મર્યાદા એ બરાબર પિછાને છે.

એટલે જ શ્રી. રા. વિ. પાઠક "'સરસ્વતીચન્દ્ર'ની આકૃતિ અને વક્તવ્ય" નામના એમના સુંદર લેખમાં જ્યારે એમ કહે છે કે આકાર વિનાની પણ કલાકૃતિઓ સંભવે છે, ત્યારે તે કથન ચિંત્ય લાગે છે. અલબત્ત કલાની કૃતિ દ્વારા જે આકાર રચાય છે, તે આ કે તે સ્થૂલ ઉપમાનો

૫ એજન, પૃ. ૭૩.

દ્વારા કવચિત્ ભલે વર્ણવાય, પણ એ છે ઉપમાનો જ—ઉપમેય નહિ. કલાની સ્વસંવેદ્ય આકૃતિનો તજ્જન્ય રમણીયતાનો—અનુભવ તો સહૃદયનું હૃદય જ કરતું હોય છે. એ સ્થિતિમાં, નવલકથામાં પાત્રોના વ્યવહરણ–વર્તનથી, તેમના ભાવ-પ્રતિભાવોથી, તેમનાં કાર્યોથી, તેમના જીવનમાં સ્વપ્રયત્ને, પરપ્રયત્ને કે અકસ્માત્ બનતા બનાવોથી, મનોમંથનની ચઢઊતર લયાન્દોલભરી અવસ્થાઓથી, કોઈ આકૃતિ—કલાનો રમણીય–અરમણીય–પિંડ તો બંધાય છે જ. તેથી "નવલકથાને આકાર વિના ચાલે જ નહિ એવું નથી. જગતની કેટલીક મહાન વાર્તાઓને (?) કશો આકાર હોતો નથી." એમ એમણે આ લેખમાં દર્શાવ્યું છે તે ભાગ્યે જ સ્વીકાર્ય બને. હા, કલાકૃતિનો આકાર સર્વત્ર સુરેખ-સમરેખ ન હોય, વેરવિખેર કે ત્રુટિતખંડિત હોય, તેમાં ઘાટીલાપણું ઓછું હોય, એ આકાર બદલાતો હોય, લુપ્ત થતો હોય, ક્યાંક ઝાંખો-ઘેરો થતો હોય, એ અલગ વાત છે, પણ સર્જનાત્મક સાહિત્યમાં–નવલકથામાં શબ્દની, લયની, ભાવની, ભાવનાની, કથાના પ્રવાહની, જે ચિત્રાત્મક સૃષ્ટિ સર્જાય છે તે સર્વથા આકારવિહોણી—નિરાકાર-હોય, એ તો માન્યું જાય તેવું નથી. આકૃતિની વાત કરતાં કરતાં શ્રી. રા. વિ. પાઠક અન્-આકૃતિની વાત પર પહોંચી જાય છે; ને તેથી જ આગળ ચાલતાં, આકાશ, સમુદ્ર, પર્વત ને વન પણ આકાર વિનાનાં હોવાનું જણાવે છે! પણ આવા વિશાળ, સ્થિર પદાર્થોને આકાર નથી એમ કહેવું–મનાવવું મૂળ જ અ-વાસ્તવિક લાગે છે. જેને જેને રૂપ છે, રંગ ને રેખા છે, લંબાઈ-પહોળાઈ ને ઊંડાઈનાં નિશ્ચિત પરિમાણ છે, તેને આકાર નથી એમ કહેવું એ તો વદતોવ્યાઘાત છે. ભલે, બધા પ્રત્યક્ષ આકારો આપણે વાણીથી સાંગોપાંગ ન વર્ણવી શકીએ; પણ તેથી તેનો અભાવ છે એમ સિદ્ધ કરવા મથવું એ તો સાવ જ વિપરીત કથન બની રહે. દા.ત. મારા ભાઈઓનો ને બહેનોનો અવાજ જુદો જુદો છે; તેની લયજન્ય આકૃતિ–એ સૌ–એના એ-એકસરખા જ શબ્દો ઉચ્ચારે, તો યે–જુદી છે એ હું અનુભવી શકું છું, વરતી શકું છું, પણ યથાર્થ રીતે હું વર્ણવી શકતો નથી, પણ એટલે જ કંઈ એ અવાજોનું ઉચ્ચારણનું—જુદાપણું મટી જતું નથી. એમ તો જુદી જુદી મીઠાઈઓનો ભેદ સ્વાદથી જ પરખવાનો હોય, તો તે ભેદ માત્ર વાણી દ્વારા પ્રકટ કરવાનું કામ સરળ નથી; ને છતાં દરેક મીઠાઈનું પૃથક્ત્વ સ્વાદને કારણે પણ રહે છે, તેવું જ અ-પ્રત્યક્ષ આકૃતિઓ–રૂપરચનાઓ–પરત્વે કહી શકાય. નાનું બાળક પણ નદી-સરોવર-દરિયો, વન-ઉપવન, આકાશ-ધરતી ને ટેકરા-ટેકરી કે પર્વતનો ભેદ થોડાક પ્રત્યક્ષ અનુભવથી રૂપરંગરેખાની તેની વિશિષ્ટ નિર્મિતિને લીધે જાણે છે તેથી "મહાન વાર્તાને આકાર ન હોય તો ચાલે"[૧] એવા સમાધાન પર શ્રી. રા. વિ. પાઠક આવે છે, તે પ્રતીતિકર લાગતું નથી. એમને પોતાને પણ કદાચ એ કઠ્યું હશે ને એટલે જ છૂટા મણકાનું, માળાનું, પટારામાં પેટી ને પેટીમાં દાબડીનું દૃષ્ટાન્ત આપીને એમને ય અંતે તો "સરસ્વતીચંદ્ર"ને આકાર છે, મહાનદના જેવો આકાર છે એમ સ્વીકારવું પડ્યું. છે!

હકીકતે આકાર—સ્થૂળ આકાર—દૃષ્ટિસાપેક્ષ ને તેથી દર્શનપ્રત્યક્ષ છે, પણ તે જેટલો સહજપણે–આસાનીથી–દર્શનીય છે, તેટલો શબ્દ દ્વારા કથનીય નથી. તેમાં યે શબ્દાશ્રિત–શબ્દ-પ્રધાન કલાનો આકાર–એનું કલારૂપ–તો હંમેશાં માનસપ્રત્યક્ષ જ હોય. એ આકાર ઘણી યે વાર અસ્પષ્ટ, અંતર્ગત, સૂક્ષ્મ ને અ-વ્યાખ્યેય હોય; ને માટે જ વિધાતાની સગુણ-નિર્ગુણ સૃષ્ટિની જેમ તેને રૂપકોથી વર્ણવવાનું થાય, જે બંધબેસતાં હોય પણ, ને ન પણ હોય. આથી

'સરસ્વતીચંદ્ર'ને આકાર ન હોય તો એ કૃતિને કોઈ દૂષણ લાગી જતું નથી, તેમ તેના સૌંદર્યને કોઈ ખોટ લાગતી નથી,"[૬] આ પ્રકારનું શ્રી. રા. વિ. પાઠકનું વિધાન ઘણું શિથિલ લાગે છે. "ગગનં ગગનકારં સાગરઃ સાગરોપમઃ" કહેનાર કવિએ ગગન કે સાગરના આકારનો નિષેધ નથી કર્યો; એની અનન્યતા-અનુપમેયતા જ ખુલ્લી કરી આપી છે. એ રીતે "સરસ્વતીચંદ્ર"નો આકાર સામાન્ય કલાકૃતિઓ જેવો નથી; પશ્ચિમની મહાનવલો કરતાં પણ ઘણો જુદો—વધુ શિથિલ છે. એટલે જ એની સંકુલતા, પથરાટ ને સશ્રીકતાને લીધે અસાધારણ છે, એમ કહેવું કદાચ વધુ ઉચિત જણાય.

પણ આવો જ બીજો કંઈક અંતિમતાવાદી વિચાર જોવા મળે છે; ને તે યે પૂરો પ્રતીતિકર નથી લાગતો. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા મર્મજ્ઞ "સરસ્વતીચંદ્ર"ની કલાનો મહિમા કરે તે ખૂબ જ ઇષ્ટ ગણાય. પણ એમના જેવા ગો. મા. ત્રિ.ની કલાદૃષ્ટિએ, સૌંદર્યનો અતિ મહિમા કરવા મથે ત્યારે એ સત્યદર્શન છે કે કેમ તેની શંકા પડે છે. "સૌંદર્યલુબ્ધ જીવ ઉચ્ચતર સૌંદર્ય તરફ સહેજે પ્રેરાશે એવી એમની ગણતરી છે. એમની ઉત્તમ અને અંતિમ દલીલ સૌંદર્યની જ છે, મીમાંસાની નહિ,"[૭] એમ જ્યારે જકારપૂર્વક એ કહે છે ત્યારે ગો. મા. ત્રિ.નાં જ વચનો સમર્થનાર્થે કેમ રજૂ નથી થયાં, એમ પૂછવાનું મન થાય છે. ગોવર્ધનરામમાં એક નિશ્ચય વરતાય છે કે છેવટે તે રમણીય લાગે તે સત્ય. જે વસ્તુ પ્રત્યે હૃદયનું સ્વાભાવિક આકર્ષણ થાય...તે અસત્ય હોઈ શકે નહિ. સરસ્વતીચંદ્રને પોતાને કુમુદનો અમુક ત્યાગ રમણીય લાગે છે. તેથી તેને સાચો ઇષ્ટ માને છે. "મંગલ રમણીયતાનો સ્પર્શ બુદ્ધિધનને બચાવે છે, વિદ્યાચતુરના કુટુમ્બને બચાવે છે અને છેવટે સરસ્વતીચંદ્રને પણ બચાવે છે."[૮]

આ વિધાન ગો. મા. ત્રિ.ની દૃષ્ટિને ભાગ્યે જ યથાર્થપણે રજૂ કરતું હોય. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ "રમણીય લાગે તે સત્ય" કહીને રમણીય પર ભાર મૂક્યો છે, પણ ગો. મા. ત્રિ. તો "જે સત્ય લાગે તે કદાચ રમણીય હોય" એમ કહેવું વધુ પસંદ કરે. અને બુદ્ધિધન, વિદ્યાચતુરનું કુટુંબ તો ઠીક પણ સરસ્વતીચન્દ્ર યે "મંગલરમણીયતાથી" બચે છે એમ કહેવાને બદલે, જો કહેવું જ પડે તો, 'સરસ્વતીચન્દ્રકાર' "રમણીય મંગલતાથી" એ પ્રકારનો શબ્દોનો વ્યત્યય જ વધુ પસંદ કરે. પણ સરસ્વતીચન્દ્રને "કુમુદનો અમુક ત્યાગ રમણીય લાગે છે ને તેથી તે તેને સાચો ને ઇષ્ટ માને છે," એ વિધાન તો "સરસ્વતીચન્દ્ર"ના અભ્યાસીઓ ભાગ્યે જ સ્વીકારે. "સરસ્વતીચન્દ્ર"નું અંતિમ મૂલ્ય એક સૌંદર્યલોક તરીકે છે,"[૯] એમ જ્યારે એ કહે છે ત્યારે તે વિધાન ઘણે અંશે સાચું હોવા છતાં કેવળ સૌન્દર્યની દૃષ્ટિથી આવી કૃતિઓને મૂલવવામાં આપણો ગજ ટૂંકો તો નથી પડતો ને, આપણેય સૌન્દર્યને પક્ષે વધુ

---

૬ "શતાબ્દી વ્યાખ્યાનમાલા", પૃ. ૧૦૪.

૭ ગોવર્ધનરામ—"ચિંતક અને સર્જક", પૃ. ૩૫.

૮ "નડિયાદની સાક્ષર ત્રિપુટીની સ્મૃતિમાં", પૃ. ૪.

૯ "ગોવર્ધનરામ-ચિંતક ને સર્જક"—પૃ. ૬ (પ્રસ્તાવના).

પડતું વજન તો નથી મૂકી દેતાને, એવો પ્રશ્ન થાય છે. પછી "સૌન્દર્ય" શબ્દમાં જીવનની સમુદાર ભાવનાઓ, તેનું ગહન પર્યેષણ વગેરે આપણે સમાવી લેતા હોઈએ તો જુદી વાત. જોકે તો પછી તે આમ 'સૌન્દર્યલોક' રહે નહિઃ ભાવનાલોક, સૌન્દર્યથી યે ઊંચે જતો આનંદલોક–તેજોમય ચિદાલોક બની રહે.

હકીકતે 'સરસ્વતીચન્દ્ર'નું મૂલ્યાંકન કરતી વેળાએ માત્ર પશ્ચિમી દૃષ્ટિ–મહાનવલ વિશેના પશ્ચિમી ખ્યાલો ને તેનું ગો. મા. ત્રિ.માં પ્રતિફલન જોવાનો આગ્રહ કામ નહિ આવે. ગોવર્ધનરામના દેવ જુદા છે. ગોવર્ધનરામે કેવળ પશ્ચિમી કલાદૃષ્ટિને અનુસરવાનું ઇષ્ટ કે અનિવાર્ય માન્યું નથી, તે તો પહેલા ભાગની પ્રસ્તાવનામાંયે સ્પષ્ટ જણાય છે.[૧૦] ગોવર્ધનરામે આ નવલની રચનામાં કલાને જ અગ્રપદે હંમેશાં મૂકી નથી. "સરસ્વતીચન્દ્ર"ના ચોથા ભાગમાં મહાભારતનું અર્થઘટન નવીન દૃષ્ટિથી કરવા જતાં "લાંબું ને કંટાળાભરેલું પ્રકરણ" લખી "આધુનિક કલાના સિદ્ધાન્તોને પોતે લગભગ નેવે મૂકયા છે." એ ગો. મા. ત્રિ. જાણે છે ને કબૂલે પણ છે.[૧૧]

પણ એમ તો પહેલા જ ભાગની પ્રસ્તાવનામાં ગો. મા. ત્રિ.એ જણાવ્યું છે કે નવલકથા વિશે જે દૃષ્ટિ પશ્ચિમમાં સામાન્યતઃ પ્રવર્તે છે તે નથી એવી ઊંચી કે નથી એટલી અનુકરણીય. "...the bulk *of fiction* in *the West has ceased to aspire beyond an* artistic *display* of such of the sentimental and emotional idiosyncracies of mankind as happen to fickle the fancy of the ordinary reader. It is however certain-and the higher class of novelists never fail to recognise and claim that the functions of the novel are *more numerous, higher and more sacred* than the mere pandering to the taste of the novel-reading public. સત્યશોધક ને સારશોધક વર્ગને એટલે જ 'સરસ્વતીચંદ્ર'કાર મુકુટમણિને સ્થાને મૂકે છે. તેવા વર્ગની સંખ્યા ઘણી ઓછી હોવા છતાં "તેમની પૂજનીયતા–તેમનું બ્રહ્મચર્યમ્–સર્વમાન્ય છે" એમ કહે છે. આ વર્ગીકરણમાંયે સુંદરતાદિ સારશોધક વર્ગ કરતાં સત્યશોધક વર્ગને એમણે પ્રથમ કક્ષાએ મૂક્યો છે, તે ભૂલવું ન જોઈએ. ગો. મા. ત્રિ.નો નવલકથાના સર્જનનો આશય ઘણો ઉદાત્ત ને વિશાળ વ્યાપવાળો હોવાથી, એમણે એને 'ક્રીડનક'—રૂપાળું રમકડું–બનાવવાથી સંતોષ માન્યો નથી. મહાકાવ્યની કોટિએ પહોંચતી આ કૃતિમાં એમની નજર જગતના ઘણા ઉત્તમોત્તમ ગ્રંથો પર અવારનવાર ઘૂમ્યાં કરે છે. એટલે જ એમણે મહાભારત, રામાયણ, ભાગવત જેવા ગ્રંથો સમક્ષ નજર રાખી, એની સંકલના કંઈક વિશેષ રીતે આ ભારતીય મહાગ્રંથોને મળતી કરી હોવાનો પૂરો સંભવ છે. પહેલા ભાગમાં બુદ્ધિધનની પૂર્વકથા—એના ઇતિહાસમાં–પોતે જે પ્રકરણે ખર્ચે છે, તે માટે એમણે બીજા પ્રકરણને આરંભે જ પાદટીપ મૂકી છે ને કથાનું અનુસંધાન છેક છઠ્ઠા પ્રકરણ

૧૦ વાર્તાની સંકલનાનું ઐકય રાખવું એવો યુરોપ દેશમાં ચાલતો નિયમ તૂટે છે...કૃત્રિમ નિયમો સાચવવા એ આ ગ્રન્થનો પ્રધાન ઉદ્દેશ નથી." પૃ. ૧૧, 'સરસ્વતીચંદ્ર' ભાગ ૧લાની પ્રસ્તાવના

૧૧ ચોથા ભાગની અંગ્રેજી પ્રસ્તાવના, પૃ. ૬ ( શતાબ્દી આવૃત્તિ ).

સાથે છે એમ કહ્યું છે. બુદ્ધિધનની કથાને—આ કથાના ઉપનાયકને[૧૨] પોતે વિશેષ પ્રાધાન્ય આપ્યું છે તે જાણીને જ કર્યું છે; કેમ કે આ મહાનવલનું વસ્તુ, એની ભાવસૃષ્ટિ, માત્ર કુમુદ–સરસ્વતીચંદ્ર–કુસુમમાં સીમિત થઈ રહે એ એમને જરાયે ઇષ્ટ નથી. પણ તેથી જ 'સરસ્વતીચંદ્ર'ના પ્રત્યેક ભાગ જુદી સ્વતંત્ર નવલકથા ગણવાનું જે સૂચન શ્રી મુનશી[૧૩] ને શ્રી નવલરામ ત્રિવેદી[૧૪] કહે છે તે ભાગ્યે જ સ્વીકાર્ય બને. આ નવલના દરેક ભાગને અન્ય તમામ ભાગો સાથે અવયવીભૂત સઘન સંબન્ધ છે. પણ લેખકે અનોખો પ્રયોગ કરી, દરેક ભાગમાં નવી પાત્રસૃષ્ટિને પ્રાધાન્ય આપી કથાવસ્તુને ભાવલોકનો નવીન રીતે પરિપોષ સાધ્યો છે. 'સરસ્વતીચન્દ્ર'ના તે તે ભાગમાં માનચતુર, ધર્મલક્ષ્મી, વિદ્યાચતુર, ગુણસુંદરી, સુંદર, નાગરાજ, મલ્લરાજ, મણિરાજ વગેરે વિશેષ ધ્યાન ખેંચે; પણ સમગ્ર સૃષ્ટિમાં એ બધાં પાત્રોનું સ્થાન સરસ્વતીચન્દ્ર–કુમુદ-કુસુમ કરતાં ગૌણ છે. નાયકનાયિકાને સુવિશાળ પટમાં વ્યવહરતા કરવા માટે, એમના જીવનની સંકુલતા ને સર્વસ્પર્શિતા દર્શાવવા માટે, જાણે કથા–સમષ્ટિના અંગરૂપે, ગો. મા. ત્રિ. આ પાત્રોની ભરચક સૃષ્ટિ રચે છે. પણ 'The whole is greater than the part,' છૂટક ખંડો કરતાં જે અખંડ છે તે જ વધુ મહાન છે, એની પ્રતીતિ આ નવલમાં થવી અઘરી નથી. હા, એ માટે, ભાવકે પણ Aesthetic Distance કેળવવું ઘટે. કોઈ ચિત્રશાળામાં અતિશય મોટું–આખી ભીંતને ભરી લેતું–ચિત્ર યથાર્થ રીતે—કલાની સાચી દૃષ્ટિથી જોવું હોય, તો જેમ એનાથી ઠીક ઠીક દૂર પણ જવું પડે, છેક પાસે જઈને જોવાથી એ મહા-ચિત્ર ધાબાં ધાબાં જેવું ઘાટઘૂટ વિનાનું, કંઈક બેઢંગ લાગે, તેવું જ આવી મહાકાય કૃતિઓનું છે. "સરસ્વતીચન્દ્ર" પરત્વે તો વિશેષરૂપે એમ કરવું પડે; ચારે ભાગ પર, જરા દૂરથી, સર્વાંગી નજર નાખવી પડે એવી એ કૃતિ છે. વસ્તુત: "સરસ્વતીચંદ્ર"ની ભાવસૃષ્ટિનાં કેન્દ્ર એક નથી, અનેક છે: એ બહુકેન્દ્ર સૃષ્ટિ દ્વારા જ સરસ્વતીચંદ્ર–કુમુદ–કુસુમની કથા–રસનું મહાકેન્દ્ર–કોઈ અપૂર્વ પરિપોષ પામે છે. અનંત સાગર પર ઘૂમતી નૌકાને સાચી રીતે જોવી હોય તો અનંત સાગરના ઉપલક્ષ્યમાં જ જોઈ શકાય; દરિયાની વિશાળતા દૂર થાય તો નૌકાનું ભવ્ય કાવ્ય પણ ઘણે અંશે નષ્ટ થાય. તેવું 'સરસ્વતીચંદ્ર'નું છે. સરસ્વતીચંદ્રની પ્રેયસી કુમુદના સસરાની કથા, સરસ્વતીચંદ્રના કુટુંબની કથા, કુમુદ જ્યાં જીવી રહે છે તે રજવાડાના જીવનની–ભૂપસિંહ શઠરાય આદિની કથા, બીજા ભાગમાં ફેલાતી ને પથરાતી બહારવટિયાની કથા, કુમુદની માતા ગુણસુંદરીના કુટુંબજીવનની કથા, ત્રીજા ભાગમાં ઊખળતી રત્નનગરીના રાજવીની દેશી રાજ્યોની કથા, ને ચોથા ભાગમાં ઊંચે ને ઊંચે જતી સુંદરગિરિનાં સાધુસાધ્વીઓની કથા; પંચરાત્રિનિવાસ દ્વારા ને વિષ્ણુદાસ—ચંદ્રાવલી–મોહની મૈયા દ્વારા કુમુદ-સરસ્વતીચંદ્રને થતું પોતાનાં કર્તવ્યાકર્તવ્યનું ઉગ્ર ભાન; ચોથા ભાગના આ મહા વર્તુળની–બધાં ઉપ-

---

૧૨ પહેલા ભાગમાં અંત સુધી '"ખરો નાયક બુદ્ધિધન છે." એમ શ્રી બ. ક. ઠાકોરે કેમ કહ્યું હશે? ("સરસ્વતીચંદ્ર"માં રસપ્રવાહ"—"વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ પહેલો, પૃ. ૧૨૦) વસ્તુતઃ સરસ્વતીચંદ્ર ને કુમુદ છે તો બુદ્ધિધન છે. એ નથી તો બુદ્ધિધન—તેનો સંસાર—પણ હોય તો યે ન હોવા બરાબર છે.

૧૩ શ્રી મુનશીનું નડિયાદમાં ગો. મા. ત્રિ. શતાબ્દી વ્યાખ્યાન, પૃ. ૧૩, ૧૪.

૧૪ "નવાં વિવેચનો", પૃ. ૪૪-૪૫.

વર્તુળોને પોતાનામાં સમાવી લેતી—ભવ્ય વ્યાપનશીલતા–'સરસ્વતીચંદ્રની સૃષ્ટિને કેવો પ્રભાવક ઉઠાવ આપી રહે છે! શ્રી ઉમાશંકર જોષીએ આ સંદર્ભમાં યોગ્ય જ કહ્યું છે—આ "નવલ-કથાનો સંઘટનનો સિદ્ધાન્ત અનેકકેન્દ્રિય નિરૂપણનો છે."[૧૫] આમ આ કથામાં જે પાત્રો, પ્રસંગો, પરિસ્થિતિઓ, શિથિલ લાગે છે, તે જ કથામાં અનિવાર્ય બની, ત્રિપરિમાણી ઘનતાવાળી નક્કર, જીવંત કલાકૃતિ સર્જવામાં ઉપકારક નીવડે છે. "All are parts of a stupendous whole" તે આ અર્થમાં જ. કવિતા-કલાના પાંખાળા અશ્વ—Pegasus માટે પોપ જે કહે છે તે આવી "સરસ્વતીચંદ્ર" જેવી કૃતિઓને ઘણે અંશે લાગુ પડે છે:—

. "......Pegasus, nearer way to take,
May boldly deviate from the common track,
Great wits some times may gloriously offend,
From vulgar bounds withe brave disorder part,
And snatch a grace beyond the reach of art."

Liouel Trilling, ટોલસ્ટોયની "War and Peace" અંગે, મેથ્યુ આર્નોલ્ડનો પડઘો પાડતાં કહે છે—આવી મહાકાય–અતિમહાન–કૃતિઓઓને મૂલવતા વિવેચક પોતાનાં હથિયાર હેઠા મૂકી દે એ જ ઉચિત છે. તો આપણે 'સરસ્વતીચંદ્ર' વિશે એમ જ કહીશું? ના...વિવેચન આવી કૃતિઓને મૂલવવામાં અતિ રૂઢ રીતે ન વર્તે, નવી પ્રગલ્ભ કૃતિઓને વિવેચતાં વિવેચક દૃષ્ટિએ વધુ ઉદાર ને વ્યાપક બનાવે, દરેક કૃતિને પોતાનું ન્યારું કલાત્મક વિશ્વ હોય છે એટલું ખ્યાલમાં રાખે, એ જ આપણને અભિપ્રેત હોય. ટોલ્સ્ટોયની 'War and Peace'માં કોઈ એક રસકેન્દ્ર શોધવાનો પ્રયત્ન સાવ વ્યર્થ જવા નિમાર્યો છે. "The Art of Incoherence"માં ટોલ્સ્ટોય અતિ નિપુણ છે, એમ જેરોમ થેઈલ[૧૬] જણાવે છે.—"We do hot see the novelist as a connecter and pattern maker" એમ એ કહે છે તે સ્વીકારો કે નહિ. પણ ગો. મા. ત્રિ.ની સૃષ્ટિ આટલી હદે વિકેન્દ્રિત છે.—મુખ્ય કેન્દ્રવિહોણી છે–એમ તો કોઈ ભાગ્યે જ કહે; ભલે પછી ટોલ્સ્ટોયની "War and Peace" કરતાં યે વધુ શિથિલતા, ચિંતનપરાયણતા, અવાન્તર ચર્ચાઓની જટિલતા "સરસ્વતીચંદ્ર"માં હોય. ટોલ્સ્ટોયને માટે જેરોમ થેઈલ આ લેખમાં જે કહે છે તે પ્રમાણ વિવેકની દૃષ્ટિએ તો ગો. મા. ત્રિ.ને પણ લાગુ પડે છે:—"In 'War and Peace' it would seem, Tolstoy has much more sense of his characters and scenes as objects in their own right—than as parts of the whole, and with respect to proportion he sins repeatedly and triumphantly."[૧૭]

તો "સરસ્વતીચંદ્ર"ને કેવળ રમણીયતાની–ઘાટીલી સુંદરતાની–દૃષ્ટિએ જોવા જતાં એ પૂરતી સંતર્પક ન નીવડે એથી તે ગો. મા. ત્રિ.ની મર્યાદા નથી બની જતી; કેમ કે

---

૧૫ "સરસ્વતીચંદ્ર"નો બૃહત્સંક્ષેપ, પ્રવેશ-૬., પૃ. ૧૧.

૧૬ "Essays in Criticism", ઓક્ટો.–'૬૬નો ૧૬મો અંક, નં. ૪, પૃ. ૩૯૯.

૧૭ એજન. પૃ. ૪૦૧.

કેમ કે આ કૃતિમાં સુંદરતાથી ઊર્ધ્વ જવાનો પણ લેખકનો પ્રયત્ન છે, કહો કે ઉપક્રમ છે. "સરસ્વતીચંદ્ર"કારે પહેલા ભાગની પ્રસ્તાવનામાં નવલકથા વિશેનું પોતાનું દૃષ્ટિબિન્દુ સારી રીતે સ્પષ્ટ કર્યું છે. "મનહર થવા કરતાં મનભર થવું વધારે સાધન અને શક્તિની અપેક્ષા રાખે છે." આમ સુંદરતાને એ ઇન્કારતા નથી, પણ "માયા-ખંડ કરતાં તત્ત્વજીવ સ્ફુરવો જોઈએ" એવી એમની અપેક્ષા છે, કહો કે આગ્રહ છે. "આ વાત ભૂલવી જોઈતી નથી" એમ સ્પષ્ટ કહીને એ જણાવે છે: "સુંદર થવું એ સ્ત્રીનું તેમ જ નવલકથાનું લક્ષ્ય છે. પરંતુ એ લક્ષ્યની સંપત્તિ તે માત્ર કોઈ બીજા ગુરુતર લક્ષ્ય પામવાનુ પગથિયું છે. એ પગથિયે ચઢીને પછી ત્યાં અટકવાથી તે ચઢવું નકામું થાય છે, હાનિકાર પણ થાય છે." કેમ કે એમની તો દૃઢ પ્રતીતિ છે કે "હૃદય વિના સ્વરૂપ નિર્જીવ છે. તેના ઉપભોગથી હાનિ જ છે." તો, આ ગુરુતર લક્ષ્ય, આત્મતત્ત્વનું શોધન–પ્રફુલ્લન ને તેનું વિશ્વકલ્યાણ અર્થે વિલીનીકરણ હોય, એ ન સમજાય તેવું નથી. એમના જ શબ્દોમાં કહીએ તો એ એવા નાયકને સર્જવા મથે છે જે અંગત રાગ-દ્વેષ, હર્ષશોક આદિથી પર હોય, "હર્ષશોકના દર્ભરાશિમાં લગાડી છે મેં લાહ્ય" એવું હૃદયથી કહી શકવાની સ્થિતિમાં હોય. ગો. મા. ત્રિ.ના શબ્દોમાં કહીએ તો આવા જીવને આખું વિશ્વ". "કાર્લાઇલના (Dogcage) શ્વાનના પંજર જેવું–કારાગૃહરૂપ–દેખાય છે".[૧૮] તેથી ચિત્તની 'નિઃસ્પૃહતા' કેળવી, સુખદુઃખના પ્રવાહમાં ડૂબતાં ડૂબતાં પણ પારકા સુખમાં આત્માનંદ અનુભવવો એ જ" આ જીવનનું બીજું કાંઈ ફળ ન નીવડે તોપણ સાફલ્ય છે.[૧૯] ચિદાત્માથી સર્વ દેહને સ્વદેહવત્ જોવા. લોકકલ્યાણકાજે આજીવન મથવું એ જ ગો. મા. ત્રિ.ને પરમ ઇષ્ટ એવી સર્વકામાવાપ્તિ છે. 'સ્વેચ્છાસમીર'ની લહરી થઇ, તેમાં ભળી જવાની અવસ્થા પણ કંઈક આવી જ હોય.

આ દિશામાં જવાનો જે કથાનાયકનો પ્રામાણિક ને સાતત્યપૂર્ણ ઉપક્રમ છે, જેના હૃદયમાં ઊંડે ઊંડે વિરક્તિનું બીજ બળવાન રૂપે પડેલું છે, તેને સતત કેન્દ્રમાં રાખીને રચાયેલી આ કૃતિ છે. આ કથાનાયકની નાયિકા પણ આવી જ ભાવનાશાલિની છે ને તેથી પોતાના સુખદુઃખનો-હૃદયનો હોમ કરી શકે તેવી છે. જીવનપથમાં આવતાં સઘળાં ઇષ્ટો પ્રત્યે—જે જે અંગત રીતે પ્રેયસ્કર ને શ્રેયસ્કર છે તે પ્રત્યે-અનાશક્તિ કેળવી, અંગત-બિનંગત સર્વ ક્લેશોનો પરિહાર કરી, સત્ત્વ ને સ્વત્વનો ઉદય સાધી, તેનો સમષ્ટિમાં વિનિયોગ કરવા મથનારની-અંતસ્ત્યાગી બહિઃસંગી-ની આ કથા છે. આવો નાયક સ્વદેશવત્સલ ને લોકહિતચિંતક છે. ભવિષ્યમાં વિદ્વાનો, વેપારીઓ, વૈજ્ઞાનિકો, સર્જકો માટે 'કલ્યાણગ્રામ' રચવાની ઉમેદવાળો છે, અતિશય ભાવનાપરાયણ ને સંવેદનશીલ છે. તેથી જ નંદશંકરે 'સરસ્વતીચંદ્ર'ને Philosophic Vagabond કહ્યો તે મત સ્વીકારી શ્રી રા. વિ. પાઠક આ કથાને Picaresque Novelને મળતી, રખડુની—પરિવ્રાજકની–કથા કહેવા લલચાય છે તે ખૂંચે છે. શ્રી પાઠક લખે છે—"સરસ્વતીચંદ્ર"માં રખડવાનો સ્વભાવ છે એમ ન માનીએ, એની પૂર્ણ પ્રતીતિ ન હોય, તો સરસ્વતીચંદ્રના પાત્રને

---

૧૮ "સાક્ષરજીવન", પૃ, ૭૨.

૧૯ એજન. પૃ. ૬૦.

અને કથાને આપણે પૂરી નહિ સમજી શકીએ."[૨૦] શ્રી વિશ્વનાથ ભટ્ટ પણ આ મત સ્વીકારતા જણાય છે. પણ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ને શ્રી ઉમાશંકર જોષી યોગ્ય રીતે જ આ મતનો અસ્વીકાર કરે છે. શ્રી ઉમાશંકર દર્શાવે છે[૨૧] તેમ "સરસ્વતીચંદ્ર" ભ્રમણકથાનું રૂપ ધરાવતી કૃતિ નથી. આપણે તેથી જ કહીશું કે સરસ્વતીચંદ્ર ભ્રમણચંદ્ર નથી. ભ્રમણ ખાતર ભ્રમણ–શોખથી ભ્રમણ સરસ્વતીચંદ્રે ક્યારે કર્યું છે? એને ગૃહત્યાગ કરવાનો થયો ને ત્યારે એનો જીવ હજી કુમુદમાં બંધાયેલો હતો; એટલે એ રત્નનગરી થઈ, કુમુદને સુખી ને સ્વસ્થ થયેલી જોવા સુવર્ણપુર ગયો. ત્યાં એને કુમુદનું દારુણ દુઃખ જોઈ સમજાયું કે એનો ધર્મ શાંત સંન્યાસનો નહિ, જ્વાળામુખ સંન્યાસનો છે. ચંદ્રકાન્ત એને શોધવા સુવર્ણપુર આવી રહ્યો હોવાથી, તુરતોતુરત એને તે છોડવું પડયું. ને માર્ગમાં બહારવટિયાઓને હાથે લુંટાયો, ઘવાયો, મૂર્છિત થયો ને અચાનક સુંદરગિરિના સાધુઓ એને પોતાની સાથે લઈ ગયા. આમાં રખડુપણું ક્યાં છે? હા, એ બિનઅનુભવી હતો ને એવો યુવાન સાચા અર્થમાં જીવનમુક્ત બને તે માટે ગો. મા. ત્રિ. ગૃહત્યાગ દ્વારા એનામાં જે જે ખૂટતું હતું તેનો જોગ સ્વાભાવિક રીતે કરી આપવાની ભૂમિકા સર્જે છે. સંસારનું કલ્યાણ કરવાની ભાવનાવાળો ગર્ભશ્રીમંત બિનઅનુભવી યુવાન, ત્રિશંકુની જેમ અધવચ ન અટવાય, સ્ત્રીપુરુષના સંબંધો વિશે, કામની દુર્દમ્યતા વિશે, સંપત્તિની ઉપયોગિતા વિશે, ભારતનાં અસંખ્ય દીનહીન દુઃખી સ્ત્રીપુરુષ વિશે, તેમના સંતાન ગૃહસંસાર વિશે, દેશી રજવાડાં વિશે, ત્યાંની રીબાતી મૂગી પ્રજા વિશે, પોતાના જીવનધર્મ વિશે, અનુભવમૂલક સાચી સમજણ પામે તે ઇષ્ટ હોવાથી, લેખક ઊછળતા સંસાર-ઉદધિમાં એને સીધો ફેંકે છે, ફંગોળે છે.

" Man wants but little here below,
Nor wants that little long"

એમ અતિ મુગ્ધ ભાવે માનનાર, રાગી છતાં વિરક્તરંગી સરસ્વતીચંદ્ર વિફલ સ્નેહની ને વિચ્છિન્ન કુટુંબજીવનની વ્યગ્રતાથી ગૃહત્યાગ કરે છે. ભગવો રંગ જેના હૃદયમાં હતો જ તેને માટે આ ત્યાગ અશક્ય ન હતો. છતાં એ ક્યાંય કટુતા અનુભવતો નથી, કશાથી વિમુખ થતો નથી, તેમ એવી ભૂમિકા પર એ ક્રમે ક્રમે પહોંચે છે જ્યાં કોઈ ભાવની અનભિજ્ઞતા ભલે પછી અભિમુખતા એક-સરખી ન હોય. આવો ધીર નાયક ઘર છોડતો જ નથી, સંસારનાં મોજાંની જેમ આમતેમ ફેંકાય છે, જુદા જુદા રંગે રંગાય છે; સારી પેઠે સંસારના તાપથી શેકાય છે. 'ઉરે ઓ એકલી તું તું' કહેનારને તરંગશંકર, ઉદ્ધતલાલ, સંસારીલાલ, ચંદ્રકાન્ત, ગંગાભાભી, જેવાં અનેક સ્ત્રીપુરુષોના ઊજડી ગયેલા સંસારનું પ્રથમ જ દર્શન થાય છે ને એની આંખ પહેલી જ વાર ઊઘડે છે. કુમુદ હોત ને સંસારત્યાગ ન કર્યો હોત તો ઘણું ઘણું થઈ શકત. પણ હવે, છોડેલાં શસ્ત્ર પાછાં લેવાં નથી. એ સ્થિતિમાં એનું ચિરાતું હૃદય, બુદ્ધની જેમ, અહાલેક પુકારે છે ને પીગળી ઊઠે છે:

---

૨૦ "સરસ્વતીચંદ્ર"ની 'આકૃતિ અને વક્તવ્ય', જુઓ "શતાબ્દી વ્યાખ્યાનમાળા", પૃ. ૧૦૫.

૨૧ "સરસ્વતીચંદ્ર"ના બૃહત્સંક્ષેપનો પ્રવેશક, પૃ. ૨૨.

" ઓ તાત ! પ્રિયા ! ઓ પુત્ર !
ઓ માત ! પ્રજા ! સુખસૂત્ર !

મુજ હ્રદયપ્રીતિનાં અંગ તમે સૌ ! અંગ સર્વ છો મારાં !
જન-પશુજગના કલ્યાણયજ્ઞ પર હોમું અંગ સૌ મારાં "[૨૨]

આવી વૃત્તિથી પ્રેરાઈને પોતાના સુખનો હોમ કરવા—કુમુદ સાથે એની બંધાઈ ગયેલી હ્રદયગ્રંથિમાંથી છૂટવા—એ પ્રયત્ન કરે છે. સુંદરગિરિના સાધુ-સાધ્વીઓની સૃષ્ટિ—ખાસ કરીને વિષ્ણુદાસ, વિહારપુરી, ચંદ્રાવલી—એને-ને કુમુદને નવી દૃષ્ટિ આપે છે. મોહનીમૈયા પણ કુમુદની પ્રીતિનું લોચન જે ઉઘાડમીંચ થાય છે, તેમાં અંજન આંજી સતેજ બતાવવામાં ઓછો ફાળો આપતી નથી. આ નવી સૃષ્ટિમાં બંનેનો જાણે નવાવતાર-Resurrection થાય છે. સરસ્વતીચંદ્ર સંસારને ત્યજતો નથી, પણ નિષ્કામ કર્મયજ્ઞની ભાવનાથી એ ને મધુરીમૈયા બન્ને સંસારમાં પાછાં આવે છે. ભગવો રંગ તો બંનેનાં હ્રદયે ચઢેલો છે જ; પણ સ્વપ્નયાત્રામાં તો વિધવા કુમુદ ને સરસ્વતીચંદ્ર પર, કુમુદની સાસુ સૌભાગ્યદેવીએ જ તેજોવસ્ત્રરૂપે છેડાછેડી નાખેલી ને ધર્મપ્રિય ધર્મલક્ષ્મીએ કુમુદને મંગળસૂત્ર પહેરાવેલું ! આમ અ-લૌકિક ભૂમિકાએ તો બંનેનાં હ્રદયલગ્ન થયેલાં; છતાં લોકકલ્યાણ કાજે, ઐહિક જીવનમાં સરસ્વતીચંદ્ર કુસુમને સ્વીકારવા તત્પર થાય છે. આ પ્રકારના નિર્વહણ તરફ જતાં, સ્નેહી હ્રદયોનો ઊડતો ધૂપ ને તેની મંગલકરુણતા કે કરુણમંગલતા, કથાને વિરલ અભૌમ દ્યુતિથી ભરી મૂકે છે. પણ ચોથા ભાગમાં ગો. મા. ત્રિ.નું વાસ્તવદર્શન ઓછું હ્રદયસ્પર્શી નથી. એકાંતમાં નાયકનાયિકા બંને મળે છે. સૌમનસ્ય ગુફામાં ખુલ્લા ગગન નીચે બંને આત્માઓનું મિલન, ચંદ્રનો રેલાતો, હ્રદયોને ઘેલો કરતો પ્રકાશ, કુમુદની ઉઘાડી ગૌર પાની, એ પાની પર પડેલા ગલની ચળકતી સુંદરતા, એનો ફરફરતો પાલવ, ફલાહાર કરતાં એકમેકની આંગળીઓનો થતો સ્પર્શ બંને હ્રદયોને હચમચાવી નાખે છે, ને એમની અલ્પતાનું તીવ્ર ભાન એમને કરાવે છે; ને તેમાંથી છૂટવા બંનેને વધુ દૃઢ સંકલ્પથી ઊંચે જવા પ્રેરે છે.

પણ શ્રી મુનશી એમના ગો. મા. ત્રિ. શતાબ્દી વ્યાખ્યાનમાં જણાવે છે કે સરસ્વતીચંદ્ર પોતાના માર્ગમાં "ગૂંચવણ આવતાં દૂર ભાગી જાય છે."[૨૩] આ સાચું છે? કયા કટોકટીના પ્રસંગે એણે કોનો દ્રોહ કર્યો–ગૃહત્યાગને બાદ કરતાં–એ તપાસવું જોઈએ. શ્રી મુનશીની દૃષ્ટિએ "રોમેન્ટિક માનસનાં સાહસવૃત્તિ, ધૃષ્ટતા ને વિજિગીષા જેવાં કેટલાંક અંગો ન આવ્યાં સરસ્વતીચંદ્રમાં ને ન હતાં એના સર્જનહારમાં."[૨૩] લોકસંગ્રહ અર્થે પોતાનું સર્વસ્વ હોમી દેનાર સરસ્વતીચંદ્રના સ્વભાવની વિરુદ્ધ જઈ આવાં અંગોની અપેક્ષા રાખવી ઉચિત ગણાય? તો પછી સરસ્વતીચંદ્ર કાક, મુંજાલ, મુંજ વગેરેની જમાતનો બની રહે. ગો. મા. ત્રિ.ના હ્રત્કોષની અમર પ્રતિમા ન બને. વળી ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ આ લક્ષણો એટલાં ચડિયાતાં તે સંન્યાસપ્રિય ભારતીય માનસ માટે સ્વાભાવિક છે કે કેમ, તે ય વિચારવા જેવું છે. સાહસવૃત્તિ,

૨૨ "સરસ્વતીચંદ્ર", ભાગ ૪, પૃ. ૧૪૨ (શતાબ્દી આવૃત્તિ)

૨૩ શ્રી મુનશીનું ગોવર્ધનરામ-શતાબ્દી વ્યાખ્યાન, પૃ. ૧૬.

ધૃષ્ટતા ને વિજિગીષા જો કોઈ ઉચ્ચતર ધ્યેયની સિદ્ધિ અર્થે ન યોજવાનાં હોય, તો સંન્યાસવૃત્તિ, સ્વદેશવત્સલતા ને સેવાભાવી ભાવનામયતાથી એનું મૂલ્ય વધે ખરું ?

સરસ્વતીચંદ્ર નિષ્ક્રિય છે, વેદિયો છે, ચિંતનશૂર પોથીપંડિત છે, ભાવનાઘેલો છે, એમ પણ ઘણાંને લાગે છે. ક્યાંક ક્યાંક નિરૂપણમાં થયેલા અતિરેકને લીધે આમ કોઈ સ્થળે લાગે, તો તે છેક અ-વાસ્તવિક નથી. પણ એનું સમગ્ર પાત્રચિત્રણ કેવું છે તે જ જોવાનું તો રહે. ને એ ભૂલવાનું નથી કે સરસ્વતીચંદ્ર જીવનમુક્ત, પૂર્ણપુરુષ નથી. એ કોઈ નીવડેલો શિષ્ય નથી પણ સતત સાધકની જ દશામાં છે. એની વાસનાગ્રન્થિઓનો જ્યાં સુધી મોક્ષ થયો નથી, પ્રાયશ્ચિત્ત-શોધન થયું નથી, ત્યાં સુધી એ લોકકલ્યાણ અર્થે સાચી રીતે પ્રવૃત્ત થઈ શકે નહિ. કથાના અંતભાગમાં, કુમુદ-સરસ્વતીચંદ્ર બંનેની હૃદયગ્રંથિઓ ભેદાય છે. એમના સર્વ સંશયો છેદાય છે ને એની સંન્યાસભાવનાને લોકકલ્યાણની ભૂમિકા પર લઈ જવાની ઘડી આવે છે, ત્યાં તો કથા પૂરી થાય છે. ઉચ્ચતર ધર્મ અર્થે, સંસારની ભૂમિકાએ ડગ મૂકતાં જ સરસ્વતીચંદ્રને કુમુદના કહેવાથી કુસુમને સ્વીકારી જે સમાધાન કરવું પડે છે તે ઓછું મર્મભેદી છે ? 'ગંગાયમુના', સમાવર્તન, ને 'આરામિક'–આ છેલાં ત્રણ પ્રકરણો દ્વારા આ સમાધાનની કરુણતા, એની ગહરાઈ, "સરસ્વતીચન્દ્ર"કારે ઘણી કલામયતાથી વ્યંજિત કરી છે.

જોકે શ્રી મુનશીને તો આ કૃતિનો ચોથો ભાગ "આછીપાતળી અસ્વાભાવિક કથાના સૂતરને તાંતણે"[૨૪] બંધાયલો લાગે છે. એમને તો આ આખો ચોથો ભાગ કલાની દૃષ્ટિએ સાવ નિષ્ફળ લાગ્યો છે. "Even compared with Part III, this part is a failure as a piece of literary art. It has no plot worth the name." ને તેથી જ એમણે તો કહી નાખ્યું–"The end is inartistic in the extreme."[૨૫] એમને મતે કુમુદ અને સરસ્વતીચંદ્ર ગો. મા. ત્રિ.નાં માત્ર વાજિંત્ર બની જઈ "morbid sentimentality"–માંદગી ઊર્મિલતાથી ભરેલા ઉદ્ગારો 'અહોરૂપ, અહોધ્વનિઃ' જેવાં પ્રશંસા-વચનો ને પવિત્ર હવાઈ સંકલ્પો કરી વધુને વધુ નીરસ ને વેદિયાં બની રહે છે–નીરસતાના, ઊર્મિલતાના આવા કેટલાક ટકા હશે એમ દલીલ ખાતર કબૂલીએ; પણ એ બંને પાત્રોમાં કરુણ ભવ્યતાના, કરુણતાના ઉદાત્ત જે અંશો છે તે એમને દેખાયા જ નહિ હોય ? આ કથાનો અંત–કુસુમનું સરસ્વતીચંદ્ર સાથે લગ્ન ને કુમુદની વિધવાવસ્થા–એમને ખૂબ આઘાતક ને અરુચિકર લાગે છે. જોકે એનાં ભાવ-બીજ ગો. મા. ત્રિ.એ આ કથામાં છેક આરંભથી ઠેર ઠેર વેર્યાં છે. 'ઘેલી મારી કુસુમ'ના સર્વોચ્ચ ભાવશિખર પર જઈને વિરમતી આ કથા શ્રી મુનશીને સમાપનની દૃષ્ટિએ છેક અ-કલાત્મક શાથી લાગી હશે તે એમણે જણાવ્યું નથી. કુસુમ-સરસ્વતીચંદ્રની આ સૃષ્ટિ એમને સપ્તરંગી–રસકીય સંદર્ભ વિનાની લાગી હોય–કુમુદનું સરસ્વતીચંદ્ર જોડે પુનર્લગ્ન એ જ એમને સ્વાભાવિક અંત લાગ્યો હોય, તે બનવાજોગ છે, પણ સરસ્વતીચન્દ્ર પર ગોપીભાવે વારી જઈ, ભાગવતનું ગોપિકાગીત ગાતી, સરસ્વતીચન્દ્રની આરતી ઉતારતી ઘેલી બનેલી કુસુમ, આ પૂર્ણાહુતિનું પુણ્યફળ જોતી કંથાધારિણી કુમુદ, સ્વપ્નાવસ્થામાંયે દેશનું

૨૪ શ્રી મુનશીનું ગોવર્ધનરામ-શતાબ્દી વ્યાખ્યાન, પૃ. ૧૮.

૨૫ Guj. and its Lit. (1935), p. 262

હિતચિંતન કરી વ્યથિત થતો, કુસુમ માટે પણ જેણે તાજી જ કંથા કરાવી હતી તેવો, હૈયે ગેરુઆ રંગથી રંગાયલો સરસ્વતીચંદ્ર, વહુઘેલી ગુમાનની અંતરતૃપ્તિ, પિતાની પરમ શાંતિ–આ ભાવસૃષ્ટિની કરુણમંગલતા–કરુણ ભવ્યતા શું ઓછી હૃદયસ્પર્શી છે? વિંધ્ય કે અવરુધ્ધ પ્રેમમાંથી જન્મતો કરુણ–વિપ્રલંભી શૃંગાર–ને આરતીની જેમ કથામાં ચોમેર પથરાઈ જતા વેદનાજનિત ઉપશમને લીધે "સરસ્વતીચંદ્ર" એની શિથિલતા, પથરાટ ને પંડિતાઈ છતાં, ઉન્નત ભાવસભર, કલાસભર વિરલ કૃતિ બની રહે છે.

આનો અર્થ એવો ન જ હોય કે 'સરસ્વતીચંદ્ર' કલાદષ્ટિએ સર્વથા અનવદ્ય કૃતિ છે. "આર્ત્તિં પ્રપદ્યેઽખિલલોકભાન્તમન્તઃસ્થિતો યેન ભવન્ત્યદુઃખાઃ"–એ કક્ષાએ 'સરસ્વતી-ચંદ્રકાર'ને તેમનો માનસપુત્ર કથાનાયક પહોંચે છે એ કોઈ નાનીસૂની વાત નથી. પણ 'સરસ્વતીચંદ્ર'ને એક અસાધારણ કૃતિ તરીકે જોવા મથીએ છીએ ત્યારે આ દર્શનપ્રધાન મહાનવલ પંડિતયુગની કૃતિ હોઈ, સુંદરતાને વટી જતી ભવ્યતા સુધી પહોંચવાને મથતી કૃતિ હોઈ, એની કેટલીક મર્યાદાઓ ક્ષમ્ય ગણીએ; છતાં કેટલીક અસંગતિઓ, કથાતત્ત્વનો સર્વથા લોપ થઈ જાય ત્યાં સુધીની તત્ત્વચર્ચાઓ, અતિ પથરાટ ને તેને લીધે વધતી જતી શિથિલતા, તેમ જ એમાં દેખાતી અતિરેકભરી ઊર્મિલતા ખૂંચ્યાં વિના રહેતાં નથી એ પણ સ્વીકારવું જોઈએ. આપણા અભ્યાસીઓએ એ તરફ ધ્યાન ખેંચ્યું પણ છે. ગો. મા. ત્રિ.એ ઝીણવટથી કથા-પ્રસંગોની કાલગણના ન કરી હોવાથી કેટલાક પ્રસંગોનો–પંચરાત્રિ નિવાસનો પણ–મેળ બરાબર બેસતો નથી. કેટલીક અસંગતિઓ સંસ્કારદોષને કારણે–અનવધાનને કારણે પણ આવી ગઈ છે.[૨૫] પણ ક્યાંક તો ઉતાવળને લીધે નહિ, પણ લેખકના પોતાના અનુચિત ભાવાવેશને લીધે એવું બન્યું હોય એમ લાગે છે.

જેમ કે કુમુદ અકસ્માત્ તણાતાં તણાતાં ચંદ્રાવલી મૈયા પાસે આવે છે, પણ એનું અંતર હજી માજીચરણે શાતા પામ્યું ન હોવાથી એ ફરી વાર આપઘાત કરવા મથે છે. એ વેળા એની પોતાની મનોદશા ઊર્મિજન્ય આવેશવાળી વૈક્લવ્યભરી હોય તે સમજી શકાય તેવું છે. પણ એ નિરૂપણ કરતાં ગો. મા. ત્રિ. પોતે પણ તટસ્થતા ચૂકી ગયા હોય ને તેથી સમગ્ર આલેખન એ પ્રસંગ પૂરતું માંદલું ને નાટકી બની ગયું હોય તેવું લાગે છે. કુમુદે એવું તે કયું અપ્રથિત અપકૃત્ય કર્યું છે કે—કોઈ તેની ખાસ નિંદા ન કરતું હોવા છતાં—એ પોતે જ પોતાને વારે વારે હીણે છે? એની માતા આઘાત પામી અતિ વિકલ બની જાય છે, તે ખરું; પણ પોતે તણાઈ આવી તેથી "સૌભાગ્ય કુંકુમમાં હું દુષ્ટાએ દુર્ભાગ્યનો કોયલો નાખ્યો," (મેં) "કાળી નાગણે દંશ દીધો." "સૌભાગ્યદેવી જેવી જગદંબાનો મેં પાપિણીએ તિરસ્કાર કર્યો." એવું ઘણું બધું એ સ્વગત ઉચ્ચારે ને પોતાને 'અભાગણી', 'ચાંડાલિની,' "જ્યાં જાઉં ત્યાં હાડે હાડે," "પનોતી હું લોહતણી" ગણે એ નરી નબળા ને અસ્વસ્થ મનની નિશાની છે; પોતે જ પોતાને 'અધમ,' 'પાપી' કહે ને 'મારો કોઈને ખપ નથી' એમ માને-મનાવે, તે તો

---

૨૫ ભા. ૧લાના ૧૨મા પ્રકરણમાં 'પિક'નો અર્થ મોર કર્યો છે; ભા. ૪થામાં પૂર્વાર્ધમાં (પૃ. ૨૫) પંચતંત્રની કથાનો ઉલ્લેખ કરી ઊંટ બડાશ મારે છે એમ કહ્યું છે તે ખોટું છે. એ શ્લોક ને કથા શિયાળના સંદર્ભમાં છે.

એના સર્જકની પણ આકુળતાને પ્રકટ કરે છે. એ જ રીતે સરસ્વતીચંદ્ર ને કુમુદે શૌમનસ્ય ગુફામાં રાત્રિઓ ગાળી, ભવ્ય સ્વપ્નયાત્રા કરી, તે સ્થિતિમાં સરસ્વતીચંદ્રને કુમુદ પોતાનાં ભાવના-સ્વપ્નની પ્રેરક જનની ભલે લાગી હોય. ત્રીજી રાત્રિને પ્રભાતે સરસ્વતીચંદ્રને કુમુદનો કર પોતાની જનની જેવો લાગ્યો હતો, એ નિરૂપણ સરસ્વતીચંદ્રના ઊર્ધ્વારોહણના પ્રતીકરૂપ બની રહે છે. પણ આ ભાવ વ્યંજનાને બદલે નરી વાચાળતાથી ફરી ફરી પ્રગટ થાય છે, ત્યારે તેની ચમત્કૃતિ જતી રહે છે, ને એ નિરૂપણ હૃદયસ્પર્શી બનવાને બદલે સરસ્વતીચંદ્રના પાત્રને ખૂબ ચાંપલું, બોલકું ને દોઢડાહ્યું બનાવી મૂકે છે. સરસ્વતીચંદ્ર જેવો સ્વસ્થ, ધીર, સૌમ્ય પુરુષ નવલકથાના ઉપાન્ત્ય પ્રકરણમાં આમ અતિ ક્ષુબ્ધ બની જાય તે રસદષ્ટિએ અસહ્ય બની રહે છે. કુમુદને સંબોધીને એ કહે છે: "કુમુદ સુન્દરી! તમે મારા મનોરાજ્યને પાર પાડવાનાં દ્વાર ઉઘાડી આપ્યાં. તે દ્વારમાં હું વજ્ર જેવો કઠણ હૃદયનો દુષ્ટ રાક્ષસ ઊભો રહું છું! ઓ મારી માતા! તમે મારી જનનીનું કામ કર્યું છે. તો હું તમારા દુષ્ટ પુત્રના અધિકારથી પગે પડી ક્ષમા માગવાને કહું છું કે:—

કુપુત્રો જાયેત, કવચિદપિ કુમાતા ન ભવતિ! તમારી ક્ષમા મને તમે મારી માતા થઈને જ આપી...તો મારા શિરને–મારા ઉત્તમાંગને–ઓ મારાં આર્યમાતા! આર્યતમા આ મારા અનાર્ય શિરને તમારા આર્યચરણના સ્પર્શનો અધિકાર આપો.[૨૭] આ આખી ઉક્તિ રદ કરવા જેવી છે. ભાવની નાજુક શિખરિત અવસ્થાએ આટલી ઊર્મિલ વાચાળતા ભાગ્યે જ ચાલી શકે.... પણ 'સરસ્વતીચંદ્ર'ની મહત્તા કે ઉદાત્તતા જે ગણો તે એ છે કે આવી ત્રુટિઓ દેખાય, તેટલો ભાગ કાચો ગણાય ને રદ થાય, તોયે તેની અખંડાકાર ભવ્યતાને કશો બાધ નડતો નથી. વ્યંજના દ્વારા ભાવનો પરિપોષ કેવી હદ્દ પરાકાષ્ટાએ પહોંચી શકે છે તેનું નિદર્શન ત્રણ શબ્દોના જ આરોહઅવરોહભરી એક માત્ર પંક્તિ "ઘેલી મારી કુસુમ!"માં જોવા મળે છે. છેલ્લા પ્રકરણની ઉચ્ચ ભાવાવસ્થા જોતાં સેઈન્ટ્સબરીના શબ્દોમાં કહેવાનું મન થઈ જાય છે— "But the grandeur of its grandeur when it is grand!"

બાકી, ટૉલ્સ્ટોયની "War and Peace" પણ કલાની દૃષ્ટિએ રસજ્ઞોને સર્વથા સંતર્પક નથી જણાઈ. એ કરતાં 'એના કેરેનિના' વધુ કલાન્વિત ગણાઈ છે. મોમ જેવો પણ "War and Peace"ના લેખક વિશે કહે છે—"He was the prisoner of his message." 'સરસ્વતીચંદ્ર' માટે તો આ ઉક્તિ કોઈ વિશેષ ભારપૂર્વક યોજી શકે. તેમ છતાં 'સરસ્વતીચંદ્ર' જેવી નવલને કેવળ પશ્ચિમી કલાદૃષ્ટિએ જોવામાં અન્યાય છે. આ તો પંડિતયુગની દર્શનપ્રધાન મહાનવલ છે. વિવરણ કે વાર્તિકરૂપે, ભાષ્યરૂપે, ગો. મા. ત્રિ. જેવા ચિંતક તત્ત્વચર્ચાનાં પ્રકરણો પર પ્રકરણો મૂકયા વિના ભાગ્યે રહી શકે. અલબત્ત આવાં પ્રકરણો, અન્ય સર્જનાત્મક કે કથાવસ્તુ સાથે સંબંધ ધરાવતાં પ્રકરણોની બેવડમાં લપેટીને આંતરે આંતરે જ એમણે મૂકવાનું રાખ્યું છે. જેમ કે 'સરસ્વતીચંદ્ર'ના ચોથા ભાગમાં ચોથું પ્રકરણ— "દેશી રાજ્યોનો શો ખપ છે?" એ રાજકીય ચર્ચાથી ખીચોખીચ છે. પણ એ પ્રકારનું બીજું પ્રકરણ સાત પ્રકરણ પછી "મહાભારતના અર્થવિસ્તાર" રૂપે આવે છે: તે પછી ૧૮મું ને ૨૫મું પ્રકરણ "અલખ મન્મથ અને લખ સપ્તપદી" તથા "સાધુજનોના પંચમહાયજ્ઞ" સાત પ્રકરણને આંતરે જ આવે છે. એ જ રીતે ઉત્તરાર્ધમાં "સિદ્ધલોકમાં યાત્રા"નું ૩૦મું

પ્રકરણ આવે છે ને ૩૧મા પ્રકરણમાં તે પૂરું થાય છે. તે પછી ૩૩–૩૪–૩૫ એ ત્રણ પ્રકરણમાં "સૂક્ષ્મ પ્રીતિની લોકયાત્રા."—"અર્જુનના વાયુરથ" ને "કુરુક્ષેત્રના ચિરંજીવો"નું નિરૂપણ આપે છે. હવે આ નવ પ્રકરણ (૪, ૧૧, ૧૮, ૨૫, ૩૦-૩૧, ૩૩-૩૪-૩૫) કથામાંથી "સરસ્વતીચંદ્ર"ની મહાનવલ તરીકે જે ઉદાત્તતા, મહિમામયતા, ગંભીરતા છે, તે એમ કરવાથી સદંતર બાદ કરી જુઓ. ઊણી ઊણી નથી થઈ જતી ? ધરતી ઉપર ઝળુંબતું ગગન જ જતું રહે ને જે દશા ધરતીની થાય એવું "સરસ્વતીચંદ્ર"માંથી ચિંતનની ભાવનાની અભૌમ સૃષ્ટિ દૂર કરતાં બને તેમ છે. અલબત્ત લંબાણ ટાળી શકાયું હોત; પણ 'સરસ્વતીચંદ્ર'નો કેટલોક વૈભવ વિસ્તાર વિના અકલ્પ્ય છે.

જેમનો હૃત્કોષ અપૂર્વ ભાવનાઓથી ભર્યોભર્યો છે, ભારતીય સંસ્કૃતિનાં ઉત્તમ તત્ત્વોનું સંદોહન–સંશોધન–સમુદ્ધરણ કરવાનું જેનામાં સર્જક તરીકેનું સામર્થ્ય છે, પશ્ચિમી સંસ્કૃતિથી અભિભૂત થયા વિના એનાં ઉત્તમ, પ્રભાવક તત્ત્વોને સવિવેક આત્મસાત્ કરવાની જેમનામાં શક્તિ છે, જેમની વિશ્વાભિમુખ દૃષ્ટિ અધ્યાત્મ તત્ત્વથી સહેજે રંગાયેલી છે, જીવનના અપાર્થિવ તેમ જ વાસ્તવિક અંશો પર જેને અસાધારણ કાબૂ છે, અવનવા વિચ્છિત્તિવિશેષોથી ગુજરાતી ગદ્યને નવી ગરિમા અર્પનાર જે માત્ર મહાન ગદ્યસ્વામી જ નહિ પણ ગુજરાતના અપ્રતિમ ગદ્યકવિ છે, પરંપરા સાથે દૃઢ અનુસંધાન જાળવી તેનું સત્ત્વ સારવી લેવાની વૃત્તિવાળા છતાં જે નવલકથાનાં ક્ષેત્રે પ્રયોગકાર છે, જેની ગંજાવર ઐતિહાસિક સંપત્તિ શક્તિનો પ્રપાત બનીને 'સરસ્વતીચંદ્ર'માં ભરપૂર ઊતરી છે, તેવા સર્જકની ચેતનાનો જે સંપર્ક આ કૃતિમાં આપણું ચિત્ત અનુભવે છે, તે ઓછો પ્રેરક નથી. સર્જક આત્માની આવી શક્તિમત્તા ગુજરાતી સાહિત્યમાં જ નહિ, ભારતીય નવલકથા સાહિત્યમાં પણ કદાચ અજોડ ગણાય તેવી છે. શ્રી. ન. દે. મહેતાએ યોગ્ય જ કહ્યું છે, "સરસ્વચીચંદ્ર"માં નિરૂપેલાં 'સંસારચિત્રો આકાશમાં ગન્ધર્વનગર જેવાં નથી પણ અજન્ટાની સ્થિર પીઠ ઉપરનાં ચિત્રો છે. આ સ્થિરપીઠ તે ગોવર્ધનરામના ધર્મતત્ત્વની એટલે 'સરસ્વતી-ચંદ્ર'કારની વાણી શબ્દબ્રહ્મને જાણનાર પરિણતપ્રજ્ઞ કવિની વાણી બની રહે છે. એક-બે ઇંચના હાથીદાંત પરની નાજુક રમણીય કોતરણી એમાં કદાચ બહુ નહિ હોય. પણ માનવચિત્તનું–માનવસંસ્કૃતિનું–મહાકાવ્ય કેવું હોય તેનો કંઈક અણસાર આપતી આ મહાન રચના છે. આવી કૃતિના ઉત્તમાંશોથી પ્રભાવિત થવું એ પણ આપણે માટે ધન્યતાનો વિષય બની રહે. સેઈન્ટ બવ કહે છે તેમ આ classics આપણને સામો પડકાર જો કરે તો "What will they say of us?" આપણા વિશે–આપણા જમાના વિશે–આ મહાગ્રન્થો શું કહે, એનો ઉત્તર આપણે સૌ સહૃદયોએ આપવાનો રહે છે. એ ઉત્તર એટલો જ પ્રેરક ને મહાન હશે ?*

---

* ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાના એક ભાગરૂપે, ગુજરાત કૉલેજમાં, પ્રો. શ્રી. અનંતરાય મ. રાવળના પ્રમુખપદે તા. ૨૨-૧૨-૭૧ના રોજ આપેલું વ્યાખ્યાન.

# પુરાતત્ત્વ અને પુરાણો–
# મહાભારત અને રામાયણ

હસમુખ ધીરજલાલ સાંકળિયા

## પ્રાસ્તાવિક[1]

શતકો કે સહસ્રો વર્ષથી પુરાણો, મહાભારત અને રામાયણ ભારતમાં એક અનેરું સ્થાન ભોગવી રહ્યાં છે. આપણી સંસ્કૃતિ—ભૌતિક, આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક—દેવ, દેવીઓ, ધર્મો, વર્ણો અને જાતો, રહેણી-કરણી, રીત-રિવાજો, ગામ, નગર અને પુરો, શિલ્પ અને સ્થાપત્યનાં એમાં દર્શન થાય છે. આ આપણાં અમૂલ્ય ધન, અમૂલ્ય વારસો છે, એમાં શંકા નથી. જેમ ભૂતકાળમાં આનાં પારાયણે આપણા બધાંનાં જીવન ઘડયાં હતાં, તેમ હજુ પણ કાલાનુસાર આ ગ્રંથો આપણું જીવન ઘડી રહ્યા છે, અને ભવિષ્યમાં ઘડશે. આથી જ ભારતીય ધર્મ તથા સંસ્કૃતિ સનાતન કહેવાય છે, અને રહેશે. આપણા આ વારસામાંથી નવી સ્ફૂર્તિ, નવા વિચારો અને નવું માર્ગદર્શન પ્રાપ્ત કર્યા કરીશું.

જ્યારથી આપણે યૂરોપના સંપર્કમાં આવ્યા ત્યારથી એના ભૌતિકવાદે આપણા પર અસર કરવા માંડી; અને જે પુરાણો, મહાભારત અને રામાયણનું શતકોથી વારંવાર પારાયણ જ થતું હતું, જેના પર કવિઓએ અને સંતોએ કાવ્યો કે હરિકીર્તનો રચ્યાં હતાં, તેમનો ચિકિત્સક અને તુલનાત્મક દૃષ્ટિએ વિચાર અને અભ્યાસ થવા માંડ્યો.

આપણે ત્યાં ચિકિત્સક અને તુલનાત્મક દૃષ્ટિ ન હતી એમ તો ન જ કહેવાય. આપણા ટીકાકારોએ—મલ્લિનાથ, શ્રીધરે–એમની ટીકામાં જણાવ્યું છે કે રઘુવંશમાં કે ભાગવતમાં અમુક શ્લોકો, આખા અધ્યાયો પણ ક્ષેપક છે. આ નિસંદિગ્ધપણે બતાવે છે કે આ વિદ્વાનોને એમના સમયમાં પ્રતીત થયું હતું કે પુરાણો અને રઘુવંશ કે મેઘદૂત જેવાં કાવ્યોમાં સમયે સમયે ઉમેરો થતો ગયો છે.

## ચિકિત્સક દૃષ્ટિ

આટલું છતાં આપણા આચાર્યો—શંકર, રામાનુજ, મધ્વ અને વલ્લભ કે અન્ય દર્શનકારોએ એમ નથી કહ્યું કે અમુક પ્રસંગ કે અમુક વ્યક્તિ, જે સમયે એનું વર્ણન કે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે તે સમયે અસ્તિત્વમાં જ ન હતી. આવી તુલનાત્મક કે ચિકિત્સક દૃષ્ટિ ન હોવાનું

---

૧ આ લાંબો લેખ ડૉ. જગદીશ દવેએ બહુ જ મહેનત કરી તપાસ્યો, તેથી હું એમનો બહુ આભારી છું. ડૉ. સંભાજી નારાયણ ભાવસારે સંસ્કૃત ઉતારા મારી સૂચના પ્રમાણે કાઢી આપ્યા છે. અને ડૉ. શોભના ગોખલેએ બે અભિલેખોના સંદર્ભ પૂરા પાડ્યા છે.

કારણ આ આચાર્યો કે દર્શનકારો વસ્તુ નહિ પણ એની પાછળ રહેલાં તત્ત્વ કે મર્મ પર ભાર દઈ રહ્યા હતા. એટલે એમને શંકર, રામ કે કૃષ્ણ અમુક વખતે હયાત હશે કે નહિ કે એનો કાળ શું હોઈ શકે એવો વિચાર ન જ આવ્યો.

આવો દૃષ્ટિકોણ ન હોવાથી પુરાણો, રામાયણ કે મહાભારતની ઐતિહાસિકતા પર શંકા પ્રદર્શિત થઈ ન હતી.

નિઃશંક, રામ અને કૃષ્ણના વર્તન પર તો, તેમના કાળમાં અને પછી પણ ટીકા થઈ છે. શ્રીકૃષ્ણના વર્તન વિશે શિશુપાલે જે ટીકા કરી હતી તે તો બહુ જાણીતી છે. મહાભારતમાં બીજાં પણ અન્ય દૃષ્ટાંતો આવે છે. રામના વર્તન પર આવી જ રીતે વાલીએ, ધરતીમાતાએ, સીતાએ અને એમના પુત્રો લવ-કુશે ટીકા કરી છે. ટૂંકમાં આપણે ત્યાં ચિકિત્સક દૃષ્ટિએ દેવ ગણાતી વ્યક્તિઓના વર્તનનું સૂક્ષ્મ અવલોકન થતું ન હતું એમ ન કહી શકાય; છતાં આ દૃષ્ટિકોણમાં છેલ્લાં ૧૦૦ વર્ષોમાં જે પ્રગતિ થઈ છે તેવી ભૂતકાળમાં હતી નહિ તે આપણે ન છૂટકે કહેવું પડે.

યુરોપમાં આવી ચિકિત્સક દૃષ્ટિનો જન્મ ગયા શતકમાં જ થયો. એનાં કેટલાંય કારણોમાં બે કારણો મુખ્ય છેઃ પહેલું કારણ ભૂસ્તરશાસ્ત્રનો યથાવત્—શાસ્ત્રીય—અભ્યાસ અને બીજું પુરાતત્ત્વશાસ્ત્રનો જન્મ અને વિકાસ.

આજથી ૧૫૦ વર્ષો પહેલાં જ—ઈ. સ. ૧૮૩૦ પહેલાં—ભૂસ્તરશાસ્ત્રીઓ પણ એમ માનતા કે પૃથ્વીમાં જે જાતનાં ભૌગોલિક દૃશ્યો...ઊંચાનીચા પહાડો, સપાટ મેદાનો—રણો, તે બધાં અચાનક થયાં હતાં. ચાર્લ્સ લાયલે—(Charles Lyell) સૂક્ષ્મ અવલોકન અને અભ્યાસથી બતાવ્યું કે આ વિધાન તદ્દન ખોટું હતું. પૃથ્વી પર જે જે દૃશ્યો દેખાય છે—પહાડો—એની અંદર જુદા જુદા ખડકના થરો, આ બધું કુદરતમાં એક નિયમ હોવાથી થયું છે. આ નિયમને એમણે the Theory of Uniformitarianism :(એકસરખાપણું) તરીકે ઓળખાવ્યો. કુદરતમાં ગાંડાની માફક નહિ પણ હેતુપુરઃસર અને અમુક નિયમાનુસાર પહાડો ઊંચા, નીચા થયા છે, અને મેદાનો બંધાયાં છે. આ બહુ દૂરદર્શી અને ક્રાંતિકારક વિધાન હતું, અને એના પછી જ આધુનિક ભૂશાસ્ત્ર અસ્તિત્વમાં આવ્યું.

આ જ અરસામાં પ્રાગૈતિહાસિક શોધો થઈ, અને બુશેડ પર્થે પેરીસની શોધ પરથી પુરવાર કર્યું કે માનવ અને પૃથ્વી બાઈબલના કહેવા પ્રમાણે કેવળ પાંચ હજાર નહિ પણ બલ્કે હજારો વર્ષ જૂનાં છે. ડાર્વિને આ જ અરસામાં એક મહાન અને ક્રાંતિકારક વિચાર પ્રગટ કર્યો કે માનવનો ઉદ્ભવ અને વિકાસ વાંદરા જેવા પ્રાણીમાંથી થયો હતો.

આ ત્રણે સિદ્ધાંતોએ યુરોપના સમાજને હચમચાવી નાખ્યો, કારણ કે કેવળ અભણ આમજનતા નહિ, પણ વિદ્વાનો અને ધર્મગુરુઓ માનતા કે આ પૃથ્વી ફક્ત ૫૦૦૦ વર્ષ જૂની છે, અને છ દિવસમાં જ ઈશ્વરે આખા જગતની ઉત્પત્તિ કરી! એક ધર્મગુરુ બિશમ લાઈટફૂટ (Lightfoot) તો એટલે સુધી માનતા કે પૃથ્વીનો જન્મ ઈ. સ. પૂર્વે ૪૦૦૦ વર્ષે, ઑક્ટોબર મહિનાની ૨૩મી, સવારે ૯ વાગે થયો હતો.

## પુરાતત્ત્વશાસ્ત્રનો ઉદ્‌ગમ

આ શોધોની સાથે જ ઔદ્યોગિક ક્રાંતિ અને વૈજ્ઞાનિક શોધોને લીધે જ યુરોપમાં ચિકિત્સક બુદ્ધિનાં બીજ વવાયાં. વિચારસરણીમાં સૌથી મહત્ત્વનો ફેર થયો હોય તો એ કે પશ્ચિમની સંસ્કૃતિ બહુ જૂની ન હતી; જ્યારે પૂર્વના દેશો–એટલે આપણી રીતે પશ્ચિમ એશિયાના દેશો —જેવા કે ઇજિપ્ત, ઈરાન, ઈરાક, ટર્કી, પેલેસ્ટાઈનમાં નાગરી સંસ્કૃતિ ઓછામાં ઓછી પાંચ હજાર વર્ષ જૂની હતી, ત્યારે યુરોપ તે વખતે જંગલી અવસ્થામાંથી બહાર પડતું હતું. આ સાથે એટલું પણ પુરવાર થતું ગયું કે માનવજીવનની ભૌતિક બાજુ એક ઉત્ક્રાંતિરૂપે જોઈ શકાય અને આલેખી પણ શકાય. આ ઉત્ક્રાંતિ મુખ્યત્વે શારીરિક અને ભૌતિક સ્વરૂપમાં જોઈ શકવાને પુરાતત્ત્વે બહુ અગત્યનો ફાળો આપ્યો છે. આવી પુરાતત્ત્વીય શોધોને લીધે મ્યુઝિયમ-સંગ્રહસ્થાનનો જન્મ થયો અને આ સંગ્રહસ્થાનો હવે સંગ્રહસ્થાન રહ્યાં નથી—રહેવાં ન જોઈએ...પણ જનતામાં જ્ઞાન પ્રસારવાને માટે ગોઠવાવાં જોઈએ.

## માનવજીવન અને સંસ્કૃતિનું વેળાપત્રક

બહુ જ ટૂંકમાં કહું તો માનવજીવનનાં મૂળ ઓછામાં ઓછા વીસ લાખ વર્ષ સુધી જાય છે. બહુ જ પ્રારંભ કાળમાં માનવ કે એના પૂર્વજો પથ્થરનાં અને હાડકાંનાં હથિયારો વાપરતા અને કંદમૂળ, નાનાંમોટાં પ્રાણીઓ અને જીવજંતુઓને મારી તેના પર નિર્વાહ કરતા.

લગભગ વીસ હજારથી એકલાખ વર્ષ પહેલાં માનવે હાડકાં, પથ્થર, પ્રાણીઓના ચામડાંની મદદથી તંબુ જેવાં ઘરો બાંધવાની કળા હસ્તગત કરી હતી.

આવા પાષાણયુગમાંથી ઈ. સ. પૂર્વે ૫૦૦૦ વર્ષ પહેલાં જ માનવે તાંબુ ગાળવાની કળા જાણી. તેમના પહેલાં માટીનાં વાસણો બનાવવાં, ખેતીવાડી કરવી અને કૂતરો, ગાય, ભેંસ, ડુક્કર પાળવા માંડ્યાં હતાં. આ તામ્ર અને કાંસાના યુગનો અંત ઈ. સ. પૂર્વે ૧૨૯૦માં જોવામાં આવે છે. આ જ વખતે પેલેસ્ટાઈન અને ઈરાક, ટર્કીમાં પહેલી જ વાર લોઢાનાં હથિયારો બનવા લાગ્યાં. એટલે જેને અમે લોહયુગ કહીએ છીએ તેની શરૂઆત આજથી ૩૦૦૦ વર્ષ પર થઈ! ભારતમાં તો આથી પણ ૨૦૦-૩૦૦ વર્ષ પછી થઈ હોય એમ લાગે છે.

માનવજીવનનું અને સંસ્કૃતિનું ભારત પૂરતું જ વેળાપત્રક આ પ્રમાણે આપી શકાય :

| | |
|---|---|
| આદિ અશ્મ યુગ :<br>ઈ. સ. પૂર્વે ૨,૦૦,૦૦૦ વર્ષ | સિંધ અને કેરલ બાદ કરતાં આખા ભારતમાં. |
| મધ્ય આદિ અશ્મ યુગ :<br>ઈ. સ. પૂર્વે ૫૦,૦૦૦ થી ૨૦,૦૦૦ વર્ષ | સિંધ, કેરલ અને કદાચ કાશ્મીર બાદ કરતાં આખા ભારતમાં. |
| અંત આદિ અશ્મ યુગ :<br>ઈ. સ. પૂર્વે ૨૦,૦૦૦ થી ૧૦,૦૦૦ વર્ષ | આનો સારામાં સારો પુરાવો હમણા આંધ્ર, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, બિહાર, દક્ષિણ ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્રમાંથી મળ્યો છે. |

| | |
|---|---|
| આન્તર અશ્મ યુગ ( આદિ અને મધ્ય અશ્મ યુગની વચ્ચેનો ) : ઈ. સ. પૂર્વે ૧૦,૦૦૦ થી ઈ. સ. પૂર્વે ૧,૦૦૦ વર્ષ સુધી. | કેરલ બાદ કરતાં આખા ભારતમાં. |
| નવ અશ્મ યુગ : ઈ. સ. પૂર્વે ૩,૦૦૦ થી ૨,૦૦૦ વર્ષ સુધી. | કાશ્મીર આંધ્ર, તામિલનાડુ. |
| તામ્ર-કાંસા અને પાષાણ યુગ : ઈ. સ. પૂર્વે ૩,૦૦૦ થી ૧,૦૦૦ વર્ષ સુધી | સિંધ, પંજાબ, ગુજરાત, સૌરાષ્ટ્રમાં નાગરી સંસ્કૃતિ, ભારતના બીજા ભાગોમાં ગ્રામીણ સંસ્કૃતિ. |
| લોહયુગ : ઈ. સ. પૂર્વે ૧,૦૦૦ | હવે લગભગ આખાયે ભારતમાં આ સમયના અવશેષો મળવા માંડ્યા છે; જોકે ચોક્કસ સમય હજુ કેટલાંય સ્થળે નક્કી થયો નથી. |

આપણું પ્રાચીન સાહિત્ય, લોકવાયકા, ગમે તે કહે છતાં ભૌતિક ઉત્ક્રાંતિનાં આ વેળાપત્રક આગળ આંખમિચામણાં થાય એમ નથી. બેશક એમાં ગણી ત્રુટિઓ છે. કેટલી યે વીગતો અમે જાણતા નથી, છતાં અમુક વસ્તુ—દાખલા તરીકે તાંબાની કુહાડી—એટલી સાદી, હાથા વગરની જ્યારે આખા ભારતમાં—અને તે પણ જગતમાં—બહુ આગળ પડતી ગણાતી. સિંધુ સંસ્કૃતિમાં મળે, ત્યારે આપણે કહેવું જ પડે કે હથિયારો બનાવવા માટે ભારત પાશ્ચાત્ય દેશો કરતાં પછાત હતું. અને જે જે વર્ણનો પુરાણોમાં આવે છે તેનો ઉપલબ્ધ થતી વસ્તુઓ સાથે કંઈ મેળ બેસતો નથી.

## ચિકિત્સક અભ્યાસપદ્ધતિ

આવા ચિકિત્સક અભ્યાસને માટે એક નિશ્ચિત અને પ્રમાણબદ્ધ પદ્ધતિ નક્કી કરવી જોઈએ. જે મકાન આપણે બાંધવા ઇચ્છતા હોઈએ તેનો પાયો સારી રીતે નાખવો જોઈએ. આ પાયો ઊંડો અને દૃઢ હોવો જોઈએ.

આમ હોવાથી પુરાણ, મહાભારત અને રામાયણમાં જે જે પ્રસંગો, વસ્તુઓ—જેવી કે મૂર્તિઓ, મન્દિરો—નો ઉલ્લેખ થયો હોય તેને, નિશ્ચિત અસ્તિત્વમાં હોય અને જેનો કાળ પણ સાધારણ રીતે નિશ્ચિત હોય તેની સાથે સરખાવવાં જોઈએ. આમ આપણે પુરાતત્ત્વે પૂરા પાડેલા વેળાપત્રકની મદદથી પુરાણો ઇત્યાદિનું વેળાપત્રક રચવાને શક્તિમાન થઈશું.

પુરાતત્ત્વમાં.ઉપર કહ્યું તે પ્રમાણે સિક્કા, તામ્રપત્ર, શિલાલેખ, મકાનો કે તેમના અવશેષો જેવાં કે મન્દિર, સ્તૂપ, મસ્જિદ અને મિનારા, પ્રાચીન નગરીઓ અને અસંખ્ય નાની વસ્તુઓ, કિંમતી કે સાદી, વનસ્પતિ અને પ્રાણીઓના અવશેષોનો સમાવેશ થાય છે. વધુ તો મેં એક સ્થળે કહ્યું છે તેમ, આ જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જેનો પુરાતત્ત્વમાં સમાવેશ ન થઈ શકે.

આજથી ૩૦ વર્ષ પહેલાં આપણું પુરાતત્ત્વ એટલે મુખ્યત્વે સિક્કા, તામ્રપત્ર, શિલાલેખ, મન્દિર કે સ્તૂપના અવશેષોમાં જ સમાઈ જતું. મોહન-જો-દડો અને હડપ્પાની શોધ પછી આ નગરો ભારતના વાયવ્ય ભાગમાં આવેલાં હોઈ અને પ્રાગૈતિહાસિક કે આદિ ઐતિહાસિક કાળનાં હોઈ અભ્યાસને માટે તરત ઉપયોગી થઈ પડે એવાં હતાં નહિ.

## અભિલેખો અને પુરાણો

આમાં પુરાણોને માટે શિલાલેખ ઇત્યાદિ અભિલેખો જ ઉપયોગમાં લેવા ઉચિત લાગ્યું. આ અભિલેખોમાં પણ મૌર્ય કે અશોક રાજાના લેખોથી માંડી ગુપ્ત રાજાઓના સમય પર્યન્તના લેખો બહુ ઉપયોગી થઈ પડે એવા હતા નહિ; કારણ કે આ અભિલેખોમાં પૌરાણિક પ્રસંગોના ઉલ્લેખ નહિ જેવા જ આવે છે.

ગુપ્ત રાજવંશે ઈ. સ. ૩૨૦માં પાટલિપુત્રમાં રાજ્ય કરવા માંડયું. આ રાજવંશે લગભગ ૧૫૦ વર્ષ આખા ઉત્તર ભારતમાં રાજ્ય કર્યું. સિંધ, ગુજરાત, સૌરાષ્ટ્ર, પંજાબ, ઉત્તર અને મધ્ય પ્રદેશ, બિહાર, ઓરિસ્સા અને બંગાળ એમની સત્તા નીચે હતાં. આ ૧૫૦ વર્ષમાં ભારત બધી જ દૃષ્ટિએ–સાંસ્કૃતિક, આર્થિક દૃષ્ટિએ—તે વખતના વિકાસની ટોચ પર પહોંચ્યું એટલું જ નહિ પણ આ સંસ્કૃતિ એણે નેપાલ, તિબેટ, મધ્ય એશિયા, ચીન, જાપાન અને દક્ષિણ-પૂર્વના દેશોમાં પહોંચાડી. આમ બધી દૃષ્ટિએ ભારતનો આ સુવર્ણયુગ ગણાય છે. નાનાંમોટાં નગરો, દેવદેવીઓનાં મંદિરો આ જ સમયમાં અસ્તિત્વમાં આવ્યાં, અને એના પડઘા પુરાણોમાં પડ્યા. હવે તો એટલું પણ માનવામાં આવે છે કે ઘણાખરા પુરાણોનું સ્વરૂપ આ કાળમાં નિશ્ચિત થયું.

આ માન્યતાને માટે જોઈએ તેવો પુરાવો આપવામાં આવ્યો ન હતો, કારણ કે પુરાણોમાં —આપણી હાલની આર્થિક સ્થિતિ પ્રમાણે—સતત ફુગાવો ચાલુ જ રહ્યો છે. તેથી પુરાણોનું નીચલું થર નિશ્ચિત કરવાના હેતુથી ગુપ્ત સમયના જે અભિલેખો હતા તેમાં આવેલા પૌરાણિક સંદર્ભોનો અભ્યાસ કરવા મારા સૌથી પહેલાં બે શિષ્યોમાંથી ડૉ. પાટીલને મેં પ્રેર્યા. આ ચિકિત્સક પ્રયાસ એક નાના નિબંધ જેવો જ છે.

કૃષ્ણ, ગોવિન્દ, ઉદ્ધવ, વિદૂર, પૃથુ, વૈન્ય, ભગીરથ ઇત્યાદિની કથાઓમાં પુરાણો અને ગુપ્ત સમયના અભિલેખોમાં કેટલું સામ્ય છે, અને ક્યાં ફેર છે, એની ૧૮ પાનાના મુખ્ય લેખમાં અને ૬૦ પાનાંના પરિશિષ્ટમાં તુલનાત્મક ચર્ચા કરી છે. આ અભ્યાસથી એટલું નિર્વિવાદ સાબિત કરી શકાય કે પુરાણોમાં આવતી મુખ્ય કથાઓ—જેવી કે કૃષ્ણની ગોકુળમાં લીલા, ભગીરથ આખ્યાન, પૃથુ-વૈન્ય આખ્યાન, અને અન્ય આખ્યાનો, આ બધાં ઈ. સ. પાંચમા સૈકા પહેલાં, અને બીજાત્રીજા સૈકા પછી પુરાણોરૂપે સંગ્રહિત થયાં, અને એનો પ્રચાર ગુપ્ત રાજાઓએ કર્યો કે એમના સમયમાં થયો, કારણ કે આ બધા જ રાજાઓ વૈષ્ણવ હતા.

આ જ અરસામાં વૈષ્ણવધર્મના (અને બીજા ધર્મના) ભક્તોની ઇચ્છા પ્રમાણે જુદા જુદા ફાંટાઓ કે પંથો પડ્યા. કોઈ કે વિષ્ણુને વરાહરૂપે, તો કોઈએ ગોવિન્દરૂપે પૂજ્યા. વિષ્ણુ

કૃષ્ણની આવી આવી જુદી જુદી મૂર્તિઓ કરી એનાં મંદિરો સ્થાપ્યાં એટલે ગોવિન્દસ્વામિના, વરાહના, અને નરસિંહના ભક્તા, ગોવિન્દદાસ, વરાહદાસ, નરસિંહ ગુપ્ત કહેવાયા.

ગુપ્ત સમયમાં આમ ઇશ્વરની પૂજા-ચર્ચા-ભક્તિ વૈયક્તિક વલણ પ્રમાણે પહેલી જ વાર બહુ મોટા પ્રમાણમાં થવા માંડી. ગીતા જાણે આનો પડઘો ન હોય એમ લાગે. (અથવા આ જ સત્ય ગીતા બહુ જ સ્પષ્ટ રીતે કહે છે) અને એમ કહી શકાય કે ગીતાના કહેવા પ્રમાણે લોકોએ જેમની જેમ ઇચ્છા આવે તેમ ઈશ્વરને જોવા અને પૂજવા માંડચા !

આ વૈયક્તિક ઈશ્વરપૂજા કે ભક્તિ હજુ પણ ચાલુ છે. પણ ગુપ્તકાળની અંદર જ બે કે ત્રણ દેવોની એક જ મૂર્તિની પૂજા અસ્તિત્વમાં આવી. પુરાતત્ત્વની સહાયથી ધાર્મિક વલણો ક્યારે અને કેવી રીતે પ્રચાર પામ્યાં તેનો કંઈક ખ્યાલ આપી શકાય છે.

### વાયુપુરાણનો અભ્યાસ

વાયુપુરાણમાં જે જે માહિતી આવે છે તેનું વિષયવાર પૃથક્કરણ કરવામાં આવ્યું. આ કર્યા પછી જે જે વિષયો કે માહિતી નિશ્ચિત પુરાતત્ત્વીય કે ઐતિહાસિક વિષયો સાથે સામ્ય ધરાવતી હતી તેનો એક વર્ગ કરવામાં આવ્યો.

બીજો એક એવો વર્ગ પડ્યો કે જેમાં આવતા વિષયો વૈદિક સાહિત્યમાં આવતા વિષયો કે માહિતી સાથે સરખાવી શકાય.

ત્રીજા વર્ગમાં આવતી માહિતી કે વિષયો સ્મૃતિઓમાં આવતા વિષયો સાથે સરખાવી શકાય.

પુરાતત્ત્વની દૃષ્ટિએ વાયુપુરાણમાં ઓછામાં ઓછા ત્રણ થરો જોઈ શકાય છે.

સૌથી જૂનો કે આદિ થર ઈ.સ. પૂર્વે ૫૦૦થી પહેલાનો છે. આને આપણે વૈદિક થર તરીકે સંબોધીશું.

ત્યારપછી આવે છે બીજો કે વચલો થર. આનો સમય ઈ. સ. પૂર્વે ૨૦૦ થી ઈ. સ.ની શરૂઆત સુધી ગણાવી શકાય.

ત્રીજો થર ઈ. સ. ૫૦૦માં બંધાયો. આ વખતે જ પુરાણોમાં મુખ્ય ફુગાવો કે વધારો થયો.[૧]

### મહાભારત અને પુરાતત્ત્વ

આ અભ્યાસ પૂરો થતાં જ મને આ પદ્ધતિએ મહાભારતમાં આદિપર્વમાં એક અંગનો અભ્યાસ કરવાની તક મળી અને આદિપર્વમાં આવતા દેવદેવીઓના સ્વરૂપોનો તુલનાત્મક

---

1 D. R. Patil, "Gupta Inscriptions and the Puranic Tradition," *Bulletin of the Deccan College Research Institute*, Vol II (1939-40), pp. 148–165. Appendix, pp. 1-59.

દૃષ્ટિએ અભ્યાસ કર્યો. આ અભ્યાસ પરથી માલમ પડયું કે મહાભારતમાં શિવ, વિષ્ણુ અને સૂર્યની પ્રારંભિક કાળની મૂર્તિઓનુ વર્ણન મળે છે. શ્રી અને સરસ્વતી દેવીઓ બે હાથવાળી જ હતી, અને એક જ માથું હતું. ગણપતિપૂજાનો હજુ આરંભ થયો ન હતો. દ્વારકાના કૃષ્ણ અને ગોકુળ કે ગોપાળકૃષ્ણને વિષ્ણુ તરીકે માનવા લાગ્યા હતા.[2] ત્યાર પછી મહાભારતની જેટલી ચિકિત્સક દૃષ્ટિએ આવૃત્તિ પૂરી થઈ હતી તેનો ડૉ. ભગવાન ચાપેકર પાસે અભ્યાસ કરાવ્યો.

આ અભ્યાસે દર્શાવ્યું કે મહાભારતમાં દેવદેવીઓનાં જે વર્ણન આવે છે તેના ઓછામાં ઓછા, પણ મુખ્યત્વે ત્રણ ભાગો કરી શકાય. સૌથી જૂના થરમાં દેવદેવીઓનાં જે વર્ણનો આવે છે તે ઈ. સ પૂર્વે ૫૦૦ની પહેલાંનાં છે. કારણ કે આનાં વર્ણનો વેદોમાં જે વર્ણનો જોવા મળે છે તેવાં જ છે. એટલે આ દેવોનું માનવસ્વરૂપ ઘણુંખરું અવિકસિત સ્વરૂપમાં જ હોય છે. આ થરની નીચલી કક્ષા ઈ. સ. પૂર્વે ૩૦૦ની મૂકી શકાય.

આ પછી બીજો થર શરૂ થાય છે, અને એમાં પહેલી જ વાર દેવોના સ્વરૂપનો, એમના હાથમાં આવેલા આયુધોનો, વસ્ત્ર-આભૂષણોનો કંઈક યથાર્થ ખ્યાલ આપી શકાય. લગભગ ૨૦૦ વર્ષનો આ થર ગણી શકાય.

ત્રીજો થર એટલે આધુનિક યુગની શરૂઆત. આ જ અરસામાં બે-ચાર કે એથી પણ વધારે હાથ તેમ જ એકથી વધારે માથાંવાળા અને વિવિધ જાતનાં આયુધો ધરાવતાં દેવદેવીઓનો પ્રાદુર્ભાવ થયો. છતાં આની નીચલી કક્ષા સાતમા સૈકા પછીની નથી લાગતી.

દેવ-દેવીઓની પ્રાચીન મૂર્તિઓનો આ રીતે અભ્યાસ એક અમૂલ્ય ઐતિહાસિક સામગ્રી પૂરી પાડે છે. આ વિષયના તજ્ઞો આથી પરિચિત છે, પણ સાધારણ જનતાને આનો બહુ ઓછો ખ્યાલ છે. જે જે રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક સંબંધો નીચે સ્વેચ્છાએ કે અનિચ્છાએ છેલ્લાં બે હજાર વર્ષોમાં આપણે (ભારત) આવ્યા, તેના પડઘા આપણાં નામો, પહેરવેશ, રહેણી-કરણી અને દેવદેવીઓનાં સ્વરૂપનાં વર્ણનોમાં અને તેના શિલ્પ અને ચિત્રના આલેખનમાં પડ્યા છે. આનું શાસ્ત્રીય રીતે પૃથક્કરણ થાય તો, જ્યારે લિખિત કે તારીખવાર પુરાવો ન હોય ત્યારે સંબંધિત (relative) કે સાપેક્ષ પુરાવો મેળવવા આપણે શક્તિશાળી થઈએ છીએ,

### નગ્ન માતૃકા દેવી

અહીં એક જ દેવીનું દૃષ્ટાંત આપીશ, જેનો પ્રાદુર્ભાવ અથવા જૂનામાં જૂની મૂર્તિ અથવા શિલ્પ ૨૦,૦૦૦ વર્ષો પહેલાં ફ્રાન્સ, જર્મની, ઑસ્ટ્રીઆ, મોરેવિઆ અને સાઈબિરીઆ-માં મળી છે. અસલ આકૃતિ હાથી જેવા પ્રાણી—મેમથના દાંતમાંથી બનાવવામાં આવી હતી. આકૃતિ ઊભી કોતરવામાં આવી છે. એમાં કેવળ સ્તન જ ઝૂલતો કે ઉત્તાન અવસ્થામાં દર્શાવવામાં આવ્યો છે. શરીરના અન્ય અવયવોમાં કોઈમાં યોનિ તો કોઈ કમરનો ભાગ વધારે પહોળો અને ગર્ભધારણ કરેલી સ્ત્રી કે માતા થયેલી સ્ત્રીને હોય એવી રીતે નિર્દેશ

2 H. D. Sankalia, "Iconographical Elements in the Adiparva," *Bulletin Deccan College Research Institute*, Vol. 5 (1943–44), p. 161.

કરવામાં આવ્યો છે; પણ માથું, મ્હોઢું, હાથ, કાન, ઇત્યાદિ અંગોનો અસ્પષ્ટપણે નિર્દેશ કરવાનો પ્રયત્ન કલાકારે કર્યો નથી. આવી લગભગ ૧૦૦ આકૃતિઓ ૨૦ સ્થળો પર મળી છે, જેના પરથી આ આકૃતિઓ "મા" કે "માતા" તરીકે પૂજાતી દેવીની છે એમ માનવામાં આવ્યું છે.

આ જ મૂર્તિનો પછી ધીરે ધીરે પૂર્વ તરફ પ્રચાર થવા માંડ્યો, જેથી આવી મૂર્તિઓ સાઈપ્રસ, ક્રીટના ટાપુઓ, તુર્કી, ઈરાક, ઈરાન, સિસ્તાન, ગાંધાર (અફગાનિસ્તાન અને પાકિસ્તાનની વચ્ચે આવેલો પ્રદેશ) અને ભારતમાં ઈ. સ. પૂર્વે ૯,૦૦૦-૭૦૦૦ થી માંડી ઈ. સ. પૂર્વે ૧૫૦૦-૧૦૦૦-૩૦૦ સુધી મળે છે.

આ જ કે આવી માતૃ આકૃતિના બીજા સ્વરૂપમાં એક સ્ત્રી બેઠેલી બતાવવામાં આવી છે. એમાં પણ માથું બતાવવામાં આવ્યું નથી અને એને ઠેકાણે કોઈ વાર કમળ દર્શાવવામાં કે મૂકવામાં આવ્યું છે. સ્તન ગોળ અને ભરેલા અને યોનિ બહાર પડતી અને ફાડેલી, જાણે હમણાં જ બાળકને જન્મ આપશે એમ બતાવવાનો ઉદ્દેશ લાગે છે. કોઈ કોઈ આકૃતિઓમાં હાથ માથાની ઉપર બતાવવામાં આવ્યા છે.

આવી બાળકને જન્મ આપતી મૂર્તિઓ ભારતમાં ઈ. સ.ના પહેલા-બીજા શતકના થરમાં, પકવ માટીમાં કે પથ્થરમાં બનાવેલી, કેટલાયે સ્થળો પર મળી છે. આનો બહુ ઝીણવટથી અભ્યાસ કર્યા પછી એક લેખમાં મેં બતાવ્યું હતું કે આવી મૂર્તિ કર્ણાટકમાં લોકો "બેશરમ નગ્નદેવી" કે "લજ્જાગૌરી" તરીકે હમણાં પૂજે છે—બાળકો પ્રાપ્ત કરવા માટે–તે મૂર્તિ અસલ ઇજિપ્તમાં પૂજાતી અને ઈ. સ.ની શરૂઆતમાં આ મૂર્તિએ ભારતમાં પ્રવેશ કર્યો. અને ભારતમાં એને લાવનાર રોમની સાથે વ્યાપાર હતો, પણ એ જ કલ્પના કે નામ પાછળથી અસ્તિત્વમાં આવતી વસ્તુને આપીએ તો અંગ્રેજીમાં જેને Apotheosis કહે છે તેવી કંઈ ક્રિયા આપણે કરીએ છીએ. હવે એક વિદ્વાને પુરાણોનો અભ્યાસ કરીને બતાવ્યું છે કે આવી નાના ઊંચા હાથવાળી મૂર્તિનો આપણા પુરાણોમાં ક્યાંયે ઉલ્લેખ આવતો નથી, કેવળ એક જ સ્થળે આનો ઉલ્લેખ આવે છે તે મત્સ્યપુરાણમાં. આમ જે મત મેં પુરાતત્ત્વના અભ્યાસ પરથી પ્રદર્શિત કર્યો હતો તેની સાથે આ વિદ્વાન સહમત થાય છે. વળી આ વિદ્વાને એટલું પણ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે આનો ગૌરી એટલે પાર્વતી સાથે સંબંધ કેવી રીતે આવ્યો.

આ દેવીને શ્રીમતી ડૉ. સ્ટેલા ક્રામરીશે અદિતિ-ઉત્તાનપાદ તરીકે ઓળખાવી હતી. પરંતુ બહુ સૂક્ષ્મ અભ્યાસ કરતાં માલમ પડયું કે આ ઓળખ–identification બરાબર છે. હવે જગદીશ નારાયણે સવિસ્તર અભ્યાસ કરતાં દાખવ્યું છે કે આવી જ દેવીનો ફક્ત મત્સ્ય પુરાણમાં અને તે પણ એક જ વાર ઉલ્લેખ અને નાનું સરખું વર્ણન આવે છે. જે રીતે "ઊર્ધ્વહસ્તા" દેવીને વર્ણવી છે, તે અભય કે વરદાન આપવાની મુદ્રાથી બહુ જ જુદી પડે છે. દેવીને બેસવાની ઢબ પણ બહુ જ જુદી જાતની છે. આ બધાં દેવ-દેવીઓના રૂઢ ધ્યાન કરતાં એટલાં જુદાં પડે છે, અને અમારા ખોદકામમાંથી મળેલી દેવીને એટલી મળતાં આવે છે કે શ્રી નારાયણને (અને મને પણ) લાગે છે કે જે દેવીએ ભારતમાં પહેલા-બીજા શતકમાં પ્રવેશ કર્યો અને ધીરે ધીરે જનતા

અને શિષ્ટ સમાજ—રાજરજવાડામાં જેની પૂજા પ્રસરી, તે દેવીને પુરાણોમાં અપનાવવાનો મત્સ્ય પુરાણે[1] પ્રયત્ન કર્યો છે;[2] અને આખરે પાર્વતી તરીકે ઓળખાવી છે.

આપણા ખંડના—ભારત અને પાકિસ્તાનના—આવા ઇતિહાસની, આવી રૂપરેખા—આલેખવામાં આપણું પુરાતત્વ યશસ્વી નિવડયું છે. બેશક એમાં બહુ ત્રુટિઓ છે, છતાં જ્યારે આપણે નાનામાં નાની કે ક્ષુલ્લક જેવી ગણાતી વસ્તુઓ...વનસ્પતિ, ફૂલ-ફળો, દાગીના, ઝવેરાત લોઢું, તાંબું-પિત્તળ, નગર-રચના અને દેવદેવીઓનાં સ્વરૂપને જાણવા પામીએ ત્યારે આ સ્વરૂપની ઉત્ક્રાન્તિ, વિકાસ અને હ્રાસ આપણી નજર આગળ હંમેશ ખડો રહે છે.

મહાભારત કે રામાયણમાં આમ કહ્યું છે એથી એ બહુ જૂનું હોવું જ જોઈએ એવી બહુ જ સામાન્ય અને પ્રચલિત માન્યતા પ્રમાણે ચાલવું કે માનવું યોગ્ય નથી. જે વસ્તુનો આ મહાકાવ્યો કે પુરાણો અસ્તિત્વ હોવાનો દાવો કરે, ત્યારે પ્રશ્ન થાય છે કે આ વસ્તુ, આ વનસ્પતિ, કે દાગીના, વસ્ત્રો કે નગરરચના આવા જ આ રૂપમાં તે સમયે ભારતમાં અને જગતમાં અસ્તિત્વમાં હતાં કે નહિ, અને જો હતાં, તો તે કયા કાળમાં હતાં? આપણા પ્રાચીન ધનની અમુક દષ્ટિએ કિંમત આંકવાનું એક અમૂલ્ય સાધન પુરાતત્ત્વે આપણને આપ્યું છે. આ સાધનની અવગણના થાય એમ નથી. બેશક, પુરાતત્ત્વમાં ઘણી ત્રુટિઓ છે એ સર્વ રીતે પરિપૂર્ણ નથી. એમાં કેવળ ભૌતિક ચીજોનો ઇતિહાસ કે સ્વરૂપ આપણી પાસે રજૂ થાય છે, પણ આધ્યાત્મિક કે આધિદૈવિક નહિ. એક રીતે તો આ અનાત્મિક કે જીવરહિત છે. એ બોલે છે તેમ અમુક જ ભાષા, અને અમુક વિષય કે તે અંગે જ. તેથી કેટલાયે અંશે પુરાતત્ત્વનો પુરાવો અધૂરો પડે છે, છતાં લિખિત ઇતિહાસના અભાવમાં આ એક જ સાધન છે, અને તેથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરવો રહ્યો.

## દ્વારકા અને પુરાતત્ત્વ

જુદા જુદા, પ્રાચીન સાહિત્ય—મુખ્યત્વે હિંદુ અને બૌદ્ધમાં આવતા ઉલ્લેખોનો મેં સળંગ અભ્યાસ કરીને આમાંથી કયા ઉલ્લેખો હાલના દ્વારકાને લાગુ કરી શકાય છે તે મેં વિસ્તારથી ચર્ચ્યું છે. અહીં તેથી એની પુનરુક્તિ કરવાની જરૂર નથી. તેથી પુરાતત્ત્વે શું માહિતી આપી છે, તે જ અહીં જણાવીશ. આનો પણ વિસ્તારથી ઉલ્લેખ કરવાની આવશ્યકતા નથી, કારણ કે આ

---

૧. **મત્સ્યપુરાણ**, સર્ગ ૧૫૪.

'यच्चायमुक्तवान्यस्या ह्युत्तानकरतां सदा ।
उत्तानो वरदः पाणिरेष देव्याः सदैव तु ॥ ५१ ॥
हिमाचलस्य दुहिता सा तु देवी भविष्यति ।
तस्याः सकाशाद्यः शर्वस्त्वरण्यां पावको यथा ॥ ५२ ॥
जनयिष्यति तं प्राप्य तारकोऽभिभविष्यति ।
ममाप्युपायः स कृतो यथैवं हि भविष्यति ॥ ५३ ॥ मत्स्यपुराण

૨ J. N. Tiwari, *Studies in Goddess Cults in Northen India*, Ph.D. Thesis Australian National University, June 1971, p. 285.

ખોદકામને લગતા રિપોર્ટમાં એની વીગતો આપી ચર્ચા કરી છે. આથી બોધ લેવા જેવો સાર છે તે જ આપીશ. (જોકે આ વિષે જેટલી ચર્ચા થઈ શકે તેટલી કરવાને હું તૈયાર છું.)

જેમણે હાલનું દ્વારકા જોયું હશે તેમણે જરૂર/કદાચ નોંધ કરી હશે કે જે સ્થળે શ્રીદ્વારકાધીશનું મંદિર આવ્યું છે, તે ઊંચામાં ઊંચું સ્થળ છે. એની આસપાસ ઘરો, દુકાનો ઇત્યાદિ ખીચોખીચ વસ્યાં છે. આ મધ્યવર્તી સ્થળેથી દૂર જઈએ તો વસ્તી ઓછી થતી જાય છે. આ બધી સપાટ જમીન પર વસેલી છે. આવા ભૌગોલિક નિરીક્ષણ પરથી બે અનુમાન કરી શકાય: એક કે જે સ્થળે મંદિર બંધાયું છે તે બહુ પ્રાચીન વસ્તી (વસાહત) કે વસાહતોનું સ્થાન છે. અથવા આ સ્થળની નીચે કુદરતી ટેકરો—ખડક—છે, જેથી એક-બે સમયની જ વસ્તીઓ હોવા છતાં એ ઊંચું લાગે છે.

આમ છતાં એમ માનવાને કારણ હતું કે આ સ્થળે અને એની આસપાસ જૂની, પ્રાચીન વસ્તીઓ હતી. અહીંથી જ ડૉ. જયંતીલાલ ઠાકરને ગટરો અને ઘરના પાયા માટે થતાં ખોદકામમાંથી ચાંદીના સિક્કાઓ, ઠીકરાંઓ, બંગડીના ટુકડાઓ મળ્યાં હતાં. આ અવશેષો જ્યારે મેં જોયા ત્યારે મેં અનુમાન કર્યું કે હમણાંની દ્વારકા ઓછામાં ઓછી ૧૮૦૦ વર્ષ જૂનું હોવું જોઈએ. પણ આ અનુમાનને ત્યારે જ પુષ્ટિ મળે જ્યારે જે જે વસ્તુઓ શ્રી ઠાકરને મળી હતી તે એક રીતસર ખોદકામમાંથી જુદા જુદા થરોમાંથી ઉપલબ્ધ થાય.

પશ્ચિમ કિનારાનું યાત્રાનું મુખ્ય સ્થળ હોવાથી દ્વારકા એટલું બધું ખીચોખીચ ભરાઈ ગયું છે, કે અહીં એક તસુ પણ ખાલી જગા મળવી મુશ્કેલ, અને તે પણ શ્રી દ્વારકાધીશના મંદિરની પાસે. વળી ખોદકામને માટે તો ખાલી જગા જ જોઈએ. એટલે ન છૂટકે અમારે દ્વારકાધીશના મંદિરની બાજુમાં એક ઘર ખરીદી, એને જમીનદોસ્ત કરી ત્યાં ખોદકામ કરવું પડ્યું. નદીતીરે કે જંગલમાં ખોદકામ કરવાને બદલે આવા ગાઢા વસ્તીવાળા શહેરમાં ખોદકામ કરવાનો અમારો સૌથી પહેલો જ અનુભવ હતો. ચારે તરફ મકાનો અને એની વચ્ચે લગભગ ૨૦ ફૂટ × ૨૦ ફૂટ જગા અમને ખોદકામને માટે મળી.

### છ દ્વારકા

તમને જાણી આશ્ચર્ય થશે કે આટલી નાની જગામાં ખોદકામ કરવા છતાં "છ દ્વારકા," એટલે છ સમયના દ્વારકાના અવશેષો અમને મળ્યા. હમણાંની દ્વારકા સાતમી દ્વારકા કહી શકાય; જોકે સંભવ છે કે કોઈ સ્થળે મંદિરની આસપાસ નવાં મકાનો બંધાતાં આ સાતમી દ્વારકાના—એટલે છેલ્લા ૫૦-૧૦૦ વર્ષના નગરના અવશેષો પર નવાં, આધુનિક ઢબનાં મકાનો છેલ્લાં ૧૦-૨૦ વર્ષોમાં બંધાયાં હોય !

### ખોદકામ

જે મકાન અમે જમીનદોસ્ત કર્યું અને એની નીચે ખોદકામ શરૂ કર્યું કે તરત જ લગભગ ૩ ફૂટ નીચે એક સારા પથ્થરના બાંધેલા મકાનનો પાયો લાગ્યો. આ ઘરના પાયામાંથી નાનામોટા બધા એક જ સ્થળે શંખો નીકળ્યા. એટલે અહીં એક શંખની દુકાન હોવી જોઈએ. તેના પરથી આ મકાન ઈ. સ. ૧૮૫૦માં બંધાયું હશે એમ અનુમાન થઈ શકે. આ છઠ્ઠી દ્વારકાની લગભગ બે-

ત્રણ ફૂટ નીચે પાંચમી દ્વારકાના ઘરનો પાયો લાગ્યો. આ ઘર પણ પથ્થરનું હોવા છતાં એનું Orientation જુદું હતું. અહીંથી સુંદર હાથીદાંતની વસ્તુઓ અને માટીનાં રમકડાં મળ્યાં.

આની નીચે ચોથી દ્વાકાના અવશેષો હતા. એમાં ઘરના પાયા ઉપરાંત બહુ જ સાધારણ લાલ અને કાળી માટીનાં વાસણો, સુંદર, રંગ, બેરંગી કાચની બંગડીઓ પણ નીકળી. આની સાથે ચીની માટીનાં અને ઓપ ચઢાવેલાં (Glazed) માટીનાં વાસણોનાં ઠીંકરાંઓ પણ હતાં. આ બધાં ઈરાની મુસ્લિમ સંસ્કૃતિના આગમનના સૂચક છે.

અને આ ચોથી દ્વારકાની નીચે બહુ જ મહત્ત્વના અવશેષો પ્રાપ્ત થયા. આ થરમાંથી એક પથ્થરના બાંધેલા મન્દિરનું શિખરનું આમલક મળ્યું. ઉપર કહ્યું તેમ આ ચોથી દ્વારકાને આપણે પ્રાપ્ત થયેલા અવશેષોને આધારે ૧૦મા સૈકામાં મૂકીએ, તો ત્રીજી દ્વારકાને ૭મા સૈકામાં મૂકી શકીએ.

મન્દિરનું આમલક નિશ્ચિત બતાવે છે કે આવાં મન્દિરો જે અત્યાર સુધી સૌરાષ્ટ્રના દક્ષિણ-પશ્ચિમ કિનારા પર ભૂતલ પર જ મળ્યાં હતાં, તેવાં જ મન્દિરો છેક દ્વારકા સુધી બંધાયાં હતાં. વધારે પુરાવાને અભાવે આપણે નિશ્ચિત રીતે ન કહી શકીએ કે આ દ્વારકાનું મન્દિર વલ્લભીના સૈનિકોના સમયમાં કે સૈન્ધવોના સમયમાં બાંધવામાં આવ્યું હતું. તેમ જ આ મન્દિર કયા દેવનું—શિવ, વિષ્ણુ કે સૂર્યનું—હતું, તે કહેવું મુશ્કેલ છે. પણ હરિવંશનો કાળ હમણાં આ જ સમયનો માનવામાં આવે છે.[1] અને તેથી સંભવિત છે કે જે શ્રીકૃષ્ણના મન્દિરનો હરિવંશમાં ઉલ્લેખ છે,[2] તે આવું જ કે આ—મન્દિર હશે. જો ભવિષ્યમાં વધારે મોટા પાયા પર ખોદકામ કરવાનો પ્રસંગ આવે—ખાસ કરીને શ્રી દ્વારકાધીશના મન્દિરની પાસે—અને બીજા કોઈ મન્દિરનો અવશેષ પ્રાપ્ત ન થાય તો એમ પણ અનુમાન થાય કે આવું આમલક સૌથી પહેલાં કૃષ્ણ( વિષ્ણુ )ના મન્દિરનું હતું !

આ બધાં અનુમાનો કયા આધાર પર અમે કરીએ છીએ ? પ્રાચીન મંદિરોનો જે ઇતિહાસ અમારી પાસે ઉપલબ્ધ છે તેના પરથી બહુ જ ટૂંકમાં : શિખરોવાળાં અને તે પણ બહુ નાનાં ગર્ભગૃહ અને નાના મંડપવાળાં મંદિરો ઈ. સ.ના ચોથા સૈકામાં સૌથી પહેલી વાર દૃષ્ટિગોચર થાય છે. આ મંદિરોનાં શિખરો પણ ઊંચાં ન હતાં. એટલે કોઈ ભક્તને થાય કે હરિવંશમાં કૃષ્ણના મંદિરનો ઉલ્લેખ છે, તેથી આ મંદિર ૫૦૦૦ વર્ષ કે એથી વધારે કે ઓછું જૂનું છે તો એ માન્યતાને પુષ્ટિ આપવાને માટે પુરાતત્ત્વની પાસે કોઈ પણ પુરાવો નથી.

## દેવાલયોની પ્રાચીનતા

હકીકત તો એ છે કે, તમારી કે મારી ગમે તેટલી ઇચ્છા હોવા છતાં ભારતમાં ક્યાંયે અતિશય પ્રાચીન દેવાલયોના અવશેષો હજુ પ્રાપ્ત થયા નથી. સૌથી જૂનામાં જૂનો બૌદ્ધ સ્તૂપ

---

૧ આ અનુમાનને ડૉ. વૈદ્ય પુષ્ટિ આપે છે. એમના મત પ્રમાણે હરિવંશની જૂનામાં જૂની પ્રત અથવા સંપાદિત આવૃત્તિ ઈ. સ. ૬૦૦ છે. જુઓ P. L. Vaidya, The *Harivaṁśa,* Poona, 1969, p. p. xvii.

૨ એ જ. હરિવંશમાં ત્રણ-ચાર વાર-દ્વારવતી પ્રયાણ, નિવેશ, અને દ્વારકાપ્રવેશના સર્ગોમાં દ્વારકાનું વર્ણન આવે છે. છયાસી સર્ગના ૧૪મા શ્લોકમાં મન્દિરનો ઉલ્લેખ આવે છે.

પણ ઈ. સ. પૂર્વે ૨૫૦ કે ૩૦૦ વર્ષનો વૈશાલીના ખોદકામમાં સ્વર્ગસ્થ ડૉ. અનંત સદાશિવ આલ્તેકરને પ્રાપ્ત થયો હતો, જ્યારે મોહન-જો-દડો, હડપ્પા, લોથલ ઇત્યાદિ નગરોમાં કોઈ પણ દેવાલયના અવશેષો મળ્યા નથી. આવી જ કથા છે બીજા તામ્રપાષાણ યુગોના સમયના ગામોની! પુનાની પાસે ઇનામ ગામના ખોદકામમાં આ જ વર્ષે એક માટીની પેટી મળી અને એની અંદર અને ઉપર માટીની જ બનાવેલી નગ્ન દેવીઓની નાની મૂર્તિઓ (પૂતળીઓ) હતી. એટલે ભારતમાં પ્રાગૈતિહાસિક કાળમાં કે પ્રારંભિક ઐતિહાસિક કાળમાં દેવ-દેવી-પૂજા-ચર્ચા, ખાનગી પ્રકારની હતી એમ માનવું રહ્યું. જે કોઈ મંદિરો બંધાયાં તે બૌદ્ધ સ્તૂપોના અનુકરણ રૂપે. અને આનું કારણ સ્પષ્ટ છે કે આનો વિદ્વાનોએ બહુ વિચાર કર્યો નથી. બૌદ્ધધર્મ સંગઠિત હતો, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મની માફક અને એમાં જ સામૂહિક પૂજા ચર્ચાઈ હતી. હિંદુધર્મમાં હમણાં હમણાં જ ખૂબ પૂજા થવા લાગી છે. એટલે આદ્ય હિંદુધર્મમાં મોટાં મંદિર કે દેવાલયને સ્થાન હતું જ નહિ.

હવે આપણે બીજા અને પહેલા દ્વારકાના અવશેષો તરફ વળીએ. જ્યારે અમે આમલકવાળો માટીનો થર ખોદી કાઢચો, ત્યારે રેતીનું પડ લાગ્યું. પહેલાં તો અમને લાગ્યું કે દ્વારકાનો ઇતિહાસ અહીં જ ખલાસ થાય છે કે શું? પણ અર્વાચીન શાસ્ત્રીય ઉત્ખનનનો એક નિયમ છે કે જ્યાં સુધી નીચેનું કુદરતી થર—કાળી કે પીળી માટી, રેતી કે ખડક ન લાગે—ત્યાં સુધી તે સ્થળ એનું વેળાપત્રક મેળવવાને માટે ખોદાવવું. એટલે અમે અમારો પ્રયત્ન જારી રાખ્યો, જોકે એમાં મુશ્કેલીઓ બહુ નડી. જે ખાડો અમે ખોદતા હતા તેની ભીંતો રેતીની જ હોઈ, ગમે ત્યારે ભાગી પડે અને અમને અને અમારી સાથે બે-ત્રણ મજૂરો દાટી દે તેવો સંભવ હતો. આ બધી મુશ્કેલીઓનો સામનો કરી અમે ખોદકામ ચાલુ રાખ્યું, અને જ્યારે છ ફૂટ નીચે એક લાલ પથ્થરથી બાંધેલો એક જ થરી ઘરનો પાયો સાંપડ્યો ત્યારે અમારા આનંદ અને આશ્ચર્યનો પાર ન રહ્યો. આવા પાયાવાળા મકાનનો સમય નક્કી કરવા છ ફૂટ માટીમાં જે ઠીંકરાંઓ મળ્યાં હતાં, તે બહુ ઉપયોગી થઈ પડ્યાં. આમાં બે વિશિષ્ટ જાતનાં ઠીંકરાંઓ હતાં, એક ઠીંકરાની સપાટી ચકચકિત લાલ અને અતિશય સુંવાળી કે ચમકીલી હતી. બીજાં ઠીકરાં એક અતિશય જાડી, ગંધક જેવી પીળાશ પડતી માટીનાં બનાવેલાં હતાં. જોતાંની સાથે જ અમને માલમ પડયું કે ઠીકરાંઓ એમ્ફોરા નામના માટીના કુંભનાં છે. આવા કુંભમાં રોમ ઇત્યાદિ પાશ્ચાત્ય દેશોમાં હજારો વર્ષથી દારૂ (દ્રાક્ષમાંથી બનાવેલો) અથવા ઓલીવનું તેલ ભરી દેશ-પરદેશમાં મોકલવામાં આવતું. ભૂમધ્ય સમુદ્રમાં ડૂબી ગયેલાં પ્રાચીન વહાણોમાં આવા કેટલાયે અને ઘણી વાર તદ્દન આખા અને દારૂ સહિત એમ્ફોરા મળ્યા છે. ભારતમાં આવા કુંભોમાં દારૂ જ આવતો, અને આ દારૂનો—હમણાંની માફક—ખપ પણ બહુ હતો અને કિંમત પણ સારી આવતી. લગભગ આખાયે ભારતમાં, ખૂણે-ખાંચરે, અને ગાઢ જંગલોમાં આવેલાં પ્રાચીન સ્થળો—જેવાં કે દેવની મોરીના બૌદ્ધવિહારમાં—આના અવશેષો સાંપડ્યા છે. જે સમયે આ દારૂ પરદેશથી આવતો તે વખતે પશ્ચિમના દેશો સાથે ધીકતો વ્યાપાર ચાલતો. આનો સમય ઈ. સ. પૂર્વે ૫૦ થી ઈ. સ. પછી ૨૦૦નો ગણાવી શકાય.

આમ આ એમ્ફોરાનાં ઠીંકરાંઓ પરથી બીજા દ્વારકાનો સમય ઈ. સ. પછી ત્રીજા શતક સુધી મૂકી શકાય. અમારો આ રેતીનો ખાડો એટલો નાનો હતો કે દ્વારકામાં આ સમયે ઘરો

કેવાં હતાં, અને લોકોની રહેણી-કરણી કેવી હતી—વગેરે જાણવા લાયક માહિતી મેળવવી અશક્ય હતી; છતાં આટલું તો ખાત્રીથી કહી શકાય કે ઈ. સ.ના બીજા શતકમાં દ્વારકાનો રોમ સાથે વ્યાપાર ચાલતો અને ત્યાંથી દારૂ આદિ આવતો અને આ દ્વારકા—કે એનો થોડોક ભાગ સમુદ્રમાં ડૂબી ગયો હતો.

લગભગ ૨૮-૩૦ ફૂટ સુધી ઊંડે ખોદતાં અમને કે ખડક કે પાણી લાગ્યું ન હતું. એટલે અમે અમારો પ્રયાસ ચાલુ જ રાખ્યો, અને આશરે ૩૮ ફૂટ નીચે રેતીના પથ્થરનો ખડક લાગ્યો અને આ ખડક ખોદતાં પાણી બહાર આવવા માંડયું.

નવાઈની વાત તો એ છે કે બીજા દ્વારકાના ઘરના પાયાની નીચે છ ફૂટ રેતીનો થર પાછો લાગ્યો હતો. આમાં જે ઠીકરાંઓ મળ્યાં હતાં તે તદ્દન જુદા પ્રકાનાં હતાં. આમાં કેટલાક પર લાલ રંગની સપાટી પર કાળા રંગથી ચિત્રામણ કરવામાં આવ્યું હતું. આવાં ચિત્રામણવાળાં માટીનાં વાસણો રાજસ્થાનમાં રંગમહાલ ઇત્યાદિ સ્થળોએ, કચ્છમાં, સૌરાષ્ટ્રમાં અને ઉત્તર ગુજરાતમાં વડનગરના ખોદકામમાં મળ્યાં છે, અને તે બધા ઈ. સુ. પૂર્વે શતકથી ઈ. સ. પછી પહેલા-બીજા શતકમાં આવે છે. આ સમયે કુશાન અને તેમના ખંડિયા અને પછી સ્વતંત્ર થયેલા ક્ષત્રપ રાજાઓ રાજ્ય કરતા હતા, આમાં સૌથી પહેલાં દ્વારકા—અમારા ઉત્ખનન પ્રમાણે—આ જ સમયમાં અસ્તિત્વમાં આવ્યું હતું. વળી છ ફૂટ રેતીનો થર સૂચવે છે કે આ પહેલું દ્વારકા સમુદ્રમાં ડૂબી ગયું હતું.

## દ્વારકા ડૂબી

આમ અમારા અતિશય નાના પણ બહુ શાસ્ત્રીય પદ્ધતિએ કરેલા ખોદકામે બતાવ્યું કે પહેલું દ્વારકા ઈ. સ. પૂર્વે પહેલી-બીજી શતાબ્દીમાં વસ્યું હતું. અને આ દ્વારકાનો નાશ ઈ. સ.ના ત્રીજા-ચોથા સૈકામાં થયો. ત્યાર પછી બીજું દ્વારકા અસ્તિત્વમાં આવ્યું. આનો પણ સમુદ્રે નાશ કર્યો અને છ ફૂટ રેતીનું પડ લાધ્યું; અને આ જ વખતે હમણાં દ્વારકાધીશનું મન્દિર છે ત્યાં જ એક નાનું આમલકવાળું પથ્થરનું દેવાલય હતું. આ દ્વારકાના નાશ પછી કાળાનુક્રમે ચોથું, પાંચમું અને છઠ્ઠું દ્વારકા એક એકની ઉપર વસ્યાં. આ બધી દ્વારકાને સમુદ્ર અડચો ન હતો. ઈ. સ.ના ત્રીજા-ચોથા સૈકામાં દ્વારકા સમુદ્રમાં ડૂબ્યું હતું એવી લોકવાયકાની બૉમ્બે ગેઝેટિયરે નોંધ લીધી છે.[1] એટલે આ આખ્યાયિકા અને બહુ જ પ્રચલિત આખ્યાયિકા કે કૃષ્ણના દેહાવસાન પછી દ્વારકા સમુદ્રમાં ડૂબી હતી એ બંને આખ્યાયિકાઓને ખોદકામમાંથી પુરાવો મળ્યો છે.

## શ્રીકૃષ્ણની દ્વારકા

હાલની દ્વારકાનું બે હજાર વર્ષનું એક વેળાપત્રક મેળવવા ભાગ્યશાળી થયા છતાં આ ખોદકામે દ્વારકાના ઇતિહાસમાં અને એની અતિ પ્રાચીનતામાં માનતા વર્ગમાં નિરાશા જ ઉત્પન્ન કરી. આ "વેળાપત્રકમાં શ્રીકૃષ્ણની દ્વારકાને તો સ્થાન જ નથી" એમ કેટલાએ વિદ્વાનોને લાગે છે. આના જવાબમાં આટલું જ કહેવાનું કે અમારું ખોદકામ બહુ જ નાના પાયા પર

1 *Gazetteer of the Bombay Presidency*, Vol. VIII, Kathiawar 1884, p. 588.

હતું. સંભવ છે કે હાલના મન્દિરની પાસે નહિ તો ગોમતીને તીરે જ આથી વધારે જૂનાં સ્થળ હોય, અને આવા અવશેષો મળે તોપણ તે શ્રીકૃષ્ણના દ્વારકાના એમ કેમ કહી શકાય ? આ તો ત્યારે જ નિઃસંદિગ્ધ પુરવાર થાય જ્યારે દ્વારકામાંથી કે બીજા કોઈ પણ સ્થળે કંઈ લિખિત પુરાવો મળે. આવો પુરાવો મળવો મુશ્કેલ છે પણ અસંભવિત નથી. અહીં તમને કહું તો આનંદ

प्राचीन- द्वारका का पौराणिक एवं पुरातात्विक सम्बन्ध



( અને કદાચ દુઃખ પણ થશે ) કે આવો અમૂલ્ય પુરાવો સર લિઓનાર્ડ વુલીને ઉર નામના સ્થળે ખોદકામ કરતાં મળ્યો હતો; આ સ્થળ હમણાંના ઇરાક ( પ્રાચીન મેસોપોટેમિયા, પ્રાગૈતિહાસિક સુમેર ) દેશમાં આવ્યું છે. આપણાં પુરાણો જેવી જ આખ્યાયિકા પ્રમાણે સૌથી પહેલો રાજા આ-અનિપદ હજારો વર્ષ પર ત્યાં રાજ્ય કરતો હતો. ભાગ્યવશાત્ આ જ રાજાની માટીની નામાંકિત મુદ્રા, સૌથી નીચલા થરમાંથી મળી. એટલે આટલું તો સાબિત થયું કે અહીંનો પહેલો રાજા આ-અનિપદ હતો એ તદ્દન અક્ષરશઃ ખરું હતું; પણ બહુ મહત્ત્વની વાત એ છે કે આ સમય ઈ. સ. પૂર્વે ૩,૦૦૦થી વધારે હોઈ શકે એમ હતું નહિ !

અમને જેમ દ્વારકા સમુદ્રમાં ડૂબી ગયાનો પુરાવો મળ્યો, તેમ વુલીને આખ્યાયિકા પ્રમાણે એક પ્રલય કે મહા પૂર આવી જઈ, એમાં સૌથી પહેલી વસાહત ડૂબી જવાનો પણ પુરાવો મળ્યો; છતાં આખ્યાયિકાની કાળગણનામાં અને પુરાતત્ત્વની કાળગણનામાં આસમાન જમીનનો ફેર હતો !

આ બીજો પુરાતત્ત્વીય પુરાવો બતાવે છે કે હાલની દ્વારકા આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં શ્રીકૃષ્ણની દ્વારકા તરીકે જાણીતી હતી. આ પુરાવો છે પાલિતાણામાં મળેલું ગારૂલક વંશના સિંહાદિત્ય રાજાનું તામ્રપત્ર.[1] આનો સમય છે ઈ. સ. ૫૭૪ અને એમાં સ્પષ્ટ કહ્યું છે કે વરાહદાસ બીજો શ્રીકૃષ્ણ જેવો બળવાન હતો અને એણે દ્વારકાના અધિપતિને જીત્યો હતો.

આવો જ પુરાવો પ્રાચીન સાહિત્યમાં આવતા ઉલ્લેખો પરથી તારવી શકાય છે એમ અમારા દ્વારકાના રિપોર્ટમાં બતાવ્યું છે.

દ્વારકાની પ્રાચીનતા માટે અને શ્રીકૃષ્ણ અહીં રહેતા હતા કે રાજ્ય કરતા હતા એમ કહેવાને માટે અમારી પાસે—પુરાતત્ત્વ પાસે હમણાં આટલો જ પુરાવો છે. વધારે પુરાવો ત્યારે જ મળે, જ્યારે દ્વારકા અને શ્રીકૃષ્ણ સાથે સંકળાયેલાં અન્ય સ્થળો પર શાસ્ત્રીય રીતે ખોદકામ થાય !

હવે ધારો કે એક ક્ષણને માટે અહીં જ પ્રાગૈતિહાસિક દ્વારકા હતી, અને આપણને મહાભારત, હરિવંશ ઇત્યાદિ વાંચતાં થાય કે આ દ્વારકા એક ભવ્ય નગર હશે. એમાં ધોરી રસ્તાઓ હશે, મોટાં અટારીવાળા ઘરો હશે, મહેલો હશે, ચારે તરફ ફરતો કોટ હશે, અને આ કોટમાંથી જવા-આવવાને માટે દ્વારો હશે. આમ હરિવંશમાં વર્ણવેલી દ્વારકાનું એક ચિત્ર આમ આગળ ઊભું કરીએ.

પણ પ્રશ્ન એ છે કે આવાં કોઈ નગરો, આવાં પુરો ભારતમાં કે અન્ય કોઈ દેશમાં આટલાં જૂનાં સાપડ્યાં છે ? કે જેનો વિચાર કરવાથી અને અભ્યાસ કરવાથી હરિવંશનું દ્વારકા એવું હોઈ શકે એમ માનવાને કારણ મળે. આના જવાબમાં સિંધમાં મોહન-જો-દડો, પંજાબમાં હડપ્પા, રાજસ્થાનમાં કાલિબંગન, કચ્છમાં સુરકોટડા, સૌરાષ્ટ્ર-ગુજરાતમાં લોથલનાં દષ્ટાંત આપી શકીએ. આ બધાં સ્થળોએથી ઉત્તમ નગરરચના...ચોપાટના જેવી, સીધા અને આડા રસ્તાવાળી, અને વિશિષ્ટ વિભાગોવાળી, ફરતા કોટ અને બુરજોવાળી—જોવામાં આવે છે. પણ આટલું ધ્યાન રાખવાની જરૂર છે કે જ્યારે આવાં નગરો અસ્તિત્વમાં હતાં ત્યારે ભારતને શું—

---

૧ *Epigraphia Indica*, Vo. XI, p. 18.

પણ જગતને—લોઢાનું જ્ઞાન ન હતું, ન હતા તે વખતે ઘોડાથી ચાલતા રથો, કે કેટલીયે જાતનાં હથિયારો—અસ્ત્રો અને શસ્ત્રો—વસ્ત્રો, આભૂષણો અને વાસણો...એટલે ત્યારે—અમુક વિશિષ્ટ પ્રકારનું વર્ણન આપણે હરિવંશમાં વાંચીએ—દાખલા તરીકે શ્રીકૃષ્ણનું મંદિર—ત્યારે વિચારવાનું રહ્યું કે તે કાળમાં આ મંદિર હોવું શક્ય છે? જો આવાં મંદિરો—પથ્થરનાં કે ઈંટનાં—તે વખતે અસ્તિત્વમાં હતાં તો એનો એક ટુકડો પણ લોથલ, રોજડી, સોમનાથ, સુરકોટડા, ઇત્યાદિ સ્થળોનાં ખોદકામમાંથી કેમ ન મળે.

આમ જે કલ્પનાથી આપણે દ્વારકાને નિરખવાની આશા રાખતા હોઈએ તેની સહેજ લગામ ખેંચવી પડે છે અને આમ લગામ ખેંચતાં તામ્રયુગમાંથી લોહયુગમાં આવીએ છીએ. પુરાતત્ત્વનો આ પ્રભાવ છે, અને એ અનિવાર્ય છે.

## પુરાણો અને પુરાતત્ત્વ

દ્વારકા કરતાં પણ ત્રિપુર કે ત્રિપુરાસુરની વાર્તાનો પુરાણોમાં કેવી રીતે ફુગાવો થયો તેનું પુરાણોમાં જ બહુ ઉત્તમ રીતે દૃષ્ટાંત મળે છે, અને બહુ જ અજાયબ રીતે આ ફુગાવાનો થરવાર પુરાવો અમારા ત્રિપુરીના ખોદકામે આપ્યો !

## ત્રિપુર

ત્રિપુરાસુર એટલે ત્રિપુરનો સ્વામી એક અસુર હતો. આ અસુર બ્રહ્માના વરથી બહુ જ બળવાન થઈ ગયો અને ઇન્દ્રાદિ દેવો એને હરાવવામાં કે કાબૂમાં રાખવામાં કે મારી નાખવાને અશક્ત નીવડ્યા. પછી બધા દેવો બ્રહ્માને લઈને શિવ પાસે ગયા, અને આ અસુરને મારવાની પ્રાર્થના કરી. જ્યારે શિવે પણ આ અસુરને મારવાની અસમર્થતા બતાવી, ત્યારે બધા દેવોએ પોતપોતાની શકિત પ્રમાણે શિવને પોતાનું સામર્થ્ય કે અસ્ત્રો-શસ્ત્રો, રથ આપ્યાં. આમ પૂર્ણ રીતે સામર્થ્યવાન થઈને શિવે પુણ્યયોગમાં એક જ બાણથી ત્રિપુરનો નાશ કર્યો.

આ થઈ બહુ જ ટૂંકમાં પુરાણોમાં આવતી ત્રિપુરનાશની વાર્તા. આ વાર્તાનું મૂળ શું? એમાં ફુગાવો કેવી રીતે અને ક્યારે થયો ?

સંસ્કૃત સાહિત્યમાં ત્રિપુરદાહ કે નાશનો જૂનામાં જૂનો, આદ્ય ઉલ્લેખ ઐતરેય બ્રાહ્મણમાં આવે છે; ત્યાર પછી તૈત્તિરીય સંહિતામાં; ત્યાર પછીનો લાગે છે મહાભારતનો ઉલ્લેખ, ત્રીજા-ચોથા ક્રમે આવે મત્સ્યપુરાણ, અને છેક છેલ્લા શિવપુરાણ અને લિંગપુરાણોના ઉલ્લેખ. આ બધા એક જુદા પાના પર જ આવેલા છે, એટલે આ ઉલ્લેખોમાં શુ તત્ત્વ છે તે જ આપીશ.

ઐતરેય બ્રાહ્મણમાં ત્રિપુરનો ઉલ્લેખ આવે છે પણ એમાં ત્રણ પુરો હતાં અને તે કેવાં હતાં, એમ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. નથી એમ પણ જણાવ્યું કે આ ત્રિપુર અસુરોનું જ હતું.

**તૈ. સં.**માં આથી વધીને આપણે જાણીએ છીએ કે અસુરનાં ત્રણ પુરો હતાં—અયસ, રજત (ચાંદી) અને હરિણી(સોના)નાં. દેવો આ જીતી શક્યા નહિ. તેથી રુદ્રે આ ત્રિપુરને જીતી આપ્યું.

હવે આ વૈદિક અને પૌરાણિક વૃત્તાન્તોને આપણે પુરાતત્ત્વ—ખોદકામ—માંથી ઉપલબ્ધ થતી માહિતી સાથે સરખાવીએ :—

## ત્રિપુરનું ખોદકામ

જબલપુરથી પશ્ચિમે ૮ માઈલ પર તેવર નામનું એક ગામ છે. આ જ તેવર પ્રાચીન ત્રિપુરી નગરી કે ત્રિપુર છે, એમ માનવામાં આવે છે, અને માન્યતાને માટે બહુ કારણો છે.

અહીં એક અતિ વિસ્તીર્ણ પ્રદેશમાં નાના, મોટા ટેકરાઓ અને કેટલાંયે જૂનાં શિલ્પો અસંખ્ય ઠીકરીઓ અને બહુ બારીકાઈથી તપાસતાં સિક્કાઓ મળે છે. એટલે આ સ્થળ—જે ત્રણ માઈલ લાંબુ અને અડધો માઈલ પહોળું છે, તે પ્રાચીન ત્રિપુરી કે બીજું કોઈ પ્રાચીન સ્થળ છે એમાં શંકા નથી. મને એમ પણ ખાત્રી થઇ છે કે અહીં એક ત્રિપુરી નહિ, પણ ત્રણ-ચાર વાર પ્રાચીન ત્રિપુરી—એક પછી એક અસ્તિત્વમાં આવી—નાશ પામી છે.

સૌથી પ્રાચીન ત્રિપુરી હમણાં કરણવેલ કે હાથિયાગઢ તરીકે જાણીતા, એક કરોડ જેવી લાંબી ટેકરી પર વસેલું હોવું જોઈએ. આ લાંબી ટેકરી એક ટેકરાથી નહિ પણ ત્રણ જુદા જુદા કુદરતી ટેકરાઓથી બનેલી છે, અને આ ત્રણે ટેકરા એક સાંકડા રસ્તાથી જોડાયલા છે.

આ ટેકરાઓ નદીના—નર્મદાના—પ્રાચીન કાંપથી બનેલા છે. આનો અર્થ એ જ કે બહુ જ પ્રાચીન કાળમાં નર્મદા અહીં અને આટલે—ઊંચે વહેતી હતી. ત્યાર પછી આના પર જંગલો ઊગ્યાં અને એક કાળી માટીનું થર જામ્યું.

અશ્મ કે પાષાણયુગમાં અહીં માનવ વિચરતો. એનાં બનાવેલાં પથ્થરનાં ઉપકરણો અને તે સમયના પ્રાણીઓના અશ્મીભૂત અવશેષો અહીંથી થોડેક દૂર ભેડાઘાટ પર અમને મળ્યા છે. છતાં હાથિયાગઢમાંના ખોદકામમાં નાનાં કે મોટાં પથ્થરનાં હથિયારો મળ્યાં નહિ.

અમારા પહેલાં સ્વર્ગસ્થ ડૉ. દીક્ષિતને જે થોડાંક પથ્થરનાં હથિયારો અને ત્રણ-ચાર ચિત્રામણવાળાં ઠીકરાંઓ મળ્યાં હતાં, તેથી આ બહુ જ અલ્પ પ્રમાણમાં મળતા પુરાવાનો અર્થ કરવો હમણાં મુશ્કેલ છે.

આ સ્થળે સૌથી પહેલી માનવવસ્તીનો નિશ્ચિત પુરાવો ઈ. સ. પૂર્વે છઠ્ઠા-સાતમા સૈકાનો છે. આ સમયે જે લોકો અહીં વસ્યા હતા તેમનાં ઘરો માટીનાં હતાં. એમને ખેતી-વાડીનું જ્ઞાન હતું, અને આ લોકો ઉત્તમ જાતિના માટીના ત્રણેએ કુદરતી ટેકરાઓ પર વસ્યા હતા. અહીં વસવાટ કરવાનાં બે કારણો લાગે છે. એક તો આ ટેકરાની તળેટીમાં બાણગંગા નામની નદી અને બીજે હંમેશ વહેતો પાણીનો ઝરો છે. બીજું ટેકરાઓ પર વસવાટ કરવાથી કુદરતી રીતે શત્રુઓથી રક્ષણ કરવાનું સ્હેલું પડે.

## ત્રિપુરનો પ્રારંભ

આમ એક ગાઢ જંગલમાં (હમણાં પણ અહીં જંગલ છે) નર્મદાને તીરે એક માનવ-વસ્તી લગભગ ઈ. સ. ૨૫૦૦-૨૬૦૦ વર્ષો પહેલાં અસ્તિત્વમાં આવી, અને જે અગત્યનું સ્થાન હમણાં જબલપુર ભોગવે છે, એવું જ મધ્ય અને મહત્ત્વનું સ્થાન આ પહેલું ત્રિપુર ભોગવતું હશે. અહીંથી ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ ભારતના ધોરી માર્ગો જાય છે. બીજું સારા રેતીના પથ્થરો, સંગેમરમર અને બીજા નરમ જાતના પથ્થરો અહીં નૈસર્ગિક રીતે ઉપલબ્ધ છે. આમ ધંધારોજગારની દષ્ટિએ આ સ્થાન મહત્ત્વનું છે.

प्राचीन - त्रिपुरी का पौराणिक एवं पुरातात्विक सम्बन्ध




આવું મહત્ત્વનું સ્થાન ભોગવતું હોવાથી આદ્ય વસાહત ફૂલી અને ફાલી. ઈ. સ. પૂર્વે ૨૯૦માં એના રાજ્યકર્તાઓએ સૌથી પહેલાં નાણું કાઢયાં અને એના પર "ત્રિપુરી" નામ છાપવામાં આવ્યું. આ નામ યથાર્થ જ હતું, કારણ કે ઘરો હવે પાકી ઈંટનાં બાંધવામાં આવતાં. આ ઘરનાં છાપરાં બહુ ઉત્તમ પ્રકારે બનાવેલાં નળિયાંથી ઢાંકવામાં આવતાં. આવાં નળિયાં આપણે પણ બનાવતા નથી. આ નળિયાંઓ પર ઉપલી અને નીચલી બાજુ પર અર્ધગોળાકાર આંકા રહેતા, જેથી એક નળિયું બીજા પર મૂકતાં એ દઢ બેસી જતાં. બીજું નળિયાની એક ટૂંકી બાજુ પર બે કાણાં પાડવામાં આવતાં, અને એમાં લોખંડના ખીલા મૂકી, છાપરાંના લાકડાંના ચોકઠા સાથે ઠોકી દેવામાં આવતાં. આમ અતિશય પવન કે વાવાઝોડામાં પણ નળિયાં ઊડવાનો સંભવ ઓછો રહેતો.

આ ઉપરાંત દરેક ઘરમાં પાકી ઈંટથી કે એકએકમાં બેસતાં વર્તુળોથી ચણેલાં સંડાસ, કે ખાળકૂવા રહેતાં. માટીનાં વાસણો, લોખંડનાં ઉપકરણો અને હથિયારો અને લડાઈમાં વાપરવાને માટે નાના–મોટા પથ્થરના ગોળા બનાવાતાં.

## બીજું ત્રિપુર

આ બીજી ત્રિપુરીના વાસીઓ પૂરેપૂરી વિકસિત નાગરી સંસ્કૃતિ ભોગવતા હતા.

ત્યાર પછીની સદીઓમાં ત્રિપુરી વધારે વિકસી અને સમૃદ્ધ થઈ. આ તે સમયનાં મકાનો, માટીનાં વાસણો, હથિયારો અને સિક્કાઓ પરથી કહી શકાય છે. આમાં સૌથી મહત્ત્વના છે અવશેષો જે દર્શાવે છે કે આ સમયે બૌદ્ધધર્મ પ્રચલિત હતો. આ સમય ઈ. સ. પૂર્વે બે અને પછીની બે શતાબ્દીમાં મૂકી શકાય.

ત્યાર પછી શું થયું એ નિશ્ચિત રીતે કહેવું શક્ય નથી. કોઈ કોઈ સ્થળે ભીંતોની ઈંટો વાંકી-ચૂંકી પડેલી, અને જમીન પણ ઉપર-નીચે થયેલી દેખાય છે. આવી જાતનું નુકસાન ધરતીકંપ કે ઘરોના પાયા ઢીલા હોવાથી થવાની શક્યતા છે, અને લડાઈમાં પણ થાય; છતાં અહીં એટલું નોંધવું જોઈએ કે આગ કે એવી કોઈ રીતે નુકશાન થયેલું જોવામાં આવતું નથી.

## શૈવ ત્રિપુર

ગમે તેમ હોય, આ બૌદ્ધ સમયના પાકી ઈંટથી ચણેલા ઘરોનાં અવશેષો પર ઘણે સ્થળે કલચુરી સમયના અવશેષો જોવામાં આવે છે. કલચુરી સમય એટલે ઈ. સ. ૭૦૦-૮૦૦, જ્યારે પ્રાચીન ચેદિ વંશના રાજાઓ કલચુરી નામ ધારણ કરી, હાલના મધ્યપ્રદેશના મુખ્યત્વે પૂર્વ ભાગ પર રાજ્ય કરતા હતા. ત્રિપુરી એમની રાજધાની હતી. આ વખતે એથી સહેજ ઉત્તરે ચંદેલા, પૂર્વે બંગાલ, બિહારમાં પાલ વંશના રાજાઓ અને પશ્ચિમે રાષ્ટ્રકૂટ વંશના રાજાઓની આણ ફરકતી.

પાલ વંશના રાજાઓ બૌદ્ધ ધર્મના, રાષ્ટ્રકૂટ મુખ્યત્વે જૈન, જ્યારે ચંદેલા અને કલચુરી રાજાઓ શૈવ ધર્મના અનુયાયીઓ હતા.

કર્ણવેલ કે હાથિયાગઢમાં આ સમયના થરોમાં હિંદુ દેવ-દેવીઓના, અને એક શૈવ મઠના અવશેષો જોવામાં આવ્યા, આ ઉપરથી વાંચનારને ખ્યાલ આવશે કે અહીં એક મોટું ધાર્મિક પરિવર્તન થયું હતું. બૌદ્ધ ધર્મને તિલાંજલિ આપી, અહીંથી એને કાઢી શૈવ ધર્મીઓએ આ સ્થળ—ત્રિપુરી—નો કબજો લીધો હતો.

આ પરિવર્તન થતાં અહીંની વનસ્પતિમાં પણ એક મહત્ત્વનો ફેરફાર થયો લાગે છે, જ્યાં ત્યાં બેલ ( બિલ્વ ) વૃક્ષો વાવવામાં આવ્યાં, એટલે હમણાં આ ટેકરા પર આ વૃક્ષો ઠેર ઠેર જોવામાં આવે છે. આ મહત્ત્વનું અવલોકન મારા ઉત્ખનનના સાથી, મહારાજા સયાજીરાવ વિદ્યાપીઠના પુરાતત્ત્વ વિભાગના વડા ડૉ. રમણલાલ મહેતાએ કર્યું હતું.

## ત્રિપુરાના ઇતિહાસનું વેળાપત્રક

ભૌગોલિક અને પુરાતત્ત્વની દૃષ્ટિએ ત્રિપુરાનો આટલો ઇતિહાસ—ટૂંકમાં—પણ નિશ્ચિત રીતે કહી શકાય.

( ૧ ) ત્રિપુરાની સ્થાપના ઈ. સ. પૂર્વે છઠ્ઠા-સાતમાં શતકમાં થઈ હતી. આ સ્થાપના કરનાર નગરનિવાસીઓ હતા; એમને લોહનું જ્ઞાન હતું. આદ્ય વસવાટ ત્રણે ય ટેકરા પર થવાથી આ ત્રિપુર કે ત્રિપુરા કહેવાયું કે ઓળખાવા લાગ્યું.

આ નામ પ્રચલિત થતાં આ સ્થળે જ મળતા ઈ. સ. પૂર્વે ત્રીજા શતકના સિક્કામાં તે કોતરેલું જોવામાં આવે છે.

( ૨ ) ઈ. સ. પૂર્વે કે પછી બીજી શતાબ્દીમાં આ પુર કે નગર બૌદ્ધ ધર્મના અનુયાયીઓના અમલ નીચે આવ્યું.

( ૩ ) ત્યાર બાદ આ પુરનો થોડો ઘણો નાશ થયો હતો, અને શૈવોએ એનો કબ્જો લીધો હતો.

( ૪ ) આમ છતાં, ત્રિપુરીના કલચુરી રાજાઓએ આ ટેકરા પર આવેલા પુરનો ત્યાગ કરીને, નીચે સપાટ પ્રદેશમાં નવું નગર વસાવ્યું. આમ ત્રીજું અને છેલ્લું ત્રિપુરી અસ્તિત્વમાં આવ્યું. હાલનું તેવર નામનું ગામ આ ૯–૧૦માં સૈકાના ત્રિપુરીનો એક બહુ જ આછો પડછાયો છે.

## પુરાણોનું ત્રિપુર અને પુરાતત્ત્વ

પુરાતત્ત્વે બહાર આણેલા આ સંસ્કૃતિના વેળાપત્રકને વૈદિક, અને પૌરાણિક વૃત્તાન્તો સાથે આપણે કેવી રીતે મેળ બેસાડીશું ?

સૌથી પહેલાં તો આપણે માનવું રહ્યું કે જે ત્રિપુર. આ વૃત્તાંતોમાં વર્ણવેલું છે તે એક પૃથ્વી પર પુર કે નગર હતું ( નહિ કે આધ્યાત્મિક કે આધિદૈવિક સૃષ્ટિમાં ).

બીજું, એટલું પણ સ્વીકારવું જરૂરનું છે કે આ ત્રિપુર જબલપુરની પાસે પ્રાચીન ત્રિપુરા કે તેવર હતું.

આ બે અનુમાનો જો આપણે સ્વીકારીએ તો પછી વૈદિક અને પૌરાણિક વૃત્તાન્તોની એક ઘટના કે હકીકત બહુ ધ્યાન ખેંચે એવી છે. અને નોંધવા લાયક છે.

ત્રણ પુરોમાંથી સુવર્ણનું પુર સ્વર્ગમાં, ચાંદીનું અન્તરીક્ષમાં અને અયસ( લોહ )નું પુર પૃથ્વી પર હતું. આનો અર્થ સ્પષ્ટ છે.

ભૂતળ પર જે પુર કે ત્રિપુર મય-અસુરે નિર્માણ કર્યું તે અયસ એટલે લોહનું—એટલે લોહયુગની—આ યુગની – શરૂઆતમાં નિર્માણ કરવામાં આવ્યું હતું. આ નિર્માણકર્તા મયાસુર પછી ત્યાં તારક અસુર અને એના ત્રણ પુત્રો રાજ્ય કરવા લાગ્યા અને ધીરે ધીરે વિકસી, તે જાહોજલાલીની ટોચે પહોચ્યું. કુદરતી રીતે તે સમયનાં બીજાં રાજ્યો એની ઈર્ષ્યા કરવા લાગ્યાં અને એના નાશનો વિચાર કરવા લાગ્યાં.

આ તદ્દન કુદરતી ઘટનાને પુરાણોએ પોતાની લાક્ષણિક શૈલીમાં રજૂ કરી છે. એમના કહેવા પ્રમાણે આ અસુરો બહુ પ્રબળ થતાં, ગમે તેમ વર્તવા લાગ્યા. દેવોને હેરાન કરતા એટલું જ નહિ પણ એમને વારંવાર હરાવ્યા અને ધર્મ વિરુદ્ધ આચરણ કરવા લાગ્યા. આથી રુદ્રે એક જ બાણથી આ ત્રણેય પુરનો પુષ્ય યોગમાં નાશ કર્યો.

મુખ્ય વાર્તા આટલી જ છે. પણ મહાભારત, મત્સ્ય, અને ભાગવત પુરાણો પ્રમાણે રુદ્રને આ ત્રિપુરનો નાશ કરતાં એક મુશ્કેલી નડી. જેવા રુદ્ર-શિવ અસુરોને મારી નાખતા, તેવો જ મય અસુર આ અસુરોને અમૃતના કૂવામાં નાખતો, અને તેથી આ અસુરો પાછા જીવતા થતા. આ અડચણ ખરેખરી હતી. એમાંથી બચવાને વિષ્ણુએ એક યુક્તિ સૂચવી. પોતે ગાયનું સ્વરૂપ લઈ ત્રિપુરમાં દાખલ થયા, અને અસુરોના જોતાં છતાં કૂવામાંનું અમૃત પી ગયા, પછી શિવે દેવોએ આપેલાં રથ અને અસ્ત્ર-શસ્ત્રોથી સજ્જ થઈ ત્રિપુર પર ચઢાઈ કરી, અને જ્યારે પુષ્ય યોગ આવ્યો, ત્યારે એક જ બાણથી ત્રિપુરનો નાશ—દાહ—કર્યો.

ત્રિપુર દાહ કે નાશનો આ વૃત્તાંત ઐતરેય આઠ વાક્યોમાં, અને તૈતિરીય સંહિતા દસ વાક્યમાં પતાવે છે. આ બંનેમાં એટલું જ કહેવામાં આવ્યું છે કે આ ત્રણ પુરો સોના, ચાંદી અને લોહનાં હતાં અને રુદ્રે એનો નાશ કર્યો, કારણ કે અસુરોએ યજ્ઞમાં કંઈ વિઘ્ન નાખ્યું.

આ ટૂંકા વૃત્તાંતમાં નથી વિષ્ણુને સ્થાન કે નથી આવતો એમાં અમૃત કૂપ. એટલે દેવોએ વિવિધ અસ્ત્ર-શસ્ત્રો શિવને આપ્યાં, અને એક અજય રથ બનાવ્યો, ઇત્યાદિને તો સ્થાન ન જ હોય! હિંદુ ધર્મમાં જુદા જુદા દેવ-દેવીઓ અને તેમના જુદા, જુદા અનુયાયીઓ કે ભક્તો, કે કોઈ વાર એક જ દેવના, પણ એના અમુક જ પાસા પર ભાર મૂકતા પંથો ઉત્પન્ન થયા. પછી તે દેવનું મહત્ત્વ વધારવા પુરાણકારોએ એમનાં ભારોભાર વર્ણન કરવાં માંડ્યાં. આમ જન્મ્યાં શિવપુરાણ, લિંગપુરાણ, ભાગવતપુરાણ ઇત્યાદિ. જે વાર્તા કે બનાવને ઐતરેય બ્રાહ્મણ અને તૈતિરીય સંહિતા થોડાંક વાક્યોમાં પતાવે છે તેને જ આ પુરાણોએ બહુ જ વિસ્તારથી વર્ણવ્યા.

આ વર્ણનમાં પણ તે તે કાળની સંસ્કૃતિનું પ્રતિબિંબ પડે છે. એથી એમનો અભ્યાસ થવો જોઈએ. આવા અભ્યાસની દૃષ્ટિએ શિવ અને લિંગ પુરાણો બહુ મહત્ત્વની હકીકત રજૂ કરે છે.

ત્રિપુરમાં રાજ્ય કરતા અસુરો બહુ સારા અને ધાર્મિક હતા. એમની આવી વૃત્તિથી અને પ્રભાવથી ત્રિપુર સમૃદ્ધ થયું, પરંતુ એમને બૌદ્ધ બનાવી અધાર્મિક કર્યા!

આ એક જ વાક્ય કે શ્લોકમાં પુરાતત્ત્વે જે હકીકત બહાર આણી છે તેને શિવપુરાણ પુષ્ટિ આપે છે. પણ સાથે સાથે બતાવે છે કે જ્યારે આ પુરાણ રચાયું ત્યારે ત્રિપુરમાં શૈવ ધર્મ પૂરેપૂરો પ્રચલિત હતો, છતાં આ પુરના રહેવાસીઓ કે રાજ્યકર્તાઓ એક સમયે બૌદ્ધ હતા એ પુરાણકારને ખબર હતી; અને આ સત્ય હકીકત આપતાં તેમણે કોથળામાંથી બિલાડું બહાર કાઢ્યું. જો આપણે ત્રિપુરની ભૌગોલિક સ્થિતિનો વિચાર કરીએ તો જે યુક્તિ વિષ્ણુએ વાપરી તે પણ આપણે સમજી શકીએ છીએ.

હાથિયાગઢ કે કરણવેલની તળેટીમાં બે પાણીના ઝરા સતત વહે છે. આ ઝરા જ ત્યાંના હમણાંના—અને પહેલાંના—રહેવાસીઓને પાણી પૂરું પાડતા. હવે જો કોઈ પણ દુશ્મન આ ઝરાઓનો કબજો લે—થોડાક સમય માટે પણ—તો ટેકરા પર રહેનારા લોકોને—એ લોકો ગમે તેટલા શૂરા લડવૈયા હોય તોપણ—શરણ આવ્યા વગર ચાલે જ નહિ.




ત્રિપુરીના ખોદકામમાંથી પ્રાપ્ત થયેલું, એક અદ્વિતીય ભાલાનું પાનું. આ પાનાના પાછલા ભાગ પર અતિશય તીક્ષ્ણ દાંતાવાળું પિત્તળનું આચ્છાદન છે.

મને લાગે છે કે કલચુરી કે તેમની પહેલાંના હિન્દુ રાજાઓ—જે શૈવ જ હોવા જોઈએ—તેમણે આ ઝરાનો કબજો લઈ લીધો, અને પછી ત્રિપુર પર હલ્લો કર્યો.

## અદ્વિતીય હથિયાર

આ હલ્લો કરતી વખતે તેમની પાસે એક વધારે અસરકારક—અદ્વિતીય—શસ્ત્ર હતું અને તે હતું એક ભાલાનું માથું. આ ભાલાના માથાને તીક્ષ્ણ ધારદાર પાના ઉપરાંત, પિત્તળના દાંતવાળો હાથો છે. હજુ પણ આ હાથાના દાંત બહુ તીક્ષ્ણ અને એની અંદરની બાજુઓ બહુ ધારદાર છે. એક જ વાર જો આવા હાથવાળો ભાલો દુશ્મનને મારવામાં આવે તો એના શરીરને અને વાહનને—ઘોડા કે હાથીને—બહુ જ ઈજા કરે એમાં શંકા નથી. એટલે જે એક જ બાણ પુરાણકારો અને મહાભારત કહે છે અને જેનાથી રુદ્રે ત્રિપુરનો નાશ કર્યો તે આવું બાણ કે ભાલાનો હાથ હોઈ શકે ! !

ભારતનાં ઉપલબ્ધ થતાં હથિયારોમાં આવા દાંતાવાળું ભાલાનું પાનું અને હાથો અદ્વિતીય છે. ભારતની બહાર પણ આવા દાંતવાળો હાથો મને હજુ મળ્યો નથી.

## પુરાણોનું થરીકરણ

આમ મહાભારત અને પુરાણો—મત્સ્ય, ભાગવત, શિવ અને લિંગ—માં જબલપુરની પાસે આવેલા ત્રિપુર કે તેવરનું વર્ણન હોઈ શકે એમાં મને શંકા નથી. એટલું જ નહિ પણ જે રીતે આ વર્ણનમાં ફુગાવો થયો છે તે ક્યારે અને કેમ થયો છે તે આપણે કહી શકીએ છીએ; આમ ઉત્ખનનની સાથે પુરાણોનાં પણ થરવાર ઘટકો બતાવી શકાય છે; અને સૌથી વધુ મહત્ત્વનું એ છે કે આ પુરાણો કે એમનાં જુદાં જુદાં અંગો કે પ્રસંગો ક્યારે રચાયા તે પણ આપણે કહી શકીએ. આ દૃષ્ટિ જોતાં શિવ અને લિંગ પુરાણો ઈ. સ. ૯–૧૦મા સૈકામાં રચાયાં હોવાં જોઈએ; જ્યારે વિષ્ણુ, અને મત્સ્ય ઈ. સ.ના ચોથા-છઠ્ઠા સૈકામાં રચાયાં હોવાં જોઈએ.

હવે પ્રશ્ન એટલો જ રહે છે કે ઐતરેય[1] બ્રાહ્મણ અને તૈત્તિરીય સંહિતામાં[2] જે ત્રિપુરનો

---

१ देवा वै यज्ञमतन्वत, तांस्तन्वानानसुरा अभ्यायन्यज्ञवेशसमेषां करिष्याम इति तान् आप्रीते पशौ पुर इव पर्यग्नेर्यूपं प्रति पुरस्ताद् उपायन् । ते देवाः प्रतिबुध्य अग्निमयीः पुरस्त्रिपुरं पर्यास्यन् तं यज्ञस्य चात्मनश्च गुप्त्यै। ता एषां इमा अग्निमयः पुरो दीप्यमाना भ्राजमाना अतिष्ठंस्ता असुरा अनपधृष्यैवापाद्रवन्। ते अग्निनैव पुरस्तादसुररक्षांसि अपाघ्नत अग्निना पश्चात्तथैवैतद्यजमाना यत् पर्यग्निकुर्वन्त्यग्निमयीरेव तत्पुरस् त्रिपुरं पर्यस्यन्ते यज्ञस्य चात्मनश्च गुप्त्यै. ।

—ઐતરેય બ્રાહ્મણ, ૨.૧.૧

२ तेषामसुराणां तिस्रःपुर आसन्। अयस्मयवमऽथ रजताऽथ हरिणी ता देवा जेतु नाशक्नुवन् ता उपसदैवाजिगीषन् तस्मादाहुर्यश्चैवं वेद यश्च नोपसदा वै महापुरं जयन्तीति त इषुं समस्कुर्वत अग्निमनीकं सोमं शल्यं विष्णुं तेजनं तेऽब्रुवन् क इमापसिष्यतीति । रुद्र इत्यब्रुवन् रुद्रो वै क्रूरः सोऽस्यत्विति सोऽब्रवीद्वरं वृणा अहमेव पशूनामधिपतिरसानीति तस्माद्रुद्रः पशूनामाधिपतिस्तां रुद्रोऽवासृजत् स तिस्रःपुरो भित्त्वेभ्यो लोकेभ्योऽसुरान् प्राणुदन...।

—તૈત્તિરીયસંહિતા ૬.૨.૨.૨.

ઉલ્લેખ આવે છે, તે ત્રિપુર કયું હતું? આ ત્રિપુર જો જબલપુરનું પાસેનું ત્રિપુર હોય તો બે અનુમાનો શકય છે :

એક તો ઐતરેય બ્રાહ્મણ અને તૈત્તિરીય સંહિતા ઈ. સ. પૂર્વે ૬ઠ્ઠા-૭મા-કે ૮મા શતક પહેલાંનાં હોવાનો સંભવ નથી.

બીજું, એ બંનેમાં જે ત્રિપુરનાશનો નિર્દેશ કર્યો છે તે કદાચ નર્મદાને કાંઠે મહેશ્વર (માહિષ્મતી) અને ત્રિપુરના વચ્ચે સંઘર્ષ કે યુદ્ધને લગતો હોય.

મહેશ્વર (માહિષ્મતી) પુરાતત્ત્વની દૃષ્ટિએ ઈ. સ. પહેલાં ૧૬૦૦-૧૭૦૦ પહેલાંનું બહુ પ્રાચીન નગર છે. ત્રિપુરની સ્થાપના ઈ. સ. પૂર્વે ૬ઠ્ઠા-૭મા શતકમાં થઈ હોવી જોઈએ. આમ જ્યારે એવું નગર વસે કે રાજ્ય અસ્તિત્વમાં આવે ત્યારે જૂના નગર કે રાજ્યને સાહજિક જ ઈર્ષા આવે. મહેશ્વરનું જૂનું નામ માહિષ્મતી હતું, અને એના આ નામના અતિશય નાના ચાંદીના સિક્કા પણ પાડ્યા હતા. એટલે મહેશ્વર-માહિષ્મતીએ આ ઊગતા ત્રિપુરનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો હોય.

આનાથી વધારે અનુમાનો કરવાં હમણાં શકય નથી. ટૂંકમાં, ઐતિહાસિક કાળના ત્રિપુરીના પુરાતત્ત્વે બહાર આણેલા ઇતિહાસ અને પુરાણોમાં વર્ણવેલા ત્રિપુરદાહના વૃત્તાંતનો બહુ સુંદર મેળ બેસાડી શકાય છે; અને સાથે પુરાણોનું થરીકરણ કરી એમાં સમયે સમયે કેમ અને કેવી રીતે ફુગાવો થયો તે આપણે સમજી શકીએ છીએ.

# મહાકવિ કાલિદાસની કૃતિઓની સચિત્ર પ્રતો

**ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ**

મહાકવિ કાલિદાસનાં કાવ્યો તેમ જ નાટકો ભારતભરમાં સૈકાઓથી જાણીતાં છે. આ ગ્રન્થોની પ્રતો પણ ભારતના જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી લિપિઓમાં લખાયેલી મળે છે. પણ આ મહાકવિની કૃતિઓની સચિત્ર પ્રતો જાણવામાં આવી નહોતી. છેલ્લાં દસેક વર્ષમાં આવી થોડી પ્રતો મળી આવી છે જેનો પરિચય અહીં આપ્યો છે.

પ્રાચીન કાલથી ભારતનો ચિત્રકલાનો શોખ જાણીતો છે. અન્ય કલાઓની માફક આ કલામાં પણ ભારતે મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. જોકે અતિ પ્રાચીન અવશેષો બહુ થોડા બચ્યા છે છતાં સિંધુઘાટીની સંસ્કૃતિના અવશેષોમાં મળી આવેલા માટીકામ પરની ચિત્રકારી બતાવે છે કે લગભગ પાંચ હજાર વર્ષ પૂર્વે પણ ભારતમાં ચિત્રકલાની ઠીક ઠીક ઉપાસના થતી હશે.

કેટલીક ગુફાઓની દીવાલો પરનાં પ્રાગૈતિહાસિક ચિત્રો પણ ભારતમાં ચિત્રકલાની શરૂઆતની પ્રાચીનતા સાબિત કરે છે. આ પછીના કેટલાક સૈકાઓના અવશેષો, માટીકામને બાદ કરતાં, ઉપલબ્ધ નથી પણ સાહિત્યમાંના ઉલ્લેખો તો મળે છે જ; અને જ્યારે આપણે અજન્ટાના કલામંડપોમાં શુંગકાલીન ભિત્તિચિત્રો જોઈએ છીએ ત્યારે તો ચિત્રકલાનું સારું વિકસિત સ્વરૂપ નજરે પડે છે. પછીના થોડા સૈકાનો ચિત્રકલાનો ઇતિહાસ, જ્યાં સુધી ઉપલબ્ધ અવશેષોની વાત કરીએ છીએ ત્યાં સુધી તો, અંધારામાં જ છે; પણ પછી ચોથા-પાંચમા અને સંભવતઃ છઠ્ઠા સૈકામાં આપણને અજન્ટામાં વાકાટક અને ગુપ્તયુગનાં ભવ્ય ભિત્તિચિત્રો મળે છે. ઈલોરાની કૈલાસ ગુફાનાં જૂનાં સ્તરોનાં ચિત્રોથી માંડીને, ફરીથી, આપણને ભારતીય ચિત્રકલાની સિદ્ધિઓની, આઠમાથી બારમા સૈકા સુધીની કડીઓ, ઈલોરાનાં ભિત્તિચિત્રોમાં મળી આવે છે.

મધ્યકાલનાં, ખાસ કરીને દસમા-અગિયારમા સૈકાથી આજ દિન સુધીનાં, જુદી જુદી શૈલીનાં ચિત્રોનો ઇતિહાસ તો ઘણો સમૃદ્ધ છે. આવા અવશેષોમાં, નેપાલના પૂર્વભારતના પાલકલાના બૌદ્ધ અવશેષો અને પશ્ચિમ ભારતમાં મધ્યકાલીન પશ્ચિમ ભારતીય ચિત્રકલાનાં જૈનાશ્રિત ગ્રન્થસ્થ ચિત્રો પ્રચુર પ્રમાણમાં ઉપલબ્ધ થયાં છે અને હજુ જડતાં જાય છે. પણ હિન્દુ અથવા બ્રાહ્મણ સંસ્કૃતિના આશ્રયે તૈયાર થયેલાં ગ્રન્થસ્થ ચિત્રો બહુ મળ્યાં નથી. દક્ષિણ ભારતમાં પણ સિત્તાન્નવાસલની ગુફામાં લગભગ દસમા સૈકામાં ચીતરેલાં ભિત્તિચિત્રો, કે તેથી પહેલાં, કર્ણાટકમાં ચાલુક્યોના આશ્રયે થયેલી બાદામીની ગુફાનાં છઠ્ઠા સૈકાનાં ચિત્રોથી માંડીને સારાયે મધ્યકાલનાં અને તે પછીનાં પણ ભિત્તિચિત્રો મળે છે પણ ગ્રન્થસ્થ ચિત્રો, હિન્દુ, બૌદ્ધ કે જૈન દક્ષિણ ભારતમાં જૂજ મળે છે. અપવાદ તરીકે, મૂડબિદ્રીના જૈનભંડારમાંના, જૈનગ્રન્થો ધવલા, જય ધવલા આદિનાં તાડપત્રોને બાંધવાની કાષ્ઠપટ્ટિકાઓ પરનાં બારમા સૈકાનાં ચિત્રો ગણાવી શકાય.

પશ્ચિમ ભારતમાં મધ્યકાલીન ગ્રન્થસ્થ ચિત્રોમાં, જૈનેતર ગ્રન્થોમાં મુખ્યત્વે ગીતગોવિંદ, બાલગોપાલસ્તુતિ અને સપ્તશતીનાં ચિત્રો ગણાવી શકાય.[૧] લગભગ પંદરમા સૈકાના પૂર્વાર્ધથી માંડીને સત્તરમા-અઢારમા સૈકા સુધીનાં મળતાં આ ચિત્રો,[૨] રાગમાળાનાં છૂટાં મળતાં ચિત્રો, અને વસંતવિલાસ જેવા શૃંગારરસપ્રધાન કાવ્યનાં ચિત્રો જાણીતાં છે.[૩] આ ઉપરાંત માલવામાં ચિતરાયેલાં મહાભારતનાં ચિત્રો,[૪] ભાગવત દશમસ્કંધનાં ગુજરાત-રાજસ્થાનનાં ચિત્રો,[૫] અમરુશતકનાં ચિત્રો[૬] એ મુખ્ય છે. વડોદરા યુનિવરસિંટીના સંગ્રહના સચિત્ર પંચાખ્યાન (જૂની ગુજરાતીમાં)નાં ચિત્રો સોળમા સૈકાની શરૂઆતનાં છે.[૭] હમણાં હમણાં ભારત કલાભવનમાં ચૌદમા સૈકાના અંતમાં, લગભગ ઈ. સ. ૧૩૮૬ આસપાસ, પાટણમાં લખાયેલા હિન્દુ સ્તોત્ર–ગ્રન્થનાં ચિત્રો આવ્યાનાં સમાચાર મળ્યા છે. સોળમા સૈકાના પૂર્વાર્ધમાં લખાયેલાં, ભીમકૃત પ્રબોધપ્રકાશ અને હરિલીલાષોડશકલાના ગુટકાનાં કેટલાંક સચિત્ર પાનાં વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરે ખરીદેલાં છે.[૮] આ ઉપરાંત રતિરહસ્યનાં પણ કેટલાંક સચિત્ર પાનાં પ્રસિદ્ધ થયાં છે.[૯]

જૈન ભંડારોમાં જૈનેતર સાહિત્ય પણ ઘણું મળે છે. આવા સંગ્રહોમાં મહાકાવ્યો, નાટકો, અલંકારગ્રન્થો, કથાઓ, દાર્શનિક સાહિત્ય વગેરે મુખ્ય છે. આવા સંગ્રહોમાંથી, સદ્‌ભાગ્યે કાલિદાસના સચિત્ર ગ્રન્થો મળી આવ્યા છે. ઉપરાંત ત્રિવિક્રમનું દમયંતીચંપૂ નામક કાવ્ય પણ સચિત્ર મળી આવ્યું છે. અહીં કાલિદાસના આ ગ્રન્થોનાં ચિત્રોનો પરિચય આપું છું :—

## સચિત્ર મેઘદૂત

અમદાવાદના લાલભાઈ દલપતભાઈ વિદ્યામન્દિરના સંગ્રહમાં નં. ૪૫૮૩વાળી, મેઘદૂતની એક સચિત્ર પ્રતિ છે. કાગળ પર લખેલી આ પ્રતની સાઈઝ આશરે ૨૫.૨ × ૮ સે. મી. છે. એનાં કુલ આઠ પાનાં છે. પ્રતિને અંતે નીચે મુજબની પુષ્પિકા છે :—

---

૧ આ અંગેની એક વિસ્તૃત સૂચી માટે જુઓ, ડૉ. એમ. આર. મજમુદારકૃત ગુજરાત: ઇટ્સ આર્ટ હેરિટેજ, પૃ. ૮૮–૯૯ પરની પાદનોંધો.

૨ ઉપરની યાદી ઉપરાંત જુઓ, ખંડાલાવાળા, મોતીચંદ્ર અને પ્રમોદચંદ્ર, મિનિયેચર પેઈન્ટીંગ્સ્ ઑફ ધ ખજાનચી કલેકશન્સ.

૩ પ્રો. ડબલ્યુ નૉર્મન બ્રાઉન, વસન્તવિલાસ (અમેરિકન ઓરિયેન્ટલ સિરીઝ, વૉ. ૪૬).

૪–૫–૬ જુઓ, મોતીચંદ્ર અને ખંડાલાવાલાકૃત ન્યુ ડૉકયુમૅન્ટ્સ ઑફ ઈન્ડિયન પેઈન્ટીંગ્સની બિબ્લિઓગ્રાફી.

૭ ડૉ. સાંડેસરા અને ડૉ. પારેખસંપાદિત પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧માં ડૉ. ઉમાકાન્ત શાહે આપેલો પંચાખ્યાનનાં ચિત્રોનો પરિચય.

૮ ડૉ. ઉમાકાન્ત શાહ, સોળમા સૈકાની ગુજરાતી ચિત્રશૈલી, સ્વાધ્યાય, પુ. ૭, અંક ૧, પૃ. ૫૭–૬૩.

૯ જૈન ચિત્રકલ્પદ્રુમ, ભાગ ૧, ચિત્ર નં. ૧૪૪–૧૪૭, ૧૫૫ તથા ડૉ. એસ. સી. ઉપાધ્યાય-સંપાદિત (અંગ્રેજી) રતિરહસ્ય. તદુપરાંત મુનિશ્રી પુણ્યવિજયજીના સંગ્રહનું એક પાનું ઉમાકાન્ત શાહે સ્વાધ્યાય, પુ. ૭, અંક ૧માં પ્રસિદ્ધ કર્યું છે.



ચિત્ર ૧

સરસ્વતી દેવી (મેઘદૂત)



ચિત્ર ૨

રામગિરિ પર વિરહી યક્ષ (મેઘદૂત)

(ફોટા : મહાવીર જૈન વિદ્યાલયના સૌજન્યથી)



ચિત્ર ૩
અલકાનગરી (મેઘદૂત)



ચિત્ર ૪
વિરહિણી યક્ષી (મેઘદૂત)

(ફોટા : મહાવીર જૈન વિદ્યાલયના સૌજન્યથી)



ચિત્ર ૫

પ્રેમીઓનું પુનર્મિલન (મેઘદૂત)

(ફોટો : મહાવીર જૈન વિદ્યાલયના સૌજન્યથી)




ચિત્ર ૬

કુમારસંભવ( સંવત ૧૭૦૧ )નું છેલ્લું પત્ર

( ફોટો : મહાવીર જૈન વિદ્યાલયના સૌજન્યથી )

श्री ॥ रसपक्षमुनिशक्करीपतिप्रमिते वर्षे मार्गशीर्षमासे । शुक्लपक्षैकादशीतिथौ । श्री **आसणीकोट्ट** मध्ये । श्रीमत् खरतरगच्छे भट्टारक श्रीमच्छ्रीजिनचन्द्रसूरिविजयराज्ये । वाचनाचार्य्यवर्य्य-श्रीहीरराज-गणिपदपंकजसेवाचंचरीक सश्रीक पं. उदयहर्षसाधुमिर्ल्लिखितं ॥ छ ॥ शिष्य चिरंमति विपुलमुनि पठनार्थं ॥

અર્થાત્ સંવત ૧૭૨૬ (=ઈ. સ. ૧૬૬૯)માં આ પ્રતિ ખરતરગચ્છના શ્રી હીરરાજ ગણિના શિષ્ય પંડિત ઉદયહર્ષ સાધુએ, **શ્રી આસણી-કોટ્ટ** નામક ગામમાં, લખી. આ આસણીકોટ્ટ તે ઉત્તરપ્રદેશમાં જૌનપુર પાસે આવેલું અસણી લાગે છે. જૌનપુરમાં ઈ. સ. ૧૪૬૫માં લખાયેલી, શ્રી હંસવિજયજીના સંગ્રહની, સુંદર ચિત્રોવાળી કલ્પસૂત્રની અનુપમ પ્રતિ જોતાં, જૌનપુર અને તેની આજુબાજુ, સારા જૈન ચિત્રિત ગ્રન્થો થયા હશે એ સમજી શકાય છે. અસણીમાં પુરાણો ભાગેલો કિલ્લો પણ છે.

આ નામને મળતું, ફત્તેહપુર શહેરથી લગભગ દસ માઈલ દૂર, ઉત્તરપ્રદેશનું જ, બીજું એક અસની છે જ્યાંથી ગુર્જર પ્રતિહાર રાજા મહીપાલનો વિ. સં. ૯૭૪નો એક લેખ જડ્યો હતો. રાજસ્થાન માલવામાં આવું કોઈ ગામ હોય તો મને ખબર નથી પણ આ બાબત વધુ તપાસને અવકાશ રહે છે. આ પ્રતિમાં કુલ પાંચ ચિત્રો છે તે નીચે પ્રમાણે છે :

## ચિત્ર ૧ (પત્ર ૧બ)—સરસ્વતી

ચિત્રનું માપ ૬.૭×૧૦.૪ સેં.મી. છે. ગુલાબી આકાશ અને લાલ પૃષ્ઠભૂમિકાવાળા આ ચિત્રમાં એક કમાનની નીચે, મયૂરવાહના સરસ્વતીનું ચિત્ર દોરેલું છે. દેવીએ પોતાના ત્રણ હાથોમાં પુસ્તક, વીણા અને પદ્મ ધારણ કર્યાં છે. કમાન ઉપર બેઉ બાજુએ એક મોર અને કમાનના છેડે એક એક હાથીની નાની આકૃતિઓ પણ છે.

## ચિત્ર ૨ (પત્ર ૪બ)—રામગિરિ પર વિરહી યક્ષ

પહાડી પ્રદેશ અને ગુફાઓમાં જંગલી જાનવર દર્શાવીને આ ચિત્રમાં રામગિરિ રજૂ કર્યો છે. લાલ પટાવાળી પાઘ અને પટાવાળો મસ્લિનનો જામો તથા લાલ સુરવાળ પહેરેલો યક્ષ મેઘારંભે વિરહવેદનાથી પીડાતો અને મેઘને પુષ્પ અર્પતો (પોતાનું દૂતકાર્ય કરવા વિનવતો) ચીતર્યો છે. ભૂરા આકાશમાંથી વર્ષાની સફેદ ધારાઓ પડતી બતાવી છે. ચિત્રનું માપ ૧૦.૬×૮.૩ સેં.મી. છે.

## ચિત્ર ૩ (પત્ર ૫અ)—અલકાપુરી

આ ચિત્રનું માપ ૧૦.૬×૮.૪ સેં.મી. છે.

આ ચિત્રને વચમાં એક આડી લીટી વડે બે મુખ્ય ખંડોમાં વહેંચી નાખ્યું છે. ઉપરની પટ્ટીમાં મકાનોના ઝરૂખા વગેરેમાંથી નજર કરતાં નગરનાં નરનારીવાળી અલકાનગરી તેના કોટ સાથે બતાવી છે. મકાનના ભોંયતળિયે નગરરક્ષક સિપાહી જેવા પુરુષો પણ બતાવ્યા છે. લાલ અને વાદળી-ભૂરી પૃષ્ઠભૂમિકા છે. જે સૂચવે છે કે ઊંચે હિમાલયની તળેટીમાં આ નગરી વસેલી છે.

નીચેની પટ્ટી( ખંડ )માં લીલા અશ્વ પર બેઠેલો એક સૈનિક તથા હાથી પર સવારી કરતો એક મહાવત બતાવ્યા છે. નગરીના કોટની બહાર વૃક્ષો બતાવ્યાં છે.

## ચિત્ર ૪ (પત્ર ૬બ)—વિરહિણી યક્ષિણી

ચિત્રનું માપ ૧૦.૪×૮.૪ સેં.મી. છે.

મેઘદૂત ઉત્તરખંડના ૨૫મા શ્લોક—**उत्सङ्गे वा मलिनवसने सौम्य निक्षिप्य वीणां...**ઇત્યાદિમાં વર્ણવાયેલી વિરહિણી યક્ષપત્નીનું ચિત્ર અહીં રજૂ કરેલું છે. આ ચિત્રના ત્રણ વિભાગ પાડ્યા છે. ઉપલા વિભાગમાં વચ્ચે એક પલ્લવિત વૃક્ષ છે. એની બેઉ બાજુ એક એક મંડપ છે. ઝાડ ઉપર મોર બેઠો છે. લાલ અને છીંકણી રંગની પૃષ્ઠભૂમિકા છે. વચલી પટ્ટી( અથવા વિભાગ )માં વીણા વગાડતી યક્ષપત્ની છે. એણે ઓઢણી, ચોળી અને સાડી પહેર્યાં છે. ડાબી બાજુએ ઝરૂખામાં બેઠેલી એક શુક-સારિકા બતાવી છે. નીચલા વિભાગમાં બે બાજુ એક એક કદલી વૃક્ષ અને પાણીના હોજ અને ક્યારાઓવાળું ઉદ્યાન રજૂ કર્યું છે.

થોડીક જ ભૂમિકામાં, થોડા રંગોમાં, વિરહિણી યક્ષી રજૂ કરી ચિત્રકારે કાલિદાસના પેલા શ્લોકના ભાવોને પકડવા પ્રયાસ કર્યો છે.

## ચિત્ર ૫ (પત્ર ૮અ)—પ્રેમીઓનું પુનર્મિલન

વિરહવેદનાઓ સહી, એક પ્રકારના તપને અંતે, જ્યારે શાપની અવધિ પૂરી થાય છે ત્યારે, યક્ષ અને યક્ષિણીનું પુનર્મિલન થાય છે. ઉદ્યાનમાં એક મંડપ છે. ડાબી બાજુએ ઓશિકાનો ટેકો લેઈ પ્રેમમાં ઉન્મત્ત યક્ષ બેઠો છે. એના હાથમાં મદિરાની પ્યાલી તથા પાન છે. એની સામે, સુંદર વસ્ત્રાભૂષણ, મૌક્તિકના અલંકારો વગેરેનો શૃંગાર સજી, હાથમાં પંખો તથા સુરાપાત્ર લઈને એની પત્ની ઊભી છે. પલ્લવિત વૃક્ષ પર મોર ટહૂકે છે. મદોન્મત્ત આ પ્રેમીઓના પુનર્મિલનના આનંદના પ્રતીક સમો એક વાનર ઝાડ પર ચઢતો બતાવી કલાકારે આખા ચિત્રના વાતાવરણને હળવું બનાવી દીધું છે.

લાલ અને પીળી પૃષ્ઠભૂમિકામાં ચીતરેલા આ ચિત્રનું માપ ૧૦.૬×૧૨ સેં.મી. છે.

### સચિત્ર કુમારસંભવ (લા. દ. પ્રાચ્યવિદ્યા મંદિર)

કુમારસંભવ એ કાલિદાસનું પ્રખ્યાત મહાકાવ્ય છે. આ કાવ્યની સદ્ભાગ્યે ચાર ચિત્રિત પ્રતો મળે છે. એમાંની એક પ્રતિનાં બે પાનાં હાલ બોસ્ટન મ્યૂઝિયમના સંગ્રહમાં અમેરિકામાં છે. જેનાં ચિત્રો અહીં આપી શકાયાં નથી પણ એનો ઉલ્લેખ બોસ્ટન મ્યૂઝિયમના કેટલૉગ ઑફ પેઈન્ટીંગ્સમાં ડૉ. કુમારસ્વામીએ કરેલો છે.

કુમારસંભવની બીજી એક પ્રતિ શ્રી લાલભાઈ દલપતભાઈ પ્રાચ્યવિદ્યા મંદિર, અમદાવાદના સંગ્રહમાં, નં. ૨૨૬૦, સૂ. ૪૫૫૯ની છે. આ પ્રત અપૂર્ણ છે, એનાં ઘણાં પત્રો ખૂટે છે. અત્યારે આ સંગ્રહમાં ફક્ત આઠ પાનાં બચેલાં છે. તેમાં કુલ ૭ ચિત્રો છે. તેમાંનાં પાંચ અહીં રજૂ કર્યાં છે. પ્રતના પ્રત્યેક પાનનું માપ આશરે ૨૫×૧૧ સેં.મી. છે.

પ્રતના પાન ૫૭અ (**જુઓ ચિત્ર ૬**) ઉપર નીચેની પુષ્પિકા છે :

**संवच्चंद्राकासमुनिभूवर्षे श्रीनौतनपुरे फागुणि वदी ११ दिने वा० श्री यशःकुसलगणिशिष्यमुख्य पं० श्री लाभकीर्त्तिगणिशिष्य पं० हर्षसोमेन लिखितं ॥** આ પછી જુદા હસ્તાક્ષરમાં પાછળથી ઉમેરાયેલ છે—**पुस्तक व्यास श्री रामदासजी पुत्र श्री मनजित् तस्यात्मज रघुपतेः ॥**

**॥ श्री हरये नमः ॥**

આ પ્રતિ સાતમા સર્ગ પર્યન્તની જ ત્રિપાઠ પ્રતિ છે. ઉપર નીચે નાના અક્ષરોમાં સંજીવની ટીકા છે, વચમાં મોટા અક્ષરોમાં મૂળ કુમારસંભવના શ્લોકો છે. ઉપર નોંધેલી પુષ્પિકા મુજબ આ પ્રત સંવત ૧૭૦૧( = ૧૬૪૪ ઈ. સ. )ની ફાગણ વદી ૧૧ના રોજ શ્રી **નૌતનપુર**માં લખાઈ પૂરી થઈ છે. લેખક છે પં. શ્રી લાભકીર્તિગણિના શિષ્ય પં. હર્ષસોમ. આ નૌતનપુર ક્યાં આવ્યું તે ખબર નથી.

## ચિત્ર ૭ (પત્ર ૭)—બ્રહ્મા અને દેવો

આ ચિત્ર બે વિભાગમાં વહેંચાયેલું છે. ઉપરની પટ્ટીમાં, ચતુર્મુખ બ્રહ્મા એક ચોકી અથવા પાટ પર બેઠા છે. સામે મુકુટધારી બે દેવો નમસ્કાર કરીને ઊભા છે. ભૂરી પૃષ્ઠભૂમિ છે. નીચેની પટ્ટી( Panel )માં ચાર દેવતાઓ જુદા જુદા હાવભાવમાં ઊભા છે. લીલી પૃષ્ઠભૂમિકા છે. જેને હાલના કલાવિવેચકો, પૉપ્યુલર મોગલ સ્ટાઈલ ( મોગલ લોકશૈલી ) કહે છે તે શૈલીનાં આ ચિત્રો છે. દેવોએ પહેરેલાં જામા-અંગરખાં નોંધપાત્ર છે. ઉપરની પટ્ટીના એક દેવે તો ચાર ખૂણાવાળો, ચાકદાર જામો પહેર્યો છે; પણ મોગલ દરબારના અસલ ચાકદાર જામા જેવી સુંદર રીતે એ દોર્યો નથી. આ ચિત્રોમાં અસલ દરબારી મોગલકલાનાં સુંદરતા, લાલિત્ય પણ નથી. આવી શૈલીનાં ચિત્રોની આગ્રા, દિલ્હી વગેરે સ્થળોમાં તે સમયે મોટી માગ રહેતી હતી. ચિત્રનું માપ આશરે ૧૦.૨ × ૧૦ સેં.મી. છે.

## ચિત્ર ૮ (પત્ર ૨૪ અ)—રતિનો વિલાપ

કુમારસંભવ( ૪, ૪ )માં **अथ सा पुनरेव विह्वला** ઇત્યાદિ શ્લોકમાં રતિના વિલાપનું જે વર્ણન છે તે સૂચવતું આ ચિત્ર છે. વનમાં, જ્યાં કામનું દહન થયું ત્યાં, જલતા કામદેવની એક બાજુએ શોકમગ્ન રતિ બેઠી છે. ભૂરા રંગની ચોળી, પીળો ઘાઘરો, પારદર્શક બારીક ઓઢણી ( કાર્માઈન રંગની ) પહેરેલી રતિ એક વૃક્ષની નીચે બેઠી છે. સામી બાજુએ એની પરિચારિકા અથવા સખી સાન્ત્વન આપતી ઊભી છે. ચિત્રમાં નીચે, આગળના ભાગમાં વહેળો ( rivulet ) અથવા નદી બતાવેલ છે. ઉપર આકાશને ભૂરું અને સફેદ ચીતર્યું છે. વૃક્ષોની ઘટા અમુક રૂઢ ઢબે બતાવી છે. ચિત્રનું માપ ૧૦.૨ × ૧૦ સેં.મી. છે.

## ચિત્ર ૯ (પત્ર ૨૯ अ)—હિમાલય પર તપ કરવા જતી ગૌરી (પાર્વતી)

વૃક્ષો, પંખીઓ, પશુઓ, અને ટેકરીઓયુક્ત પહાડી વનપ્રદેશ આ ચિત્રમાં રજૂ કર્યો છે. આકાશનો ભાગ સફેદ, ભૂરા અને કાર્માઈન રંગથી ભર્યો છે. વચમાં વાંકીચૂંકી વીજળી પણ બતાવી છે. વૃક્ષો પર મોર વગેરે પંખી છે. આખા ચિત્રની પૃષ્ઠભૂમિકા **આછી** લીલી છે. ડાબી બાજુએ એક ટેકરી ઉપર બારીક વસ્ત્રો પહેરીને પાર્વતીની સખી ઊભી છે. લગભગ વચમાં હરણની સામે એને ઘાસ ખવડાવતી તપસ્વિનીના વેશમાં પાર્વતી ( ગૌરી ) ઊભેલ છે.

વૃક્ષો અને પર્વતો રજૂ કરવાની શૈલી મુગલકલામાંથી અનુકરણરુપે ઊતરી આવેલી છે. ચિત્રનું માપ ૧૦ × ૧૦.૪ સેં.મી. છે.

**ચિત્ર ૧૦** (પત્ર ૩૯અ)—**પાર્વતીનો શિવને સંદેશો**

કુમારસંભવના છઠ્ઠા સર્ગના પહેલા શ્લોકનો ભાવાર્થ રજૂ કરતું આ ચિત્ર છે.

હિમાલયની શાંત વનરાજિની ગોદમાં આ પ્રસંગ બનેલો ચીતર્યો છે. કેસરી પૃષ્ઠભૂમિ ઉપર પુષ્પિત વૃક્ષો, છોડવાઓ, વેલાઓવાળી ભૂમિ અને ભૂરું અને સફેદ નભસ્તલ—એવા વાતાવરણમાં જમણા હાથે નીચી ડાળીનો ટેકો લઈ પાર્વતી એક વૃક્ષ નીચે બેસી પોતાની સામે ઊભેલી સખીને પોતાનો સંદેશ લઈ જવા કહે છે. આ સખીએ એક હાથની પાછળના વૃક્ષની શાખા પકડેલી છે જ્યારે બીજા હાથમાં એક પુષ્પ છે. બેઉએ અત્યંત બારીક ઓઢણી ઓઢી છે. બેઉની આકૃતિઓ સજીવ, પોતાની લાગણીઓ( ભાવો )ને મુખ ઉપર વ્યક્ત કરતી ચીતરી છે.

**ચિત્ર ૧૧** (પત્ર ૫૬બ)—**શિવ-પાર્વતી વિવાહ**

આ ચિત્ર શિવ અને પાર્વતીનું લગ્ન થતું બતાવે છે. બેઉ બાજુએ એક એક કદલીવૃક્ષ અને મંગલ–ઘટની ઊતરડ ( માળ ) ચીતરી છે જે લગ્નમંડપ-ચૉરી સૂચવે છે. આ ચૉરીની વચ્ચે એક બાજુ બાજઠ પર શિવજી બિરાજ્યા છે. જટા, દાઢી, ગળામાં સર્પ અને કેડથી નીચે વ્યાઘ્ર-ચર્મ હોવા છતાં શિવની આકૃતિ રૌદ્ર નથી. સામે બાજઠ પર બેઠેલા, કંઈક લજ્જાળુ પાર્વતીનું પાણિગ્રહણ કરતા શિવને બતાવ્યા છે. બીજા હાથે પાર્વતીની ચાદર પકડી છે જે છેડાગાંઠણનું સૂચક છે. પાર્વતીએ પીતવર્ણનું વસ્ત્ર પહેર્યું છે, અને ઉપર લાલ ચાદર ઓઢી છે. ઉપરના વચલા ભાગમાં વંદનવાર ( વંદનમાલિકા ) લટકે છે, એ ચંદરવો પણ હોય.

ચિત્રનું માપ આશરે ૧૦×૧૦·૨ સેં.મી. છે.

## કુમારસંભવ ( નેશનલ મ્યૂઝિયમ, દિલ્હી )

કુમારસંભવની ત્રીજી સચિત્ર પ્રત નેશનલ મ્યૂઝિયમ, દિલ્હીમાં છે. આ પ્રત વિ. સં. ૧૭૩૨ = ઈ. સ. ૧૬૭૫માં લખાયેલી છે. એમાં કેટલાંક ચિત્રો લગભગ આખા પાન જેવાં મોટાં પણ છે. આવું એક ચિત્ર અહીં ચિત્ર નં. ૧૨ તરીકે રજૂ કર્યું છે. નૌતનપુરમાં સંવત ૧૭૦૧માં લખેલી પ્રતનાં ચિત્રો જેવું આ ચિત્રકામ સુઘડ કે સુંદર નથી. પણ અઢારમા સૈકાની લોકભોગ્ય ચિત્રકળાનું એક ઉદાહરણ આપણને મળે છે. અહીં તેમાંનું એક ચિત્ર રજૂ કર્યું છે.

**ચિત્ર ૧૨** (પત્ર ૩૫બ)—**શિવજીનો વરઘોડો**

આ ચિત્રમાં હિમાલયની પર્વતમાળામાં નીકળેલો શિવજીનો વરઘોડો બતાવ્યો છે. મોગલ સમયની પાઘડીઓ અને જામાવાળા જાનૈયા અને બજવૈયા ઉપરાંત, પાર્વતીના મહેલમાંની વ્યક્તિઓના પહેરવેશમાં પણ એવી પાઘડીઓ તથા જામા જોવા મળે છે. યુરોપીઅન હેટવાળી લાગતી આકૃતિ ખાસ નોંધપાત્ર છે. તદુપરાંત, પર્વતમાળા અને વૃક્ષોની ઘટાની રજૂઆત ખાસ ધ્યાન ખેંચે છે.



ચિત્ર ૭

બ્રહ્મા અને દેવો (કુમારસંભવ)



ચિત્ર ૮

રતિવિલાપ (કુમારસંભવ)

(ફોટા: મહાવીર જૈન વિદ્યાલયના સૌજન્યથી)



ચિત્ર ૯

હિમાલય પર તપ કરવા જતી ગૌરી (કુમારસંભવ)



ચિત્ર ૧૦

પાર્વતીનો શિવને સંદેશો (કુમારસંભવ)

(ફોટા: મહાવીર જૈન વિદ્યાલયના સૌજન્યથી)



ચિત્ર ૧૧

શિવ-પાર્વતી વિવાહ (કુમારસંભવ)

(ફોટો : મહાવીર જૈન વિદ્યાલયના સૌજન્યથી)



ચિત્ર ૧૪

અર્ધનારીશ્વર (કુમારસંભવ) (ફોટો : ઉમાકાન્ત શાહ)



ચિત્ર ૧૨

શિવજીનો વરઘોડો ( કુમારસંભવ )

( ફોટો : નેશનલ મ્યૂઝિયમના સૌજન્યથી )

## કુમારસંભવ (પ્રાચ્યવિદ્યા મંદિરની પ્રત)

પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરાના સંગ્રહમાં, લગભગ આ જ સમયની, સત્તરમા સૈકાના પૂર્વાર્ધની એક પ્રત છે. આગમ પ્રભાકર મુનિ શ્રીપુણ્યવિજયજીના સંગ્રહની અંજાર( કચ્છ )માં લખાયેલી તારીખ વિનાની ઉત્તરાધ્યયન સૂત્રની સચિત્ર પ્રતને મળતા કાગળ, લિપિ, હાંસીઓ વગેરેવાળી કુમારસંભવની આ પ્રતમાં ફક્ત બે જ ચિત્રો છે. એની ઘેરી ભૂરી પૃષ્ઠભૂમિ, રેખાંકન, રંગપૂરણી વગેરે બધું જ ઉત્તરાધ્યયન સૂત્રની અંજારની પ્રતને મળતાં હોવાથી એમ લાગે કે બેઉ પ્રતોનાં ચિત્રો એક જ કલાકારે દોરેલાં છે. મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવ ગ્રન્થ ( Mahavira Jaina Vidyalaya Golden Jubilee Volume )માં New Documents of Jaina Painting એ લેખમાં ઉમાકાન્ત શાહ અને મોતીચંદ્રે અંજારના ઉત્તરાધ્યયન સૂત્રને પ્રસિદ્ધ કરી એની ચર્ચા કરી છે. આ કુમારસંભવ મળવાથી તેમ જ વડોદરા મ્યૂઝિયમે થોડા વખત ઉપર ખરીદેલું આ શૈલીનાં ચિત્રોવાળું કલ્પસૂત્ર મળવાથી હવે એ સ્પષ્ટ થાય છે કે પશ્ચિમ ભારતીય અથવા મારુ-ગુર્જર ચિત્રકળાની જેમ માલવી-માંડૂની એક સ્થાનિક શાખા ખીલી, પાલમ ( દિલ્હી ), જૌનપુર વગેરેમાં લખાયેલી તેમ જ લૌરચંદાના ભારત કલાભવનનાં ચિત્રોમાં જેમ એક બીજી અવધિ શાખા જોવા મળે છે તેમ જ આ શૈલીની સ્થાનિક (regional or local) અસરવાળી એક કચ્છી શાખા હતી એ નક્કી છે. આ કચ્છી શૈલી ઈ. સ.ના સત્તરમા સૈકાની શરૂઆતથી તો હતી જ. એ પહેલાં એ હોય તો એનું સ્વરૂપ કેવું હતું તે સાધનોના અભાવે કહી શકાય તેમ નથી. તેમ જ સત્તરમા સૈકા પછી કચ્છી શૈલીનું કેવું સ્વરૂપ થયું તે અત્યારે ચોક્કસ કરવું મુશ્કેલ છે.

### ચિત્ર ૧૩ (પત્ર ૧૭)—**સરસ્વતીદેવી**

સરસ્વતી દેવીનું આ ચિત્ર (જુઓ આ અંકના મુખપૃષ્ઠ ઉપર) સાહિત્યની અધિષ્ઠાત્રી-જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી હોવાથી અહીં સરસ્વતીનું ચિત્ર અપ્રસ્તુત નથી. દેવીની સામે બેઠેલા પુરુષની પાઘડી સમકાલીન મોગલ અસરની છે. પશ્ચિમ ભારતીય શૈલીમાં બીજી આંખ જે મુખરેખાની સીમા બહાર અદ્ધર લટકતી બતાવે છે તે આ ચિત્રમાં સરસ્વતીના ચહેરામાં તેવી રીતે દેખાડી નથી. સરસ્વતીના મુખનો ઘાટ સમકાલીન કચ્છી નારીના મુખ પરથી લીધો ગણાય. સરસ્વતીના વાહનની આકૃતિ કંઈક હંસને મળતી છે, પણ પાછળનાં ટૂંકાં પીંછાંની રચના જોતાં કલાકારે કદાચ મોર-ઢેલ-ચીતરેલ હોય એમ માની શકાય. ઉત્તરાધ્યયન અને કલ્પસૂત્રનાં ચિત્રોમાં તો શરીરના વર્ણમાં તેમ જ વસ્ત્રોમાં ખૂબ જ સોનેરી રંગ પૂરેલો છે. અહીં સરસ્વતીના ચિત્રમાં પણ તેમ જ છે. વસ્ત્રો પર સફેદ, લાલ વગેરે રંગની ભાત છે. દેવીના એક જમણા હાથમાં પુસ્તક છે, બીજો જમણો હાથ વરદ મુદ્રાએ છે જ્યારે ડાબા બેઉ હાથોથી વીણા પકડેલી છે.

આ ચિત્રોની વિશિષ્ટતા એની ઘેરા નીલ વર્ણની પૃષ્ઠભૂમિમાં છે. એના પરની મનુષ્યાકૃતિઓના શરીરના તેમ જ વસ્ત્રોના સોનેરી વર્ણને ઉપસાવવા આકૃતિની આજુબાજુની થોડી ભૂમિને લાલ અથવા બીજા વર્ણની બનાવવામાં આવે છે.

હરિયાળી, પુષ્પ અને છોડવાવાળી જમીન સૂચવવા માટે વેલો, પુષ્પો, નાના છોડવાઓ ચારે તરફ આ પૃષ્ઠભૂમિ પર ચીતરે છે.

ચિત્રનું માપ તેની આજુબાજુની કિનારો સાથે ૮.૮×૧૦ સેં.મી. છે.

## ચિત્ર ૧૪ (પત્ર ૨અ)—અર્ધનારીશ્વર-પાર્વતીપરમેશ્વર

કાલિદાસના वागर्थाविवसंपृक्तौ वागर्थप्रतिपत्तये । जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ॥ એ શ્લોકને ધ્યાનમાં રાખી કલાકારે અર્ધનારીશ્વરનું ચિત્ર અહીં રજૂ કર્યું છે. શિલ્પોમાં મળતી અર્ધનારીશ્વર પ્રતિમાઓ કરતાં સહેજ જુદી રીતે અહીં રજૂઆત કરી શિવ અને પાર્વતીનાં મુખ સન્મુખદર્શને ભેગા ના કરતાં, જુદી જુદી ઊલટ દિશા તરફનાં રાખી જોડયાં છે.

આ કચ્છી શૈલીમાં પ્રમાણમાં બહુ થોડા રંગોનો ઉપયોગ છે—ઘેરો નીલ, લીલો, સોનેરી, લાલ, સફેદ, અને પીળો એ જ મુખ્ય છે. અણિયાળાં નાક તો છે જ, પણ આ ચિત્રમાં પાર્વતીની બીજી આંખ સૂચવતું સફેદ ટપકું પશ્ચિમ શૈલીની માફક મુખરેખાથી બહાર પણ છે. આ જોતાં, અને એક-ચશ્મ આકૃતિઓ પણ જોતાં આ ચિત્રોને દોઢ-ચશ્મ અને એક-ચશ્મ વચ્ચેના સંક્રાતિ કાળની ગણી શકાય. સૂક્ષ્મ રેખાંકન, અલંકારાદિનું ઝીણવટભર્યું ચિત્રણ અને તેની પ્રચુરતા પણ નોંધપાત્ર છે. પશુઓની આકૃતિ પણ સજીવ, શક્તિયુકત છે. ચિત્રનું માપ તેની આજુબાજુની કિનારો સાથે ૮.૮×૧૦ સેં.મી. છે.

આમ કુમારસંભવની સચિત્ર ચાર પ્રત જડી છે તે તથા મેઘદૂતની સચિત્ર પ્રત મળવાથી આપણે અનુમાન બાંધી શકીએ કે કાલિદાસ અને તેના જેવા સાહિત્યસ્વામીઓની કૃતિઓની ઘણી સચિત્ર પ્રતો થઈ હશે.

## શાકુન્તલના હિન્દી રૂપાંતરની પ્રત

'લલિતકલા'ના અંક ૧–૨, પૃ. ૪૬–૫૫ ઉપર, ડૉ. એડ્રીસ બૅનરજીએ ઈ. સ. ૧૭૮૯માં લખાયેલા, હિન્દી ભાષામાં રૂપાન્તરિત થયેલા, સુવિખ્યાત શાકુન્તલ નાટકની એક નકલની નોંધ લીધી છે. આ ઉપરથી એમ અનુમાન જરૂર બાંધી શકાય કે કાલિદાસના ગ્રન્થોને સચિત્ર બનાવવાની પ્રણાલિ ઘણા વખતથી હશે અને શાકુન્તલ જેવા નાટકોની પણ સચિત્ર નકલો થઈ હશે.

શાકુન્તલના હિંદી રૂપાન્તરની આ પ્રતિ નેશનલ મ્યૂઝિયમમાં છે. આ લેખના લેખક શ્રી એડ્રીસ બૅનરજીએ નોંધ્યું છે કે શ્રી. એન. સી. મહેતાના સંગ્રહમાં પણ કાંગડા કલમનાં ચિત્રો છે. પણ એ કાલિદાસના કયા ગ્રન્થના છે તે સ્પષ્ટ કર્યું નથી.

આ ઉપરાંત ડૉ. સ્ટેલા ક્રૅમરિશે, ધ આર્ટ ઑફ ઇન્ડિયામાં (ચિત્ર ૨૬ તરીકે) પહાડી કલમના કુમારસંભવના એક ચિત્રની નોંધ લીધી છે.

# ગ્રન્થાવલોકન

**કવિ અને કવિતા :** સં. હરીન્દ્ર દવે; પ્રકાશક : સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ. મુંબઈ–૧૪. પૃ. ૨૫૩; મૂલ્ય : બાર રૂપિયા

કાવ્યસમૃદ્ધિ અને કાવ્યસમુચ્ચયના દિવસો હવે આથમી ગયા છે અને કાવ્યના આસ્વાદની હવે ઉષા ઉગી છે, એમ છેલ્લા દાયકાની છૂટીછવાઈ આ પ્રકારની પ્રવૃત્તિઓ પરથી સહેજે અનુમાન થઈ શકે છે. આ પ્રકારની પ્રવૃત્તિ માટે થોડાં વર્ષો પહેલાં 'વિશ્વમાનવ' માસિકે કરેલી પહેલ કેટલેક અંશે આશાસ્પદ નીવડી હતી. એ લાંબો સમય ટકી નહીં એ તો ઠીક પરંતુ એમાં—કદી કદી—આસ્વાદનકારના અંગત દૃષ્ટિબિન્દુનું વધુ પડતું આરોપણ મોટા ભાગના ભાવકોનાં ચિત્ત પર એક પ્રકારનું જાણે અતિક્રમણ કરતું હોય એમ જણાઈ આવતું.

ત્યાર પછી કેટલાંક દૈનિક વર્તમાનપત્રોના માધ્યમ દ્વારા આ પ્રવૃત્તિએ આગેકૂચ કરી એમ બેલાશક કહી શકાય. એની સારીનરસી બન્ને પ્રકારની અસર વિષેની ચર્ચા અત્રે અપ્રસ્તુત છે પરંતુ એટલું તો ચોક્કસ છે કે કવિતારસિક ભાવકોને સંતર્પવા ઉપરાંત સામાન્ય અધિકારી વાચકોને પણ કવિતાભિમુખ કરવાના પ્રયાસોને તેથી સારું એવું પોષણ મળતું રહ્યું છે.

સાથે સાથે પત્રકારત્વની કેટલીક અનિવાર્ય મર્યાદાઓને કારણે 'આસ્વાદ'નું સ્વરૂપ સતત એકધારું તદ્દન અણીશુદ્ધ રહેવા ન પામે એ સ્વાભાવિક છે. સાહિત્યિક પત્રકારત્વને મિષે કેટલાકે આ પ્રવૃત્તિને મુક્ત મનથી બિરદાવતાં ક્ષોભ અનુભવ્યો છે એ હકીકત છે. સાચો સર્જક તો એના પ્રભાવથી મુક્ત રહી શકે છે–ધારે તો !

આસ્વાદન–પ્રવૃત્તિને સર્જનપ્રક્રિયા સાથે કેવો અને કેટલો સંબંધ હોઈ શકે, વિવેચક સર્જક ખરો કે નહીં, ગુજરાતી સાહિત્યમાં કાવ્યવિવેચન માટે કોઈ સર્વમાન્ય નિશ્ચિત ધોરણ છે –હોઈ શકે કે નહીં ?...વગેરે જૂના પોપડાને ઉખેડીને ચર્ચાના ચોગાનમાં વેરવાથી આસ્વાદનો આનંદ મળવો દુર્લભ છે. ગોળ ગળ્યો લાગવો જોઈએ, એ કવિતા–વિવેચનનો મુખ્ય મુદ્દો રસિક વિદ્વાનો રખે ભૂલે !

'કવિ અને કવિતા'ના સંપાદક-સમાલોચક શ્રી હરીન્દ્ર દવેની પ્રતિભા બહુમુખી છે. તેઓ કવિ, નવલકથાકાર અને વિવેચક પણ છે. 'જન્મભૂમિ-પ્રવાસી'માં તેમણે આસ્વાદશ્રેણી શરૂ કરી હતી. "દર રવિવારે લખાતાં આ લખાણોમાં પરંપરાગત અર્થમાં જેને વિવેચન કે આસ્વાદ કહે છે એ નથી."—શ્રી દવેના આ વિધાનમાં નરી વિનમ્રતા છે. આ ગ્રન્થમાં શ્રી દવેની કારયિત્રી અને ભાવયિત્રી બન્ને પ્રકારની પ્રતિભા સમ્યક્ સમન્વિત રૂપે કાર્યશીલ હોવાથી કાવ્ય અને વિવરણના પ્રવાહો અન્યોન્યમાં અનુસ્યૂત રહીને વહેતાં હોય છે. પત્રકારત્વની મર્યાદાઓને વટાવીને તેઓ નિરપેક્ષ ન્યાયબુદ્ધિથી પોતાની ફરજ બજાવવામાં મહદંશે સફળ થયા છે. તેમણે સભાનપણે કે અભાનપણે દૃષ્ટિ સમક્ષ રાખેલી સમાજાભિમુખતાને લીધે, તેમનો આ પ્રયાસ માત્ર કવિઓની સર્જકપ્રક્રિયા સમજવા-સમજાવવા પૂરતો જ મર્યાદિત રહ્યો નથી પરંતુ તે દ્વારા અને તે ઉપરાંત

કવિહૃદય અથવા કવિની કવિતા અને ભાવકની સંવિત્તિ સાથે સંબંધસેતુ રચી આપવામાં પણ કેટલેક અંશે સહાયભૂત થઈ રહ્યો છે. તે પણ પ્રમાણભાન સાચવીને—વાચકની વિચાર-શક્તિની સ્વતંત્રતાને છિનવીને નહીં. પોતાનું વિવેચન કાવ્યના હાર્દને કચડી ન નાખે, એના સૌન્દર્યને નંદવી ન નાખે અને સરવાળે ભાવકના ચિત્ત પર મૂળ કવિતાને બદલે તેનું વિવેચન જ કબજો જમાવી ન બેસે...એટલી જાગરુકતા હરીન્દ્રની આસ્વાદપ્રવૃત્તિમાં છે. તેથી જ આ નાના નાના આસ્વાદ લેખો કેવળ વિચારવિસ્તાર કરતી ગદ્યકંડિકાઓ જેવા લાગતા નથી પરંતુ પોતે સહૃદય બનીને પસંદગીની કવિતાને માણતાં જે ભાવો–પ્રતિભાવો અનુભવ્યા તેને સાહજિક ઉદ્‌ગાર રૂપે વ્યક્ત કરેલા છે. એ અભિવ્યક્તિમાં પણ કલા છે, પદ્યપ્રવાહિતા છે અને તેથી જ તે અન્ય ભાવકો માટે, કાવ્યકૃતિઓ જેટલા જ, આસ્વાદ્ય બન્યા છે.

"કવિ અને કવિતા"ની આ આંખે તરી આવતી લાક્ષણિકતા તરફ આંગળી ચીંધવાની જરૂર એટલા માટે પડી કે ઘણી વાર એવું જોવા મળે છે કે, આસ્વાદક આસ્વાદ્ય કૃતિને વિસારીને કાવ્યતત્ત્વને લગતા સિદ્ધાન્તો, નવા પ્રવાહો અને પોતાના અભિગ્રહિત અભિગમ વિષે વૈદગ્ધ્યપૂર્ણ–કદી થોડાક જ વાચકો સમજી શકે એવું–પિષ્ટપેષણ કરતો હોય છે. કેટલીક વાર તો નરસિંહ, મીરાં, દયારામ કે વેણીભાઈ યા મકરંદ જેવાની અધ્યાત્મકૃતિને મૂલવવા તે કાફકા કામુ કે જેનિંગ્ઝ મિલર વગેરેથી ઉપક્રમ કરતા હોય છે...અથવા તો પ્રસ્તુત કૃતિમાં કવિએ જે કહ્યું છે તેની વાત કરવાને બદલે જે નથી કહ્યું તેની વાત કરીને કૃતિનો કે કવિનો દોષ દર્શાવતા હોય છે! પરિણામે રસાસ્વાદના રૂપાળા નામે ઓળખાતી આ પ્રવૃત્તિમાં—એક વિદ્વાને કહ્યું છે તેમ—શબ્દનાં ફોફાં જ ખંડાતાં હોય છે.

સદ્‌ભાગ્યે શ્રી હરીન્દ્ર દવે આ દોષથી મુક્ત છે. તેઓ ક્ષણ વાર પણ કૃતિના મધ્યસ્થ ભાવ-વિચારને કેન્દ્રમાંથી ખસેડ્યા સિવાય એનાં અંતસ્તત્ત્વ અને કાવ્યસૌન્દર્યનાં અંગો વિષે લાઘવ અને વિશદતાપૂર્વક વિવેચન કરતા હોય છે. આ આખી ય પ્રવૃત્તિ એવી સઘન અને સમગ્રતયા સુશ્લિષ્ટ લાગે છે કે એમાં–બેચાર અપવાદ સિવાય–પૃથક્કરણ કે વિશ્લેષણનો આભાસ સરખો પણ લાગતો નથી. જરૂર જણાય ત્યાં તેઓ જે તે કાવ્યચર્ચાના મુદ્દાના સમર્થનમાં કે અનુષંગમાં તે વિચાર ભાવ કે કથનને સમાંતર અન્ય (ગમે તે ભાષાના કવિઓની) પંક્તિ કે ઉક્તિનું અવતરણ કે તેનો સંદર્ભ, ઔચિત્ય જાળવીને, આપતા હોય છે, અને એ રીતે કાવ્યના રસાસ્વાદની સમજને કે ભાવગ્રહણને સંતર્પકતા આપે છે.

"કવિ અને કવિતા"ની સામગ્રી સમૃદ્ધ છે. શ્રી. દવેએ તેમાં પોતાની રુચિ અનુસાર પણ કલાદૃષ્ટિએ કાવ્યકક્ષાનું ઉચ્ચ ધોરણ મોટે ભાગે જળવાઈ રહે એવી લગભગ ૧૨૦ જેટલી કૃતિઓની પસંદગી કરીને સો જેટલા કવિઓનો સમાવેશ કર્યો છે. એનું વૈવિધ્ય અને એનો વ્યાપ આંખે ઊડીને બાઝે એવાં છે. શૈલી–સ્વરૂપની દૃષ્ટિએ લોકગીત, ભજન, પદ, સ્તોત્ર, ગઝલ, સૉનેટ, હાઈકુ ઉપરાંત અદ્યતન ગદ્યકાવ્યમાં ગણાતી અછાંદસ રચનાઓથી વિલક્ષણ બનેલા આ સંચયમાં લગભગ સર્વ કૃતિઓને એક સળંગ તારે સાંધી રાખનારું તત્ત્વ હોય તો તે ઊર્મિનું છે. બેત્રણ અપવાદ સિવાય આ સંપાદનને આપણાં ઊર્મિકાવ્યોના સંગ્રહ તરીકે ઓળખાવી શકાય—અલબત્ત 'ઊર્મિકાવ્ય'ને તેના રૂઢ ચોકઠામાં વ્યાખ્યાબદ્ધ કરવામાં ન આવે તો.

સંગ્રહની શોભારૂપ આ વૈવિધ્યનું બીજું પાસું પણ દાદ માગી લે તેવું છે. સિદ્ધહેમે અવતીર્ણ કરેલાં મુક્તકો ( ડૉ. ભાયાણી દ્વારા અનૂદિત ) અને નરસિંહ મીરાં રાજે...થી શરૂ કરી છેક છેલ્લા દાયકામાં નામાંકિત સામયિકોમાં ખ્યાતિ મેળવી રહેલા અદ્યતન ઉદિત કવિઓની કૃતિઓને સ્થાન આપવામાં સંપાદકે વિવેકશક્તિ કામે લગાડી છે. કેટલાક કવિઓના ૨-૩ કે ૪-૫ કાવ્યો લીધાં છે તેના બદલે પ્રેમાનંદ, ખબરદાર ઉપરાંત બીજા કેટલાક નામી કવિઓની એક એક કૃતિને સ્થાન આપી શકાયું હોત તો વધુ યોગ્ય થયું લેખાત.

૮૭ કૃતિઓ પછી સંપાદકે ઋગ્વેદ, હરિવંશ, સપ્તશતી, કાલિદાસ, ભવભૂતિ, ટાગોર, અરવિંદ, ઉમર ખય્યામ, ગાલિબ અને છેવટે વૉલ્ટ વ્હિટમેન, લેન્ડોર, રિલ્કે, એલિયટ, જેનિંગ્ઝ, કેથેલિન, ગોર્ડન, માયરોન ઓ'હિગિન્સ વગેરે વિદેશી કવિઓની ઉપરાંત ઈકબાલ, જિગર, બચ્ચન, જઝબી, ફૈઝ, અદમ, સૂરદાસ જેવા ઉર્દૂ અને હિંદી કવિઓની પ્રતિભાનો પણ–અનુવાદ દ્વારા–ભાવકોને પરિચય કરાવ્યો છે. મરાઠીમાં માત્ર આચાર્ય અત્રે અને ઈંદિરા સંતની જ કૃતિઓ કેમ પસંદ કરવામાં આવી હશે ? વળી છેવટની કૃતિઓમાં કોઈ ક્રમસંકલના જણાતી નથી. એ તો ઠીક. પણ ઋગ્વેદ, સપ્તશતી અને કાલિદાસ, ભવભૂતિની કૃતિઓને ગ્રન્થના આરંભમાં સ્થાન આપ્યું હોત તો વિશેષ ઔચિત્ય જળવાઈ રહેત. કદાચ એના અનુવાદકોને અનુલક્ષીને એ કૃતિઓ છેલ્લી મૂકવામાં આવી હશે !

સંપાદકની મિતાક્ષરી સમાલોચના પણ ગદ્યકાવ્ય જેવી પ્રવાહી અને પ્રસન્નગંભીર છે. તેઓ પ્રત્યેક કાવ્યના મૂળ શીર્ષકથી આગવું એવું પોતાની સમીક્ષાનોંધનું સૂચક શીર્ષક બાંધી આપે છે જે ભાવકને વિષયાભિમુખ કરી આપે છે. એમાં એમની કાવ્યપદાર્થને પકડવાની અને એના અંતર્ગત રસને ગ્રહણ કરવાની કવિસૂઝની પ્રતીતિ થાય છે. મુખ્યત્વે તેમાં ગુણાનુલક્ષી વિવેચન છે, પણ ગુણ અથવા ગુણ જેવું લાગે તો તેનું દર્શન કરાવવું એ શું વિવેચકનો ધર્મ નથી ? દોષ ના હોય ત્યાં દોષારોપણ કર્યા સિવાય, માત્ર કલાદૃષ્ટિથી જણાતા વાસ્તવ દોષ પ્રતિ નિષ્ઠાપૂર્વક નિર્દેશ કરવો એ પણ વિવેચકનો ધર્મ છે. હા, ગુણદોષ પારખવાની શુદ્ધ વિવેકબુદ્ધિ સહૃદયમાં જાગ્રત હોવી જોઈએ.

આ પ્રકારના ગ્રન્થોની આપણે ત્યાં ઊણપ છે ત્યારે ‘ કવિ અને કવિતા ’ જેવા આસ્વાદ–ગ્રન્થો વિશેષ સંખ્યામાં આપણને સમય સમય પર મળતાં રહે એ ભાવના સાથે હું ભાવક-સમુદાય તરફથી શ્રી હરીન્દ્ર દવેને હાર્દિક અભિનન્દન આપું છું.

**મહેન્દ્રકુમાર દેસાઈ (કુમાર)**

*　　*　　*

**સાહિત્યદર્શન–૨ :** પ્રકાશક : સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, અધિકૃત વિક્રેતા : બાલગોવિંદ બુકસેલર્સ, ગાંધી રોડ, અમદાવાદ : ૧. પૃ. ૩૨૦; મૂલ્ય : ૨૦=૦૦.

જ્ઞાનાનુભૂતિનું રહસ્ય અવગત કરાવવાની શુભ નિષ્ઠારૂપે આરંભાયેલી ‘ જ્ઞાનગંગોત્રી ગ્રંથ-શ્રેણી ’નું આ આઠમું પ્રકાશન છે. ‘ સાહિત્યદર્શન ૧ ’ના અનુસંધાનમાં આ ગ્રંથનો બીજો ખંડ

વિશ્વસાહિત્યનો પરિચય કરાવે છે. યુરોપ, અમેરિકા અને એશિયા ખંડોના મહાન દેશોનો સાહિત્યવારસો અહીં પ્રસ્તુત થયો છે. કલા અને સંસ્કાર ગમે તે પ્રદેશમાં ખીલતાં હોય તો ય, તેનો વારસો કોઈ એક પ્રદેશનો નથી, જગત સમસ્તનો છે, એ દૃષ્ટિએ જોતાં અહીં મેસોપોટેમિયા, પેરુ દેશ, મિસર, ચીન, જાપાન, ઈન્ડોનેશિયા, બ્રહ્મદેશ અને ગ્રીક તેમ જ રોમની સાહિત્ય-સંપત્તિ ગુજરાત-સુલભ બનાવવાનો પુરુષાર્થ પ્રશસ્તિ માંગે તેવો છે.

વિશ્વસાહિત્યનું દર્શન થતાં પૂર્વે ‘આદિ માનવની વાણી’, ‘આદિ લેખન અને સાહિત્ય’નાં ભાષાની ઉત્પત્તિ અને જગતનાં મહત્ત્વનાં ‘ભાષાકુળો’ ‘ભાષા : માનવ સંસ્કૃતિનો સાથી’ અને ‘શબ્દશક્તિ’ એ પાંચ લેખો વિશેષ ધ્યાન ખેંચે છે.

ભાષા માનવની શ્રેષ્ઠ નિર્મિતિ છે; મનુષ્યત્વનો એમાં અર્ક છે. એના વડે માનવનો અતીત ઉકેલવાનું વિશેષ શક્ય બન્યું છે. એ ભાષાનાં ઉત્પત્તિ-વિકાસ રસપ્રદ શૈલીમાં અહીં આલેખાયાં છે. વ્યવહારમાં વિચારવિનિમય, જ્ઞાનપ્રાપ્તિ આદિ હેતુમાંથી ઉપયોગમાં આવતું આ ભાષાકીય સાધન સાહિત્યનું ઉપાદાન બને છે, ત્યારે એનું આગવું રૂપ પ્રગટે છે, એ ‘શબ્દની શક્તિ’ લેખ સુપેરે સ્પષ્ટ કરી આપે છે. સ્થળ-કાળના સંદર્ભમાં વિભિન્નતા દાખવતી નિરનિરાળી ભાષાઓ પણ કેવો કુળગત સંબંધ સ્વીકારે છે, એની વાત ‘જગતનાં મહત્ત્વનાં ભાષાકુળો’ દ્વારા સમજાશે. આયોજનની દૃષ્ટિએ આ લેખો ‘સાહિત્યદર્શન ૧’માં સ્થાન પામ્યા હોત તો?

વિભિન્ન ખંડ અને દેશોના સાહિત્યનું દર્શન એક હાથે કરાવવું મુશ્કેલ છે. એથી ઝાઝા હાથ, એવા કાર્ય માટે કામે લગાડવા જ પડે, એ સ્વાભાવિક છે. આ સ્થિતિમાં આયોજનની દૃષ્ટિ સક્રિય રહે તો પરિણામ વિશેષ સંતર્પક બની આવે. અહીં ભાષાકીય લેખો માટે તજ્જ્ઞોની સહાય સુલભ થઈ છે. એ જ પ્રમાણે ‘અવસ્તા સાહિત્ય’, ‘ફારસી સાહિત્ય’, ‘અરબી સાહિત્ય’, ‘ગ્રીક-રોમન મહાકાવ્યો’, ‘ગ્રીક ટ્રેજેડી : સ્વરૂપ અને વિકાસ’, ‘રોમન નાટકો’ અને ‘મધ્યયુગીન વીરકાવ્યો’ પણ તે તે સાહિત્યના સંનિષ્ઠ અભ્યાસીઓ દ્વારા લખાયેલા અભ્યાસલેખો છે. પ્રાયઃ ઇતિહાસકાર અને ક્વચિત્ વિવેકની દૃષ્ટિ આ અભ્યાસલેખોમાં પ્રવર્તતી દેખાય છે. પૃથક્જનની સાહિત્ય પ્રત્યે અભિરુચિ થાય અને સમજશક્તિ વિકસે, એ ગ્રંથશ્રેણીનો પ્રધાન આશય હોવાથી લેખોમાં રહેલી આ દૃષ્ટિમાં ઔચિત્ય જોઈ શકાય. જે તે દેશના સાહિત્યનો પરિચય કરાવતાં તે તે દેશની ભૌગોલિક પરિસીમા, સાંસ્કૃતિક મહત્ત્વ, સ્તબકવાર સાહિત્યસ્રોતનું મિતાક્ષરી અવલોકન અને અંતે તે તે દેશની સાહિત્યસામગ્રીનું નૈવેદ્ય આપવાનો ઉપક્રમ પ્રાયઃ સ્વીકારાયો છે. એમાં પ્રાગૈતિહાસિક કે પૌરાણિક કાળનું સાહિત્ય અવલોકતાં ક્યારેક કેટલાક લેખોમાં કૃતિના અવલોકનમાં આધુનિક માનસ સાથે કેવુંક અનુસંધાન તે તે કૃતિની ભાવસૃષ્ટિ સાધે છે, એ યોગ્ય રીતે બતાવાયું છે; ક્યાંક વિદેશીય સાહિત્યનો ભારતીય સાહિત્ય સાથે સંબંધ પ્રસ્થાપિત કરે એવાં કલ્પનાસામ્યો તરફ અંગુલિનિર્દેશ પણ થયો છે.

સ્થળ-કાળના સંદર્ભમાં પાર્થક્ય બતાવતો માનવ કલા-સંસ્કાર અને સાહિત્ય દૃષ્ટિએ વિસ્મયકારક ઐક્ય દાખવે છે, એની સદ્ય પ્રતીતિ ‘સાહિત્યદર્શન ૨’ કરાવે છે.

સુભાષ મ. દવે

* * *

**ઢોલામારુરા દુહામેં કાવ્ય–સૌષ્ઠવ, સંસ્કૃતિ એવં ઇતિહાસ :** લે. ડૉ. ભગવતીલાલ શર્મા; પ્ર. અર્ચના પ્રકાશન, જયપુર, રાજસ્થાન; પ્રથમ આવૃત્તિ, પૃ. ૪૦૨; મૂલ્ય રૂ. ૨૫–૦૦.

પ્રસ્તુત પુસ્તક ડૉ. ભગવતીલાલ શર્મા દ્વારા અનુસંધિત અને સરદાર પટેલ વિશ્વ-વિદ્યાલય દ્વારા સ્વીકૃત હિન્દી શોધ-પ્રબંધનું મુદ્રિત રૂપ છે. ૪૦૨ પાનાંનો આ દળદાર ગ્રન્થ તેના આકાર-પ્રકારની દૃષ્ટિએ બૃહદ્કાય દેખાય છે.

શોધ-પ્રબંધના સમગ્ર વિષય-વસ્તુને લેખકે નવ પરિચ્છેદોમાં વિભાજિત કર્યો છે.

પ્રથમ પરિચ્છેદ શોધ-પ્રબંધની પૂર્વપીઠિકારૂપે પ્રસ્તુત કરવામાં આવ્યો છે. આલોચ્ય કાવ્યનો સામાન્ય પરિચય આપતાં લેખકે ગ્રન્થનાં શીર્ષક અને નામકરણની વ્યુત્પત્તિમૂલક વ્યાખ્યા કરીને તેનાં વિવિધ રૂપો પર વિચાર કર્યો છે. કેટલીક હસ્તલિખિત પ્રતો તથા વજ્જદામનના શિલાલેખને આધારે પ્રસ્તુત કાવ્યગ્રન્થનો રચનાકાળ-વિષયક અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે, તેમાં નાયક ઢોલાનો જન્મ વિ. સં. ૯૧૫ માનવામાં આવ્યો છે.

દ્વિતીય પરિચ્છેદમાં આલોચ્ય કૃતિના બે પક્ષો પર સવિસ્તર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સર્વ પ્રથમ તેના વસ્તુગુંફન તથા તેના ક્રમિક વિકાસ પર લેખકે શાસ્ત્રીય દૃષ્ટિએ વિચાર કર્યો છે. પછીથી, કાવ્યગત લૌકિક તથા અલૌકિક પાત્રોનું તેમની પ્રમુખ વ્યક્તિગત તથા સામૂહિક વિશેષતાઓ આલેખી વર્ગીકરણ પ્રસ્તુત કર્યું છે.

તૃતીય પરિચ્છેદમાં 'ઢોલામારુ'ના કાવ્ય-સ્વરૂપ પર વિશદ વિવેચન કર્યું છે. તેમાં લેખકે કાવ્યનાં પ્રબંધ, મુક્તક તથા લોકકાવ્ય જેવાં ત્રિવિધ રૂપો ઉપર શાસ્ત્રીય ચર્ચા કરતાં પોતાનો સ્વતંત્ર મત વ્યક્ત કર્યો છે. 'ઢોલામારુ'ની કથાના વિકાસરેખાનાં સોપાનો રજૂ કરી તે વિકાસશીલ કાવ્ય છે કે ક્ષેપક તે પર લેખકે પોતાનો ચિંતનપૂર્ણ અભ્યાસ રજૂ કરી પરિચ્છેદના અંતમાં 'ઢોલામારુ'ને ક્ષેપક કાવ્ય સિદ્ધ કર્યું છે.

શોધ-પ્રબંધનો ચતુર્થ પરિચ્છેદ આલોચ્ય કાવ્યનો અનુભૂતિ પક્ષ રજૂ કરે છે. આ એક શ્રૃંગાર-રસ-પ્રધાન કાવ્યરચના છે. ઢોલા, મારુ તથા માલવણીના પારસ્પરિક પ્રેમ-વ્યાપારો દ્વારા શ્રૃંગાર રસ આસ્વાદ્ય બન્યો છે. શ્રૃંગારની સાથે સાથે વીર, કરુણ, રૌદ્ર વગેરે રસોની પણ યથાપ્રસંગ છણાવટ કરવામાં આવી છે. હાસ્ય તથા અદ્ભુત રસની ઊણપ પાઠકને જણાય છે. સંયોગ શ્રૃંગાર કરતાં વિપ્રયોગ શ્રૃંગારનું નિરૂપણ કવિનું પ્રધાન લક્ષ્ય છે. કવિએ વિયોગ શ્રૃંગારની સમસ્ત અવસ્થાઓનું ચિત્રણ કુશળતાપૂર્વક કર્યું છે. શોધકે ઉપર્યુક્ત બધા રસોની ઝીણવટભરી શાસ્ત્રીય સમીક્ષા કરવા પ્રયત્ન કર્યો છે. રસના ચારે અવયવો-સ્થાયીભાવ, વિભાવ, અનુભાવ તથા વિભિન્ન સંચારીઓનો તલસ્પર્શી અભ્યાસ રજૂ કરીને લેખકે પોતાની સૂઝબૂઝ અને શાસ્ત્રીય જ્ઞાનની પ્રતીતિ કરાવી છે. મારવણી (મારુ) તથા માલવણીની પ્રેમાભિવ્યંજક અનુભૂતિઓનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં લેખકે નાયિકાભેદ પર પણ થોડો વિચાર કર્યો છે. લેખકના મત પ્રમાણે મારવણી મુગ્ધા અને જ્ઞાતયૌવના નાયિકા છે. જ્યારે માલવણી ઉદિત યૌવના, નવોઢા તથા મુગ્ધા નાયિકા છે. બંને સ્વકીયા નાયિકાઓ છે. આમ શ્રૃંગાર રસના સર્જનની સાથે સાથે પરંપરાનો

નિર્વાહ કરવા કવિએ જે નાયિકાભેદનું સર્જન કાવ્યકૃતિમાં કર્યું છે તેનો પણ આછો ખ્યાલ શોધકે આપ્યો છે.

શોધ-પ્રબંધનો પાંચમો પરિચ્છેદ અભિવ્યક્તિ-પક્ષ સંબંધી છે. ચતુર્થ પરિચ્છેદમાં જેમ ભાવપક્ષનું સાંગોપાંગ ચિત્રણ રજૂ કરવામાં આવ્યું છે તેવી જ રીતે પંચમ પરિચ્છેદમાં કાવ્ય-કૃતિના કલાપક્ષ પર સમ્યક્ અધ્યયન પ્રસ્તુત થયું છે. અનુભૂતિ કાવ્યનો પ્રાણ છે એ વાત સાચી પણ તેનું શિલ્પગત મહત્ત્વ પણ અનેરું છે. 'ઢોલા મારુ'ની ભાષા પર વિદ્વાનોમાં મતવૈભિન્ય પ્રવર્તે છે. કેટલાક તેને ઉત્તરકાલીન અપભ્રંશ, જૂની હિન્દી, જૂની ગુજરાતી, મારુ ગુર્જર, માધ્યમિક રાજસ્થાની અથવા ડિંગલ ભાષાનો ગ્રન્થ માને છે. શોધક તેને મરુ ભાષા અથવા મધ્યકાલીન રાજસ્થાની ભાષાનો ગ્રન્થ માને છે. ભાષાની સાથે સાથે કાવ્યાભિવ્યક્તિનાં વિવિધ રૂપો પર બારીક અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે. વર્ણ, શબ્દ, શક્તિઓ, કાવ્યગુણ, રૂઢિપ્રયોગ, વિવિધ શૈલીઓ, અલંકાર, છંદ, સંવાદયોજના, પ્રકૃતિ-ચિત્રણ, કાવ્યરૂઢિઓ, પ્રતીકવિધાન, કાવ્યદોષ વગેરે કલાગત વિવિધ રૂપોનો લેખકે ઝીણવટભર્યો અભ્યાસ રજૂ કરી પોતાના પાંડિત્યનું પ્રદર્શન કર્યું છે. સાથે સાથે તેમની તટસ્થ અને બારીક શોધ-દષ્ટિનો પણ સાચો ખ્યાલ પાઠકને આવી શકે છે.

છઠ્ઠા પરિચ્છેદમાં લેખકે રાજસ્થાની સાહિત્યની વિશેષ કરીને લોકગીતોની પરંપરા નિર્દિષ્ટ કરતાં 'ઢોલામારુ'ના પ્રેમાખ્યાનનો અન્ય પ્રેમાખ્યાનક લોકકથાઓ પર કેટલો અને કેવો પ્રભાવ પડ્યો છે તેના પર વિચાર કર્યો છે. વિભિન્ન પ્રેમાખ્યાનમૂલક રચનાઓનો સંક્ષિપ્ત પરિચય કરાવી તેમના ઉપર, શીર્ષક, કથાનક, પાત્ર, ભાષા, શૈલી, છંદ, અલંકાર તથા નખશિખ વર્ણન વગેરે ભાવપક્ષ તથા કલાપક્ષનાં વિવિધ પાસાંઓ ઉપર 'ઢોલામારુ'ની પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ અસરનો ત્રીસ મુદ્દાઓ દ્વારા નિર્ણયાત્મક અભ્યાસ રજૂ કરતાં લેખકે જણાવ્યું છે કે 'ઢોલામારુ'ના કેટલાય દોહાઓ પોતાના મૂળ રૂપમાં જ અન્ય પ્રેમકથાઓમાં ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. 'ઢોલામારુ'ની પ્રેમકથા તે સમયમાં એટલી બધી લોકચાહના મેળવી ચૂકી હતી કે તે રાજસ્થાનમાં જ નહિ વ્રજપ્રદેશ, પંજાબ, હરિયાણા, છત્તીસગઢ, ભોજપુર વગેરે પ્રદેશોમાં તેનાં વિભિન્ન પ્રાદેશિક રૂપોમાં વિસ્તરી.

સાતમા પરિચ્છેદમાં શોધકે 'ઢોલામારુ'ના સાંસ્કૃતિક પક્ષ પર વિચાર કર્યો છે. સંસ્કૃતિનાં સમસ્ત અંગો પર શોધકે વિશદ વર્ણન કર્યું છે અને તેમ કરતાં કાવ્યકૃતિમાં વર્ણિત ધર્મ, દર્શન, કલા, વિજ્ઞાન વગેરે સંબંધી કવિના વિચારોનું તેમણે વિહંગાવલોકન કરાવ્યું છે. અંતમાં લેખકે જણાવ્યું છે કે સાંસ્કૃતિક દષ્ટિએ જોતાં આ એક ઘણું જ સમ્પન્ન કાવ્ય ગણાય. સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓનું કવિએ માત્ર પરિગણન નથી કરાવ્યું. સંક્ષિપ્ત છતાં સંશ્લિષ્ટ શૈલીમાં તત્યુગીન સમાજનું તાદશ ચિત્ર તેમણે નિરૂપિત કર્યું છે, તેથી તો તે જાતીય કાવ્ય બન્યું છે.

અષ્ટમ પરિચ્છેદમાં શોધકે 'ઢોલામારુ'ના ઐતિહાસિક પક્ષ પર વિચાર કર્યો છે. સાહિત્ય અને ઇતિહાસનો અન્યોન્યાશ્રિત સંબંધ પુરાણો છે. 'ઢોલામારુ'ની કથા તેના મૂળરૂપમાં ઇતિહાસ-પુષ્ટ હોવા છતાં કથા વસ્તુના સંગુંફન તથા ક્રમિક વિકાસમાં કવિ-કલ્પના પ્રચુર

માત્રામાં જોવા મળે છે. કાવ્યનો નાયક ઢોલા છે જેનું મૂળ નામ બીકાનેર સ્થિત પ્રાચીન રાજ-વંશોની પ્રતિઓ પ્રમાણે 'સાલ્હકુમાર' મનાય છે. 'ઢોલા' પ્રિયવાચક શબ્દ છે, ભલે તે માતૃવાત્સલ્ય કે મારવણી દ્વારા ઉચ્ચરિત માધુર્યનું પ્રતીક હોય. ગમે તેમ પણ 'ઢોલા' એક ઐતિહાસિક પુરુષ અવશ્ય રહ્યો છે. કાવ્યની નાયિકા 'મારવણી' અથવા 'મારુ' છે. 'માલવણી' નાયક 'ઢોલા'ની દ્વિતીય પત્ની છે. 'ઢોલામારુ' મૂલતઃ લોકોન્મુખી કાવ્ય છે. તેથી ઇતિહાસ કરતાં કલ્પના એ જ કાવ્યનો પ્રાણ હોઈ શકે. લોકોન્મુખી કાવ્યોમાં ઐતિહાસિક મૂલ્યોનું અવમૂલ્યન થઈ જતું હોય છે. 'ઢોલામારુ'ની કથાવસ્તુમાં આ તથ્ય સ્પષ્ટ રૂપે જોવા મળે છે. ડૉ. મોતીલાલ મૈનારીઆના શબ્દોથાં કહીએ તો "ઢોલા નામનો કોઈ રાજા થયો હોય કે ના થયો હોય. મારવણી તેની રાણી રહી હોય કે નહિ પણ કાવ્ય દ્વારા વર્ણિત વાર્તા અમર છે. કહાનીનું આકર્ષણ તેની ઐતિહાસિક કથાવસ્તુ પર નહિ પણ તેની ભાવસરસતા અને માર્મિકતા પર આધારિત છે." શોધકે પણ શ્રી મૈનારીઆજી સાથે સ્વર મેળવતાં આ જ પ્રમાણેનો પોતાનો નિર્ણય વ્યક્ત કર્યો છે.

અંતિમ નવમ પરિચ્છેદમાં શોધકે સમગ્ર શોધપરક ઉપલબ્ધિઓનો ઉપસંહાર રજૂ કર્યો છે. પ્રારંભમાં તેમણે ઢોલમારુનું રાજસ્થાની તથા હિંન્દી ભાષામાં સ્થાન નિર્ધારિત કરતાં કહ્યું છે કે ખરેખર 'ઢોલામારુ' ઉત્તરકાલીન અપભ્રંશ તથા પ્રારંભિક રાજસ્થાનીના સંધિકાળની એક સશકત રચના છે તેથી ભાષાકીય વિકાસ સંબંધી અનેક ભાષાવૈજ્ઞાનિક સમસ્યાઓનું સમાધાન આ કૃતિ દ્વારા થઈ શકે તેમ છે. રાજસ્થાની સાહિત્યમાં જે સુદીર્ઘ પ્રેમાખ્યાન પરંપરા જોવા મળે છે તેનું પ્રવર્તન આ કાવ્ય દ્વારા થયું છે. તેથી આ કૃતિને રાજસ્થાની શ્રૃંગાર કાવ્યોના આકાશદીપનું વ્હાલસોયું ઉપનામ મળ્યું છે. 'ઢોલામારુ'ની લોકપ્રિયતા અદ્વિતીય છે. 'ઢોલા' અને 'મારુ'ના દાંપત્ય-પ્રેમનો પવિત્ર સંદેશ લોકગીતાત્મક સાહિત્ય દ્વારા જ નહિ પરંતુ રાજસ્થાની ચિત્રકલા તથા મૂર્તિકલા દ્વારા પણ વ્યકત થયો અને અમરતાને વર્યો.

સાચે જ આ શોધ-પ્રબંધ પરિશ્રમ-સાધ્ય રહ્યો છે. સમગ્ર શોધ-પ્રબંધમાં સર્વત્ર તટસ્થતા અને વાસ્તવિક શોધ-પરક દષ્ટિનું દર્શન થાય છે. ડૉ. ભગવતીલાલ શર્મા ખરેખર ધન્યવાદને પાત્ર છે. તેમના દ્વારા ભવિષ્યમાં આવું વધુ શોધ-કાર્ય થાય એ જ અભિલાષા. અંતમાં ડૉ. ભોગીલાલ સાંડેસરાના શબ્દોમાં આ શોધ-પ્રબંધનું મૂલ્યાંકન કરતાં કહેવું જોઈએ કે—

"This thesis is a painstaking work. It is a very good piece of research in Maru Gurjar literature."

**રમણભાઈ તલાટી**

* * *

**દયારામ ; એક અધ્યયન :** લેખક—ડૉ. સુભાષ મ. દવે; પ્રકાશક : અનડા બુક ડેપો, અમદાવાદ; પૃ. ૨૯૫, મૂલ્ય રૂ. ૮=૦૦.

ડૉ. સુભાષ મ. દવેકૃત 'દયારામ: એક અધ્યયન'ને આવકારતાં આનંદ થાય છે. આ 'કવિ દયારામ : એક અધ્યયન' એ શીર્ષક હેઠળ, કર્તાએ મ. સ. યુનિવસિટી, વડોદરામાં

પીએચ.ડી.ની ઉપાધિ માટે રજૂ કરેલો બૃહન્નિબંધ સંક્ષેપ સ્વરૂપે પ્રગટ થયો છે. ડૉ. દવેએ આખોયે સ્વાધ્વાય બાર પ્રકરણમાં આ પ્રમાણે વહેંચ્યો છે : (૧) દયારામની અક્ષરસાધનાની પૃષ્ઠભૂમિ, (૨) જીવનચરિત્રઅભ્યાસ–સાધનસામગ્રી, (૩) કવિજીવન, (૪) દાર્શનિક કૃતિઓ, (૫) દયારામનું તત્ત્વદર્શન, (૬) નામસંકીર્તનાત્મક અને ઉપદેશાત્મક કૃતિઓ, (૭) આખ્યાન અને પદમાળા, (૮) અનૂદિત કૃતિઓ, (૯) પદ, ગરબી, ગરબો, (૧૦) ગદ્યકૃતિઓ, (૧૧) પ્રકીર્ણ કૃતિઓ, (૧૨) ઉપસંહાર.

સમગ્ર સંશોધનકૃતિમાં, અભ્યાસનું ઊંડાણ અને ઝીણવટ વરતાય છે અને કવિજીવન, દયારામનું તત્ત્વદર્શન અને દયારામના કવિ તેમ જ સાહિત્યકાર તરીકેના પ્રદાનની ચર્ચા-સમીક્ષામાં ડૉ. દવેએ વિષયને વિદ્વત્તાની ઉચ્ચ કોટિએ લઈ જવામાં સારી શક્તિઓ દર્શાવી છે. બૃહન્નિબંધનો વિષય સંશોધનક્ષમ હોવો જોઈએ અને વિષયને બૃહન્નિબંધને યોગ્ય એવી સંશોધનની ઉચ્ચ કક્ષાએ લઈ જવો એ તેથી ય મહત્ત્વની બાબત છે. ડૉ. દવેએ વિષયને ક્રમબદ્ધ રીતે વિકસાવી, દયારામના આંતર-બાહ્ય વ્યક્તિત્વને ઉપસાવી, કવિના જીવનનાં સર્વ પાસાંની ઔચિત્યભરી રીતે છણાવટ કરી છે.

આપણા પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યમાં ભાલણ અને પ્રેમાનંદ જેવા કવિઓ અને નરસિંહ, મીરાં, કેશવદાસ, રાજે અને દયારામ જેવા ભકતકવિઓની પરંપરા વિકસી છે. તેમાં દયારામ જેવા ભક્તકવિનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો સમર્પણભાવ, દાસ્યભાવ, ગોપીભાવ અત્યંત રહસ્યમય છે. બધા ભકતકવિઓ પોતાના સમગ્ર ચેતનતંત્રને પરમાત્મમાં લીન કરી જે સમાધિ અનુભવે છે તેવી જ તલ્લીનતા અને સમાધિ દયારામે અનુભવી હોવી જોઈએ. બધા ભકતકવિઓની કૃતિઓનો, ઉપર્યુકત રહસ્યમય અનુભૂતિને કેન્દ્રમાં રાખી, અભ્યાસ કરવાનું એક કવિમિત્રે સૂચન કરેલું તે આ અર્થમાં સાર્થક છે, દયારામને ભકત તરીકે નહિ, પણ ભકિતના કૃત્રિમ આડંબરમાં છૂપાયેલા પ્રણયમૂર્તિ અને ઊર્મિગાન ગાનારા કવિવર તરીકે પીછાનવા સ્વ. શ્રી. ક. મા. મુનશીએ કરેલા વિધાનનું ડૉ. દવેએ સારા પુરાવા આપી નિરસન કર્યું છે. પણ શ્રી. ઉમાશંકર જોશીએ ‘ત્રીસ પછીની કવિતાઃ ભાવપ્રતીકોનો પ્રશ્ન’ (‘શૈલી અને સ્વરૂપ’, પૃ. ૨૧૧–૨૪૪) એ લેખમાં દયારામે યોજેલાં રાધા–કૃષ્ણનાં ભાવપ્રતીકોનો કરેલો ઉલ્લેખ ખાસ નોંધપાત્ર છે. પરંપરાથી ચાલ્યાં આવતાં આ પ્રતીકો દ્વારા દયારામે પોતાનો કાવ્યપ્રવાહ વહેવડાવ્યો; રાધા-કૃષ્ણ સિવાયનાં પણ અન્ય સુલભ ભાવપ્રતીક મળ્યાં હોત તોપણ તે દ્વારા દયારામ પોતાની મૌલિક કવિતા વહાવત. અર્વાચીનોમાં કવિશ્રી ન્હાનાલાલે અને શ્રી. સુન્દરમે પણ રાધા-કૃષ્ણનાં ભાવપ્રતીકોને ઘણી આસાનીથી પ્રયોજ્યાં છે.

ભરૂચ જિલ્લાના કેરવાડાના મોલેસલામ ગરાસિયા કવિ રાજે ઉચ્ચ કક્ષાના ભક્ત કવિ દયારામના પુરોગામી હતા અને રાજેનાં કૃષ્ણભક્તિનાં કેટલાંક પદ નરસિંહ અને મીરાંનાં પદની કોટિનાં છે. રાજેનાં પદની દયારામની કેટલીક ગરબીઓ પર અસર થયેલી છે. એટલે ડૉ. દવે આ કૃતિની બીજી આવૃત્તિ વખતે ‘રાજેનું દયારામ પર ઋણ’ એના વિષે પોતાનો અભ્યાસ એમાં અન્તર્ગત કરશે તે ઇષ્ટ ગણાશે. ઉપયોગમાં લીધેલા ગ્રન્થોની સન્દર્ભસૂચિ (જે કોઈ પણ સંશોધન કૃતિનું મહત્ત્વનું અંગ છે) કૃતિની બીજી આવૃત્તિ વખતે કર્તા આપશે એમ આપણે ઇચ્છીએ.

આવી વિદ્વત્તાસભર સંશોધનકૃતિ આપવા બદલ ડૉ. દવે ધન્યવાદને પાત્ર છે. આશા છે કે વિદ્વાનો, વિદ્યાર્થીઓ અને સંશોધકોને આ કૃતિનું પ્રકાશન ઉપયોગી થઈ પડશે.

**સોમાભાઈ ધૂ. પારેખ**

* * *

**મંગળયાત્રા :** [ સદ્‌ગત ડોલરરાય ર. માંકડ સ્મૃતિગ્રંથ ] ગંગાજળા પ્રકાશન, અલિયાબાડા, જિ. જામનગર, પૃ. ૧૬૮, મૂલ્ય : રૂ. ૧૧–૦૦

આ ૨૯મી ઑગષ્ટે પૂ. માંકડ સાહેબના દેહવિલયને એક વર્ષ પૂરું થયું તે નિમિત્તે આ સ્મૃતિગ્રંથ પ્રકટ કરવામાં આવ્યો છે. એમના બહુમુખા વ્યક્તિત્વનાં બધાં પાસાંને આવરી લેવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે. રાજપુરુષો, વિદ્વાનો, સંબંધીઓ તથા સ્વજનોએ એમના જીવનનાં તે તે પાસાંઓનું સ્મરણ કરીને શ્રદ્ધાંજલિ અર્પી છે. આ ગ્રન્થમાં એમના નિરાડંબરી પ્રતિભાશાળી વ્યકિતત્વની છાપ ઊપસી આવે છે. સ્વજનોની અંજલિઓ હૃદયસ્પર્શી છે.

આ સ્મૃતિગ્રન્થને જીવનયાત્રા, સાહિત્યસેવા, શિક્ષણસાધના, સંશોધનનિષ્ઠા, શ્રેયાર્થી-સાધક, સ્મરણાંજલિ અને શ્રદ્ધાંજલિ એવા વિભાગોમાં વહેંચી નાખ્યો છે. એમાંના કેટલાક લેખો આગળ પ્રકટ થયેલા તેનું જ પુનર્મુદ્રણ કરવામાં આવ્યું છે. બાકીના લેખો આ પ્રસંગને અનુલક્ષીને જ લખાયા છે.

જીવનયાત્રા ખંડમાં પ્રો. ભવાનીશંકર વ્યાસની અંજલિ તથા શિરીષભાઈ માંકડનો અન્તિમ વિદાયનું આલેખન કરતો હૃદયસ્પર્શી લેખ ખાસ ધ્યાન ખેંચે છે. એમાં એમના જીવનમાં પુત્રવિયોગના તથા અન્ય આઘાતો આવ્યા તે એમણે જે ધૈર્યથી અને તત્ત્વસમાધાનથી ઝીલ્યા તેનું પણ વર્ણન થયેલું છે. સંવેદનાને બુદ્ધિથી કેળવવી, સંયત રાખવી એ એમની જીવનરીતિ હતી. ગીતામાંથી એમણે બુદ્ધિયોગનો મહિમા ઉપસાવ્યો છે. તેની પાછળ પણ એમની આ જ દૃષ્ટિ કામ કરતી દેખાય છે. માનવતાસભર હૃદય હોવાને કારણે અનુકમ્પાશીલ ખરા, તેથી જ દુષ્ટની દુષ્ટતાને પણ દંશ વિના માફ કરી દેતા. પણ આથી જ માનવીઓને પારખવામાં કોઈ વાર ભૂલ કરી બેસતા, એથી એમને માટે આઘાતજનક પ્રસંગો પણ ઊભા થતા. પણ એમના સ્વભાવનો આ અંશ એમનાં હૃદયૌદાર્યનો જ દ્યોતક હતો.

શિક્ષણ અને જીવનરીતિ પરત્વે ગાંધીદર્શનમાં એમની નિષ્ઠા હતી. વેવલી ધાર્મિકતા એમનામાં ન હતી. વેદ ઉપનિષદોનો અભ્યાસ ખરો. ઉપનિષદ્ લઈને કથાપદ્ધતિએ તત્ત્વજ્ઞાનના મૂળભૂત પ્રશ્નોની સુબોધ રસિક મીમાંસા પણ કરતા. છતાં એમની દૃષ્ટિએ વધુ મહત્ત્વ ભગવત્‌ગીતા અને ભાગવતનું હતું. એ બે ગ્રન્થો વચ્ચે એમણે એમની કથાસપ્તાહોમાં સંબંધ સ્થાપી આપ્યો હતો. ગ્રામજનો સુધી આપણા ઉત્તમ સાંસ્કારિક વારસાને પહોંચાડવાનો ગાંધીપ્રેર્યો માર્ગ એમણે સ્વીકાર્યો હતો. આ ગ્રન્થમાં એમની આ પ્રવૃત્તિનો લાભ પામનારાના કૃતજ્ઞતાભર્યા ઉદ્‌ગારો પણ સંગ્રહાયા છે.

શિક્ષણમાં પણ ગાંધીવિચારણા જ એમણે પુરસ્કારેલી. છતાં, શ્રી મૂળશંકર ભટ્ટે યોગ્ય રીતે જ બતાવ્યું છે તેમ, એ પરત્વે (અને જીવનનાં બધાં ક્ષેત્રોમાં) એમણે મધ્યમમાર્ગ

સ્વીકારેલો. વાનપ્રસ્થાશ્રમ નહીં પણ ગ્રામપ્રસ્થાશ્રમનો એમણે મહિમા કરેલો. શિક્ષણમાં સ્વાવલંબન, શરીરશ્રમ અને શિસ્ત હોય એ માટે એમનો આગ્રહ હતો. જ્ઞાનના ક્ષેત્રના સર્વ અદ્યતન આવિષ્કારોને જાણવા સમજવા પણ તે કેળવાયેલી વિવેકબુદ્ધિથી એમ તેઓ માનતા. આપણી પ્રાચીન ઉપનિષદો કે તપોવનવિદ્યાપીઠો પ્રત્યે એમને સદા આકર્ષણ રહેલું. વિદ્યાનગર છોડયું ત્યારે એમના આ આદર્શ અનુસારની વિદ્યાપીઠ સ્થાપવાનો એમણે સંકલ્પ કરેલો. આજે એ સંસ્થા જ એમનું સાચું સ્મારક બની રહી છે.

સંશોધનના ક્ષેત્રમાં ભારતીય અનુશ્રુતિ, ઇતિહાસ, પુરાતત્ત્વ, વેદ, પુરાણ, નાટચસ્વરૂપ— આવા જુદા જુદા વિષયોમાં એમણે કાર્ય કરેલું. અનુશ્રુતિનું એમને મન ઘણું મહત્ત્વ હતું. કેટલીક વાર પોતાનો મત પાછળથી ભૂલભર્યો લાગે તો પ્રામાણિકતાથી એનો સ્વીકાર કરતા. સંશોધનના ક્ષેત્રમાં પણ ‘ હું એવી કલ્પના કરું છું ’ એમ સ્પષ્ટપણે કહીને અભ્યાસીઓને સાવધ રાખતા. આ ક્ષેત્રમાં એમનો વિદ્યાવ્યાસંગ કશા અભિનિવેશ વિનાનો અને સાત્ત્વિક હતો તેની અહીં સંગ્રહાયેલા ઘણા લેખો પ્રતીતિ કરાવે છે. શ્રી રસિકલાલ પરીખ તથા શ્રી રામપ્રસાદ બક્ષીના લેખો ખાસ ઉલ્લેખપાત્ર છે.

સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિ તથા સૌરાષ્ટ્રના લોકસાહિત્ય ( એઓ પોતે ‘ સુરાષ્ટ્ર ’ લખવાનો આગ્રહ રાખતા ) પ્રત્યે પણ એમને ખૂબ પ્રીતિ હતી. શ્રી પુષ્કર ચંદરવાકરે એમના આ અંગેનાં સંશોધન વિશે કેટલો ઉત્સાહ હતો, એને માટે લથડી ગયેલી તબિયતે પણ એઓ કેવો પરિશ્રમ ઉઠાવવા તૈયાર હતા તે સારી રીતે બતાવ્યું છે. પણ આ કેવળ ભૌગોલિક દેશપ્રેમ નહોતો આપણી સંસ્કૃતિનાં ઉત્તમ તત્ત્વોને ઉદ્ધારી લેવાની વૃત્તિ જ એની પાછળ કામ કરતી હતી.

સાહિત્યના ક્ષેત્રમાંનાં એમનાં અર્પણને શ્રી રામપ્રસાદ બક્ષી, શ્રી અનંતરાય રાવળ શ્રી ઉમાશંકર જોશી વગેરેએ મૂલવ્યું છે. અલંકારશાસ્ત્ર એમના મુખ્ય રસનો વિષય હતો, પણ મમ્મટાદિએ એમના ગ્રન્થમાં ઉત્તમ કાવ્યનાં જે ઉદાહરણો આપ્યાં છે તેમની સામે એમનો ઔચિત્યની દૃષ્ટિએ વાંધો હતો. એમનો અભિગમ નૈતિક વિશેષ હતો. બીભત્સને પણ રસને કોટિએ મૂકનારા આલંકારિકો રસમાત્રને અલૌકિક ગણે છે, પણ એ બધું જીવનનિરપેક્ષ દૃષ્ટિએ જોવાનું પૂ. માંકડ સાહેબને રુચતું નહોતું. શુદ્ધ શાસ્ત્રચર્ચામાં એમનાં ઝીણવટ અને સૂઝ દેખાઈ આવે છે. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી સાથે સાધારણીકરણ અને અનુભાવનાશક્તિ પરત્વે એમણે કરેલી ચર્ચા એના દૃષ્ટાન્તરૂપ છે. બ. ક. ઠાકોરે વિચાર વિરુદ્ધ ઊર્મિ મૂકીને જે કાવ્યવિભાગ કર્યા તેની પૂર્તિરૂપે એમણે કલ્પનાતત્ત્વને પણ ઊમેર્યું. ‘ કલ્પના ’ નામની જુદી શક્તિનો અલંકાર-શાસ્ત્રમાં ઉલ્લેખ નથી, પણ એને ‘ શક્તિ ’માં જ સમાવિષ્ટ ગણી લઈ શકાય. ધ્વન્યાલોકનું સંપાદન તથા એનો અનુવાદ લાંબે ગાળે પ્રસિદ્ધ કરી શકાયાં, પણ ત્યારે પોતાનાં એ કાર્ય વિશે એમને પૂરો સન્તોષ નહોતો. ‘ ઊર્મિ ’માં ક્રમશઃ પ્રકટ થતો અનુવાદ ચાલતી કલમે કરેલો એટલે એને ફરીથી ધ્યાનપૂર્વક તપાસી જવાની એમને જરૂર લાગતી હતી, પણ પાછળથી એઓ કહેતા કે સાહિત્યપરત્વે એમણે ક્ષેત્રસંન્યાસ લીધો છે. પછીથી એમનું વિશેષ ધ્યાન શિક્ષણના પ્રશ્નો તરફ જ રહેતું.

એમના શિક્ષણકાળથી માંડીને તે કરાચીમાં અધ્યયન, અધ્યાપન, વિદ્યાનગરનો વસવાટ,

અલીયાખાડામાં સંસ્થાસ્થાપના, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિપદનો સ્વીકાર, એમાં પણ પછી ધીમે ધીમે આંતરિક વિખવાદને કારણે આવેલો નિર્વેદ અને વિષાદ અને જીવનની અંતિમ-ક્ષણો—આ બધાંનું એમના સમકાલીનો, સહકાર્યકરો, સ્વજનો તથા અન્તેવાસીઓએ સમભાવ અને આદરપૂર્વક આલેખન કરેલું છે. શિક્ષણના ક્ષેત્રમાં, કુલપતિપદે પહોંચ્યા પછી કશુંક નક્કર અને સંગીન કરવાની એમની વૃત્તિ હતી. પણ આ બાબતમાં થયેલી નિર્ભ્રાન્તિ અને તજ્જન્ય વિષાદને કારણે એઓ મનથી ભાંગી પડયા. શ્રી રસિકલાલ પરીખે આ નોંધતાં કહ્યું છે: "...એક નિર્વેદ ઉત્પન્ન કરે એવી બાબત પણ જાણવા મળતી–દિલ ભાંગી નાખે એવાં ખેંચતાણ-હુંસાતુંશી–ખટપટ–અને વિઘ્નો નાખવાની વૃત્તિ. યુનિવર્સિટી એટલે ઉચ્ચ વિદ્યા અને સંશોધનના ધ્યેયો સિદ્ધ કરવાની સંસ્થા નહિ પણ નિકૃષ્ટ અહમહમિકાનું કુરુક્ષેત્ર! ડોલરભાઈ કામથી થાકયા ન હતા, પણ આનાથી થાકયા હતા; કંઈક ભાંગ્યા હતા. એમના હૃદયને આ સ્થિતિથી શારીરિક અર્થમાં આઘાત થયો હતો એમ મને જણાયું હતું!" આપણા એક પ્રજ્ઞ લેખેના સંસ્કાર જીવનની આ એક કાળી બાજુ છે. ઇતિહાસે એની નોંધ લેવી જ રહી.

પૂ. માંકડસાહેબ જેવી વ્યક્તિ એમના જીવનકાળ દરમિયાનના ગુજરાતના સકલજીવનની છબિને પણ ઉપસાવી આપે છે. એ ચિત્ર પણ અહીં દેખાય છે. આદર અને નિષ્ઠાથી શ્રી શિરીષ-ભાઈ માંકડે તથા ગૌરીભાઈ ભટ્ટે આ સંપાદન કર્યું છે એ બદલ એઓ તથા એમના સહકાર્યકરો અભિનન્દનના અધિકારી ઠરે છે.

**સુરેશ હ. જોષી**

*　　　　*　　　　*

## સાભાર સ્વીકાર

**કવિ અને કવિતા** :—લે. હરીન્દ્ર દવે; સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ., મુંબઈ-૧૪; પૃ. ૧-૨૫૩; કિંમત રૂા. ૧૨=૦૦ પૈ.

**ધમ્મપદ** :—અનુ. વિજયશંકર કામદાર, પ્ર.: બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય; ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧; પૃ. ૧-૯૬ + ૧૬; કિંમત રૂા. ૩=૦૦ પૈ.

**હિન્દી રાષ્ટ્રીય કૉંગ્રેસ** :—લે. નરહરિ પરીખ, નરહરિ કે. ભટ્ટ, પ્ર.: વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા-૧; પૃ. ૧-૧૩૬; કિંમત રૂા. ૪=૦૦ પૈ.

**ઉદાત્તતત્ત્વ** :—લોન્જાઈનસ કૃત 'ઓન ધ સબ્લાઈમ'નો અનુવાદ; અનુવાદક: ચન્દ્ર-શંકર ભટ્ટ, પ્ર.: ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯; પૃ. ૧-૧૦૩; કિંમત રૂા. ૪=૦૦ પૈ.

**મંગળયાત્રા** :—(સદ્‌ગત ડોલરરાય ર. માંકડ સ્મૃતિગ્રંથ): પ્ર. ગંગાજળા પ્રકાશન, અલીઆબાડા, જિ. જામનગર; પૃ. ૧-૧૮૮; કિંમત રૂા. ૧૧=૦૦ પૈ.

**વિચાર-વહેણ** :—લે. પુરષોત્તમ ગણેશ માવળંકર, પ્ર.: સન્નિષ્ઠ પ્રકાશન, અમદાવાદ-૧; પૃ. ૮૪+૬; કિંમત રૂા. ૨=૫૦ પૈ.

*Tantrum* :—આધુનિક કવિતા અને કલાનું માસિક : સં. : શ્રી નીતિન મહેતા અને કૃષ્ણકાંત જોષી, પ્ર. : મધુ કોઠારી, દિનેશકુંજ, ૧૬, ભક્તિનગર, સ્ટેશન પ્લોટ, રાજકોટ; પૃ. ૧-૧૬; કિંમત રૂ. ૮ = ૦૭ પૈ.

**અભિવ્યક્તિ** (ત્રૈમાસિક) :—સં. સતીશ ડણાક, પ્ર. : શ્રીમતી સરોજ સતીશચંદ્ર ડણાક, ૭૫૯. શંકરપોળ, રાવપુરા વડોદરા; પૃ. ૧-૨૦; વાર્ષિક લવાજમ રૂ. ૨ = ૦૦; છુટક નકલ કિંમત રૂ. ૦ = ૬૦ પૈ.

**વનસ્પતિ દેહધર્મવિદ્યા** :—અનુ. ડૉ. ચન્દ્રવદન હી. પાઠક, ફેકલ્ટી ઑફ સાયન્સ; એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા; પ્ર. : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯; પૃ. ૧-૧૨૪૭ + ૧૨; કિંમત રૂ. ૨૮ = ૦૦ પૈ.

**આર્થિક વિકાસ** (સામયિક) : વર્ષ ૧, અંક ૭, ૧૧; ૨, વર્ષ ૨ અંક ૧, ૨ પ્ર.અને સં. : પ્રા. બી. એમ. પટેલ, ૧૧, ચુનીભાઈ કૉલોની, કાંકરિયા, અમદાવાદ-૨૨; વાર્ષિક લવાજમ રૂ. ૧૫ = ૦૦ પૈ., છૂટક અંકની કિંમત રૂ. ૧ = ૦૦.

---

# સ્વાધ્યાય

પુસ્તક ૯ : અંક ૧ ઑક્ટોબર, ૧૯૭૧

દીપોત્સવી વિ. સં. ૨૦૨૭

## અનુક્રમ

| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | સારથિપ્રવર—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... ... | ૧–૨૫ |
| ૨. | ગુર્જર અને યૌધેય—જેઠાલાલ ત્રિવેદી ... ... | ૨૬–૩૫ |
| ૩. | ભારતની પ્રાચીન લિપિઓ—પ્રવીણ સી. પરીખ ... ... | ૩૬–૪૪ |
| ૪. | ચરકસંહિતાનાં બે પાત્રો (भृङ्गार, प्रतिग्रह)—બાપાલાલ ગ. વૈદ્ય ... | ૪૫–૪૭ |
| ૫. | ગુજરાતના ચાવડા રાજ્યનું રાજ્યતંત્ર—નવીનચંદ્ર આચાર્ય ... | ૪૮–૫૧ |
| ૬. | પ્રભાસના કિલ્લા પર મહારાજા શ્રી રાયસિંહ રાઠોડનું આધિપત્ય—પુષ્પકાંત વિ. ધોળકિયા ... ... | ૫૨–૫૩ |
| ૭. | માંગરોલનો પંદરમી સદીનો એક ફારસી લેખ—ઝિયાઉદ્દીન એ. દેસાઈ ... | ૫૪–૬૧ |
| ૮. | હીરાણંદસૂરિકૃત સ્થૂલિભદ્ર બારમાસા—શિવલાલ જેસલપુરા ... | ૬૨–૬૯ |
| ૯. | "સરસ્વતીચંદ્ર": પ્રશિષ્ટ કૃતિ તરીકે—ઉપેન્દ્ર પંડ્યા ... ... | ૭૦–૮૭ |
| ૧૦. | પુરાતત્ત્વ અને પુરાણો—મહાભારત અને રામાયણ—હસમુખ ધી. સાંકળિયા | ૮૮–૧૧૦ |
| ૧૧. | મહાકવિ કાલિદાસની કૃતિઓની સચિત્ર પ્રતો—ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ | ૧૧૧–૧૧૮ |
| ૧૧. | ગ્રન્થાવલોકન : | |
| | ૧. કવિ અને કવિતા ... ... ... | ૧૧૯–૧૨૧ |
| | ૨. સાહિત્યદર્શન–૨ ... ... ... | ૧૨૧–૧૨૨ |
| | ૩. ઢોલામારુરા દૂહામેં કાવ્ય–સૌષ્ઠવ, સંસ્કૃતિ એવં ઇતિહાસ : ... | ૧૨૩–૧૨૫ |
| | ૪. દયારામ : એક અધ્યયન : ... ... ... | ૧૨૫–૧૨૭ |
| | ૫. મંગળયાત્રા : ... ... ... | ૧૨૭–૧૨૯ |
| | ૬. સાભાર સ્વીકાર ... ... ... | ૧૨૯–૧૩૦ |

# Bank of Baroda offers financial assistance to bright students.



For College Education, Post-Graduate or Diploma Courses in Technical or Professional subjects as well as for studies abroad.

For further details, please visit your nearest Bank of Baroda branch agent. He will help you!

Thou shalt forever be prosperous with

**Bank of Baroda**

Head Office: Mandvi, Baroda
Over 450 branches in India and abroad

Shilpi-BOB 1A-70

# ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે




**મધુર સ્વાદવાળું**

# ગ્લાયકોડીન

## ટર્પ વસાકા

તબીબી વિજ્ઞાન દ્વારા સ્વીકૃત ગ્લાયકોડીનની "ફોર્મ્યુલા" ખાંસીને તેનાં અનેક પીડિત સ્થાનોમાંથી હાંકી કાઢે છે. આ રહી ગ્લાયકોડીનની વિવિધ અને અસરકારક કાર્યશક્તિ:

- **મગજમાં**—ગ્લાયકોડીન ખાંસીના હુમલાનું યોગ્ય સમયે-હાનિવિના અને અસરકારક રીતે-નિયંત્રણ કરે છે.
- **ગળામાં**—ગ્લાયકોડીન કફનો ભરાવો દૂર કરે છે, બળતરા અને પીડાને શાંત પાડે છે અને ગળાની અંદરના નાજુક ભાગોને કીટાણુઓ સામે રક્ષે છે.
- **છાતીમાં**—ગ્લાયકોડીન બંધ શ્વાસનળીઓ ખોલી નાંખે છે, જકડાયેલા છાતીનાં સ્નાયુઓને આરામ આપીને સહેલાઇથી શ્વાસ લેવામાં મદદ કરે છે.
- **ફેફસામાં**—ગ્લાયકોડીન ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છુટા પાડીને, ઊંડામાં ઊંડે રહેલી હઠીલી ખાંસીને દૂર કરે છે; અને જામેલા કફના ભરાવાને બહાર કાઢે છે.

**હંમેશા ગ્લાયકોડીનની શીશી આપની પાસે રાખો.**




**ગ્લાયકોડીન—૩૦ ઉપરાંત વર્ષોથી સૌથી વધુ વેચાણ ધરાવતો ખાંસીનો ઘરગથ્થુ ઈલાજ**

ચાર સાઈઝમાં મળે છે ✱ એલેમ્બિકનું ઉત્પાદન *Alembic*

everest/363d /ACW gj

# કણ-કણથી કોઠાર ભરે છે સમજુ શાણી કીડી !

**આપ પણ આગળથી યોજના કરીને આપનું ભવિષ્ય ચિંતારહિત કરી શકો છો.**

**આપ આપને અનુકૂળ પદ્ધતિએ બચત કરી શકો તે માટે આપની સમક્ષ દેના બેંક ૬ બચત યોજનાઓ રજૂ કરે છે.**

**બચતખાતું**— વ્યાજ ૪%.
**સગીર બચતયોજના**— વ્યાજ ૪%.
**ફિક્સ્ડ ડિપોઝિટ્સ**—વ્યાજ ૪ ૧/૪% થી ૭ ૧/૪%.
**રિકરિંગ ડિપોઝિટ યોજના**—
ચક્રવૃદ્ધિ વ્યાજ ૫ ૧/૪% થી ૭%.
**માસિક સેવિંગ્સ-કમ-એન્યૂઇટી યોજના**—
ચક્રવૃદ્ધિ વ્યાજ.
**વિવિધલક્ષી ડિપોઝિટ યોજના**—
આપને માસિક વ્યાજ મળે છે.

આપની બચત આપને સલામતી બક્ષે છે.
આપની બચત રાષ્ટ્રીય પ્રગતિને પક્ષે છે.

વીગતો માટે આપની નજીકની **દેના બેંક**ની શાખાની મુલાકાત લો અથવા પત્રવહેવાર કરો.

**દેના બેંક**
હેડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હૉર્નિમેન સર્કલ, કોટ, મુંબઇ-૧.



Ratan Batra/DB/G/213

# વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

## જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
***quality is our creed***





everest/716a/JY gj


એક દીવાથી બીજો દીવો પેટાય છે... એક નાનકડી
જ્યોત ઘર આખામાં અજવાળું કરી મૂકે છે...
આપ રોજ એક એક પૈસો કે એક એક રૂપિયો બચાવતા જાઓ તો એ નાનકડી બચતમાંથી મોટી રકમ બનીને રાષ્ટ્રનાં ઉપયોગી કાર્યોમાં મદદરૂપ થાય છે.
નાની બચત
નાનેરા પ્રયાસોનું મોટેરૂં પરિણામ
ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકાશિત
RPC 1215

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૯ | **માનવસર્જિત વસ્તુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૪=૫૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર | ૧૩=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૦=૦૦ |
| ૧૯ | **ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૨=૦૦ |
| ૨૦ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ | ૧૦=૦૦ |

## પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ | **પુરાવસ્તુવિદ્યા**—ડૉ. રમણલાલ ના. મહેતા | ૭=૫૦ |
| ૨ | **પ્રમાણશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૫૦ |
| ૩ | **નીતિશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૪૦ |
| ૪ | **શિક્ષણના સિદ્ધાન્તો**—ડૉ. જગમોહનદાસ મોદી | ૯=૫૦ |
| ૫ | **આર્થિક આયોજન**—શ્રી રામુ પંડિત | ૬=૦૦ |
| ૬ | **વનસ્પતિશાસ્ત્ર**—ડૉ. આ. રા. ચવ્હાણ અને ડૉ. ચં. હીં. પાઠક | ૫=૦૦ |
| ૭ | **અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ**—ડૉ. ધનવંત દેસાઈ | ૧૮=૦૦ |

પ્રાપ્તિસ્થાન:

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**
**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**
**વડોદરા**



પિત્તલખોરાની ગુફા નં. ૪માંનું યક્ષ અને ચામરધારિણીનું શિલ્પ

કૉપીરાઈટ: આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા